# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


પ્રકાશન દર માસની ૫ તારીખે

● સળંગ અંક ૪૫૨ ● ઓગષ્ટ - ૨૦૨૩ ● રૂા. ૫-૦૦/-


## श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव-भुज

### વિશેષાંક





॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥
॥ मानव सेवा प्रभु सेवा ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૮ ● ઓગષ્ટ - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૫૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું

પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | તંત્રીની કલમે | ૦૫ |
| ૦૨ | અભિનંદન | ૦૬ |
| ૦૩ | રાજીપો | ૧૦ |
| | **મહોત્સવ પૂર્વ આયોજના** | |
| ૦૪ | મહોત્સવ કન્વિનર સંતો ભક્તો | ૨૧ |
| ૦૫ | મહોત્સવ આયોજન - પેમ્પલેટ | ૨૨ |
| ૦૬ | મહોત્સવ માટે લાકડાની તૈયારી | ૨૩ |
| ૦૭ | મહોત્સવ સ્થળ નિરિક્ષણ | ૨૪ |
| ૦૮ | મહોત્સવ મુખ્ય સમિતિની રચના | ૨૫ |
| ૦૯ | મહોત્સવ લોગો વિમોચન | ૨૬ |
| ૧૦ | ગાય આધારિત ખેતી અભિયાન | ૨૮ |
| ૧૧ | દેશ - વિદેશમાં નિમંત્રણ યાત્રા | ૩૦ |
| ૧૨ | પરદેશની ધરતી ઉપર મહોત્સવની આહલેક | ૩૬ |
| ૧૩ | વિદેશમાં અન્નવસ્ત્ર સહાય | ૪૨ |
| ૧૪ | ગરીબોને અન્નવસ્ત્ર સહાય,૨૦૦ વ્હિલચૈર અર્પણ | ૪૬ |
| ૧૫ | મુંદ્રા સેમીનાર | ૪૬ |
| ૧૬ | મહાપૂજા એવં મહા અનુષ્ઠાન | ૪૭ |
| ૧૭ | સાયકલ યાત્રા ( અમદાવાદ થી ભુજ ) | ૫૦ |
| ૧૮ | હમીર સરોવર પરિક્રમા | ૫૫ |
| ૧૯ | બ્રહ્મ ચૌર્યાસી | ૫૭ |
| ૨૦ | ૬૮ યુગલોનો સમૂહ લગ્નોત્સવ | ૫૮ |
| ૨૧ | બે લાખ વૃક્ષારોપણ | ૬૨ |
| ૨૨ | ગામેગામ ૨૦૦ કલાકની ધૂન | ૬૪ |
| ૨૩ | મીટીંગ હોલ ઉદ્‌ઘાટન | ૬૮ |
| ૨૪ | પત્રકાર સંમેલન | ૬૯ |
| ૨૫ | પ્રભાતફેરી સમાપન ઉત્સવ | ૭૦ |
| ૨૬ | શ્રી નરનારાયણદેવ જયંતી, મહોત્સવ પત્રિકા વિમોચન | ૭૬ |
| ૨૭ | ક્રિકેટ – ફૂટબોલ સ્પર્ધા | ૮૧ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૨૮ | સંસ્કૃત વિદ્વત્સંમેલન | ૮૨ |
| ૨૯ | અમદાવાદથી ભુજ પદયાત્રા | ૮૭ |
| ૩૦ | સંત સંમેલનમ | ૮૮ |
| ૩૧ | સુવર્ણ વિજયધ્વજા રોહણ | ૯૨ |
| ૩૨ | લાઈટ વ્યવસ્થા | ૯૫ |
| ૩૩ | મેગા મેડીકલ કેમ્પ, વ્યસન મુક્તિ અભિયાન | ૯૬ |
| ૩૪ | ભવ્ય બદ્રિવન પ્રદર્શન | ૧૦૪ |
| ૩૫ | ગો-મહિમા દર્શન | ૧૧૪ |
| | **મહોત્સવ દરમિયાન થયેલ આયોજનો** | |
| ૩૬ | યુવક-યુવતી મંડળ, સફળતા પ્રદર્શન | ૧૨૦ |
| ૩૭ | પોથી યાત્રા | ૧૨૮ |
| ૩૮ | વિશ્વ યુવા સંમેલન | ૧૩૨ |
| ૩૯ | ધામ ધામથી સાંખ્યયોગી બહેનોનું આગમન | ૧૩૫ |
| ૪૦ | મહોત્સવ દિપ પ્રાગટ્ય | ૧૩૬ |
| ૪૧ | કથા પ્રારંભ દિપ પ્રાગટ્ય | ૧૩૭ |
| ૪૨ | ચતુર્વેદ પરાયણ | ૧૪૨ |
| • | સંતો-સાંખ્યોગીબેહેનો દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન ૪૦૦ પારાયણ - દિવ્ય સભા મંડપ | |
| ૪૩ | મહાપૂજા એવં મહા અનુષ્ઠાન | ૧૪૭ |
| ૪૪ | ૨૦૧ કુંડી શ્રી વિષ્ણુયાગ | ૧૫૦ |
| ૪૫ | બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર | ૧૫૪ |
| ૪૬ | શ્રી ઘનશ્યામ બાલ પારાયણ | ૧૫૬ |
| ૪૭ | કળશ યાત્રા | ૧૬૨ |
| ૪૮ | શ્રી ઠાકોરજીને સુવર્ણ આભૂષણ અર્પણ | ૧૬૪ |
| ૪૯ | વિદેશોના મંદિરના પ્રતીનિધિઓનું સન્માન | ૧૬૭ |
| ૫૦ | લંડનમાં ભુજ મંદિર યુ.કે. | ૧૬૭ |
| ૫૧ | યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી | ૧૬૮ |
| ૫૨ | મહોત્સવની ભવ્ય શોભાયાત્રા | ૧૭૮ |
| ૫૩ | શ્રી નરનારાયણદેવનો મહાઅભિષેક | ૧૯૦ |
| ૫૪ | ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ | ૧૯૮ |
| ૫૫ | વાત્સલ્ય મંડપમ | ૨૦૧ |
| ૫૬ | રાજોપચાર | ૨૦૨ |
| ૫૭ | યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી | ૨૦૪ |
| ૫૮ | પુસ્તક - કીર્તન આલબમ વિમોચન | ૨૨૮ |
| ૫૯ | રાત્રીય ૮ દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમો | ૨૩૦ |
| ૬૦ | વડીલો માટે ગાડી (ગોલ્ફ કાર) | ૨૫૧ |
| ૬૧ | શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ ઉદ્‌ઘાટન | ૨૫૨ |
| ૬૨ | આયુર્વેદિક અને હોમીયોપેથીક કેમ્પ | ૨૫૪ |
| ૬૩ | તાત્કાલીક સારવાર કેન્દ્ર | ૨૫૮ |
| ૬૪ | રક્તદાન કેમ્પ | ૨૫૯ |
| ૬૫ | ૯ દિવસ ઠાકોરજીના સિંહાસન શણગાર | ૨૬૦ |
| ૬૬ | સાધન સુવિધાથી સજ્જ ભોજનશાળા | ૨૬૬ |
| ૬૭ | ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા | ૨૭૪ |
| ૬૮ | આવનાર બાળક માટે ઓળખ પટ્ટી | ૨૭૫ |
| ૬૯ | શેરડી તેમજ ફ્રુટ પ્રસાદ | ૨૭૬ |
| ૭૦ | સંતો માટે જળ શરબત | ૨૮૧ |
| ૭૧ | વિરાટ પાર્કિંગ વ્યવસ્થા | ૨૮૨ |
| ૭૨ | સાધન સગવડથી પરિપૂર્ણ ઉતારા | ૨૮૪ |
| ૭૩ | મા. રાજયપાલ શ્રી દેવવ્રતજી - ગુજરાત | ૨૮૬ |
| ૭૪ | રાજકીય માહાનુભાવો | ૨૮૮ |
| ૭૫ | સંપ્રદાયના સંતોનું આગમન | ૨૯૦ |
| ૭૬ | શ્રી નરનારાયણદેવ અભિષેક | ૨૯૨ |
| ૭૭ | મહોત્સવ સ્થળે સાહિત્ય કેન્દ્ર | ૨૯૩ |
| ૭૮ | ફીલ્ટર પાણી તેમજ છાશ વ્યવસ્થા | ૨૯૪ |
| ૭૯ | ફરતા દવાખાનાનો પ્રારંભ | ૨૯૬ |
| ૮૦ | કલાત્મક ફુલ-હાર વ્યવસ્થા | ૨૯૭ |
| ૮૧ | ધર્મકુળ પરિવારનો રાજીપો | ૨૯૮ |
| ૮૨ | ૫ મુમુક્ષુઓને સંત દીક્ષા | ૨૯૯ |
| ૮૩ | મહંત સ્વામીની જાહેરાત | ૩૦૦ |
| ૮૪ | અખબારમાં મહોત્સવ | ૩૦૧ |
| ૮૫ | મહોત્સવ લાઈવ પ્રસારણ | ૩૦૨ |
| ૮૬ | ધર્મસંદેશ | ૩૦૩ |
| ૮૭ | મંદિરમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો | ૩૦૪ |
| ૮૮ | ૪ ભાષામાં પત્રિકા | ૩૦૬ |
| ૮૯ | પૂ. મહારાજશ્રી, સંતો, મહેમાનોના ઉદ્‌ગારો | ૩૧૪ |
| ૯૦ | ૮ મંડળધારી સંતોના આશીર્વાદ | ૩૧૭ |
| ૯૧ | વિદેશથી આવેલા બેન્ડ, લેઝિમ, ઢોલ, ફલાઈન ફેન | ૩૧૯ |
| ૯૨ | ૯ દિવસના વાક્તાશ્રી | ૩૨૦ |
| ૯૪ | પૂ.આચાર્ય મહારાજ તેમજ મોટા મહારાજશ્રીને પહેરામણી | ૩૨૧ |
| ૯૫ | ભુજ મંદિરના ટ્રસ્ટીઓને પહેરામણી | ૩૨૧ |
| ૯૬ | ૧૯ દેશના સ્વયંસેવક સત્કાર સમારંભ | ૩૨૨ |
| ૯૭ | આભારવિધિ કોઠારીશ્રી | ૩૨૩ |
| ૯૮ | બેનર, હોર્ડિંગસ દ્વારા મહોત્સવનો પ્રચાર | ૩૨૪ |
| ૯૯ | તબીબો તેમજ સ્વયંસેવકોનો અભિવાદન સમારોહ | ૩૨૬ |
| ૧૦૦ | સ્મૃતિ સુવર્ણ ચંદ્રક અપાશે | ૩૨૯ |
| ૧૦૧ | ગામે ગામથી ભુજ દર્શન પૈદલ યાત્રા | ૩૩૦ |
| ૧૦૨ | મહોત્સવ સ્થળે પેટ્રોલ પંપ | ૩૩૦ |
| ૧૦૩ | પાર્કિંગ સ્થળથી સભામંડપ સુધી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા | ૩૩૦ |

# તંત્રીની કલમે

સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણની અસીમ દિવ્ય કૃપાથી શ્રીનરનારાયણદેવ મંદિર ભુજના ઉપક્રમે સર્વે હરિભક્તો, પૂજ્ય સંતો, ધર્મપ્રેમી સજ્જનો-સન્નારીઓનાં પૂણ્ય પરિશ્રમે તા.૧૭ થી ૨૬ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન ભવ્યાતિભવ્ય એવં દિવ્યાતિદિવ્ય શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન શ્રીજીમહારાજની પરમ કૃપાથી પરિપૂર્ણ થયું છે. સમગ્ર વિશ્વભરમાંથી ધર્મપ્રેમી, જિજ્ઞાસુ, મુમુક્ષુઓ લાભ પ્રાપ્ત કરીને પાવન થયા છે. દ્વિશતાબ્દી મહોત્સવ કાર્યક્રમ પૂર્વે યોજાયેલ 'શ્રીનરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ' નું આયોજન જનસેવા-જનકલ્યાણ ક્ષેત્રે યશસ્વી ફળદાયી રહ્યું છે. એમાં જનસેવામાં શ્રીહરિની આજ્ઞાથી ખડે પગે રહેનારા નામી-અનામી સર્વેને શ્રીહરિની અવિચળ ભક્તિ પ્રાપ્ત થાઓ.

બદ્રિકાશ્રમ દિવ્ય ભૂમિ ઉપર જે વિવિધ દિવ્ય પ્રકલ્પો, પ્રદર્શનો દર્શનીય બન્યાં તેનો જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ, હરિભક્તોએ પાવન દર્શન કરી કૃતકૃત થયા છે. જનતાના હૃદયના ઉદ્‌ગાર ઝીલતાં જણાયું કે આવા ભવ્યાતિભવ્ય દિવ્ય, ધર્મ, શ્રદ્ધા, ભક્તિ, સેવાની મહેંકથી દિગ્ દિગંતોમાં પ્રસરેલી પવિત્ર મહેંકથી બ્રહ્માંડ મહેંકી ઊઠ્યું છે.

આ મહોત્સવ દરમિયાન દુર્લભ વક્તાઓનાં શ્રીમુખેથી પ્રવચનો સમ્પન્ન થયાં જેથી અસંખ્ય લોકોનાં તિમિર ભર્યા જીવનમાં ઊજળો અજવાશ પ્રસર્યો છે.

વિવિધ પ્રદર્શનો નિહાળીને કચ્છની સંસ્કૃતિ નિહાળવાની અમૂલ્ય તક દર્શકોને સાંપડી છે.

ભુજ મંદિરનાં મહંત સ્વામી તથા કાર્યકર સંતો-ભક્તોના સુચારું માર્ગદર્શન હેઠળ સંતોની કૃપાથી સજ્જનો-સન્નારીઓના સહયોગથી આ મહા મહોત્સવ સુપેરે પાર પડ્યો છે. એમાં તન-મન-ધનથી જોડાનારાં સર્વે પ્રેમીભક્તોને શ્રીસ્વામિનારાયણ ભગવાન અષ્ટ સિદ્ધિ-નવ નિધિ પ્રદાન કરે. તેમના જીવનમાં દિવ્યતા વ્યાપે.

ભવ્યતા અને દિવ્યતાથી પરિપૂર્ણ આ ઉત્સવમાં દાતાશ્રીઓએ શ્રીજીમહારાજને ચરણે અખૂટ આર્થિક સહયોગ અર્પણ કરીને આ મહોત્સવના સાફલ્યમાં શ્રેષ્ઠત્તમ સહયોગ આપેલ છે. એ સર્વેનો શ્રીનરનારાયણદેવ મંદિર ભુજ સગૌરવ આભાર સહ અક્ષય આશિષનો પ્રસાદ આપે છે.

આ મહોત્સવમાં ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ઉદ્યોગ જગતના પ્રેરક પ્રવકતાઓ ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષવર્ધનજી, મહેશભાઇ જીવાણી, એવમ્ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રીમોહન ભાગવતજી આદી મહાપુરુષો પધારીને ઉત્સવને ભવ્યાતિભવ્ય બનાવવા યોગદાન આપેલ છે.

ભારતના ૧૮ રાજ્યોમાં રહેતા કચ્છનાં સત્સંગીઓ તેમજ વિશ્વના અનેક દેશોમાંથી દર્શનાર્થીઓ પધારીને મહોત્સવમાં ભાગ લઇ ભાગ્યશાળી થયા હતા.

અવિસ્મરણીય એવા આ મહોત્સવની કાયમી સ્મૃતિ રૂપે આ દળદાર વિશેષાંક આપ સર્વેના કરકમળમાં મુકતા આનંદ અનુભવીએ છીએ.

- તંત્રીશ્રી

॥શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# આશીર્વાદ

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા
ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી આદિ સંત-પાર્ષદ મંડળ
શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ કચ્છ
સર્વેને અમારા હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ

વિ. આપણા ભુજ મંદિર દ્વારા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કર્યા તેના ૨૦૦ વર્ષના પાટોત્સવ નિમિત્તે દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન સંપન્ન થયું.

આવા મહોત્સવ દ્વારા લાખો ભક્તોને શ્રી નરનારાયણદેવ ઓળખાયા. નાનામાં નાના બાળકથી લઈ વૃદ્ધ લોકોને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી નરનારાયણદેવ બંને એકજ છે જેમાં લગીર માત્ર ફેર નથી તે સમજાયું. આપણા ઉત્સવો દેવ પ્રધાન હોય છે વ્યક્તિ પ્રધાન નથી હોતા તેનું સૌને દર્શન થયું. આવા ઉત્સવો દ્વારા સૌને આજ સમજાવવાનું અને સમજવાનું હતું. શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વિશેષ દ્રઢ થઈ. આપણા ભુજના દરેક સંતો અને દેશ વિદેશના હરિભક્તોએ ખૂબજ પરિશ્રમ કરીને સર્વોપરી ઉત્સવ ઉજવ્યો. દરેક પ્રકલ્પો અદ્ભુત અને અલૌકિક હતા. આપણા મહોત્સવમાં શ્રી નરનારાયણદેવ પ્રત્યક્ષ હાજરા હજૂર હોય છે તેની સૌને પ્રતિતિ થઈ તો જ આવું અદ્ભુત આયોજન શક્ય બને છે.

તન, મન, ધનથી સેવા કરનાર સર્વે હરિભક્તોને અને આપણા ભુજ મંદિરના સર્વે સંતોને આવા સુંદર આયોજન બદલ ખૂબ ધન્યવાદ સાથે અમારા રૂડા આશીર્વાદ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# આશીર્વાદ



श्री स्वामिनारायण म्युझियम

Tejendraprasad A Pande

આપણા ભુજ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવનો દ્વિશતાબ્દી મહોત્સવની અલૌકિકતા અતુલનીય છે.

અમારા શ્રી નરનારાયણ દેવ, અમારા આચાર્યમહારાજ, અમારા સંતો, અમારા સત્સંગીઓ.... આ આત્મબુદ્ધિનું સાક્ષાત સ્વરૂપ આ ઉત્સવમાં દ્રષ્ટિગોચર થયું.

સર્વાવતારી સર્વોપરિ શ્રી હરિની અમીદ્રષ્ટિ હંમેશા આપણા સૌ ઉપર હંમેશા રહે તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં નમ્ર પ્રાર્થના.

Tej શુભાશીર્વાદ
જય શ્રી સ્વામિનારાયણ

Shree Swaminarayan Bagh, Memnagar, Ahmedabad -380052 Tel., 079 27478070
Shree Swaminarayan Museum, (9:00 to 11:00 am) B/h Torrent Power Zonal Office, Naranpura, Ahmedabad-380013 Tel., 079 2749 9597

# આશીર્વાદ



*His Holiness Lalji Maharaj*
*Shri Vrajendraprsadji Pande*

॥ શ્રીહરિઃ ॥

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા
ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી અને સર્વે સંત-પાર્ષદ મંડળ
શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ કચ્છ.

સર્વેને અમારા ખૂબજ હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ.

આપણા શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવના સુંદર આયોજન દ્વારા શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થઈ. અમે આપણા દરેક પ્રકલ્પો નિહાળ્યા બધાજ અદ્‌ભુત હતા. ભાવિ પેઢી માટેનું આયોજન અતિ સુંદર હતું. તેમાં આપણા વિદેશ વસતા હરિભક્તોના બાળકોને સત્સંગની દરેક રીતભાત તેના હૃદય સોંસરવી ઉતારવી પડે છે તો જ તે માન્ય રાખે છે. સ્વયં સેવકોની સેવા આપણા યુવાન સંતોનું માર્ગદર્શન અને આપણા મૂળ સંપ્રદાયની પરંપરા અને સિદ્ધાંતોના સૌને દર્શન થયા. આવા સુંદર સર્વોપરી આયોજનમાં જોડાયેલા સર્વે સંત-હરિભક્તોને અનેકાનેક ધન્યવાદ સહ રૂડા આશીર્વાદ.

પ.પૂ. લાલજી મહારાજશ્રી

Shree Swaminarayan Mandir, Ahmedabad - 1 Tel.:079 22123835
Shree Swaminarayan Bagh, Ahmedabad -52 Tel.:079 2747 8070

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**

**श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी**

**संस्थान : वडताल - पीन : ३८७ ३७५**

आचार्य जा. र. नं. ३४/२०७९

ता. ०१-०६-२३

# આશીર્વાદપત્ર

પ્રતિશ્રી,

મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, ઉપમહંત શ્રી ભગવતજીવનદાસજી, કો.જાદવજીભગત સંતવૃંદ - ટ્રસ્ટી મંડળ, સર્વે સમિતિ સભ્યો એવં સત્સંગ સમાજ,

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવશ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પિઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ.આપણા ઈષ્ટદેવ ભગવાનશ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પ્રસ્થાપિત કરેલ ‘‘શ્રી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ’’ ની સફળતા માટે આપ સહુને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છિએ.

ભગવાનશ્રી સ્વામિનારાયણે ત્યાગ વૈરાગ્યનો પક્ષ મોળો કરીને ઉપાસનાનો માર્ગ અક્ષુણ્ણ રાખવા મંદિરો કરાવ્યા છે. આ મંદિરો મોક્ષના કેન્દ્રો છે. ભૂજ મંદિર - ભૂજ મંદિરની સેવાઓ અને ભૂજ મંદિરના સંતો પ્રત્યે સમગ્ર સત્સંગમાં આદરભાવ છે; એ ભાવનાને આ ‘‘દ્વિશતાબ્દી મહોત્સવ’’ ના માધ્યમે આપ સહુએ જીવંત કરી છે. સાર્થક કરી છે. આવા ભવ્ય મહોત્સવના માધ્યને લક્ષાવધિ મનુષ્યોના મન સુધી શ્રીજી મહારાજ અને પરમહંસોનો સંદેશ પહોંચે છે. હરિભક્તોને મોક્ષપાથેય પ્રાપ્ત થાય છે અને સમાજમાં આનંદનું વાતાવરણ સર્જાય છે.

આ મહોત્સવમાં તન-મન-ધનથી સેવા કરનારા અને કથાવાર્તાનુ શ્રવણ કરનારા સહુ ભક્તજનોનું શ્રીહરિ સર્વ પ્રકારે મંગળ વિસ્તારે, એ પ્રાર્થના સાથે અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

**આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વતી**
**શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી**
**મુખ્ય કોઠારીશ્રી - વડતાલ**

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिप्रणमाम्यह त्वाम् ॥



# રાજીપો

આપ સૌને ઘણાં ઘણાં હેતથી જય શ્રી સ્વામિનારાયણ.

આપ સૌને વ્યક્તિગત મળીને કોટિ દંડવત્ કરું તો પણ મારા મનને સંતોષ થાય તેવું નથી કારણ કે, આ મહાભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવ યોજાઈ ગયો તે આપ સૌની સેવા વિના શક્ય જ ન થાત. શ્રીનરનારાયણ દેવ સમક્ષ આપ સૌ માટે અમે ધૂન-પ્રાર્થના કરી છે. આપ સૌએ શ્રીજીમહારાજને રાજી કરી જ લીધા છે એ વાત સૌ દૃઢ રાખજો.

આપણા દ્વિશતાબ્દી મહોત્સવ દ્વારા અનેક મનુષ્યોની સેવા થઈ અને થતી જ રહે છે, એનો સંતોષ સૌથી મોટો મળ્યો છે. દ્વિશતાબ્દી મહોત્સવમાં સૌ કોઈ જુદા જુદા સેવાપ્રકલ્પનો જ મહિમા ગાતા હતા તે આપણા સૌ માટે બહુ મોટી સિદ્ધિ છે, આપણો સેવાનો પવિત્ર સંકલ્પ સિદ્ધ થયો છે તેમ જાણવું.

સૌની એકતા, સમર્પણભાવ, ભક્તિ, નિયમ પાલન અને શિસ્તથી જ આપણો દ્વિશતાબ્દી મહોત્સવ દિપી ઊઠ્યો હતો. હું સૌને રૂડા આશીર્વાદ પાઠવું છું. આપ સૌ આ જ પ્રમાણે જીવમાં સદા ભક્તિનું બળ રાખજો. આપ સૌની ઉપર શ્રીનરનારાયણ દેવની અવિરત આશીર્વર્ષા થતી રહે તે જ પ્રાર્થના.

સૌને જય શ્રી સ્વામિનારાયણ

લી. પુરાણી ધર્મનંદનદાસજીના શુભ આશિર્વાદ સહ
સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ.

Web : www.swaminarayan.faith | Mail : utsav200bhujmandir.org
Mo. 75676 08000 (Kothar) • 75676 07000 (WhatsApp)

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्या बदरीवने स्थितः ! भवि भारतजीवशर्मणे, नरनारायणदेव ! पाहि माम् !!

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજીત

श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव

તા. ૧૮ થી ૨૬ એપ્રિલ ૨૦૨૩



# અભિનંદન...

સૌને મારા સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ.

દિલની ઊર્મી વ્યક્ત કરવા માટે કાગળ-પેનનું માધ્યમ ટૂંકું પડી જાય તેવી મહાભવ્યતાથી, દિવ્યતાથી, ભક્તિમય વાતાવરણમાં આપણા શ્રીનરનારાયણદેવનો દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો છે. દ્વિશતાબ્દી મહોત્સવમાંથી અનેક મનુષ્યોએ નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા લીધી છે.

દ્વિશતાબ્દી મહોત્સવમાં મનુષ્ય માત્ર ઊર્જાથી ભરપૂર હતો. ગમે તે મુશ્કેલીને પાર કરીને દ્વિશતાબ્દી મહોત્સવની સેવા કરી લેવાનું બળ પ્રત્યેક હરિભક્તોના મુખ ઉપર છલકાતું હતું. આ પ્રસંગને સૌએ દિલમાં સ્થાન આપી દીધું અને માટે જ શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ સાચા અર્થમાં દિવ્ય અને ભવ્ય મહોત્સવનું સ્વરૂપ પામી ચૂક્યો હતો.

દ્વિશતાબ્દી મહોત્સવ દ્વારા સત્સંગની દિવ્યજ્યોત વધુ તેજસ્વી થઈ છે, વિશ્વના મનુષ્ય માત્રના હૃદયમાં એ દિવ્યજ્યોતના અજવાળા પથરાઈ ચૂક્યા છે અને સૌની ભક્તિ વધુ દૃઢ થઈ છે તે ગૌરવની વાત છે.

સૌને ધન્યવાદ સાથે ખૂબ ખૂબ આશીર્વાદ છે.

**ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી**

Web : www.swaminarayan.fath | Mail : utsav200bhujmandir.org
Mo. 75676 08000 (Kothar) • 75676 07000 (WhatsApp)

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्या बदरीवने स्थितः ! भवि भारतजीवशर्मणे, नरनारायणदेव ! पाहि माम् !!

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજીત

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૧૮ થી ૨૬ એપ્રિલ ૨૦૨૩



# અભિનંદન...

મારા આદરપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનું પવિત્ર સંભારણું હૃદયમાં સદાય સાચવી રાખજો. પોતાના પરિવારમાં સગા-સંબંધીઓને, મિત્રોને દ્વિશતાબ્દી મહોત્સવના ભક્તિમય વાતાવરણનો અને જુદા જુદા સેવા પ્રકલ્પનો મહિમા ગાજો મનને ખૂબ શાંતિ મળશે.

દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન અનેક સ્વયંસેવકો કહેતા હતા કે, આટલો શારીરિક શ્રમ કરવાનો જુસ્સો મારામાં ક્યાંથી આવી ગયો તે કંઈ ખબર જ નથી પડતી... પહેલા હું આટલો શ્રમ કરી જ શકતો નહોતો. પણ જ્યારે દ્વિશતાબ્દી મહોત્સવ સંપૂર્ણ થયો ત્યારે સૌને સમજાયું કે આ દિવ્યબળ શ્રીજીમહારાજનું હતું. શ્રીજીમહારાજે પોતાના શ્રીહસ્તે શ્રીનરનારાયણદેવને ભુજ મંદિરમાં પધરાવ્યા છે માટે તેમનું તેજ સૌને ઊર્જાવાન રાખે છે.

આપણે આ દિવ્યઊર્જાને જીવમાં અખંડ રાખવાની છે. સત્સંગ કરીશું, સેવા કરીશું તો ઊર્જા સતત મળતી રહેશે એ વાતની દૃઢતા રાખવી.

સૌને આશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ.

**સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજીભગત**

Web : www.swaminarayan.fath | Mail : utsav200bhujmandir.org
Mo. 75676 08000 (Kothar) • 75676 07000 (WhatsApp)

## શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ એક
## shree swaminarayan mandir amdavad-one

**Mahant Shastri Swami**
**Purusottamprakasdasji**

॥શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પરમ વંદનીય સાધુગુણે સંપન્ન એવા શ્રીહરિના એકાંતિક સંત**
**પૂજ્ય સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી તથા ઉપમહંતશ્રી પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી ભગવતજીવનદાસજી તેમજ ભુજ મંદિરના સર્વે સંત-પાર્ષદ મંડળ પ્રતિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદથી મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી તથા સર્વે સંત મંડળના ખૂબજ હેતપૂર્વક શ્રીહરિસ્મૃતિ સહ જયશ્રી સ્વામિનારાયણ.

વિ. આપણા ભુજ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો દ્વિશતાબ્દી મહામહોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. આ મહામહોત્સવની અનેક વિશેષતાઓ હતી. તેમાં ખાસ સર્વોપરિ ભગવાનશ્રી સ્વામિનારાયણે સ્થાપેલી પરંપરા સિધ્ધાંતો અને મૂળ સંપ્રદાયની ઓળખનું સૌ કોઈને દર્શન થયું. સમગ્ર ઉત્સવમાં શ્રી નરનારાયણદેવ દેશ સમગ્ર ધર્મકુળે ઉપસ્થિત રહીને લાખો સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદનું અવિરત સુખ આપ્યું હતું. શ્રીહતર પ્રસ્થાપિત બન્ને દેશના હજારો સંતો અને હરિભક્તોએ આ ઉત્સવમાં લાભ લીધો હતો.

આપણા ભુજ મંદિરના સર્વે સંતોએ પૂજ્ય મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શન પ્રમાણે દેશ વિદેશના હરિભક્તોએ સાથે રહીને ખૂબજ શ્રધ્ધા, ભક્તિ, પરિશ્રમ કરીને અદ્‌ભુત સેવા કરીને શ્રી નરનારાયણદેવ, ધર્મકુળ અને સંતો-હરિભક્તોએ ખૂબજ રાજી કરીને સંપ્રદાયની ગરિમાને ચાર ચાંદ લગાડ્યા છે એમના માટે શબ્દો ઓછા પડે તેવું અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

આ ઉત્સવમાંથી અનેક લોકોએ પ્રેરણા લીધી છે. આવા મહામહોત્સવો દ્વારા લાખો લોકોના જીવન પરિવર્તન સાથે આ લોક-પરલોકનું મહા સુખ મેળવ્યું છે.

ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણોમાં એજ પ્રાર્થના કે આવા મહોત્સવો દ્વારા સૌ કોઈ જીવનું કલ્યાણ શ્રેય અને મંગળ થાય તેવી અમારી પ્રાર્થના છે.

**મહંત સ્વામી**
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ મો.:- ૯૮૨૫૦૩૧૮૭૭, ૮૨૩૮૦૦૧૬૬૬
Shree Swaminarayan Temple, Kalupur, Ahmaedabad-380001 Mo.:9825031877, 8238001666



श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव

## શ્રી સ્વામિનારાયણ મંદીર - મૂળીધામ

**Mahant Swami Hariprakasdasji Guru S.G. Swami Narayanprasaddasji**

શ્રી સ્વામિનારાયણ મંદીર - મૂળીધામ

ભુજ શ્રી નરનારાયણદેવ આદિ સર્વે દેવોના ૨૦૦ વર્ષનો દ્વિશતાબ્દી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજ તથા સર્વે ધર્મકુળ પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત પરંપરાના સાધુગુણ સંત શિરોમણિ સર્વ ધર્મ ભૂષણ મહંત પ.પૂ.સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી પ.પૂ. પાર્ષદવર્ય જાદવજી ભગત, ઉપમહંત પ.પૂ. ભગવતજીવનદાસજી સ્વામી આદિ સર્વે સંતોના તથા ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટી મંડળ સર્વે સત્સંગીના રાત્રી દિવસનો ઉત્સાહ, પ.પૂ. સાં.યો. મહંત સામબાઈના રૂડા આશીર્વાદ. ભુજ નગર સ્વામિનારાયણ સંપ્રદાયનો ભવ્ય ઉત્સવ તા. ૧૮-૪-૨૦૨૩ થી તા. ૨૬-૪-૨૦૨૩ સુધી કોયે જીવનમાં સ્વામિનારાયણ ભગવાને સમુદ્રમાં મીઠુ પાણી આપીને માનવજીવનને દિવ્ય જીવન આપેલ તે પ્રમાણે દ્વિશતાબ્દી ઉત્સવ વિશ્વનો અદ્‌ભુત ઉત્સવ છે. મુળી અને ભુજ એક સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય પરંપરાના સંતો છે.

પ.પૂ. વૈષ્ણવાનંદ બ્રહ્મચારી મંદિર નિર્માણ કરપતા મુળી દેશના તથા ભુજના મહારાજા ખેંગાળસિંહજી એ મુળીના જૈન પરિવારને ભુજથી મુળીના રાજપરિવારને ભલામણ કરીને મુળીમાં વસાવેલ ચરાડવાના રાજકુમારીને પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે દાયજામાં સફેદ હાથી સોનાની અંબાડી સહિત આપેલ. તે જાલમસિંહજી બાપુ એ ભુજના રાજા પાગમલજીને આપેલ તેમના દિકરા ન હતા. ત્યારે શ્રીનરનારાયણદેવ ભુજ સામે ઉભા રહીને માગેલ ત્યારે ભગવાન સ્વામિનારાયણે વચન આપેલ ત્રણ રાણી છે પણ ચરાડવાના દિકરી થકી રાજકુમાર હુ તને આપુ છુ. વચન છે મારુ ભુજના સર્વે સંતોનુ તપ, વ્રત, ભજન, સેવા એટલે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય દર્શન, ગૌશાળા, પૂજન, પ્રદર્શન, ભોજનશાળાા, લાખો ભગવત ભક્તોને બેસાડીને જમાડવા હજારો સંતો મહંતોની ઉપસ્થિતિ સમાજના આગેવાન તથા આર.એસ.એચ ના સંચાલક પ.ભ. શ્રી મોહનભાગવતજી જેવા સમાજ શ્રેષ્ઠી લાખો ભક્તોને વ્યસન મુક્તિ, સર્વ રોગ કેમ્પ, શ્રી નરનારાયણદેવનો ઉત્સવ ન ભુતો ન ભવિષ્યતી . આ ઉત્સવના દર્શન કોઈને અંત સમયે આવશે તો પણ શ્રીનરનારાયણદેવ તેને તેડવા આવશે.

મુળીધામના વડીલ પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી આદિ સર્વે સંત, પાર્ષદ,ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટી મંડળ તથા સર્વે હરિભક્તોના ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર મુળીધામ.

**Shree Swaminarayan Temple, Muli. Pin-363510.Ta. Halvad, Dis. Surendranagar.**
**Mahant Swami No. 99099 71903**

શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળી. પીન-૩૬૩૫૧૦. તા. હળવદ, જિ. સુરેન્દ્રનગર. મહંત સ્વામી - ૯૯૦૯૯ ૭૧૯૦૩

The Trust of the Temple of Shree Laxminarayan Dev at Vadtal and its Subordinate Temples.
P. T. R. No. A 1417 (Kheda)
SHRI SWAMINARAYAN MANDIR VADTAL SANSTHAN
Ta. Nadiad, Dist. Kheda, 387 375 (Gujarat) INDIA.

F. No. : 633/2096 Date : 31/05/2023

# શુભેચ્છા સંદેશ

સ્વસ્તિશ્રી ભૂજનગર મધ્ય બિરાજમાન, ઈષ્ટદેવ શ્રીહરિ હસ્ત પ્રતિષ્ઠિત શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ પ્રસંગે મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, ટ્રસ્ટી મંડળ - સર્વે સમિતિ સભ્યશ્રીઓ.

વડતાલ વિહારી આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપેથી આપ સહુને યાદ કરનાર સાધુ દેવપ્રકાશદાસ (ચેરમેનશ્રી) સાધુ સંતવલ્લભદાસ (મુખ્ય કોઠારીશ્રી) ના સવિનય જય શ્રી સ્વામિનારાયણ સ્વીકારશો.

વિ. શ્રીહરિની કૃપાથી "ભૂજ મંદિરનો દ્વિશતાબ્દી મહોત્સવ" દિવ્ય ભવ્ય બની રહ્યો. મહોત્સવમાં તન-મન-ધનથી જેણે જેણે સેવા કરી છે તે સર્વે અભિનંદનને પાત્ર છે. મહાપૂજા - પ્રદર્શન - કથા - પારાયણ - સંહિતા - ભોજનાલય વગેરે વ્યવસ્થાઓ અદ્‌ભૂત હતી. નિત્ય મંગળા આરતી પછિ કેસર જળાભિષેક થતો હતો, જે સહુ માટે અવિસ્મરણીય રહ્યો છે. સત્સંગ અને સંસ્કૃતિ માટે પણ આ ઉત્સવમાં "ગૌ પ્રદર્શન" ખૂબ જ મહત્ત્વનું કાર્ય સિદ્ધ થયું છે.

આજરોજ સમગ્ર વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ અને વડિલ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ સંતો વતી સહુને હાર્દિક અભિનંદન પાઠવીએ છિએ. અને ઉત્સવના પ્રસંગોને અંતસમયની મૂડીની જેમ હૃદયમાં સંઘરી રાખવાની ભલામણ કરીએ છિએ. ગ.પ્ર.૩ થી વચનામૃત પ્રમાણે આ મહામહોત્સવની પ્રત્યેક ક્ષણ "આપણા કલ્યાણની કરનારી છે" એવો દિવ્ય અનુભવ થયો છે. તે અનુભવ આ વિશેષાંકના માધ્યમે આપ સહૂના માટે વિશેષ લાભકારી બની રહે; એજ અભ્યર્થના સહ.

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

ચેરમેનશ્રી
પ.પૂ.કો.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી

મુખ્ય કોઠારીશ્રી
પ.પૂ.શા.ડૉ.શ્રી સંતવલ્લભદાસજી સ્વામી

(S.T.D. - 0268) 2589728, 2589776.
: vadtaldhamvikas@gmail.com
: www.vadtalmandir.org

# શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોળકા.

મહંત સ્વામી
મુ.પો. ધોળકા - ૩૮૨૨૨૫. જિ. અમદાવાદ. ફોન : ૦૨૭૧૪-૨૨૨૨૫૯

રેફ. નં. :

તા.

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને જે નવ ધામોમાં પોતાના સ્વહસ્તે મૂર્તિઓની સ્થાપના કરી મહામંદિરો કરેલા તે પૈકીના ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર (નૂતન) નો દ્વિ શતાબ્દિ પાટોત્સવ મહોત્સવ ગત તા. ૧૫-૪-'૨૩થી તા. ૨૭-૪-'૨૩ દરમ્યાન ભવ્યાતિભવ્ય ઉજવાઈ ગયો

આ મહોત્સવનું આયોજન પૂજ્ય મહંત સ્વામી ભગત અને સ.ગુ. ધર્મનંદન દાસજી તથા અધિપતિ ... ભવ્ય અનુપમ રીતે સર્વે સંતોના અથાગ પરિશ્રમથી સુંદર અને ભવ્ય થયું. આ મહોત્સવ ઉત્સવ પ્રસંગે વિવિધ સમાજ સેવા- પ્રવૃત્તિઓ કથા પારાયણ યજ્ઞ આદિ મહાપૂજાઓ વિગેરે - આયોજન થયાં.

આ દિવ્ય પ્રસંગે સમગ્ર ધર્મકુળ પૂજ્ય આચાર્ય- મહારાજશ્રી પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય લાલજી મહારાજશ્રી એ દેવોનો અભિષેક કરી દિવ્ય લાભ આપ્યો હતો.

આ દિવ્ય પ્રસંગે ગૌ માતાનો મહિમા, ગૌ પાલનનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું. દૂર દૂર દેશાવરથી મોટી સંખ્યામાં સત્સંગ દર્શન કથા- ભાગી હરિભક્તોએ આ દિવ્ય પ્રસંગે સત્સંગ દર્શન કથા- વાર્તાનો લાભ લીધો હતો. આ દિવ્યભવ્ય મહોત્સવને માણવા રાજકીય મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી દર્શન સમાગમનો લાભ લીધો હતો. ખાસ કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક શ્રી મોહન ભાગવત, મહામહિમ ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજી વિગેરે

આ મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો બદલ - પૂજ્ય મહંત સ્વામી તથા સર્વે યજમાનશ્રીઓ તથા સર્વે સંતોને ધોળકાધામથી શ્રી મોરલીમનોહર દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી અનેકાનેક શુભેચ્છાઓ સહ જયશ્રી સ્વામિનારાયણ

મહંત સ્વામી
સત્ય સંકલ્પ દાસજી
સંત મંડળ, ધોળકાધામ.

ટ્રસ્ટ રજી. નં. એ/૨ બોટાદ

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટ

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, ગઢડા(સ્વામિના) - ૩૬૪૭૫૦, જિ. બોટાદ

જા.નં. : .............

તારીખ : ..........................

તા.15-06-2023

પ્રતિશ્રી,

પ.પૂ.મહંત સ્વામીશ્રી-ભુજધામ

શ્રી સ્વામિનારાયણ મંદિર

મુ.ભુજ –કચ્છ

ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજના ચરણકમલ સમીપ થી લી.સાધુ હરીજીવનદાસ ના સાદર જય શ્રી સ્વામિનારાયણ

વિશેષ મહાપ્રતાપી શ્રી નરનારાયણ દેવ મહાપ્રભુનો દ્વીશતાબ્દી મહોત્સવ આપે ધામ-ધૂમથી ઉજવ્યો.તે ઉત્સવ માં માત્રને માત્ર શ્રી નરનારાયણ દેવનો પ્રતાપ તેમજ ભુજના વયોવૃધ્ધ સદગુરુ સંતોના આશીર્વાદથી ઉત્સવને ચાર ચાંદ લાગી ગયા તેવું જણાયુ.યુવા સત્સંગીઓ તથા યુવાન સંતોની શ્રી નરનારાયણ દેવ પ્રત્યેની નિષ્ઠા અને સત્સંગમાં આત્મીયતના દર્શન થયા.

ગઢપુર પ્રદેશના લગભગ તમામ નાના-મોટા સંતો,તમામ ગામડાના સત્સંગી ભાઈઓ-બેહનો એ ઉત્સવમાં આવી ધન્યતા અનુભવી.આ ઉત્સવના દર્શનથી અમોને પણ ઘણી મોટી પ્રેરણા મળી.ભગવાન શ્રી ગોપીનાથજી મહારાજના ચરણોમાં પાર્થના મહંત સ્વામીજીના સત્સંગ એકતાના વિચારો ના દર્શન કરી ખૂબ ધન્યતા અનુભવી..

લી.સાધુ હરીજીવનદાસ - ચેરમેન ગઢપુર મંદિર

તથા ટ્રસ્ટી મંડળ

Phone : (02847) 252800, 252900 | www.gadhpurmandir.org | gopinathjidev.gadhada@gmail.com

Trust Reg. No. A-1493- Ahmedabad

# SHREE SWAMINARAYAN TEMPLE

Post: Jetalpur, Ta:Daskroi, Dist.: Ahmedabad-382427.Gujarat (India)

(Mob) : +91 9099939376, Email:dharmanandan90@gmail.com, Website:www.jetalpurdarshan.com

શ્રી નરનારાયણ દેવ પિઠાધિપતી પરમ પૂજ્ય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા સહિત આશીર્વાદથી..

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ કચ્છના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના અધ્યક્ષ સ્થાને ભુજ મંદિરના બસો પચાસ સંતો અને હજારો હરિભક્તો સાથે મળીને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પ્રસ્થાપિત કરેલા ભુજ – કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન રાજાધિરાજ શ્રી નરનારાયણને પ્રસન્ન કરવાના અર્થે સંપ્રદાયની પ્રાચીન મુળભૂત પરંપરાની સાથે આધુનિકતા નૂતન નવિનતાની સાથે પુરાતનીનો સમન્વય મંત્રયુગથી માંડીને યંત્રયુગની સામ્યતા યોજનાબધ્ધ આયોજન કરીને વિશ્વમાં વસતાં દશ કરોડથી વધુ સત્સંગીઓને આપણી વિરાસતના દર્શન અને ભારતીય સંસ્કૃતિના સંભારણાના ૨૦૦ વર્ષના દ્વિશતાબ્દિ પાટોત્સવના શિર્ષક હેઠળ ઉજવાયેલા નવ દિવસીય ભવ્યાતિભવ્ય દિવ્યાતિદિવ્ય નભૂતો ન ભવિષ્યતિ મહોત્સવમાં લક્ષાવદી ભક્તો અબાલવૃધ્ધ પ્રત્યક્ષ સાક્ષી બન્યા છે. મહોત્સવની સંપૂર્ણ ક્ષણો પ્રત્યક્ષ અનુભૂતિઓ અગામી પેઢીઓ સુધી સચવાઈ રહેશે. પાટોત્સવના પૂર્વ અને સમકાલીન નિજમંદિરની દેવસેવા સભાખંડના મંચ ઉપરથી પ્રસ્તુત કથા પારાયણ, ધર્મકુળના આર્શીવચન, સંતોના પ્રવચનો, સ્વાગત સન્માન, અયોજન બધ્ધ વ્યવસ્થાઓ, ભોજનશાળા, આવાસીય સુવિધાઓ , પરિસરના વિવિધ નજરાણાં , પ્રદર્શન જેવા આયોજનમાંથી જ્ઞાન-કર્મ ભક્તિ સહિત આજ્ઞા-ઉપાસના વાળો આદર્શ સત્સંગ સેવક સહેજે બની જાય એવા અનેકાનેક સરલ સુલભ ઉપાયો કરવામાં આવ્યા હતા.

આયોજનની વિશેષતામાં દેવ-આચાર્ય- સંત- શાસ્ત્ર- સત્સંગીની સાથે સાથે ૨૦૦ વર્ષના દીર્ઘ ઈતિહાસના મન-કર્મ-વચનથી સેવાઓના નેતૃત્વ કરનારાઓ અને સેવક સૈનિકોને અનુક્રમે શ્રધ્ધાજલી શબ્દો વડે યથોચિત યાદ કરવામાં આવ્યા.

આ મહોત્સવની યાદગાર સ્મૃતિયો સંપ્રદાયમાં અગામી આવતા મહોત્સવના આયોજનો કરનારોને માટે એક વિશેષ પથદર્શક દિશા નિર્દેશ, માર્ગદર્શન, પ્રેરણા સ્વરૂપ દીર્ઘ સમય પર્યન્ત બની રહેશે.

આયોજકોને કોટીકોટી અભિનંદન, ધન્યવાદ શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના આવી શક્તિ અને ભક્તિ સૌને અર્પણ કરે.

સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પી.ટી.આર.નં. એ/૧૪૧૭/ખેડા

# શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોલેરાધામ

ધોલેરા, પીનકોડ - ૩૮૨૪૫૫, જી. અમદાવાદ, મો. ૯૮૨૫૩ ૨૯૧૨૫

ધો.કો.જા.ર.જા.નં. ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥ તા. / /

## મહોત્સવ અભિવંદના - પત્ર

સ્વસ્થાન શ્રી ગામ ભુજ મધ્યે બિરાજમાન ભરતખંડના ધિંગા ધણી શ્રી નરનારાયણદેવની ગોદમાં અખંડ સેવા પરાયણ, સત્સંગનું અવિરત જતન કરનાર તપોમૂર્તિ શ્રી મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, તથા ઉપમહંત સ્વામી તેમજ અખંડ ભજનાનંદી પાર્ષદવર્ય શ્રી જાદવજી ભગત
તેમજ સર્વે શ્રીજીમહારાજના પરમ ઉપાસક સંતો-હરિભક્તોને ધોલેરા ધામથી અમારા સહુ સંતોના જાજા કરીને જય શ્રી સ્વામિનારાયણ.

સવિશેષ આપ સહુ બ્રહ્મનિષ્ઠ સંતોના શ્રી ચરણમાં વંદન સહ આનંદની લાગણી વ્યકત કરીએ છીએ કે હમણા જ ટુકા ભૂતકાળમાં આપ સર્વે ભુજ ધામના સંતો-હરિભકતોએ સાથે મળી અને શ્રીનરનારાયણ દેવનો ભવ્યાતિભવ્ય અને દીવ્યાતિદીવ્ય અભૂતપૂર્વ દ્વિશતાબ્દી મહામહોત્સવ ઉજવ્યો. આમ તો આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉત્સવોની હારમાળ હોય છે છતા ભુજના દ્વિશતાબ્દી મહોત્સવમાં અમને ઘણા પ્રકારની નવિનતા અનુભવાણી.
ઘણા પ્રકારના મતમતાન્તરના બહાને પોતાનુ પોષણ કરતા સંપ્રદાયના અનેક ફાટાઓમાં બે દેશ ગાદીની મૂળ સાંપ્રદાયિક પરંપરાને સાચવી રાખી અને આજ્ઞા-ઉપાસનાને દ્રઢ બનાવવાનો આપનો સફળ પ્રયાસ અમારા ઉત્તમ આનંદનું કારણ છે. આપ દ્વારા જળવાયેલું સાંપ્રદાયિક દીવ્ય સંગઠન અને સંતો-હરિભકતોનો નિસ્વાર્થ પુરૂપાર્થ તેમજ ભગવાન શ્રી હરીના સિધ્ધાંતોને પોષણ આપવા થયેલી કથા તેમજ દીવ્ય પ્રદર્શનોના કારણે આપ સહુને ઉત્સવમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. આટલી મોટી જન-મેદની નું સફળ મેનેજમેન્ટ કરવું તે કંઇ નાની સુની વાત તો નથી જ છતા કથા મંડપની વ્યવસ્થા, રસોડાનું સંકલન , પ્રદર્શન વિભાગ કે સંતો-ભકતોના ઉતારા વિભાગની જવાબ્દારીઓનું સફળતા પૂર્વક મેનેજમેન્ટ અને સહુથી મોટુ નજરાણું એ શાભા-યાત્રાનુ હતું એ આપની કુશાગ્ર કળાનું પરિણામ છે. આપણા સંપ્રદાયના ઘણા ઉત્સવો જોયા જાણ્યા અને માણ્યા પછી ભુજના ઉત્સવમાં વિશેષતા એ જોવા મળી કે સમગ્ર મહોત્સવમાં મોટા ભાગના કાર્યોની જવાબ્દારી ખુદ સંતો-હરિભકતોએ ઉપાડી લીધી જેના કારણે વિશાળતામા પણ સાનુકુળતા રહી. ભુજનો ભવ્ય મહોત્સવ નિહાળ્યા પછી એ વાત તો ચોકકસ છે કે જેનું હ્રદય નિર્મળ, નિષ્કપટ, અને નિષ્કલંક હોય તેના તમામ કાર્યો ભગવાન સફળ બનાવે છે . આપના મહામહોત્સવમા અમોને શ્રી નરનારાયણ દેવનું પ્રભુત્વ અનુભવાતું હતું.

બસ અમો તો ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ ધોલેરા ધામના શ્રી મદનમોહનજી મહારાજના શ્રી ચરણમાં પ્રાર્થના કરીએ કે ભુજ ધામના મોટેરા સંતોએ પાએલા દીવ્ય પિયુષના ફળ સ્વરૂપે દ્રઢ બનેલા સંત્સંગને આપ સહુ દિન-પ્રતિદિન ગતિશીલ બનાવતા રહો એજ પ્રાર્થના સહ અમો સહુ ધોલેરા ધામના સંતો હરિભકતો પુનઃપુનઃ આનંદની અમી વર્ષા કરતા આપ સહુના ચરણમાં અમો સહજ લાગણી વ્યકત કરીએ છીએ.

લિ. કોઠારી સ્વામી હરિકેશવદાસજી તથા
આ. કો. શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા
તમામ નાના-મોટા સંતોના શ્રી મદનમોહનજી મહારાજના
શ્રી ચરણથી સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ.

*Shree Swaminarayan Temple, Dholera At : Dholera, Pincode : 382455, Dist : Ahmedabad*

Phone : (02713) 234250, Mo. 98794 11107, Email : sntemple.dholera@gmail.com, Website : www.dholeradham.com

॥ ॐ श्रीस्वामिनारायणो नितरां विजयतेतराम् ॥ Trust Reg. No. A-400, Junagadh

શ્રીરાધારમણદેવ મંદિર ટ્રસ્ટ

# શ્રીસ્વામિનારાયણ મુખ્ય મંદિર

જવાહર રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧. (ગુજ.) ભારત.

## Shree Swaminarayan Main Temple

Jawahar Road, Junagadh-362001. (Guj.) India. Phone No. (0285) 2650680 / 98795 51680


જા. નં. 435 તા. 02/09/2023

### અભિનંદન પત્રમ્

જય શ્રી સ્વામિનારાયણ.....

ગુજરાતની પુણ્યભૂમિ અને સાંસ્કૃતિક વિરાસત ને હૃદયમાં સંઘરીને રહેલી આધ્યાત્મ નગરી એટલે ભુજ... દ્વિ શતાબ્દી પૂર્વે આ નગરના સદભાગ્યમાં એક સુવર્ણ પૃષ્ઠ લખાયુ; જે હતું સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવની સ્વહસ્તે કરેલી પ્રતિષ્ઠા.. વિશાળતમ પરિસરમાં,બાગ બગીચાથી સભર સૌંદર્ય વચ્ચે આરસ-પહાણ થી નિર્મીત કલાત્મક મંદિર ભુજ મહાનગર જ નહીં પરંતુ વિશ્વ જગતના શ્રદ્ધાળુઓનાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. ભારતીય સ્થાપત્યના ઉત્તમ ઉદાહરણરૂપ આ મંદિર કલામંડિત સ્તંભ, કલાત્મક શિખર અને ગુંબજોથી સુશોભિત આધ્યાત્મ અને સાંસ્કૃતિક ચેતનનું પવિત્ર ધામ ભક્તિ – સત્સંગ - સેવા અને સંસ્કારનું અનુપમ તીર્થધામ બની રહ્યું છે.

બસો વર્ષ પહેલા સ્થાપાયેલું આ ધામ ભગવાન શ્રી હરિ ના સામાજિક સેવા અને સમરસતાના સિદ્ધાંતો સાથે સતત સેવારત છે. એ સેવાની સુગંધ "શ્રી નારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ"ના સ્વરૂપે પ્રસરી છે. ઉત્સવોની દિવ્ય પરંપરામાં દ્વિશતાબ્દી મહોત્સવ સાચા અર્થમાં ઉજવાયો છે. ભજન અને ભોજન, સેવા અને સમપર્ણ, શિક્ષણ અને સંસ્કાર, સેવા અને સદભાવની ઉદાત ભાવનાથી ઉજવાયેલો આ ઉત્સવ આધુનિક જગતની તકનીકી પધ્ધતિઓથી યુવાનો ના આકર્ષણનું કેન્દ્ર બન્યો.નારી શક્તિનુ સન્માન, યુવાનોને પથ દર્શન અને વડીલોની માન-મર્યાદા સાથે આ ઉત્સવ કરોડો મુમુક્ષુઓના હૃદયપટ ઉપર સુવર્ણ અક્ષરોથી ઓળખાયો છે. વિરાટ જન્મેદનીના ઉદરમાંથી પ્રગટ થતો તૃપ્તતાનો  સાદ આજે પણ ભુજની ભૂમિમાંથી સંભળાઈ રહ્યો છે. પ.પુ.સ.ગુ.મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી અને પાર્ષદવર્ય કોઠારી શ્રી જાદવજી ભગત તથા ભુજ નગર ના સમસ્ત વડીલો અને યુવાન સંતોના એવં હરીભકતોના અથાગ મહેનતથી સંમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અભિભૂત છે.

"વસુધૈવ કુટુંબકમ" ની વિરાટ હૃદયભાવનાથી ઉજવાયેલો "શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ" એ ભગવાન શ્રી સ્વામિનારાયણ ની સર્વજીવ હિતાવહ ની દ્રષ્ટિને ઉજાગર કરી "સર્વ ભવન્તુ સુખીન: સુધી પહોંચ્યો છે ત્યારે અપ્રતિમ સફળતાને હાસલ કરનારા આ મહામહોત્સવની ભૂરી ભૂરી પ્રશંશા સહ અંતરથી સદભાવ વ્યક્ત કરીએ છીએ.

ભુજ નો સત્સંગએ સોરઠી સત્સંગની સાથે અભિન્ન રીતે જોડાયેલો છે. સંતો-હરિભક્તોના મનનિ:સ્વાર્થભાવથી જોડાયેલા છે. જુનાગઢવાસી શ્રી રાધારમણદેવ- મહાપ્રતાપી શ્રી સિદ્ધેશ્વર મહાદેવજી ની કૃપા ભુજના સત્સંગીઓ ઉપર સતત વરસતી રહે; પરસ્પર સુદભાવ અને સેવાના સદગુણોથી  અલંકૃત આ સત્સંગની સેવામાં અખંડ યોગદાન મળતું રહે તેવી અભ્યર્થના સાથે ખૂબ-ખૂબ અભિનંદન....વંદન.... સહ સાષ્ટાંગ પ્રણામ......

લી..

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, જૂનાગઢ

સગુ.કો.સ્વા.દેવનંદનદાસજી
ચેરમેનશ્રી

શા.સ્વા.પ્રેમસ્વરૂપદાસજી (નવાગઢવાળા)
મહંતશ્રી

શ્રી રાધારમણદેવ વહીવટી સમીતિ, જૂનાગઢધામ


www.swaminarayanmandirjunagadh.com, E-mail : junagadhmandir999@gmail.com

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩

## પૂ. મહંતસ્વામીએ બે સંતો તેમજ ત્રણ હરિભક્તોને સંપૂર્ણ મહોત્સવના કન્વીનર તરીકેની સેવા સોંપેલી હતી.



સ.ગુ. ઉપમહંત
પૂ. સ્વામી ભગવદ્જીવનદાસજી



સ.ગુ. કો. સ્વામી દેવપ્રકાશદાસજી



પ.ભ. શ્રી મુરજીભાઈ શિયાણી
મુખ્ય કોઠારીશ્રી



પ.ભ. શ્રી રામજીભાઈ વેકરીયા
ટ્રસ્ટ સલાહકારશ્રી



પ.ભ. શ્રી જાદવજીભાઈ ગોરસીયા
ઉપ કોઠારીશ્રી

# ઉત્સવ માટે લાકડાની તૈયારી



શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં આવનાર ભક્તો માટે રસોડામાં ઉપયોગ થનાર બળતણની તડામાર તૈયારી ચાલી રહી છે. નડિયાદ ગુજરાતથી તેમજ આજુ બાજુના ગામના હરિભક્તો, બહેનો તથા સાં.યો. બહેનો ખૂબજ સેવા કરી મહારાજને રાજી કરી રહ્યા છે.

સેવા કરતા ભક્તોને દર્શન આપવા મહંત સ્વામી પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. લગભગ ૨૫ હજાર મણનો જથ્થો તૈયાર રખાયો છે.









# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની સ્થળ તૈયારી









પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને સૌ સંતો અને ટ્રસ્ટીમંડળની સંમતિથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ આગામી ૧૮ થી ૨૬ એપ્રિલ ૨૦૨૩, ૯ દિવસનો કરવો એ નિર્ણય થયો પણ સંતોને એમ હતું કે નૂતનમંદિર મહોત્સવ નાના હમીર સરોવરમાં થયો હતો તો આ પણ એ જગ્યાએ જ થશે પણ આયોજનો ઘડાયાં. જમીન સર્વે થયા પછી એમ જણાયું કે ઉત્સવ માટે આ સ્થળ નાનું પડશે તો મોટી જગ્યા હોય તો સારું. તપાસ કરતા નજીકમાં કોઈ મોટી જગ્યા હોય તો સારું. તપાસ કરતાં નજીકમાં કોઈ મોટી જગ્યા મળે એમ શોધતાં શ્રી સ્વમિનારાયણ કન્યાવિદ્યા મંદિરની બાજુની જમીન મંદિરની હતી. એ ૩૦ એકર પણ સમાવેશ ન થઈ શકે. ત્યારબાદ એ જમીનને અડીને બિલ્ડરોની, ઉદ્યોગપતિઓની જમીન પણ પ્લોટ પડી ગયેલા. એમની દિવાલો પોતાના પ્લોટની વાળેલી અથવા જંગલ થઈ ગયેલ ઓખાઈ બાવળ ઉગીને મોટા ઝાડ થઈ ગયેલ, ઊંચાનીચા પ્લોટો આ બધી જમીન આપણને મળે તો અહીં વિચારણા માલિકોને મળી, એમને વાત કરી તો એ બધા સંમત થયા પણ પાછી જેમ હતી એમને એમ કરી આપવાની સંતોની ભાવના જોઈ નક્કી થયું અને ૨૨૨ (બસો બાવીસ) એકર જમીન મપાઈ. મહંત સ્વામી આદિ સંતો ટ્રસ્ટીઓ સાથે બેઠક થઈ ને આ જગ્યાએ આપણે મહોત્સવ કરીશું તો દરેકના આયોજનોનો સમાવેશ સુચારુ થઈ શકશે એટલે જમીનની સાફ-સફાઈ, દિવાલો તોડી, પ્લોટો ઊંચા નીચા. એને સમતલ કરવાની તૈયારીઓ ચાલુ થઈ ગઈ. અડીને ગટર જતી હતી એટલે એ ગટરને મોટા પાઈપ નાખી પૂરવામાં આવી, બાજુની વાડીઓ હતી એમાં પાક ઉભા હતા એ પાકનું જે થાય એ મહેનતાણું આપીને પણ પાર્કિંગ, રસોડા વગેરે માટે જમીન તૈયાર કરવી પણ આપણા હરિભક્તો એટલે કોઈપણ શુલ્ક વિના આ જમીન તૈયાર થઈ અને રાત દિવસ એક કરી નાખ્યાં. આપણા ઇષ્ટદેવ શ્રી નરનારાયણદેવનો ૨૦૦મો વાર્ષિક પાટોત્સવ ઉજવવાનો છે ત્યારે મોટા સાધનો એ પણ આપણા સત્સંગીઓના હોય કે બિન સત્સંગીઓના પોતાના સાધનો આપ્યાં. તેલ પાણી પૂરી આપે એ જમીન લેવનીંગની તૈયારીઓ થતાં પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી નરનારાયણસ્વરૂપદાસજી સ્વામી, પૂર્ણસ્વરૂપદાસી સ્વામી, સદ્‌ગુણસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતો એ આ જમીન તૈયારીમાં ખૂબ જ મહેનત કરી અને સમય ઉપર જમીન તૈયાર થઈ અને ધીરે ધીરે બદ્રીવન પ્રદર્શન, ગોમહિમાદર્શન, મહાપૂજા અનુષ્ઠાન, રસોડા વગેરે એક પછી એક આયોજનો તૈયાર.

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની મુખ્ય સમિતિની રચના

દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય સફળતાની પાછળ અનેક સંતો તેમજ હરિભક્તોની મહેનતનું સમર્પણ રહેલું છે. સાથે સાથે, પૂજ્ય મહંત સ્વામીનું સૂક્ષ્મ આયોજન પણ એટલું જ મહત્ત્વનું રહ્યું. ભુજ મંદિરના સદ્‌ગુરુ મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ દ્વિશતાબ્દી મહોત્સવની મુખ્ય સમિતિની રચના કરવામાં આવી. જેમાં, પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી પૂજ્ય ભગવદ્‌જીવન દાસજી, સંતો તેમજ હરિભક્તોનો સમાવેશ કરવામાં આવ્યો. વળી, વિદેશના મંદિરોના હરિભક્તોનો પણ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો. જેમાં, વિલ્સડન, હેરો, ઓલ્ડહામ, બોલ્ટન, કાર્ડિફ, સ્ટેનમોર, ઈસ્ટલંડન તેમજ વુલ્વિચ મંદિરના પ્રતિનિધિઓને સેવા સોંપવામાં આવી. ઓસ્ટ્રેલિયા ખંડના સિડની, પર્થ, મેલબોર્ન તેમજ એડિલેડ મંદિરોના પ્રતિનિધિનો સમાવેશ થયો. આ ઉપરાંત, આફ્રિકા ખંડના નૈરોબી લંગાટા, નૈરોબી પૂર્વ આફ્રિકા, મોમ્બાસા, કંપાલા, એલ્ડોરેટ, દારેસલામ, નકુરુ, કેરુગોયા, શીશલ, કિશુમુ વગેરે મંદિરોના પ્રતિનિધીઓને પણ સેવા સોંપવામાં આવી. ભુજ ચોવીસી મંદિરોના પ્રમુખશ્રીઓ અનુક્રમે અબડાસા, વાગડ, મુંબઈ, ઈન્દોર, નડિયાદ, અંજાર-માંડવી મંદિરોના પ્રતિનિધિઓને પણ સેવા સોંપવામાં આવી હતી.

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની મુખ્ય સમિતિ



સદ્‌. મહંત પૂ.સ્વામી ધર્મનંદનદાસજી


સ.ગુ. ઉપમહંત પૂ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી



સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી


કોઠારી સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત



સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી


સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી


સ.ગુ. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી



સ.ગુ. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી



સ.ગુ. સ્વામી જગજીવનદાસજી



સ.ગુ. કો. સ્વામી દેવપ્રકાશદાસજી



શા.સ્વામી ગોલોકવિહારીદાસજી


શા.સ્વામી શુકદેવસ્વરુપદાસજી


પુરાણી સ્વામી ધર્મચરણદાસજી


શા.સ્વામી દેવચરણદાસજી


શા.સ્વામી નારાયણમુનિદાસજી


શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી


પુરાણી સ્વામી દિવ્યસ્વરુપદાસજી


કોઠારી પાર્ષદ ખીમજી ભગત



પ.ભ.શ્રી મુરજીભાઈ શિયાણી


પ.ભ.શ્રી રામજીભાઈ વેકરીયા


પ.ભ.શ્રી જાદવજીભાઈ ગોરસીયા

ઉપરોક્ત સમિતિના મુખ્ય સમિતિના ૨૧ સભ્યોએ ૩૧ અન્ય સમગ્ર પેટા સમિતિ સાથે સંકલન કરી પૂજ્ય મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ દ્વિશતાબ્દી મહોત્સવનું સુક્ષ્મ આયોજન ખૂબ જ ચોકસાઈપૂર્વક પાર પાડ્યું હતું.

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લોગાનું વિમોચન

ભુજ મધ્યે ચાલતી યુવા શિબિર અંતર્ગત તા. ૧૦-૧૧-૨૦૨૧ના રોજ ભુજ મંદિરના પટાંગણમાં આવેલ સભા મંડપમાં (ડોમમાં) શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લોગાનું વિમોચન સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

ભુજ મંદિર દ્વારા આયોજિત યુવક મંડળ અષ્ટાદશ સત્સંગ શિબિર અંતર્ગત આવો મહત્ત્વનો પ્રસંગ બન્યો હોય તેવો આ પ્રથમ અવસર હતો. પરમહંસોની સભામાં શ્વેત વસ્ત્રોધારી સેંકડો યુવકો અને ગુલાબી વસ્ત્રોધારી સેંકડો યુવતીઓથી સભા અત્યંત શોભી ઊઠી હતી. ભગવા વસ્ત્રોધારી પરમહંસોની વચ્ચે શ્વેત વસ્ત્રો હંસની જેમ શોભી રહ્યા હતા અને ગુલાબી રંગની ઓઢણીઓથી ગુલાબી ઉપવન સર્જાયું હતું. શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવના પ્રારંભે મંદિરના ઉપવનમાં કેસરી (ભગવા) હજારીના ફુલો, શ્વેત મોગરના ફૂલો અને ગુલાબી સુગંધિત ગુલાબનાં પુષ્પો ખીલી ઊઠ્યા હતા. ભગવો રંગ પવિત્રતા અને શક્તિ, શ્વેત રંગ શુદ્ધતા અને શાંતિ તેમજ ગુલાબી રંગ આનંદનાં દ્યોતક છે. વાતાવરણ ભક્તિભાવ, નિર્મલતા અને સાથે હર્ષોલ્લાસથી ભરપૂર હતું.

સ્ટેજ ઉપર નિર્મિત પૃથ્વીના માનચિત્રમાં ભારત દેશને રંગી રીબીનથી વીંટાળેલ હતું. તેના ઉપર અબીલ, ગુલાલ, કંકુ અને પુષ્પોની વર્ષા કરી તેમાં રહેલા લોગોનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ લોગોના નિર્માણ માટે અનેક જણને આહુત કરેલા અને ઘણા લોગો આવેલા. તે બધા લોગોને સ્ક્રીન પર દર્શાવેલ. આ લોગો પૈકી મહંત સ્વામી, સંતો અને ટ્રસ્ટીઓએ ખૂબ જ વિચારણાના અંતે શંખની આકૃતિવાળો લોગો પસંદ કરી તેને નક્કી કર્યો હતો. શંખનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ સમજાવવામાં આવેલ અને બોરડીના વૃક્ષ નીચે તપસ્યા કરતા શ્રી નરનારાયણદેવ આ લોગોમાં દર્શાવેલ છે, તે તેની વિશેષતા છે. હાથમાં લોગોની પતાકાઓ લઈ શિબિરાર્થીઓ, સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોએ લોગોને તાળીઓ અને ઠાકોરજીના જયનાદથી વધાવી લીધેલ. ઉપરાંત સ્ટેજડ પર ઊભા રહી બસો સંતોએ શંખોના નાદનો ધ્વનિ પ્રસરાવી ઉત્સવના મંગલપ્રારંભનો સંદેશ વિશ્વને આપેલ હતો. આ રીતે ૨૦૦ સંતો દ્વારા શંખનાદ કરી વિશ્વને આમંત્રિત કરાયાનો સંપ્રદાયના ઇતિહાસમાં કદાચ પહેલો પ્રસંગ હતો. મહોત્સવના લોગાની ડિઝાઈન તેમજ વિમોચનની ગોઠવણી કોઠારી પાર્ષદ ખીમણીભગત તથા કોઠારી પાર્ષદ દિનેશભગતે સંભાળી હતી.

શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ દ્વિશતાબ્દી મહોત્સવમાં નાની વ્યક્તિથી મોટા તવંગરો સેવા કરી શકે અને કોઈપણ બાકી ન રહી જાય તેવા મંદિરના આયોજનની છણાવટ સાથે વિગતો આપી હતી. જે કોઈ હરિભક્તોને આ મહામહોત્સવમાં સેવા કરવાની પ્રેરણા થાય તેઓએ કોઠારમાં સંપર્ક કરવો અને વિગતસર માહિતી લઈ લેવી.

આપણા સૌના ગુરુ સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ પોતાના આશીર્વાદમાં એમ જણાવેલ કે જે દેવોના પ્રતાપે આપણે સૌ આટલા સુખીયા છીએ તો જ્યારે એ દેવની પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય તે અવસરનો મહિમા જ અલગ હોય. ભૂતકાળના ભવ્ય પ્રસંગો જે રીતે સફળતાપૂર્વક ઐતિહાસિક રીતે ઉજવ્યા છે તે રીતે જ આ અવસરે પણ સૌ અર્થદાન અને શ્રમદાન કરવા તત્પર રહેજો. તો તમે સૌ હરિભક્તો આ મહામહોત્સમવાં ખૂબ તન, મન, ધન અને લગનથી સેવા કરજો અને ખાસ કરીને દરેક ગામના સાં.યો. બહેનો ભેગા થઈને મુખ્ય યજમાન પદ અને અજોડ અવસરમાં મળેલી આ તક ઝડપી લે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

આ ભવ્ય કાર્યક્રમનું સુંદર અને સચોટ સંચાલન (સ્ટેપ બાઈ સ્ટેપ) વિગતોની સ્પષ્ટ સમજ સાથે શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સુંદર રીતે કર્યું હતું અને સૌને પ્રભાવિત કર્યા હતા.

## લોગો વિમોચન












# લોગાનું વિમોચન વિધિ





















# ગાય આધારીત ખેતી અભિયાન










શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે આપણાં ભુજ મંદિર દ્વારા પ્રારંભ થયેલ આ ખેતી અભિયાનમાં કચ્છના કુલ આઠ પ્રદેશોમાં થયેલ પ્રશિક્ષણ વર્ગોમાં પ્રશિક્ષણ લઈને અત્યાર સુધી ૨૫૦ થી વધુ ખેડૂતો જોડાઈ ચુક્યા છે.

મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદ તથા ખેતી અભિયાનના માર્ગદર્શક સંતો અને કાર્યકર્તાઓના છ મહિનાના આયોજન પૂર્વકના પરિશ્રમથી અનેક ખેડૂતોએ પોતાની વાડીની અમુક જમીન ગાય આધારિત ખેતી માટે અલગ ફાળવીને અત્યાર સુધી જ્યાં યુરીયા ડીએપી જેવાં રસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોની રેલમછેલ સાથેના બેફામ વપરાશને બદલે હોંશથી દેશી ગાયના ગોબર ગોમૂત્રથી બનતાં કુદરતી ખાતરો બનાવીને શિયાળુ પાકમાં તેનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. તો બીજી બાજુ ભુજ મંદિરે નિયુક્ત કરેલ આ વિષયના નિષ્ણાંત કર્મચારીઓ પણ સમગ્ર કચ્છમાં વાડીએ વાડી પ્રવાસ કરીને ખેડૂતોને આવશ્યક માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

ભવ્ય શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પણ દેશી ગાય માતાને કેન્દ્રમાં રાખીને અત્યાર સુધી ક્યાંય ન થયું હોય એવું એક અલાયદુ પ્રદર્શન પણ બહુ મોટું આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું જેની સંતો દ્વારા ઘણા સમયથી જ તડામાર તૈયારીઓ કરી હતી

ચાલી રહેલ અભિયાનની માહિતી મેળવીને પૂ. મહંત સ્વામી તથા ઉપમંહત સ્વામી પણ અતિ રાજીપો વ્યક્ત કરીને જોડાયેલ સૌ ખેડુતોને ભાગ્યશાળી ગણાવીને અંતરના આશીર્વાદ આપેલ અને સાથે પરિવારના બહેનો પણ આ કાર્યમાં સહયોગ કરે અને સૌ સાથે મળીને આપણાં પોતાનાં હિતના આ પવિત્ર કાર્યને વધુ દ્રઢ નિશ્ચયથી સફળ બનાવે તેવું આહવાન કર્યું છે.

ગાય આધારીત ખેતી અભ્યાન ચલાવવા સ્વામી દેવચરણદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી આદી સંતો તથા અનુભવી મેઘજીભાઈ હિરાણી, મનોજભાઈ સોલંકી, રામજીભાઈ વેલાણી વગેરે હરિભક્તોની સમિતિને આગામી ૩-વર્ષ સુધી સેવા સોંપાયેલી છે.





# વિવિધ કાર્યક્રમો















શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી


સ્વામી દેવચરણદાસજી


શ્રી રામજીભાઈ વેલાણી


શ્રી મનોજ સોલંકી


શ્રી કે.ઈ.એન.રાઘવનજી


શ્રી મેઘજીભાઈ હિરાણી




# દેશ- વિદેશમાં નિમંત્રણ યાત્રા

શ્રી નરનારાયણદેવ શ્રી મહોત્સવના ઉપક્રમે પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી નિમંત્રણ યાત્રાનું આયોજન કરાયું.

તારીખ ૧૫-૧૧-૨૦૨૨ મંગળવાર કાર્તિક સુદ-૭થી નિમંત્રણ યાત્રા વાગડ પ્રાંતથી પ્રારંભ થઈને કચ્છના અનેક વિસ્તારો અબડાસા પ્રાંત, માંડવી પ્રાંત અને ચોવીસી પ્રાંતમાં થઈને તારીખ ૧૫-૧૨-૨૦૨૨ ગુરુવાર માગશર વદ- ૭ ના દિવસે ભુજ શ્રી નરનારાયણદેવના ચરણમાં પૂર્ણ થઈ.

આ નિમંત્રણ યાત્રા દરમિયાન સ્વયં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનું નિમંત્રણ આપવા અમારા ગામમાં સંતો સાથે પધારે છે. એવું જાણીને ભક્તોનો ઉત્સાહ, આનંદ, ભગવાનના સ્વાગત પૂજનમાં દર્શન થયા છે. સાંખ્યોગી બહેનો દ્વારા ગામમાં પ્રથમ સ્વાગત પૂજન, યુવતીઓ સામૈયા લઈને વધવા આવે, બહેનો ભક્તો દ્વારા ઘરે-ઘરે થી ભગવાન માટે થાળ લઈને આવવા, ત્યારે બાળકો અલગ અલગ વેશભૂષામાં, વડીલો વાજિંત્રો મંડળી લઈને, યુવાનો નૃત્ય કરીને ભગવાનનો સ્વાગત કરીને પોતાના ગામમાં પધરાવે. ભક્તોનો શ્રી નરનારાયણદેવ પ્રત્યેનો ભાવ નિમંત્રણ યાત્રામાં સમર્પિત કરાયો. જેમ જેમ નિમંત્રણ યાત્રા આગળ આગળ ગામમાં જવા લાગી તેમ તેમ ભક્તોના ઉત્સાહને ભાવના દર્શન થયા. આ જોઈને સંતોને ખૂબ રાજીપો થયો. નિમંત્રણ યાત્રા ગામમાં આવે એટલે સ્વાગત પૂજન બાદ યાત્રા કરીને સભા સ્થળે પહોંચી સત્સંગ સભાનું આયોજન તેમાં સંતો દ્વારા શ્રી નરનારાયણદેવના મહિમાની કથા અને વડીલ સંતોના આશીર્વાદ ભક્તોને પ્રાપ્ત થતા. આમ બે મહિના સુધી નિમંત્રણ યાત્રા કચ્છના અનેક ગામમાં જઈને ભક્તોને દ્વિશતાબ્દી મહોત્સવ માટે નિમંત્રિત કર્યા.

આ નિમંત્રણ યાત્રાની જવાબદારી પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના સંચાલક સંત મંડળે સ્વીકારીને યાત્રા દરમિયાન કાયમ સાથે શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી સ્વામી કપિલમુનિદાસજી, પુરાણી સ્વામીમુકુંદમુનિદાસજી અને શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી સંપૂર્ણ યાત્રા દરમિયાન સાથે રહ્યા સાથે સંતોની આજ્ઞાથી યુવાનો રથ ચલાવવાની સેવા, સભાવ્યવસ્થાની સેવા, બજાવી. આ નિમંત્રણ યાત્રાનું સંચાલન સ્વામી કપીલમુનીદાસજીએ કર્યું હતું











## એજ રીતે મહોત્સવમાં પધારવા સંતોનું વિદેશમાં વિચરણ

શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સદ્‌ગુરુ મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ દેશ-વિદેશમાં ખૂબ જ સ્નેહપૂર્વક હરિભક્તોને નિમંત્રણ પાઠવવામાં આવ્યા હતા. દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે મહંત સ્વામીની આજ્ઞાથી નિમાયેલ સમિતિના સંતો લંડન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, શિશલ્સ વગેરે વિદેશમાં રહેતા હરિભક્તોને રૂબરુ મળી મહોત્સવમાં પધારવા આમંત્રણ અપાયું હતું. અને હરિભક્તો પણ રાહ જોઈ રહ્યા હતા કે એપ્રિલ મહિનો આવે અને અમારા દેવ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં વાર્ષિક પાટોત્સવમાં અમે જઈએ જ્યારે સંતો આમંત્રણ પાઠવવા ગયા ત્યારે હરિભક્તોએ પોતાની યથાશક્તિ આર્થિક સહયોગ સેવા કરી હતી. અને સંતોએ સેવા સ્વીકારી શ્રી નરનારાયણદેવને અર્પણ કરી હતી.

# દ્વિશતાબ્દી મહોત્સવ નિમંત્રણ યાત્રા









# દ્વિશતાબ્દી મહોત્સવ નિમંત્રણ યાત્રા
























મહોત્સવ




# પરદેશની ભોગભૂમિ તપોભૂમિ બની... પરદેશની ધરતી પર શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની આહ્‌લેક

**શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) માટે મહોત્સવ એટલે સેવાપર્વ. દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીનો કેન્દ્રવર્તી વિચાર સેવાધર્મ નિભાવવાનો હતો. પરદેશની ધરતી પર આપણા સ્વયંસેવકો દ્વારા સેવાના વિવિધ આયામો દ્વારા શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં ભક્તિ અર્પણ કરી.**

## શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર નાઈરોબી લંગાટા દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં વિવિધ આયોજનો

શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રી કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર નૈરોબી લંગાટા મંદિર દ્વારા (આફ્રિકા)માં સેવાયજ્ઞનો આરંભ થયો. અહીં... ● શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં નૈરોબી મંડળ દ્વારા ૨૦૦ વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા બનાવવામાં આવ્યા. જેનું ઉદ્‌ઘાટન ભુજ મંદિરના પૂજ્ય સંતો દ્વારા કરવામાં આવ્યું જેથી સત્સંગમંડળમાં ઉત્સાહની લહેર વ્યાપી ગઈ. ● 'પ્રો ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું. આ ટુર્નામેન્ટમાં પૂજ્ય સંતોએ પણ ખેલદીલીથી ભાગ લીધો. પ્રો ક્રિકેટ ટુર્નામેન્ટ દ્વારા જે નાણાંકીય આવક થઈ તેનો ઉપયોગ હઠીલા રોગથી પીડાતા દર્દીઓની સારવાર માટે કરવામાં આવ્યો. કુલ ૨૦૦ સ્થાનિક નિવાસીઓના સફળ નિ:શુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા જેથી તેમને પુનઃ આરોગ્ય પ્રાપ્ત થયું. ● ગાયોને ઘાસચારો, ગરીબોને પગરખાં, અનાજ, વસ્ત્ર, દવાઓ વગેરેનું નિ:શુલ્ક વિતરણ થયું. ● ત્રિ-દિવસીય નારાયણ યાગનું આયોજન થયું. જેમાં, ૨૦૦ જનમંગલ પાઠની આહુતી આપવામાં આવી અને વિશ્વકલ્યાણનો સંકલ્પ કર્યો. યજ્ઞના અંતિમ દિવસે ભુજ મંદિરેથી ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ જાદવજી ભગત અને વડિલ સંતો પધાર્યા હતા. ઉપસ્થિત સંતોના હસ્તે નારિયેળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. ● નૈરોબીમાં પૂજ્ય ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ જાદવજી ભગત અને વડિલ સંતોના હસ્તે 'મેગા મેડીકલ કેમ્પ'નું દિપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો. મેગા મેડીકલ કેમ્પમાં ૨,૦૦૦થી વધુ દરદીઓને નિ:શુલ્ક ચિકિત્સા થઈ, દવા વિતરણ થયું અને ભોજન પણ આપવામાં આવ્યું. તદ્‌ઉપરાંત સત્સંગી ભાઈઓ તેમજ બહેનો દ્વારા કુલ ૨૦૦ બોટલ્સ બ્લડડોનેશન પણ થયું. ● નૈરોબીથી ૧૫૦ કિ.મી. દૂર આવેલા કિબવેઝી વિસ્તારમાં આવેલી જર્જરીત શાળા તેમજ હોસ્પિટલનું સમારકામ કરવામાં આવ્યું જેથી પુનઃ જનસેવાના ઉપયોગમાં લઈ શકાય. તદ્‌ઉપરાંત, અહીં એક વર્ષ સુધી હોસ્પિટલમાં તેમજ શાળામાં નિ:શુલ્ક ભોજન, દવાઓ તેમજ અન્નવિતરણ કરવામાં આવશે. અહીં શાળાના મેદાનમાં ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું અને પર્યાવરણની અદ્‌ભુત સેવા થઈ. ● દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે હિન્દુ કાઉન્સીલ ઓફ કેન્યાના સહયોગથી જે જગ્યાએ આવશ્યકતા હતી તે જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેથી પર્યાવરણની સેવા કરવા માટે અન્ય લોકો પણ પ્રેરાયા. ● દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં પૂજ્ય મહંત સ્વમી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી પૂજ્ય ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદ જાદવજી ભગત તેમજ વડીલ સંતોની નિશ્રામાં રાત્રિસભાના આયોજન પણ થયા. રાત્રિસભામાં 'નંદ સંતો દ્વારા શ્રીનરનારાયણ દેવનો મહિમા' વિષયક કથાવાર્તાનું આયોજન થયું. કથાના અંતિમ દિવસે ૨૦૦ ગ્રામ કેસરથી ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો. ● પ્રત્યેક સુદ પંચમીના દિવસે અનેક હરિભક્તો દ્વારા પ્રભાતફેરી નીકળતી. પ્રભાતફેરીમાં ધૂન, કીર્તન, મંત્રજાપ કરી વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનોનો પ્રસાર કરવામાં આવ્યો. એક વર્ષ સુધી આ નીકળેલી આ પ્રભાતફેરીમાં અનેક હરિભક્તો ખૂબ જ ભક્તિભાવથી જોડાતા અને મહોત્સવની આહલેક જગાવતા.

શ્રીનરનારાયણદેવ અને શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવવાનો અદમ્ય ઉત્સાહ સૌ હરિભક્તોમાં વર્તાતો હતો. આપણા હરિભક્તોનો ઉત્સાહ અને ભક્તિના દર્શન કરી, નૈરોબીના સ્થાનિક લોકો પણ ખૂબ જ પ્રભાવિત થયા હતા.








SHREE NARNARAYAN DEV DWISATABDI MOHOTSAV-BHUJ






પ્રભાત ફેરી


SHREE NARNARAYAN DEV DWISATABDI MOHOTSAV-BHUJ
SELFLESS SERVICE


ANANDA MARGA MISSION
SHREE NARNARAYAN DEV DWISATABDI MOHOTSAV-BHUJ
SELFLESS SERVICE




TREE PLANTING


CHAMPIONS











# શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન યુ.કે. દ્વારા મહોત્સવ ઉપક્રમે વિવિધ આયોજનો

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ભુજના ઉપક્રમે આપણા મંદિરમાં યુવકમંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની ધૂન, ૨૦૦ કલાકની મહામંત્રની ૮ મંદિરે ધૂન (૨૪ કલાક) શ્રી સ્વામિનારાયણ યુવકમંડળ દ્વારા યુ.કે.માં પાહીમામ શિબિર-૨૦૨૨, શ્રી નરનારાયણ અષ્ટક ૫૩૪૬ પાઠ ગાન, યુ.કે.ના ૧૨ મંદિરોની યાત્રા, શ્રી નરનારાયણદેવ પ્રદર્શન જેવાં અનેક ભજનનાં સાથે સમાજ ઉપયોગી એવા કાર્યોમાં પણ કરવામાં આવ્યાં હતાં.



















# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે વિવિધ સમાજસેવા


શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સત્સંગ સમાજના તેમજ સમગ્ર યુરોપના ઉત્કર્ષ માટે હેરો (લંડન) મંડળ દ્વારા ● ૨.૫ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જાપ ● ૫.૨૫ લાખ જનમંગલ નામાવલીના પાઠ ● ગો-ધાર્મિ સંસ્થા અને સેંટ લુક્સ હોસ્પિટલને ૫૦,૦૦૦ પાઉન્ડનું દાન આપવામાં આવ્યું ● દર અઠવાડિયે સદાવ્રતનું આયોજન ● ૭૦૦ હરિભક્તો વિલ્સડેનથી હેરો સુધી દોડયાત્રા કરી ● જુદા જુદા મંડળો દ્વારા ૬૦ માઈલ સુધી સાઈકલ યાત્રા કરી મંદિરે દર્શન કરવા જવું ● વડીલોને ફ્લૂ તેમજ કોવિડની રસી આપવાની નિઃશુલ્ક સગવડ ● ગરીબ અને ભૂખ્યા મનુષ્યોને ભોજન કરાવ્યું ● ઓછી આવક ધરાવતા પરિવારમાં શાકભાજી, મગ, ચોખા, ફળો વગેરેનું વિતરણ ● જુદી જુદી શાળાઓમાં પણ અનાજ અને ફળોનું વિતરણ ● નવજાત શિશુઓ માટે ઉપયોગી ચીજવસ્તુઓનું જુદી જુદી હોસ્પિટલમાં વિતરણ ● પર્યાવરણની જાળવણી માટે દર રવિવારે કિંગ્સબરી વિસ્તારમાં ૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ અભિયાન ● હેરો મંદિરે કુલ ૨૦૦ કલાકની ધૂનનું આયોજન ● દર રવિવારે સત્‌શાસ્ત્રનું વાંચન

આ પ્રમાણે જુદી જુદી નિઃસ્વાર્થ સેવા અને ભક્તિના સુમેળથી વિવિધ પુણ્યકાર્યો દ્વારા જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના સમગ્ર યુ.કે.માં સેવાપ્રવૃત્તિ થઈ.


















# શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલિયા)ના સત્સંગીઓ દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં વિવિધ સમાજસેવા

શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ સીડની (ઓસ્ટ્રેલિયા)માં સેવાયજ્ઞનો આરંભ થયો. અહીં... ● ૨૦૦ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું ● વાજીંત્રો અને શરણાઈ સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર તેમજ કીર્તનગાન સાથે ૨૦૦ સંધ્યાફેરીનું આયોજન થયું ● સીડનીમાં વિવિધ સ્થળે ૨૦૦ વૃક્ષોનું વાવેતર થયું અને તેની જાળવણી પણ સત્સંગીઓ દ્વારા થઈ રહી છે ● ૧૪ કિ.મી.ની પદયાત્રા દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવની આહલેક જગાવી ● ૪.૮ ટન વિવિધ પોષણક્ષમ ખાદ્યસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું જેથી, અનેક જરૂરિયાતમંદ પરિવાર લાભાન્વિત થયા ● દ્વિશતાબ્દી મહોત્સવ રંગેચંગે ઉજવાય તે માટે ધૂન-પ્રાર્થનાનું આયોજન ● ૫૦થી વધુ પરિવારના ઘરે જઈ દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ પાઠવવામાં આવ્યું ● પાહિમામ્ શિબિરનું આયોજન થયું અને ૧૦૦થી વધુ બાળકો તેમાં સહભાગી થયા અને શ્રીનરનારાયણદેવનો મહિમા સમજ્યા ● ૧૦૦થી વધુ બાળકોએ 'મારું સર્વસ્વ' રૂપક ભજવ્યું અને સૌને પ્રસાદિભૂત સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)નો મહિમા સમજાવ્યો.

જુદા જુદા સેવા પ્રકલ્પો દ્વારા સીડનીની પ્રજા ખૂબ જ પ્રભાવિત થઈ અને સૌએ આપણા સ્વામિનારાયણ સત્સંગના ખૂબ જ વખાણ કર્યા અને ગુણ ગ્રહણ કર્યો.





















# શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં વિવિધ આયોજનો




ન્યૂઝીલેન્ડમાં પણ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો જયઘોષ થયો. ન્યૂઝીલેન્ડના આબાલવૃદ્ધ સૌ હરિભક્તો દ્વારા વિવિધ સત્સંગ-સેવા પ્રવૃત્તિ થઈ. તા. ૨૧-૧-૨૦૨૩થી ૨૩-૩-૨૦૨૩ દરમિયાન પ્રત્યેક દિવસે અનુક્રમે ૨૦૦ મિનિટની અખંડ ધૂન, પ્રભાતફેરી, ૧૦૮ દંડવત્ પ્રણામ, વૃંદાવન પ્રદક્ષિણા, ૧ કલાકની અખંડ ધૂન, સર્વમંગલ પૂજન, મહાપૂજા, રાસ, વૃક્ષારોપણ તેમજ વૃક્ષોનું પૂજન, બસયાત્રા, ગરીબોને અન્નદાન, જનમંગલ નામાવલિના પાઠ તેમજ તપની માળા વગેરે વિવિધ ભક્તિ પ્રવૃત્તિ દ્વારા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ થયો હતો.

































### દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

# ભુજ મંદિર દ્વારા ડાયાલિસિસ યુનિટ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ''માનવ સેવા એ જ સાચી સેવા''ની ઉક્તિને સાર્થક કરતી અનેક પ્રવૃત્તિઓ આપણા ભુજ મંદિર દ્વારા હાથ ધરવામાં આવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ રોગીઓની સેવા કરવાની વાત કહી છે. શ્રીહરિની આ આજ્ઞાને અનુસરતાં ભુજ  મંદિર દ્વારા તબીબી ક્ષેત્રે અનન્ય નોંધપાત્ર યોગદાન અપાતું રહે છે.

તાજેતરમાં ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોએ ભુજની લાયન્સ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. હોસ્પિટલની સેવા ભાવના  અને દર્દીઓની સારવાર અર્થેની તત્પરતાથી પ્રભાવિત થઈ હોસ્પિટલની જરૂરત પૂર્ણ કરવા ભુજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનાં ઉપલક્ષમાં ડાયાલીસીસનાં યુનિટનું દાન આપવા નિર્ણય લેવાયેલ. તેના અનુસંધાને લાયન્સ ક્લબ ઓફ ભુજ પરિવાર સંચાલિત LNM ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, ભુજને ભુજ મંદિરના સહયોગથી ડાયાલિસિસ યુનિટ શરૂ કરવામાં આવ્યો છે.










### દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

# ભુજ મંદિર દ્વારા ડાયાલિસિસ યુનિટ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ''માનવ સેવા એ જ સાચી સેવા''ની ઉક્તિને સાર્થક કરતી અનેક પ્રવૃત્તિઓ આપણા ભુજ મંદિર દ્વારા હાથ ધરવામાં આવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ રોગીઓની સેવા કરવાની વાત કહી છે. શ્રીહરિની આ આજ્ઞાને અનુસરતાં ભુજ મંદિર દ્વારા તબીબી ક્ષેત્રે અનન્ય નોંધપાત્ર યોગદાન અપાતું રહે છે.

તાજેતરમાં ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોએ ભુજની લાયન્સ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. હોસ્પિટલની સેવા ભાવના અને દર્દીઓની સારવાર અર્થેની તત્પરતાથી પ્રભાવિત થઈ હોસ્પિટલની જરૂરત પૂર્ણ કરવા ભુજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનાં ઉપલક્ષમાં ડાયાલીસીસનાં યુનિટનું દાન આપવા નિર્ણય લેવાયેલ. તેના અનુસંધાને લાયન્સ ક્લબ ઓફ ભુજ પરિવાર સંચાલિત LNM ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, ભુજને ભુજ મંદિરના સહયોગથી ડાયાલિસિસ યુનિટ શરૂ કરવામાં આવ્યો છે.



# જરૂરિયાતમંદને રાહત સામગ્રીની સેવા



શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે 'સેવા' પ્રકલ્પના માધ્યમથી ભુજ મંદિર દ્વારા કચ્છના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આવી હતી.

આ સેવા સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા સ્વામી હરિસેવકદાસજી આદિ સંતસમિતિ તથા હરિભક્તોએ વ્યવસ્થા ગોઠવી હતી.













# જરૂરિયાતમંદને રાહત સામગ્રીની સેવા

















## મહોત્સવ ઉપક્રમે ૨૦૦ વ્હીલચેર અર્પણ

દ્વિશતાબ્દી મહોત્સવનું મુખ્ય અંગ સેવા જ હતું અને માટે જ સદ્‌ગુરુ મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસજીએ સેવાના પાયા ઉપર જ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન આદર્યું હતું. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને જ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા જી.કે. હોસ્પિટલ, લેઉવા પટેલ હોસ્પિટલ, કે. કે. સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, માનવજ્યોત ઉપરાંત માધાપર સહિત કચ્છના ચોવીસી મંદિરો, અબડાસા, વાગડ સહિતના શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં પણ વ્હીલચેરની સેવા અર્પણ કરવામાં આવી છે. આ ઉપરાંત, જરૂરિયાતમંદ લોકોને પણ વ્હીલચેર આપી તેમનું જીવન સરળ કરવામાં આવ્યું હતું.






## મહોત્સવ ઉપક્રમે મુન્દ્રા શૈક્ષણિક સેમિનાર યોજાઓ

મુન્દ્રાની બી.એડ. કૉલેજમાં યુવાશક્તિને જ્ઞાનશક્તિ સાથે જોડતો રાષ્ટ્રીય શિક્ષણ સેમિનાર યોજાયો.

મુન્દ્રા નગરમાં આવેલ બી.એડ. કૉલેજમાં ભૂજ સ્વામિનારાયણ મંદિરની પ્રેરણાથી વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ અને કે. એસ. કે. કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે દિ. ૧-૪-૨૩ના દિવસે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં કચ્છ અને ગુજરાતના ૧૫૦ પ્રતિભાગી ચર્ચાગોષ્ઠિમાં સહભાગી થયા હતા. અને ભારતીય જ્ઞાન સંપદાની યુગાનુકુલ પ્રસ્તુતિ વિષય સંદર્ભે ૭૫ રીસર્ચ પેપરનું પ્રેઝંટેશન થયું હતું. સદ્‌ભાગીઓને શૈક્ષણિક કીટ સાથે પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિહ્ન અપાયા હતા.

પ્રારંભે શ્રી હરિ તપોવન ગુરુકુળ રામપર વેકરાના સંચાલક શાસ્ત્રી શ્રી દેવચરણ સ્વામીજીએ આશીર્વચન આપીને મંગલાચરણ કરાવ્યું. માંડવીના ધારાસભ્ય શ્રી અનિરુધ્ધભાઈ દવે એ સેમિનારનું ઉદ્‌ઘાટન કરી પ્રસન્નતા વ્યક્ત કરી. ગોવાના શિક્ષણ વિદ્ દિલીપજી બેતકેકરે ભારતીય જ્ઞાન પરંપરાને ભારતીય શબ્દાવલીમાં સમજાવી માનનીય પ્રવચન કર્યું. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. બુટાણીસાહેબ, મુન્દ્રા નગરપાલિકાના પ્રમુખ શ્રી કિશોરસિંહજી, આર.ડી. ટ્રસ્ટના પદાધિકારીઓ સહિત ગણમાન્ય અતિથિઓ હાજર હતા.

સેમિનારના સમાપન પ્રસંગે ભુજ મંદિરથી પધારેલ સ્વામી શ્રી અક્ષરપ્રિયદાસજી સ્વામીએ ભારતીય જ્ઞાનને વ્યવહારમાં ક્રિયાન્વીત કરવાની માર્મિક વાત કરી ટોપ ટેન સંશોધકો અને સહભાગીઓને શાલ, સ્મૃતિ અને પ્રમાણપત્રથી જાહેર અભિવાદન કર્યું. સેમિનારના સંયોજક ડૉ. કેશુભાઈ મોરસાણિયા અને બી.એડ. કૉલેજના આચાર્ય ડૉ. લાલજીભાઈ ફફલના માર્ગદર્શનમાં કૉલેજ, શિશુમંદિર અને મુન્દ્રગા સ્વામિનારાયણ મંદિરની ટીમે સમગ્ર વ્યવસ્થાપન કર્યું હતું.

સેમિનારના દિવસે એકાદશી હોવાથી તમામ સહભાગીઓએ ફરાળ કરી ઉપવાસ કર્યો હતો. કચ્છના તમામ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ ફોટા સાથે સમાચારો પ્રસિદ્ધ કરી આયોજકોને અભિનંદન આપ્યા હતા.





મહાપૂજા એવં મહા અનુષ્ઠાનમ્

# ભુજ સ્વામિનારાયણ મંદિરમાં સતત બે માસ સુધી ચાલેલી મહાપૂજા

## ગાયનાં ગોબર અને લીપણથી સુશોભીત પૂજાખંડમાં દરરોજ ૪૦૦થી વધુ હરિભક્તો મહાપૂજાનો લાભ લઇ શકે તેવી વ્યવસ્થા કરાઇ : કચ્છ સાથે સમગ્ર ગુજરાતનાં ૨૨થી ૨૩ હજાર હરિભક્ત ભાઇ-બહેનોએ લાભ લીધો

તા. ૦૬-૦૧-૨૦૨૩થી શરૂ થયેલી આ મહાપૂજાનું તા. ૦૬-૦૩-૨૦૨૩નાં સમાપન કરવામાં આવ્યું હતું.પૂજાનાં પ્રારંભમાં દરરોજ ઠાકોરજીને ગંગાજળ અને પંચામૃતથી અભિષેક કરાવી, અલંકાર ધરાવી સુવર્ણ સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવતા હતા. ત્યાર બાદ મહપૂજાની શરૂઆત સ્વામી સૌનકમુનીદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, અને સ્વામી વ્યાસસ્વરૂપદાસજી દ્વારા શ્લોક અને આરતીથી કરવામાં આવતી હતી. સતત બે માસ સુધી ચાલેલા આ ભક્તિયજ્ઞનો કચ્છ સાથે સમગ્ર ગુજરાતનાં ૨૩ હજાર ૪૫૫ હરિભક્ત ભાઈ-બહેનોએ ઉત્સાહભેર લાભ લીધો હતો. દરરોજ અલગ અલગ ભાવિકભક્તોએ આ મહાપૂજાનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

તા. ૨૮-૦૨-૨૦૨૩ શ્રીહરિજયંતીના શુભદિવસે ભુજ મંદિરના બધાજ સંતો અને કચ્છના મંદિરોના આગેવાન હરિભક્તો મહાપૂજનો લાભ લીધો હતો અને તા. ૦૬-૦૩-૨૦૨૩ ના રોજ સંપ્રદાયના મુખ્ય ૯ મંદિરના સંતો ગુજરાતમાંથી આવી આ મહાપૂજામાં સહભાગી થયા હતા.

તા.૦૭-૦૩-૨૦૨૩ ના શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અંતિમદિને મહાપૂજા કરવામાં આવી હતી અને બપોર પછી ઉદ્યાપન કરવામાં આવેલ અને મહાઆરતી સાથે આ ૬૧ દિવસના મહાપૂજા એવં મહાઅનુષ્ઠાનનું સમાપન કરવામાં આવ્યું હતું.


































## ભક્તિભાવથી યુક્ત શ્રદ્ધાવાન યુવકો દ્વારા

# અમદાવાદથી ભુજ સાયકલ યાત્રા દ્વારા ઉત્સવનો જયઘોષ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા સાઇકલ યાત્રાનું આયોજન કરાયું.

તારીખ ૧૫-૦૧-૨૦૨૩ રવિવારે પોષ વદ-૮ ના શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવના ચરણારવિંદમાંથી પૂ. લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કાળુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, યુવક મંડળના વડીલ સંતો સ્વામી પરમહંસદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ગોલોક વિહારીદાસજી, સ્વામી દેવચરણદાસજી આદિની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવની શણગાર આરતી બાદ ૮ કલાકે ૨૦૦ યુવાનોને સાયકલ સાથે યાત્રાનો આરંભ કરાવાયો હતો.

પ્રારંભના દિવસે જ સાયકલ યાત્રા સાંજના સમયે ૧૨૫ કિલોમીટર પંથ કાપી ધાંગધ્રા પહોંચ્યા હતા. રાત્રી રોકાણ બાદ બીજા દિવસે સવારે નિત્ય નિયમ કરી યાત્રાનો પ્રારંભ કરી સાંજના સમયે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રથમ ગ્રંથ યમદંડ લખાયેલો છે એવી

પ્રસાદીક ભૂમિ આધોઈ પહોંચ્યા ત્યાં મંદિરમાં દર્શન કરી નિત્ય નિયમ સાથે ઠાકોરજીનો પ્રસાદ લઈ રાત્રી રોકાણ કર્યું. સાયકલ યાત્રાના તૃતીય દિવસે સવારે નિત્ય નિયમ ઠાકોરજીના દર્શન કરી અલ્પાહાર કરી સાંજના સમયે ગામ માધાપર પહોંચ્યા ત્યાં મંદિરમાં ભગવાનના દર્શન કરી મંદિરના પટાંગણમાં સંતો દ્વારા સાયકલ યાત્રામાં જોડાયેલા યુવાનો રાત્રે સત્સંગનો લાભ લીધો હતો.







ચોથો દિવસે એટલે પોષ વદ-૧૧ બુધવાર તા ૧૮-૦૧-૨૦૨૩ ના દિવસે માધાપરથી યાત્રા પ્રારંભ કરી તીર્થધામ ભુજમાં પ્રસાદી મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી, સંતો દ્વારા સાયકલ યાત્રામાં રહેલા ઠાકોરજીના પૂજન બાદ યુવાનોએ હમીરસરોવરની પરિક્રમા કરી મુખ્ય મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવના ચરણમાં સાયકલ યાત્રા સમાપ્ત કરી હતી.

પોષ વદ ૧૧, તા. ૧૮-૧-૨૦૨૩ના રોજ સાયકલ યાત્રાએ હમીર સરોવરની પરિક્રમા કરી અને ભુજ મંદિરે શ્રી નરનારાયણ દેવના શ્રીચરણોમાં સાયકલ યાત્રાને પૂર્ણ કરી.

સાયકલયાત્રાનું સંકલન સ્વામી ભક્તિપ્રકાશદાસજી અને સ્વામી મુક્તવલ્લભદાસજી આદિ યુવક મંડળના સંતો તથા યુવાનોએ કર્યું હતુ.















# અમદાવાદથી ભુજ સાયકલ યાત્રા દ્વારા ઉત્સવનો જયઘોષ
























## અમદાવાદથી ભુજ સાયકલ યાત્રા દ્વારા ઉત્સવનો જયઘોષ

















### દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

# હમીર સરોવર પરિક્રમા

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ દ્વારા દ્વિશતાબ્દી મહત્સવ ઉપક્રમે હમીરસરોવરની પરિક્રમાનું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દર મહિનાની સુદ - એકાદશીના દિવસે કચ્છના અલગ અલગ ગામોના હરિભક્તો બહેનો ભાઈઓ સાંખ્યયોગી બહેનો ઉત્સાહભેર ભાગ લેતા ક્યારેક ઠાકોરજીને રથ ઉપર, ક્યારેક ગાડા ઉપર, ક્યારેક ઘોડા ઉપર, ક્યારેક હાથી ઉપર ઠાકોરજીને બેસાડી પ્રસાદીભુત હમીર સરોવરની સેંકડોની સંખ્યામાં હરિભક્તોની ઉપસ્થિતિમાં હમીરસરોવરની પરિક્રમા કરવામાં આવતી. આ પરિક્રમા દ્વારા સમગ્ર સત્સંગમાં મહોત્સવનો વિશેષ ઉત્સાહ અનુભૂત જાગૃત થયો હતો. આ આયોજનમાં પ્રસાદી મંદિરના કોઠારી શ્રી સ્વામી ભક્તિપ્રસાદદાસજી તેમજ મંડળના દરેક સંતો રહ્યા હતા



અને છેલ્લે કચ્છના ગામોના હરિભક્તો દ્વારા પ્રસાદી મંદિરમાં ૨૦૦ કલાકની ધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.











# દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે હમીર સરોવર પરિક્રમા











# બ્રહ્મ ચોર્યાસી



ભુજ મંદિર દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનું તેમજ પરંપરાનું ખૂબ જ જતન કરવામાં આવે છે. દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે ભુજ મંદિર દ્વારા કચ્છ પ્રદેશના ચોર્યાસી જ્ઞાતિના બ્રાહ્મણોને આમંત્રણ પાઠવી બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું.

દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળે બ્રાહ્મણોની સગવડતા જળવાય તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં, બ્રાહ્મણોનું પૂજન થયું, બ્રહ્મભોજન કરાવવામાં આવ્યું અને સૌને યથોચિત દક્ષિણા પણ આપવામાં આવી. સૌ બ્રાહ્મણો ભુજ મંદિરના સંસ્કાર અને ભક્તિથી ખૂબ જ રાજી થયા અને વેદમંત્રોનું ગાન કરી શ્રી નરનારાયણ દેવનું પૂજન પણ કર્યું. તા. ૨૫-૪-૨૦૨૩ના રોજ વહેલી સવારથી જ ભૂદેવોના આગમનનો પ્રારંભ થઈ ગયો હતો. ૧,૨૦૦થી વધુ કર્મકાંડી, વેદપાઠી, કથાકારો તેમજ સંસ્કૃતના વિદ્વાન બ્રાહ્મણોથી બદ્રિકાશ્રમ શોભી રહ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણો ૧૦૮ વિષ્ણુસહસ્રનામના જાપ કર્યા, વેદમંત્રોનું ગાન કરી વાતાવરણમાં મંત્રનાદનો ગુંજારવ કર્યો હતો. મંત્રગાન બાદ પુરાણી સ્વામી શ્રી પ્રકાશદાસજી અને પુરાણી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા અમદાવાદ મધ્યે કાંકરીયામાં બ્રહ્મચોર્યાસી થઈ હતી તે પ્રસંગને યાદ કર્યો અને હૃદયોર્મિ વ્યક્ત કરતાં કહ્યું, ''વિદ્વાન સર્વત્ર પૂજ્યતે।''. આ પ્રમાણે વિદ્વતાના મહત્ત્વ ઉપર વિશેષ બળ આપ્યું હતું.

ત્યારબાદ, ગામોગામથી પધારેલા ભૂદેવોને મુસાફરીનો ખર્ચ તેમજ યથોચિત દક્ષિણાના દાન પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હરિભક્ત શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિચિહ્નવાળા ચાંદીના સિક્કા સૌ ભૂદેવને ભેટ અર્પણ કરાયા હતા. સાથે સાથે, અન્ય હરિભક્તોએ પણ ભૂદેવોને યથાશક્તિ વિવિધ ભેટસોગાદો તેમજ દક્ષિણાના દાન કર્યા હતા. સૌ બ્રાહ્મણોનું પૂજન તેમજ દક્ષિણાના દાન થયા પછી સૌ બ્રાહ્મણોને ભોજનશાળામાં પધારવાનું આમંત્રણ આપવામાં આવ્યું. ભોજનશાળામાં બ્રાહ્મણોને સન્માનપૂર્વક આસન ઉપર બેસાડી તેમને હેતથી વિવિધ વાનગીના ભોજન પીરસવામાં આવ્યા હતા. દ્વિશતાબ્દી મહોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યા બાદ બ્રાહ્મણો પોતાના સ્થાન તરફ નિર્ગમન કર્યું હતું. પુરાણી સ્વામી શ્રી પ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી બ્રહ્મચોર્યાસીના સંપૂર્ણ કાર્યક્રમનું સફળ આયોજનની સેવા સંભાળી હતી.





સમૂહ લગ્નોત્સવ

### શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

# ૬૮ યુગલોનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

આજના દિવસે ત્રણ ઉત્સવો એક સાથે ઉજવાયા હતા કારણ કે, મહા સુદ પંચમી એટલે વસંતપંચમીનો પવિત્ર દિવસ કારણ કે આજે શિક્ષાપત્રીની ૧૯૭મી જયંતીની ઉજવણી હતી. વસંતપંચમીના પવિત્ર દિવસે બહેનોના મંદિરેથી વસંતના વધામણાનો આંબો વાજતેગાજતે શ્રીહરિ સમક્ષ મૂકવામાં આવ્યો.

આજે તા. ૨૬-૧-૨૦૨૩ એટલે ગણતંત્ર દિવસ પણ હતો માટે, શણગાર આરતી બાદ પૂજ્ય સંતો તેમજ હરિભક્તોએ રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને ૭૫માં ગણતંત્ર દિવસની ઉજવણી કરી ત્રિરંગાને લહેરાવ્યો અને સલામી આપી.

આજે વસંતપંચમી પણ હતી માટે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા સત્સંગી ગૃહસ્થોના દિકરા-દિકરીઓ માટે સમૂહ લગ્નનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલયના પ્રાંગણમાં સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સંપૂર્ણ ખર્ચ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા ઉપાડવામાં આવ્યો હતો. સમૂહલગ્નમાં ભાગ લેનાર પરિવારને એક પણ રૂપિયાનો બોજો ન પડે તેનો વિશેષ ખ્યાલ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા રાખવામાં આવ્યો હતો. આ સમયે મંદિરના ગણમાન્ય ટ્રસ્ટશ્રીઓ તેમજ અગ્રણી હરિભક્તો પણ વરઘોડીયાને આશીર્વાદ આપવા ઉપસ્થિત હતા.

૬૮ નવદંપતીઓએ પ્રભુતાના પગલાં માંડતા પહેલા પ્રથમ પોતાનો રાષ્ટ્રધર્મ નિભાવી ભુજ મંદિરના પૂજ્ય સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં ગણતંત્ર દિવસના ધ્વજવંદન કરીને સમુહ લગ્નમાં લગ્નગ્રંથિથી જોડાયા હતા.

મંદિર તરફથી વિવિધ ભેટ-સોગાદ આપવામાં આવી જેમાં બેસેરી તુલસીની કંઠી, ભગવાનની મૂર્તિ પ્રશસ્તિપત્ર સાથે, ઠાકોરજીના થાળ અને પૂજા સેટ (જર્મન સિલ્વર), પાનેતર, સોનાની નથડી, કાંડા ઘડીયાળ એન્ડ્રોઈડ, વસ્ત્રો, ગૃહલક્ષ્મી કિચન સેટ-૧૨૧ સેટ, પિરામિડ ટિફિન, કુકર, તવો, મિક્ષ્ચર, બ્લેન્ડર, ઈલેક્ટ્રીક સ્ટવ, દિવાલ ઘડિયાળ, વોટર જગ, કાંસાના વાસણનો સેટ, થાળી, ત્રાંબાનો કળશ ઢાંકણી સાથે, સ્ટીલની તપેલીનો સેટ, સ્ટીલનું ગરું - કેસરોલ, ટ્રાવેલ ટ્રોલી બેગ, ગ્રંથો : વચનામૃત, શિક્ષાપત્રી, શ્રીમદ્ ભગવત્ ગીતા, સોળ સંસ્કાર, ઘરસભા, તુલસીનો છોડ, લીમડાનો છોડ, ખાટી આંબલીની છોડ, પાટલા, પોખણાં, રમણદીવો વગેરે આપવામાં આવ્યા હતા. સાથે પૂ.મહંત સ્વામી તરફથી રૂડા આશીર્વાદનો પત્ર આપવામાં આવ્યો હતો. ૨૫૦૦૦ ભક્તો વચ્ચે આ સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ કાર્યમાં કો.સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સમિતિના સંતો તથા હરિભક્તો સહયોગી રહ્યા હતા.











# મહોત્સવ ઉપક્રમે સમૂહ લગ્નોત્સવ


















# મહોત્સવ ઉપક્રમે સમૂહ લગ્નોત્સવ















# મહોત્સવ ઉપક્રમે બે લાખ
# વૃક્ષોનું વાવેતર

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કચ્છના વિવિધ પ્રદેશમાં યુવકમંડળના માધ્યમથી બે લાખ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જેમાં પ્રસાદીના રોપાનો વધુ આગ્રહ રાખવામાં આવ્યો છે. માંડવી વાડી વિસ્તારમાં દરેક વાડીયે સંતો જાતે જઈ પ્રસાદીની ખાટી આંબલીના રોપાનું વાવોતર કરેલ છે. આ સિવાય કોડાય વાડી વિસ્તારમાં ૨ એકરમા, માનકુવા ૨.૫ એકરમાં, ફોટડીમાં ૩.૫ એકરમાં, ગોડપરમાં ૬ એકરમાં, વેકરા ૭૦૦ વૃક્ષો, રામપર ૪૦૦ વૃક્ષો, દહીંસરા ૩૦૦ વૃક્ષો, માધાપર ૨ (બે) એકરમાં, હરિપરમાં ૪૦૦ એ રીતે સમગ્ર કચ્છમાં હજારો વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. અને ભુજીયા ડુંગરમાં ભૂકંપ બાદ માનનીય દેશના વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઈ મોદીના સંકલ્પે વિકાસના કાર્યોમાં ભુજીયા ડુંગરના વિકાસ માટે બહુ મોટી રકમ ફાળળી છે. ભૂકંપમાં માર્યા ગયેલ લોકોની યાદમાં સ્મૃતિવન બનાવવાના સંકલ્પને સાકારરૂપ અપાઈ રહ્યું છે. એમાં ભુજ મંદિર દ્વારા ૩૦૦૦ અલગ અલગ જાતના વૃક્ષોનું રાજકીય વ્યક્તિઓ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૧-૨૦૨૩ના રોજ સંતો તથા ટ્રસ્ટીઓ સાથે રહી મોટી સંખ્યામાં વૃક્ષો વાવેતર કરી પ્રકૃતિ બચાવવાના અભિયાનમાં સહયોગી થવાનો ભુજ મંદિરને આનંદ છે. સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી સમિતિ સંતો તથા હરિભક્તો સહયોગી રહી વ્યવસ્થા ગોઠવી હતી.






# મહોત્સવ ઉપક્રમે બે લાખ વૃક્ષોનું વાવેતર

















# સંકલ્પથી સિદ્ધિના સોપાનો

**શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવના પ્રારંભ પૂર્વે ભવ્ય પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા રજૂ થયો :**

**"આપણે ભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. આપણા મહોત્સવના પ્રારંભ પૂર્વે આપણે દેશ-વિદેશમાં તેમજ આ દ્વિશતાબ્દી મહોત્સવ કચ્છની ધરતી ઉપર થાય છે ત્યારે કચ્છ પ્રદેશના શહેરો, નગરો અને ગામડાઓમાં વિચરણ કરીને જુદા જુદા સેવા પ્રકલ્પનો પ્રારંભ કરવો છે. આપણે સૌ મનુષ્યોની વિવિધ પ્રકારે સેવા કરવી છે. સૌની સેવા એ જ આપણા ભવ્ય મહોત્સવની સફળતાનો મૂળભૂત પાયો છે."**

## : ભજન-ભક્તિની આહલેક જગાવી :

તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૦, ગુરુવાર (ભાદરવા સુદ ૩, સંવત ૨૦૭૬)ના દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પુણ્ય ઉપસ્થિતિમાં મહોત્સવ અંગે પ્રથમ મિટીંગમાં વડિલ સંતો ઉપસ્થિત હતા. આ સમયે પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ કહ્યું, "આપણે ભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. આપણા મહોત્સવના પ્રારંભ પૂર્વે આપણે દેશ-વિદેશમાં તેમજ આ દ્વિશતાબ્દી મહોત્સવ કચ્છની ધરતી ઉપર થાય છે ત્યારે કચ્છ પ્રદેશના શહેરો, નગરો અને ગામડાઓમાં વિચરણ કરીને જુદા જુદા સેવા પ્રકલ્પનો પ્રારંભ કરવો છે. આપણે સૌ મનુષ્યોની વિવિધ પ્રકારે સેવા કરવી છે. સૌની સેવા એ જ આપણા ભવ્ય મહોત્સવની સફળતાનો મૂળભૂત પાયો છે."

પૂજ્ય મહંત સ્વામીનો આ સંકલ્પ સૌએ એક જ સાદે વધાવી લીધો અને સંતો, પાર્ષદો, સાંખ્યયોગીબાઈઓ, હરિભક્તો, યુવક-યુવતી મંડળો વગેરે વિવિધ સેવા પ્રકલ્પને ચરિતાર્થ કરવા માટે સેવારત થઈ ગયા. દેશ તથા વિદેશમાં જ્યાં જ્યાં મંદિરો છે તેમજ સત્સંગ સભાઓ ચાલે છે ત્યાં પૂ.મહંત સ્વામીની આજ્ઞાથી ગામે ગામ ૨૦૦ કલાકની ધૂન તેમજ અન્ય ભજનના પ્રકલ્પો સાથે ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, મેડિકલી કાર્યો સંપન્ન થયાં હતાં.

વિશેષાંકના આ વિભાગમાં આપણે ભુજ મંદિર દ્વારા દ્વિશતાબ્દી ઉપલક્ષ્યમાં જે વિવિધ સેવા પ્રકલ્પો થયા તેની માહિતી મેળવીશું અને સત્સંગ, સેવા અને સમર્પણ માટે પ્રેરિત થઈશું.














દેશ-વિદેશમાં કચ્છ પ્રદેશના સત્સંગીઓ વસે છે તે સૌ આ સંકલ્પ અન્વયે સક્રિય થઈ ગયા. સંતો, પાર્ષદો, સાંખ્યયોગીબાઈઓ અને સૌ સત્સંગીઓ દ્વારા ભજન-ભક્તિનો ભવ્ય પ્રારંભ થયો. જેમાં -

● ૧૦,૨૮,૦૪૦ અષ્ટકગાન ● ૭,૩૮,૨૪,૦૧૩ મહામંત્રની માળાજાપ ● ૩૧,૧૬,૪૦૨ પ્રદક્ષિણા ● ૨,૨૮,૫૫,૨૮૧ દંડવત્ ● ૨,૦૦,૦૦,૦૦,૦૦૧ (વીસ અબજ) મંત્રલેખન ● ૯૯,૩૩,૩૬,૭૨૨ મંત્રજાપ ● ૩૫,૦૧૦ ધૂન ● ૨૫,૮૦૦ મહાપૂજા ● ૨,૦૦૦ શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાઠ ● ૨૦૦ શ્રીમદ્ ભાગવત પુરાણ કથા ● ૨૦૦ શ્રી રામાયણ કથા ● ૪૫,૦૮૫ વચનામૃત પાઠ ● ૭૦૦ ભક્ત ચિંતામણીના પાઠ ● ૨,૦૦,૧૨,૨૦૦ જનમંગલ નામાવલીના પાઠ ● ૨૨,૮૦૦ વિષ્ણુસહસ્ર નામજપ ● ૬,૨૫,૦૦૦ તુલસીપત્ર પૂજન ● ૩૦,૩૫૧ હનુમાન ચાલીસા પાઠ ● ૧૦,૦૦૦ કીર્તન ગાન (કંઠસ્થ) ● ૧,૮૦,૯૮,૧૨૨ પંચાંગ પ્રણામ ● ૬૦,૦૦૦ રોપાઓનું વૃક્ષારોપણ (મહામંત્રનું જપગાન કરતાં કરતાં).

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ શુદ્ધ ઉપાસનાની દૃઢતા પ્રત્યેક મનુષ્યમાં થાય તે હેતુથી શ્રી સ્વામિનારાયણ મંદિરે ભજન-ભક્તિની શુદ્ધ ઉપાસના દ્વારા સત્સંગની આહ્‌લેક જગાવી અને દ્વિશતાબ્દી મહોત્સવનો જયઘોષ કર્યો.

આ સેવામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સંચાલન સમિતિ તથા સંયોજકોએ સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી કપિલમુનિદાસજી સાથે રહી ઉપરોક્ત સેવા દિલથી કરી હતી.

# મહોત્સવ ઉપક્રમે ગામોગામ ભજન ભક્તની આહલેક

















# મહોત્સવ ઉપક્રમે ગામોગામ ભજન ભક્તની આહલેક



















# શ્રી નરનારાયણદેવ મિટીંગ હોલ ઉદ્‌ઘાટન





ભગવાન શ્રી નરનારાયણદેવની અસીમકૃપા અને મહંત સ્વામીના રૂડા આશીર્વાદથી આજ રોજ તા.૦૬-૦૨-૨૦૨૩ સોમવારના સવારના ૮.૦૦ કલાકે ઘનશ્યામ મહારાજની દિવ્ય મૂર્તિની આરતી બાદ શ્રી નરનારાયણદેવ મિટિંગ હોલનું મહંત સ્વામીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કો. પાર્ષદ જાદવજી ભગત, કો. સ્વામી દેવપ્રકાશદાસજી,આદિ નાના મોટા સર્વે સંતો તથા ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહ્યાં હતા. તૈયારીમાં સેવા કરનાર સંતોને મહંત સ્વામીએ પુષ્પમાળા પહેરાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

મિટિંગ હોલ સંસ્થાના અનેક કાર્યો સંતો અને હરિભક્તો સાથે મળી કરવાના હોય, ત્યારે આ હોલમાં સંકડાશ થતી. અત્યારે આ હોલ ખૂબજ ઉપયોગી થશે.

પરદેશમાં બેઠેલા સંતો, હરિભક્તો, પાર્ષદો સાથે પણ આ હોલમાં આવેલાં અત્યંત આધુનિક ઉપકરણો દ્વારા ચર્ચા વિચારણા અને મીટીંગ થઈ શકશે.










## પત્રકાર સંમેલન.............



તા. ૧૦-૦૨-૨૦૨૩ના રોજ ભુજમંદિરમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની વિસ્તૃત માહિતી આપવા માટે પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મિડીયાની પત્રકાર પરિષદ ઉપમહંત સ્વામી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દેવચરણદાસજી તથા સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં બોલવવામાં આવી હતી. પત્રકારોને મહોત્સવ પૂર્વે તથા મહોત્સવ દરમિયાન ધાર્મિક, મેડિકલી તથા સામાજિક કાર્યોની વિસ્તૃત રૂપરેખા આપવામાં આવી હતી. લાખો હરિભક્તને પહોંચી વળવા જે જે આયોજનો થશે, તેમજ અત્યાર સુધીમાં શું શું વ્યવસ્થાઓ કરવામાં આવી છે એનાથી પણ અવગત કરવામાં આવ્યા હતા. બાદમાં આવેલ પત્રકારોને માહિતી સાથે ફાઈલ, પેમ્પલેટ સાથે પ્રસાદ આપવામાં આવ્યો હતો.



## ઉત્સવ ઉપક્રમે ગામોગામથી

# પ્રભાતફેરી ભુજ આવી પહોંચી

**દેશ વિદેશમાં વસતા હરિભક્તો માટે આમંત્રણ વિડીયોનું પણ લોચીંગ કરાયું : કચ્છભરમાં છેલ્લા બે વર્ષથી દર માસની સુદ-પાંચમનાં દિવસે વાજતે ગાજતે નિકળતી પ્રભાત ફેરીઓને વિરામ અપાયો**

દ્વિશતાબ્દી મહોત્સવના ભવ્ય પ્રારંભના બે વર્ષ પૂર્વથી જ પ્રભાતફેરીનો શુભપ્રારંભ થઈ ગયો હતો. પ્રત્યેક ગામમાં દર મહિનાની સુદ પાંચમના રોજ વાજતે-ગાજતે અને ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં પ્રભાતફેરી કાઢવામાં આવતી.

આ પ્રભાતફેરીને ગત તા. ૮-૩-૨૦૨૩નાં રોજ શ્રી નરનારાયણદેવ જયંતીનાં દિવસે વિરામ આપવાનો કાર્યક્રમ ભુજ સ્વામિનારાણ મંદિરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છ, ભુજ ચોવિસી, વાગડ, ગુજરાત દેશ, વિદેશના હજ્જારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

આ પ્રભાત ફેરીઓને પાચ રૂટમાં વિભાજીત કરવામાં આવી હતી. ગામોગામમાં વસતા હરિભક્તો શ્વેત વસ્ત્રમાં સજ્જ થઈ શુશોભીત શણગાર સજાવેલા વાહનોમાં શ્રી નરનારાયણદેવને બિરાજમાન કરી શહેરનાં મુખ્ય માર્ગો ઉપર પસાર થઈ આ પ્રભાત ફેરી વાજતે ગાજતે ભુજ મંદિરનાં પટાંગણમાં પહોંચી હતી.

અહીં મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોએ ફુલોની વર્ષા કરીને પ્રભાત ફેરીને ઉમળકાભેર આવકારી હતી. બાદમાં ઉપસ્થિત તમામ લોકો પરિશરનાં ડોમમાં એકત્રીત થયા હતા. અહીં શ્રી નરનારાયણદેવની પૂજા-અર્ચન કરવામાં આવી હતી. બાદમાં મહંતસ્વામી સહિતના સંતોની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઐતિહાસિક આમંત્રણ પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેની સાથે સાથે દેશ વિદેશમાં વસતા હરિભક્તો માટે આમંત્રણ વિડીયોનું પણ લોંચીંગ કરવામાં આવ્યું હતું. આજ દિવસે યુ.કે., ઓસ્ટ્રેલિયા, આફ્રિકા વિગેરે દેશોમાં એક સાથે પત્રિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ તકે ભુજ

સ્વામિનારાણ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા વિવિધ ગામો વચ્ચે ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા થયેલા ખેલાડીઓને મહંત સ્વામીના હસ્તે ટ્રોફી અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમનાં અંતમાં ઉપસ્થિત તમામ હરિભક્તો પ્રસાદ લઈને છુટા પડ્યા હતાં. કાર્યક્રમ સંચાલન શા.સ્વામી દેવચરણદાસજી તથા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કર્યું હતું.

પ્રભાતફેરી સમાપનના આયોજનને શોભાવવા યુવક મંડળના સંતો તથા સંયોજકોએ સેવા સંભાળી હતી.












# ઉત્સવ ઉપક્રમે ગામોગામથી પ્રભાતફેરી ભુજ આવી પહોંચી


















## ઉત્સવ ઉપક્રમે ગામોગામથી પ્રભાતફેરી ભુજ આવી પહોંચી

















## ઉત્સવ ઉપક્રમે ગામોગામથી પ્રભાતફેરી ભુજ આવી પહોંચી
















## ઉત્સવ ઉપક્રમે ગામોગામથી પ્રભાતફેરી ભુજ આવી પહોંચી

























# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની નિમંત્રણ પત્રિકાનું વિમોચન







શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકા કેવી બનાવવી ? કેટલા પાનાની કરવી ? કેટલા મોડ કરવા ! આ સંસ્થા વિચારતી હોય. અને હરિભક્તો પણ આ મહોત્સવની પત્રિકા કેટલી મોટી હશે ? કેવો આકાર હશે ? કેટલા પેજની હશે ? આવા વિચારો કરતા હોય છે. પણ શ્રીનરનારાયણદેવના મહોત્સવની પત્રિકા અલગ ડિઝાઈનમાં તૈયાર થઈ અને તેમાં બીજી પત્રિકાની જેમ જેટલા દાતાઓએ ઉત્સવમાં સેવા કરી છે એ દરેકના નામ ન મૂક્યા ! કેમ કે એ બીજા માટે જરૂરી નથી હોતું. તમારું નામ તમને ગમે, બીજાનું નામ બીજાને ગમે એટલે હરિભક્તોના વિચારો લઈને સંતોએ સર્વાનુમતે પત્રિકામાં જેમની સેવા છે એમનાજ પરિવારનું નામ મૂકાયું એટલે એ એમના માટે સંભારણું થઈ ગઈ. અને રોજ રોજના અલગ અલગ પેજમાં જે તે દિવસના કાર્યક્રમો મૂકાયા. ફોટાઓ પણ સિમિત











સંખ્યામાં બ્રહ્માનંદ સ્વામીથી લઈ અત્યાર સુધીમાં જેટલા ભુજ મંદિરના મહંતો થઈ ગયા એમના ચિત્ર મૂકાયાં અને વર્તમાન અમદાવાદ દેશના આચાર્ય મહારાજશ્રી, મોટા મહારાજશ્રી અને લાલ મહારાજશ્રી તેમજ વર્તમાન ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી અને કોઠારી પાર્ષદ જાદવજી ભગત આટલાજ સંતોના ચિત્રો અને નામ પણ માત્ર મંડળધારી સંતો તેમજ ૯ ધામના સંતોના નામનો સમાવેશ કરાયો અને અદ્‌ભુત થ્રીડીમાં મંદિર અને અંદરના પેજ સાથે સંપ્રદાયના કોઈ અવસરમાં ન થઈ હોય એવી પત્રિકા તૈયાર થઈ. પત્રિકા કચ્છ સત્સંગના દેશ-વિદેશમાં રહેતા હરિભક્તોના ઘેર ઘેર પહોંચાડવામાં આવી. અને જ્યારે વિમોચન કરવાનો સમય આવ્યો ત્યારે કચ્છ સત્સંગના દેશ વિદેશના દરેક મંદિરોમાં એક દિવસે, એક સમયે ભુજમાં શ્રીનરનારાયણદેવ જયંતીના દિવસે વિમોચન કરવામાં આવી. એજ સમયે, એજ દિવસે વિદેશોના મંદિરોમાં વિમોચન કરવામાં આવ્યું.

અહો.... આવી સરસ પત્રિકા ! હાથમાં લેતા જ ગૌરવ થાય કે આપણા શ્રીનરનારાયણદેવના મહોત્સવની કેટલી અદ્‌ભુત પત્રિકા ! જેમને મળી એ જોઈ ખૂબ રાજી થયા અને એક સંભારણારૂપ પત્રિકા થઈ. આ પત્રિકા નિર્માણકાર્યમાં સ્વામી શુકદેવસ્વરૂપદાસજી અને પાર્ષદ કોઠારી ખીમજી ભગત આદિ સમિતિના સંતો ભક્તો તૈયાર કરવામાં સહયોગી થયા.



















200






# રમતવીરોને ટ્રોફી અર્પણ






## ક્રિકેટ, ફૂટબોલ સ્પર્ધા

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળના યુવાનોને પ્રોત્સાહન મળે એવા હેતુથી યુવકમંડળના સંતોએ ક્રિકેટ અને ફૂટબોલની પ્રાંતીય આયોજન, એમાંથી જે જીતે તે કેન્દ્રમાં રમે અને ફાઇનલમાં જે આવે એમે પુરસ્કાર નક્કી કરી દરેક પ્રદેશો માંડવી, અંજાર, અબડાસા, સુખપર, માનકુવા, રામપર, નારણપર, બળદીયા વગેરે પ્રદેશોના યુવાનોએ રમતમાં ભાગ લીધો અને ઉત્સાહથી ખૂબ રમ્યા. સંતોની પણ ઉપસ્થિતિ રહી છેલ્લે બે ટીમ ફાઇનલમાં આવતાં શ્રી નરનારાયણજયંતીના દિવસે પૂ. મહંતસ્વામી દ્વારા તેમને ટ્રોફી અપાઈ. એમાં વિનર અને રનર, ફૂટબોલ ક્રિકેટ વિનર અને રનર. આ રમતગમતમાં સ્વામી ભક્તિપ્રકાશદાસજી અને સ્વામી રામપ્રિયદાસજીએ વ્યવસ્થા ગોઠવી યુવાનોને ઉત્સાહ પૂરો પાડ્યો હતો અને આ રમતમાં જેમની યુવકમંડળની રવિસભામાં હાજરી હતી એવા યુવાનોને જ રમવાનો લાભ આપવામાં આવ્યો હતો.








## વૈદિક જ્ઞાન, ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળ સિદ્ધાંત તેમજ શાસ્ત્ર સંબંધી સાત્ત્વિક જ્ઞાનના રક્ષણ અર્થે...

# ॥ સંસ્કૃત વિદ્વત્સંગોષ્ઠી ॥

**શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્વે**
**શ્રી સ્વામિનારાયણ (ભુજ) મંદિર દ્વારા દેશના પ્રખર પ્રકાંડ પંડિતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું. કારણ કે, ભૌતિકતાથી રંગાયેલી દુનિયામાં સત્શાસ્ત્રના મૂળ સિદ્ધાંતોનું મનોમંથન અતિ આવશ્યક છે. આ પવિત્ર ઉદ્દેશ્યથી શાસ્ત્રજ્ઞો સાથે ત્રિદિવસીય જ્ઞાનગોષ્ઠિ યોજાઈ.**

શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં ઉદ્ધવ સંપ્રદાયનો મૂળ સિદ્ધાંત તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સિંચન તેમજ પ્રચાર-પ્રસાર હેતુ દેવભાષા સંસ્કૃતના વિદ્વતાચાર્યોનું જ્ઞાનસભર સંમેલન યોજાયું. તા.૧૭ માર્ચ, ૨૦૨૩ થી તા. ૧૯ માર્ચ, ૨૦૨૩ દરમિયાન મંદિરમાં આયોજન થયું. આ ત્રિદિવસીય જ્ઞાનગોષ્ઠીમાં ભુજ, કાશી, ઉજ્જૈન, બેંગ્લુરુ, મેલુકોટે, તિરુપતિ, સોમનાથ તેમજ નેપાળથી પ્રકાંડ પંડિતો પધાર્યા હતા.

ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી મુળજીભાઈ શીયાણી, પૂર્વ કોઠારી શ્રી રામજીભાઈ વેકરીયા, કચ્છ યુનિવર્સીટીના કુલપતિ ડો.જયેન્દ્રસિંહ જાડેજા, લાલન કોલેજના પ્રોફેસર ડો.મેહુલભાઈ શાહ તથા ડો.દિવ્યાંશુભાઈ દવે વગેરે પૂજ્ય સંતો-મહાનુભાવો-વિદ્વાત્જનોની ઉપસ્થિતિમાં તા. ૧૭-૩-૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ પવિત્ર પ્રારંભ થયો.



વિદ્વત્‌સંગોષ્ઠીમાં પધારેલા સૌ વિદ્વાનોએ પોતાનું વક્તવ્ય સંસ્કૃત ભાષામાં વર્ણવ્યું હતું. પ્રત્યેક વિદ્વત્‌જન જુદા જુદા વિષયો શાસ્ત્રસંગત વિષયો ઉપર પોતાનું સંશોધિત જ્ઞાન લેખિતમાં લાવ્યા હતા. અહીં, વિદ્વાનોની સાથે સાથે ભુજ મંદિરના વિદ્વાન સંતોએ પણ જુદા જુદા વિષયો ઉપર સંશોધિત વક્તવ્યો રજૂ કર્યાં હતાં. પ્રત્યેક વક્તવ્યો ખૂબ શોધ-સંશોધન કરીને તેમજ સત્યના આધારે રજૂ થયાં.



ત્રિદિવસીય જ્ઞાનગોષ્ઠીના પ્રત્યેક દિવસોને ત્રણ સત્રમાં વહેંચવામાં આવ્યા હતા. પ્રથમ સત્ર સવારે ૯.૩૦ થી ૧૨.૦૦, દ્વિતીય સત્ર ૩.૦૦ થી ૪.૩૦ અને તૃતિય સત્ર ૫.૦૦ થી ૬.૩૦. પ્રત્યેક સત્રમાં અતિ અગત્યના વિષયો ઉપર વિદ્વાનો તેમજ સંતોનું મનોમંથન રજૂ થયું હતું.



જ્ઞાનસત્રમાં શાસ્ત્રસંગત વિષયો પૈકી- • શિક્ષાપત્રિ પરિચય : તદ્વૈયશિષ્ટ્યમ્ • હરિવાક્યસુધાસિંધુ • જન્માશૌચં મૃતાશૌચં સ્વસમ્બન્ધાનુસારતઃ • વિશિષ્ટાદ્વૈત્ સિદ્ધાંત સ્વામિનારાયણવેદાન્ત સંબંધ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પંચદેવઉપાસનાનું સ્વરૂપ • શ્રી સ્વામિનારાયણ મહામંત્ર તેમજ વિશિષ્ટાદ્વૈત મત • શિક્ષાપત્રમાં ઉપદેશિત્ નારીધર્મ • શિક્ષાપત્રીમાં ઉપદેશિત્ પૂજાપદ્ધતિ • શિક્ષાપત્રી : ભગવત્તત્વમ્ • શિક્ષાપત્રીમાં ઉપદેશિત્ ભક્તનું સ્વરૂપ • શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શાલીગ્રામનું મહત્ત્વ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સદાચાર વ્યવસ્થા • એકેશ્વરવાદ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં એકાદશીનું મહત્ત્વ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંસ્કૃત ગદ્ય-પદ્ય સાહિત્યવિચાર • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સાધુતા • કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધર્મ પ્રત્યે સાધકોની પ્રીતિ • વર્ણાશ્રમવિચાર • પંચદેવઉપાસના રહસ્ય • શ્રુતિસંગત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીનરનારાયણદેવ - ઉદ્ધવ સંપ્રદાયનો સંબંધ • આરોગ્યનું મૂળ શિક્ષાપત્રી • ધર્મશાસ્ત્ર :



સત્સંગિજીવનગ્રંથ • શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય • શિક્ષાપત્રી ગ્રંથમાં ઉપાસ્ય દેવનું મહત્વ આદિક વિષયો ઉપર ગહન મનોમંથનયુક્ત જ્ઞાન રજૂ થયું હતું.

વિદ્વત્ સંગોષ્ઠિમાં પધારેલા સૌ પ્રકાંડ પંડિતોનું સંતોએ કરેલું સ્વાગત-સત્કાર સૌ માટે ચિરસ્મરણીય બની ગયો. શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના દર્શન કરીને સૌને નિર્મળ શાંતિની અનુભૂતિ થઈ.

વિદ્વત્ગોષ્ઠિના પરિપાક સ્વરૂપ ઉપરોક્ત વિષયો ઉપર રજૂ થયેલું જ્ઞાન સૌના હૃદયમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય, તેના મૂળસિદ્ધાંતો અને જ્ઞાનના શુદ્ધસ્વરૂપ વિષે અપ્રતિમ જાગૃતિ પથરાઈ. આજના યુગમાં શુદ્ધજ્ઞાન લગભગ અદશ્ય થતું જાય છે અથવા શુદ્ધજ્ઞાનને સગવડતા પ્રમાણે રજૂ કરવામાં આવે છે. તેવા સંજોગોમાં શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા આ વિદ્વત્સંગોષ્ટિ સાચે જ અગત્યની પુરવાર થઈ.

કાશીના વિદ્વાનોએ ભુજ મંદિરના મહંત સ્વામીને પ્રશસ્તિપત્ર અર્પણ કરી કૃતજ્ઞતા અર્પી હતી. આવેલ દરેક સંસ્કૃતજ્ઞો કચ્છના સંતો દ્વારા ભુજ મંદિરથી થતી સૈદ્ધાંતિક, સામાજીક, શૈક્ષણિક પ્રવૃત્તિને બિરદાવી હતી અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આયોજનમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા ગોલોકવિહારીદાસજી આદિ સંતો, ભક્તોએ આયોજનની વ્યવસ્થા








मूलसिद्धान्तसंरक्षणाय
संस्कृतविद्वत्सङ्गोष्ठी
संस्कृत सम्मेलनम्












# અમદાવાદથી ભુજ પદયાત્રા

મહોત્સવનો ઉત્સાહ જ એવો હતો કે આપણે આપણા દેવ રાજી થાય એમ કાંઈક કરીએ આવા દરેક સંતો-ભક્તોના ભાવ હતા. પૂ. સંતો અમદાવાદ કાલુપુરથી ભુજ પગપાળા આવવાનું નક્કી કરી. ફાગણ સુદ ૩ તા. ૨૨-૨-૨૦૨૩ શ્રી નરનારાયણદેવના પાટોત્સવના દિવસે ભુજ જવા રવાના થયા હતા. પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી સરયુદાસજી, સ્વામી ઘનશ્યામ પ્રિયદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, આદિ સંતો અને હરિભક્તો કુલ ૨૫ જણ ભજન કરતાં કરતાં ફાગણ વદ-૧ શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે તા. ૮-૩-૨૦૨૩ના રોજ ભુજથી નરનારાયણદેવના દર્શન કરી યાત્રા પૂર્ણ કરી હતી. પૂજ્ય મહંત સ્વામી આદિ સંતોએ પુષ્પમાળા પહેરાવી સંતો-ભક્તોને આવકાર્યા હતા.











# દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે સંત સમેલન

## સનાતન ધર્મનો જયઘોષ








શ્રી રામાનુજ વિશ્વકસેનાચાર્યજી

સનાતન ધર્મનો જયઘોષ દિગંતમાં પથરાય અને સૌ સનાતન ધર્મના મૂલ્યોને સમજે અને જાળવે તે હેતુથી સદ્‌ગુરુ મહંત પૂજ્ય ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ ભુજ મંદિર મધ્યે સંત સમેલનનું આયોજન થયું. સમગ્ર કચ્છ દેશ દેશમાંથી પધારેલા સંતો, મહંતો, મઠાધિપતિઓ, મંડલેશ્વરો, સંન્યાસીઓ આ સંત સંમેલનમાં પધાર્યા. સંત સંમેલનમાં જગદ્‌ગુરુ પૂજ્ય રામાનૂજાચાર્યજી, વિશ્વકસેનાચાર્યજી (બેંગલોર), સચ્ચિદાનંદ સંપ્રદાયના શ્રી ત્રિકમદાસજી મહારાજ, કબીર મંદિરના મહંત, જાગીરના લાલગીરી બાપુ, પ્યારાલાલ ગાપડી વગેરે સનાતન ધર્મના અગ્રજ સંતો ખૂબ જ ઉત્સાહથી સંત સમેલનમાં પધાર્યા. સૌ સંતો-મહંતોનો એક જ સૂર હતો કે સનાતનધર્મ અને ગાય એ ભારતની રાષ્ટ્રીય ધરોહર છે અને તેનું જતન કરવું તે આપણા સૌની જવાબદારી છે.



પ્રો. ભગવતચરણશુક્લ







શા. સ્વામી
દેવચરણદાસજી



કોઠારી સ્વામી
દેવપ્રકાશદાસજી



મહંત શ્રી કિષ્નાનંદજી
પાકડસર જાગીર



પ.પૂ. સંત કિશોરદાસજી મહારાજ
સેવા સ્મરણ કુટિયા-વરલી કચ્છ



પ.પૂ. મહંત શ્રી કિશોરદાસજી સાહેબ
કબીર મંદિર-ભુજ



મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ
સચ્ચીદાનંદ મંદિર - અંજાર







# દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે સંત સમેલન









મહંત શ્રી રવિગિરી મહારાજ
જ્યોતેશ્વર મંદિર - ડોણ





માતંગધરમશી જગદીશ
કચ્છ રાજતિલક ગુરુ





# દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે સંત સમેલન



મહંત શ્રી કિર્તીદાસજી મહારાજ
રમસખીજી મહારાજ અંજાર






પ.પૂ. સંત શ્રી ભરતદાસજી મહારાજ
ઈશ્વર આશ્રમ વાંઢાય







પ.પૂ.સંત શ્રી દયારામ દાદા
લોડાઈ





મહંત શ્રી સાકેત વિહારીદાસ
ખાખ ચોક રામ મંદિર, ખંભરા





# સુવર્ણ વિજયધ્વજનું આરોહણ

**મોટા મહારાજશ્રી તેમજ મહંત સ્વામીના વરદ્ હસ્તે બદ્રિકાશ્રમ ઉત્સવ સ્થળે સુવર્ણ ધ્વજનું પૂજન કરાયું મંદિરેથી વાજતે ગાજતે શોભાયાત્રા સ્વરૂપે ધ્વજને બદ્રિકાશ્રમ લઇ જવાયો ૨૦૦ ફુટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફુટની વિશાળ લાંબી ધ્વજારોહણ**

ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત ગત તા. ૧૮-૩-૨૦૨૩નાં ભુજની ભાગોળે ૨૨૨ એકર જગ્યામાં ઉભા કરવામાં આવેલા બદ્રિકાશ્રમ ખાતે સુવર્ણ વિજય ધ્વજારોહણનો રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદથી મોટા મહારાજશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ધ્વજનું પૂજન કરવાની સાથે ૨૦૦ ફૂટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફૂટની વિશાળ લાંબી ધ્વજા ફરકાવામાં આવી હતી.

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવને હવે ગણતરીના દિવસો જ બાકી રહેવા પામ્યા છે. ત્યારે મહોત્સવની ઉજવણી અંતર્ગત ભુજની ભાગોળે મિરજાપર રોડ ઉપર આવેલા સેન્ડલ વુડની સામે ૨૨૨ એકરમાં વિશાળ બદ્રિકાશ્રમ ઉભુ કરવામાં આવ્યું છે. અહીં કથા, પ્રદર્શની સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે. તે પૂર્વે પરંપરા મુજબ મહોત્સવનાં પ્રારંભે વિજય ધ્વજ લહેરાવવામાં આવે છે.

જે અંતર્ગત ગત તા. ૧૮-૩-૨૦૨૩નાં શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સવારનાં સમયે શ્રી નરનારાયણદેવની મૂર્તિ સામે વિજય ધ્વજનું પ.પૂ. મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ યજમાનોનાં હસ્તે વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. બાદમાં ધ્વજ સાથે નિજ મંદિરેથી વાજતે-ગાજતે શોભા યાત્રા સ્વરૂપે મિરઝાપર રોડ પર તૈયાર કરવામાં આવેલ દ્વિશતાબ્દી સ્થળ બદ્રિકાશ્રમ પહોંચ્યા હતા. અહીં ૨૦૦ ફુટ ઉંચા સુવર્ણ સ્થંભ ઉપર ૧૦૮ ફૂટ લાંબા વિજય ધ્વજને લહેરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંતો, ટ્રસ્ટીગણ, સમગ્ર કચ્છના હરિભક્તો, રાજકીય મહેમાનો સહિતનાં મોટીસંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે વિજય ધ્વજ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ગીતને પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ ગીત પર બાળકો દ્વારા સુંદર નૃત્યની રજૂઆત કરાઇ હતી. જે ઉપસ્થિતિ તમામ હરિભક્તોમાં પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. વ્યવસ્થા સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, તેમજ સમિતિના સંતો તથા હરિભક્તોએ સંભાળી હતી.




















સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોપણ
૧૮-૩-૨૦૨૩, ફાગણ વદ ૧૧, શનિવાર

















# આધુનિક ઉપકરણોથી સજ્જ વિજળી વ્યવસ્થા








કોઈપણ નાનું મોટું આયોજન લાઈટ વિના સંભવ નથી એટલે આ ઉત્સવમાં લાઈટનું કામ આપના હાથમાં ન હોય એ **PGUCL** ના હાથમાં હોય પણ લાઈટ સમિતિના સંતો અને હરિભક્તો આ વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી જ્યાં જ્યાં આપણે લાઈટનો વપરાશ જોઈતો હતો એ દરેકનો સર્વે કરી તે તે જગ્યાએ ડી.પી. બેસે તો લાઈટ પૂરો થાય. આજે ઈલેક્ટ્રિકના સાધનોમાં લાઈટ બહુ જ જોઈએ એટલે આપણા જેટલા વિભાગો હતા એ દરેકને અલગ અલગ ડી.પી. જોઈએ પાછા ઉનાળાના દિવસો કાળઝાળ ગરમી, કેટલાક વિભાગો એ.સી. વાળા હતા. તો એ પ્રમાણે આ લાઈટ સમિતિએ ૨૫ ડી.પી. બેસાડી અને ૨૬ મોટા જનરેટરોની પણ વ્યવસ્થા રાખેલ હતી. આ ઉત્સવમાં ક્યાંય પણ લાઈટનો કાપ ન આવે એ માટે **PGUCL**ના અધિકારીઓ સાથે મળી વ્યવસ્થા ગોઠવી અને આ વિભાગ દ્વારા આપણને ખૂબ જ સારો સહયોગ મળ્યો અને આ વ્યવસ્થામાં સ્વામી જગજીવનદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી વગેરે સમિતિના સંતો અને રમેશભાઈ વરસાણી તથા રમેશભાઈ ગાજપરીયા સમિતિના હરિભક્તો ખૂબ જ સાવચેતીપૂર્વક વ્યવસ્થા સંભાળી હતી.









### સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક

# મેગા મેડીકલ કેમ્પ

**શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્વે શ્રી સ્વામિનારાયણ (ભુજ) મંદિર દ્વારા કચ્છ પ્રદેશમાં જુદા જુદા સ્થળે સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ કેમ્પના આયોજન થયા. મેડીકલ કેમ્પમાં આવનાર દર્દીનું કેવળ નિદાન કરી તેમને મોકલી નહોતા દેવાતા પણ, પ્રત્યેક દર્દીનું નિષ્ણાત ડોક્ટર દ્વારા શારીરિક સમસ્યાનું નિદાન થતું, નિષ્ણાત તબીબ દ્વારા થયેલા નિદાનને અનુરૂપ ઉપચાર થતો અને સારવાર (સેવા-સુશ્રૂષા) પણ થતી.**

- દ્વિશતાબ્દી મહોત્સવના પ્રારંભ પૂર્વે પ્રારંભ થયેલા વિવિધલક્ષી સેવાયજ્ઞોએ અનેક મનુષ્યોના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. કારણ કે, કેટલાય મનુષ્યો એવા હતા કે, બિમારીના ખર્ચનો બોજ તેઓ ઉઠાવી શકતા નહોતા તેથી, તેઓ લાંબા સમયથી પીડાતા હતા.
- કચ્છ પ્રદેશના કુલ ૧૯,૫૦૦ મનુષ્યોએ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પનો લાભ લીધો છે.
- રૂ. ૬,૫૦,૦૦,૦૦૦ (છ કરોડ પચાસ લાખ)નો ખર્ચ કરીને મેગા મેડીકલ કેમ્પનું આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા સંપન્ન કરવામાં આવ્યું.
- ૭ દિવસ સુધી આયુર્વેદિક કેમ્પનું આયોજન હતું. જેમાં, નિષ્ણાત અનુભવી વૈદ્યરાજ દ્વારા વિવિધ હઠિલા રોગની સારવાર થતી.
- ભુજ મંદિર દ્વારા આ પ્રકારના કુલ ૫ મેગા મેડીકલ કેમ્પ કચ્છ પ્રદેશમાં જુદા જુદા સ્થળે યોજાયા. જેમાં, રવાપર, માંડવી, અંજાર, રાપર અને ભુજ સ્થળોએ કોઈપણ જાતના ભેદભાવ વિના સેવાનો લાભ આપવામાં આવ્યો. વળી, ઉત્સવ દરમિયાન ભુજમાં કુલ ૯ દિવસ સુધી સતત મેડીકલ કેમ્પનું આયોજન થયું.
- જે સ્થળે મેગા મેડીકલ કેમ્પ યોજાવાનો હોય તેની આગતોરી માહિતી સાર્વજનિક કરવામાં આવતી હતી જેથી, કોઈને પણ ચૂક થાય નહીં. કેમ્પમાં શરીરની કોઈપણ બિમારીનું નિદાન, ઉપચાર

## સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ











અને સારવાર કરવામાં આવતું જેથી, સૌ માટે ખૂબ આવકારદાયક રહ્યું.

- એમ.આર.આઈ., સી.ટી. સ્કેન, એક્સ-રે, પ્રત્યેક પ્રકારના બ્લડટેસ્ટ, યુરીન ટેસ્ટ વગેરે પ્રત્યેક પ્રકારના ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં હતી. જેથી સચોટ નિદાન થઈ ઉપચાર થઈ શકે.
- ઓર્થોપેડીક, હૃદય, મગજ, દાંત, ચામડી, નાક, કાન, ગળુ, આંખો, કીડની, ઘુંટણ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, વિવિધ બાળરોગ, સ્ત્રીરોગ, આંતરડા, મૂત્રાશય, લોહીની નસો, અંતસ્રાવ વગેરે પ્રત્યેક રોગની સારવાર નિષ્ણાત ડોક્ટરો દ્વારા થતી હતી.
- જે દર્દી મેગા મેડીકલ કેમ્પ સુધી પહોંચી શકે તેમ નહોય તેઓ માટે વિવિધ ઉપકરણથી સજ્જ એમ્બ્યુલન્સ પણ ઉપલબ્ધ હતી.
- અહીં, ભુજ મંદિર દ્વારા એક અસરકારક પ્રક્રિયા અપનાવવા આવી હતી. જે દર્દીને ઓપરેશન કરાવવાની આવશ્યકતા હોય તે દરદીને ભુજની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા. ભુજ મંદિર દ્વારા જુદી જુદી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ સાથે અગાઉથી જ સંકલન કરવામાં આવ્યું હતું. જેથી, દરદીનું ઓપરેશન કરી તેમને આવશ્યક દવાઓ અને સારવાર કરીને જ ઘરે જવાની રજા આપવામાં આવતી હતી. જે અન્વયે દર્દીને કોઈપણ ખર્ચનો બોજો આપવામાં આવતો નહોતો. દર્દીએ તો ફક્ત ભુજ મંદિર દ્વારા આયોજીત મેગા મેડીકલમાં આવવાનું જ રહેતું હતું.
- આ સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિદાન મેગા મેડીકલ કેમ્પ મહોત્સવ પૂર્વે યોજવામાં આવ્યો હતો. તેથી, દ્વિશતાબ્દી મહોત્સવમાં જ્યારે આ કેમ્પમાં સારવાર લીધેલા સ્વસ્થ મનુષ્યો સંતોને ખાસ મળતા અને ખૂબ જ અહોભાવ વ્યક્ત કરતા હતા. આ પ્રમાણે, નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ દ્વારા અનેક મનુષ્યોના સ્વાસ્થ્યનું રક્ષણ પ્રાપ્ત થયું.
- પાંચ મેગામેડિકલ કેમ્પ દરમ્યાન વ્યસન મુક્તિનું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આવનાર વ્યસની માણસોની સંતો જાતે મુલાકાત લઈ તેમને સમજાવી ગુટકા, તમાકુ, દારૂ, બીડી તથા છીંકણી વિગેરે વ્યસનોના ગેરફાયદાઓ સમજાવી વ્યસન મુક્ત કરવા પ્રેર્યા હતા. આ કાર્યમાં વ્યસન મુકનાર ભાઈ કે બાઈ એમનો સંપર્ક લઈ પાછળથી એમને સંભાળ લેવામાં આવતી. જેનાથી સેંકડોની સંખ્યામાં લોકો વ્યસન મુક્ત થયા હતા. આ અભિયાનમાં સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી સાથે સુખપરના યુવાનો-યુવતીઓ રહ્યા હતા.
- આ કાર્યમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી દેવચરણદાસજી સાથે ડૉ. હરીશભાઈ વરસાણી, ડૉ. સુરેશભાઈ હિરાણી, ડૉ. જગદીશ હાલાઈ આદિ સમિતિના સંતો તથા હરિભક્તો યુવાનો સહયોગી રહ્યા હતા.

## સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ













## સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ



























મુરજીભાઈ શિયાણી



માન. શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા



હરિભાઈ ભગત



## સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ




















## સર્વગ્રાહી, સર્વલક્ષી અને સર્વરોગ નિવારણ નિઃશુલ્ક મેગા મેડીકલ કેમ્પ







### શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજિત
### શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રી નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ-૨૦૨૩

| કેમ્પ સ્થળ | રવાપર | માંડવી | અંજાર | રાપર | ભુજ | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ દર્દી | ૨૧૦૭ | ૧૧૩૦ | ૨૬૧૨ | ૨૦૨૫ | ૫૨૮૬ | ૧૩૧૬૦ |
| હૃદય | ૭ | ૨૯ | ૩ | ૩૪ | ૩૭૨ | ૪૪૫ |
| કાન-નાક-ગળુ | ૧૧ | ૪૩ | ૪૨ | ૪૭ | ૯૯ | ૨૪૨ |
| આંખ | ૭૦ | ૬૬ | ૯૧ | ૮૫ | ૨૧૪ | ૫૨૬ |
| પેટ-આંતરડા | ૭ | ૧૧ | ૭ | ૧૩ | ૨૨ | ૬૦ |
| જનરલ | ૨૦ | ૨૦ | ૨૪ | ૩૨ | ૯૨ | ૧૧૮ |
| આંતરશ્રાવ નશો | - | ૨ | ૭ | ૧ | ૧૧ | ૨૧ |
| સ્ત્રી રોગ | ૫ | ૧૨ | ૧૨ | ૧૦ | ૯૫ | ૧૩૪ |
| મગજ | ૧૨ | ૧૨ | ૧૩ | ૧ | ૧૯ | ૫૭ |
| હાડકા | ૧૦ | ૨૯ | ૧૦૩ | ૪૦ | ૧૭૩ | ૩૫૫ |
| ચામડી | ૧૦ | ૧૪ | ૩૧ | ૨૧ | ૪૯ | ૧૨૫ |
| મૂત્રરોગ | ૧ | ૧૫ | ૧૯ | ૪૩ | ૩૧ | ૧૦૯ |
| મણકા | ૩ | ૧ | ૫ | ૨ | ૪ | ૧૫ |
| દાંત | ૩૩૦ | ૧૬૭ | ૩૭૨ | ૫૬૮ | ૯૧૩ | ૨૩૫૦ |
| કુલ ઓપરેશન | ૪૮૬ | ૪૨૧ | ૭૨૯ | ૮૯૭ | ૨૦૯૪ | ૪૬૨૭ |
| ફિઝીયોથેરાપી | ૧૯૭ | ૧૮૩ | ૨૫૪ | ૨૪૪ | ૧૮૦ | ૧૦૫૮ |
| લેબોરેટરી | ૩૧૨ | ૨૬૪ | ૨૮૭ | ૨૭૩ | ૧૩૨૬ | ૨૪૬૨ |
| રેડીયોલોજી | ૨૪૭ | ૧૯૭ | ૩૪૪ | ૧૭૫ | ૧૨૩૪ | ૨૧૯૭ |
| ઓપરેટીવ દર્દી | ૧૨૪૨ | ૧૦૬૫ | ૧૬૧૪ | ૧૫૮૯ | ૪૮૩૪ | ૧૦૩૪૪ |



## ભગવાન અખંડ નિવાસ કરે છે, તેવી પ્રતિતી જ્યાં સૌને થઈ તેવું અદ્‌ભુત પ્રદર્શન-દર્શન

# ભવ્ય બદ્રિવન પ્રદર્શન

**'બદ્રિવન' કેવળ પ્રદર્શન નહોતું પણ મનને નિર્વાસનિક કરતું અધ્યાત્મનું નિર્મળ દર્શન હતું. બદ્રિવનના પ્રાકૃતિક વાતાવરણમાં દૈનિક લાખ્ખો હરિભક્તોને આ નિર્મળ પ્રતિતી થઈ. દ્વિશતાબ્દી મહોત્સવના બદ્રિકાશ્રમ સ્થળે અનેક પ્રકલ્પો પૈકી 'બદ્રિવન' સૌમાં અવિસ્મરણીય સ્વીકૃતિ પામ્યું.**

૨૨૨ એકરના વિશાળ બદ્રિકાશ્રમ સ્થળે ૬ એકરની ભૂમિ બદ્રિવન માટે ફાળવવામાં આવી હતી. સંતો તેમજ અનેક સ્વયંસેવકોના શ્રમદાનથી ૬ એકરની ભૂમિ ઉપર આ અદ્‌ભુત સ્થળનું નિર્માણ થઈ શક્યું. દેશ-વિદેશથી પધારેલા અગણિત હરિભક્તોને સાત્ત્વિક અનુભૂતિ કરાવતું બદ્રિવન સૌના હૃદયમાં અચળ સ્થાન પામી ગયું. બદ્રિવનમાં ભવ્ય અને કલામંડીત શ્રીજીદ્વાર પ્રત્યેક હરિભક્તોને ઉમળકાભેર આવકારનો અનુભવ કરાવતું હતું. ૧૨૦ ફૂટ પહોળા અને ૪૫ ફૂટ ઊંચા આ ભવ્ય શ્રીજી સ્વાગત દ્વારમાંથી પ્રવેશ લઈને હરિભક્તો એક અલગ જ વિશ્વમાં પહોંચી જતા હતા. જ્યાં, તેઓ ક્યારેક કુદરતી વનરાજીમાંથી પસાર થતાં તો ક્યારેક બ્રહ્માંડના દર્શન કરતા. વળી, તેઓ અક્ષરધામના દર્શન કરતા અને ક્યારેક તેઓ અદ્યતન ટેકનોલોજીથી નિર્માણ પામેલા ૭-ડી ટેકનોલોજી દ્વારા સંચાલિત ચારધામની યાત્રાનો લાભ લેતા હતા. બદ્રિવનની આ પ્રત્યેક ક્ષણો તેમના માટે રોમાંચથી ભરપૂર રહેતી હતી.

બદ્રિવન ૧૦,૦૦૦થી વધુ ફૂલછોડથી આચ્છાદિત હતું. લીલાછમ્મ છોડ અને રંગબેરંગી પુષ્પોના કારણે બદ્રિવનમાં કુદરત જાણે સોળે કળાએ ખીલી ઊઠી હોય તેવું નૈસર્ગિક વાતાવરણ નિર્માણ થયું હતું.

અહીં જુદા જુદા અનેક ઐતિહાસિક, પૌરાણિક, નૈસર્ગિક અને શ્રીહરિની જીવનલીલાના પ્રસંગોનું ભવ્ય નમૂનેદાર નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમ કે -



(૧) **સમુદ્રમંથનનું દર્શન :** શ્રીમદ્ ભાગવત્ પુરાણમાં ઉલ્લેખ છે તે પ્રમાણે જ્યારે દેવો અને દાનવો વાસુકી નાગનું દોરડું બનાવી મંદરાચલ પર્વતને રવૈયો બનાવી અમૃત પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન કરી રહ્યા હતા તે સમયનું આબેહૂબ મોડેલ તૈયાર કરાયું હતું.

(૨) **ભુજ મેં આયે ભયહારી :** શ્રીજી મહારાજના કચ્છ પ્રદેશની લીલા દર્શન અને વિશેષરૂપે શ્રીહરિ જ્યારે ભુજમાં પધાર્યા ત્યારે જે લીલા કરી તેનું વિગતે દર્શન નિર્માણ હતું. શ્રીજીમહારાજે જે જે સ્થળે લીલા કરી હતી તે સ્થાનનું મોડેલ આબેહૂબ મોડેલ બનાવ્યું હતું. અહીં મુખ્યત્વે, રામજીનો ચોરો, રણછોડભાઈ સુથારનું ઘર, જીવરામનું ઘર, હિરજીભાઈ વગેરે સમર્પિત હરિભક્તોના ઘરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના મોડેલ દ્વારા તે સમયના વાતાવરણનું નિર્માણ કરવા પ્રયત્ન કર્યો હતો જેથી, પ્રત્યેક દર્શનાર્થી શ્રીજીમહારાજની એ લીલાનું સુખ લઈ રહ્યો છે તેવી અનુભૂતિ થતી હતી.

(૩) **શ્રી રામ દરબાર અને હિંદુ વીરાંગનાઓના દર્શન :** એક વિશાળ ડોમમાં ભગવાન શ્રીરામની જીવનલીલા દર્શનનું આબેહૂબ મોડેલ હતું. જેમાં, શ્રીરામની







બાળલીલા, રાજા દશરથનો વિયોગ, શ્રીરામનું વનવિચરણ, શબરીના બોરનું આચમન, શ્રીહનુમાનજી સાથે શ્રીરામનું મિલન વગેરે દશ્યોના દર્શન કરીને સૌ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. સાથે સાથે, સ્ત્રીઓનું મહત્ત્વ અને સમાજમાં સ્ત્રીઓનું યોગદાન શું રહ્યું છે તે દર્શાવવામાં આવ્યું હતું. અહીં, માતા અનસૂયા, માતા શબરી, મીરાબાઈ, માતા સીતા વગેરેનું દર્શન નિર્માણ હતું. જેના દર્શન કરીને યુવા પેઢી ખૂબ જ પ્રેરિત થઈ.


(૪) **મહાન બાળભક્તો :** બાળપણ સહેજ પણ અવગણવા યોગ્ય નથી તે બાબત અહીં સૌ ગૃહસ્થોને સમજાઈ જતી હતી. વેદ-ઉપનિષદ કાળના બાળભક્તોની શૌર્યગાથાઓ, તેમનું નિર્ભયપણું, તેમની ભગવાન પ્રત્યેની અતૂટ શ્રદ્ધા વગેરેનું ચિત્રણ કરવામાં આવ્યું હતું. અહીં, આરુણી, અર્જુન, શ્રવણ, એકલવ્ય, ઉપમન્યુ, નચિકેતા, ધ્રુવ, પ્રહલાદ તથા લવ-કુશની વાર્તાના ૩-ડી મોડલ રજૂ કરવામાં આવ્યા હતા. વળી, શ્રી ગણપતિ મહાભારત પુરાણના લહિયા બન્યા હતા, તે સમયનું દર્શન કરાવતું ૩-ડી મોડલ દિવાલ ઉપર રજૂ કરવામાં આવ્યું હતું. માતા-પિતા પોતાના બાળકોને આ વિભાગ ખૂબ રસપૂર્વક બતાવતા હતા અને બાળકો











પણ ખૂબ રુચિ દાખવી અહીં નિહાળતા હતા.

(૫) **૭-ડી માધ્યમ દ્વારા 'યાત્રા બદ્રિકાશ્રમ કી'** : અહીં દશ્ય-શ્રાવ્ય ટેકનોલોજીના માધ્યમથી સૌને ચારધામ યાત્રાએ લઈ જવામાં આવતા હતા. દર્શનાર્થીઓ જાણે સ્વયં ચારધામમાં ઘૂમી રહ્યા હોય તેવો તેમને અનુભવ થતો હતો.

(૬) **'બંધન'** : અહીં સૌ દર્શનાર્થીઓને સમજાઈ જતું હતું કે તેઓ કેટલી આંટીઘૂંટીવાળા બંધનોથી જકડાયેલું જીવન જીવી રહ્યા છે. જુદા જુદા વ્યસન, મોજશોખ, ચોરી, જુગાર, વેરઝેર, અદલો-બદલો વગેરે અનેક દુષ્પ્રવૃત્તિ દ્વારા મનુષ્ય ભૌતિક દોડમાં વ્યસનોમાં લપટાઈને મનનો ખાલીપો ભરવા પ્રયત્ન કરે છે પણ હકીકતમાં તે દુઃખના વમળમાં વધુને વધુ ફસાતો જાય છે તેની સચોટ સમજણ વૈજ્ઞાનિક ઢબે આપવામાં આવી. લાખ્ખો મુલાકાતીઓએ બંધના ડોક્યુમેન્ટરીથી પ્રેરીત થઈ પોતાના વ્યસનો તત્કાળ ત્યાગી દીધાં નિર્વ્યસની જીવન જીવવાનો સંકલ્પ લીધો હતો.

(૭) **ભુજ મંદિર દ્વારા સંચાલિત ગુરૂકુળ દર્શન** : સંસ્કાર સિંચન કરતા અનેક ગુરૂકુળનું સફળ સંચાલન ભુજ મંદિરના સંતો દ્વારા થઈ રહ્યું છે. અહીં, ઉત્તમ




સંસ્કાર, ચારિત્ર્ય ઘડતર, શિક્ષણનું મહત્ત્વ, પરિવારમાં વિનય અને વ્યસનમુક્ત જીવન જીવવાની શુભ વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહી છે, તેનું દર્શન કરી મુલાકાતીઓ અહોભાવમાં ગરકાવ થઈ જતા.

(૮) **શ્રીકૃષ્ણ લીલા દર્શન :** શ્રીકૃષ્ણ ભગવાનની બાળલીલા તેમજ જીવનકવનની મહત્ત્વની લીલાનું દર્શન અહીં થતું હતું. ત્રેતાયુગના અદ્‌ભુત દર્શન કરીને સૌની પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા વધુ દૃઢ થતી હતી.

(૯) **સહજાનંદ જ્યોતિ મંડપમ્ (શ્રીજીલીલા દર્શન) :** ભગવાન શ્રી સ્વામિનારાયણની જીવનલીલાની અનેક કથાઓ હરિભક્તોએ સાંભળી હતી પણ અહીં તે લીલાચરિત્રના દર્શન કરવાનો અવસર સાંપડ્યો ત્યારે સૌનો આનંદ બેવડાઈ ગયો હતો. પોતાના ઈષ્ટદેવની લીલાના સાક્ષાત્ દર્શન કરી રહ્યા હોય તેવો ભાવ સૌના મુખ ઉપર વર્તાતો હતો.

(૧૦) **વળાંક (ડોક્યુમેન્ટરી) :** આ ખંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવનલીલા દરમિયાન મનુષ્ય માત્રના કલ્યાણ અર્થે જે સૂક્ષ્માતિસૂક્ષ્મ દૃષ્ટિથી ઉપદેશ આપ્યો છે તે વિષય અહીં ઉજાગર કરવામાં આવ્યો છે. પારિવારીક શાંતિ માટેના અર્થપૂર્ણ સોનેરી સૂત્રો અહીં વિડીયો સંયોજનથી દર્શાવવામાં આવ્યા હતા.

(૧૧) **લોગો ગાર્ડન :** દ્વિશતાબ્દી મહોત્સવનો લોગો (પ્રતિક) શંખ હતો. અહીં ૬૦ મીટરના ઘેરાવામાં વિશાળ શંખનું નિર્માણ કરવામાં આવ્યું હતું. શંખને અનુકૂળ કુદરતી વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અહીં ઘેઘૂર વનપ્રદેશ, સરોવર તેમજ પુષ્પોની મહેકથી કુદરતી વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સરોવરમાં આબેહૂબ દેખાય તેવા હિપોપોટેમસ પણ રાખવામાં આવ્યા હતા.

(૧૨) **અક્ષરધામ યાત્રા :** અહીં કેવળ અક્ષરધામ દર્શન નહીં પણ સાથે સાથે અક્ષરધામની યાત્રાનો દિવ્ય અનુભવ સૌ મુલાકાતીઓને થયો. અહીં, મુલાકાતીઓને હિમાલય, ગોલોક, સનકાદિક આદિ કુલ ૧૪ લોકની યાત્રા કરાવવામાં આવી હતી. મુલાકાતીઓને અક્ષરધામ યાત્રા કરાવવા માટે એક યાન બનાવવામાં આવ્યું હતું. જેમાં, એક પ્રોજેક્ટર લગાવ્યું હતું જેથી, યાનમાં બેસનાર મનુષ્યને યાત્રાનો પવિત્ર અને રોમાંચ ઉપજાવનારો અદ્‌ભુત અનુભવ થતો હતો.

(૧૩) **સત્ત્વ :** મનુષ્યને માંસાહાર પ્રત્યે સાવધાન કર્યો અને શાકાહાર પ્રત્યે વધુ સજાગ અને જાગ્રત કર્યો હતો. વળી, મૂંગા પશુઓ પ્રત્યે સદ્‌ભાવ રાખવાની શીખ આપવામાં આવી હતી. પશુઓના માંસમાંથી કેટલા હાનિકારક તત્ત્વો માંસાહારીઓ પોતાના પેટમાં નાંખે છે તેની સચોટ જાણકારી આપવામાં આવી હતી.






(૧૪) સેવ સોઈલ (જમીનની જાળવણી) : રાસાયણીક ખાતરથી થતાં નુકસાનની માહિતી પ્રદર્શન-નિદર્શન દ્વારા સમજાવવામાં આવી. જો જમીનનું સ્વાસ્થ્ય બગડશે તો એ જ જમીનમાંથી પાકતા અનાજ દ્વારા આપણું સ્વાસ્થ્ય પણ ઉત્તમ રહી નહીં શકે. જો જમીનમાં ઝેરી તત્ત્વો ઉમેરાશે તો શરીરમાં આપોઆપ ઝેરી તત્ત્વો ઉમેરાવાના જ છે તે બાબતની સમજ આપવામાં આવી. વળી, ઓર્ગેનિક ખેતીનું મહત્ત્વ વિશેષપણે સૌને સમજાવવામાં આવ્યું હતું.


(૧૫) **પ્રકૃતિ સાથે સુમેળ :** અહીં, પોપટની ૧,૦૦૦થી વધુ જાતિ-પ્રજાતિ લાવવામાં આવી હતી. દેશ-વિદેશથી આવેલા જીવંત પોપટનો વિશાળ સમૂહ જોઈને સૌ દંગ થઈ ગયા હતા. સાથેસાથે વિવિધ રંગોના ૧૦૦ પ્રકારના કબૂતર, કાચબા, સસલા વગેરેને સમાવતો એક વનપ્રદેશ બનાવી સૌને સંદેશ આપવામાં આવ્યો કે, જો વિવિધ જાતિ-પ્રજાતિના પશુ-પક્ષીઓ એક સાથે સંપને પ્રેમથી રહી શકે છે તો મનુષ્યોમાં પણ વૈમનસ્ય ઊભું ન થવું જોઈએ. સૌએ રાગદ્વેષ ત્યજીને, પ્રેમથી પ્રકૃતિ સાથે હળી-મળીને રહેવું જોઈએ.

(૧૬) **નીલકંઠ યાત્રા :** ભગવાન શ્રી સ્વામિનારાયણ કિશોર અવસ્થામાં ગૃહત્યાગ કરીને જીવમાત્રના કલ્યાણ અર્થે વર્ણી વેશે ભૂતલ યાત્રાનો આરંભ કર્યો હતો તેની ઝાંખી દર્શાવવામાં આવી હતી. અહીં, શ્રી નીલકંઠ વર્ણીની ૧૦ ફૂટ ઊંચી મૂર્તિની સાથે સાથે હિમાલયના દૃશ્યો હતા. ભારત દેશમાં શ્રી નીલકંઠવર્ણીએ જ્યાં જ્યાં લીલાચરિત્રો કર્યા હતા તેના દૃશ્યો પણ દર્શાવ્યા હતા.



















(૧૭) **અસાંજો કચ્છ :** કચ્છની ભાતીગળ સંસ્કૃતિ અને ગ્રામ્યજીવનને વર્ણવતું સુંદર મજાનું મોડેલ રજૂ કર્યુ હતું. અહીં કચ્છના કલાત્મક ભુંગા, વૈવિધ્યસભર દિવાલો, પશુપાલન, ખેતી, ભરતગુંથણ વગેરે દર્શાવવામાં આવ્યું હતું. આ સ્થળે પ્રત્યેક મુલાકાતીને એવો જ નિશ્ચય થતો કે તેઓ હાલ કચ્છના ગામડામાં જ ઊભા છે.

(૧૮) **ગજેન્દ્ર મોક્ષ તેમજ જ્યોતિ ઉદ્યાન :** શ્રીમદ્ ભાગવતમાં ગજેન્દ્ર મોક્ષની કથા છે. અહીં, એ કથાનું તાદૃશ્ય સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર પ્રાણીજગત બનાવવામાં આવ્યું હતું. અહીં, આફ્રિકાથી લાવેલા જુદા જુદા પ્રાણીઓના પૂર્ણકદના આબેહૂબ મોડેલ મૂકવામાં આવ્યા હતા. તેમજ જ્યોતિ ઉદ્યાનમાં રંગબેરંગી સૌમ્ય પ્રકાશથી આખો ય ઉદ્યાન અને અહીં મૂકેલા પ્રાણીઓના મોડેલ ખૂબ જ મનોરમ્ય લાગતા હતા.

(૧૯) **વોટર શો :** અદ્યતન ટેકનોલોજીના સુમેળથી તૈયાર થયેલો વોટર શો સૌને અનોખા રોમાંચનો અનુભવ કરાવતો હતો. રંગબેરંગી લાઈટ તેમજ મનને આનંદ પમાડે તેવા મ્યુઝીક સાથે જુદી જુદી ૧૨ પ્રકારની નોઝલમાંથી ફુવારા છૂટતા અને મ્યુઝીક અને પ્રકાશના સુમેળ સાથે તે ફુવારા ભાત ભાતના આકારમાં પરિવર્તીત થઈ જતા હતા.


(૨૦) **કચ્છમાં પ્રકૃતિનો સ્વાનુભાવ :** બદ્રિવનમાં બનાવવામાં આવેલો આ ધોધ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો હતો. અહીં, ૪૦ ફૂટ ઊંચેથી જળ ધોધ પડે જે ૮૦ના પટમાં પથરાયેલો હોય. આ વિશાળ જળધોધ પાણીના ધસમસાટના અવાજ સાથે બનાવેલા સરોવરમાં પડે અને એ સરોવરનું પાણી જ્યારે પ્રદર્શનના મુલાકાતીઓને ઉડતું ત્યારે સૌ આનંદથી ચીચીયારીઓ પાડી ઊઠતા હતા.

બદ્રિવન પ્રદર્શનમાં પધારનાર મુલાકાતીઓની સંખ્યા લખવી જ અશક્ય થઈ પડી છે એટલા મોટા વિશાળ સમુદાયમાં અહીં ભારતના જુદા જુદા રાજ્યો તેમજ પરદેશના જુદા જુદા સ્થળોએથી મુલાકાતીઓ પધાર્યા હતા. સાથે સાથે લગભગ ૧૫૦૦ જેટલા વિવિધ સંપ્રદાયના સંતો પણ ખાસ આ પ્રદર્શન જોવા પધાર્યા હતા. દ્વિશતાબ્દી મહોત્સવમાં વસુધૈવ કુટુંબકમ્નો સંદેશો વિશ્વમાં પ્રસર્યો અને અહીં મુસ્લીમ મુલાકાતીઓ પણ હોંશથી પધાર્યા. એક પ્રકારે અહીં સંપ-સુહૃદભાવ અને એકતાનું એક અલૌકીક વિશ્વ નિર્માણ પામ્યું હતું. અદ્‌ભુત આયોજનને કોઠારી પાર્ષદ ખીમજી ભગત કોઠારી પાર્ષદ દિનેશ ભગત આદિ સમિતિના સંતો તથા હરિભક્તોએ ઓપ આપ્યો હતો.




2023














































દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ભુજ મંદિર દ્વારા

# 'ગો-મહિમા દર્શન'

## માહિતીપ્રદ પ્રદર્શન અને ક્રિયાત્મક દર્શન

गावो विश्वस्य मातरः ।



**મનુષ્યના જીવનમાં ગાયની ઉપયોગીતા, પર્યાવરણીય મહત્તા, ખેતી આધારીત લાભ, છાણની વિવિધ કલાકૃતિ અને ઈંધણ ઉત્પાદનની ક્ષમતા, ગાયની જાળવણી દ્વારા આર્થિક લાભ વગેરે અનેક મુદ્દાઓની સમજણ તેમજ ક્રિયાત્મકતાનું જ્ઞાન આપતું અનોખું અને વિશિષ્ટ 'ગો-મહિમા દર્શન'**

લગભગ સવા બે એકરના વિસ્તારમાં ગો-મહિમા દર્શન યોજવામાં આવ્યું. અહીં સંશોધિત લખાણ, પ્રદર્શન અને ક્રિયાત્મક દર્શન (પ્રેક્ટીકલ) પણ હતું. સમાજમાં દેશી ગાયની જાળવણી થાય, દેશી ગાય સમાજમાં પુનઃ પ્રસ્થાપિત થાય, દેશી ગાય (કાંકરેજી ગાય અને ગીર ગાય)ના દૂધની સાથે સાથે ગો-મૂત્ર અને છાણ પણ આર્થિક ઉન્નતિનું મહત્ત્વ પરિબળ છે તેની સમજણ સ્પષ્ટ થાય, ગાય આધારીત ખેતી પ્રચલિત બને વગેરે વ્યાપક અને પવિત્ર ઉદ્દેશ્ય સાથે ગો-મહિમા દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૬ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, સાંજે ૫.૦૦ કલાકે પૂજ્ય મહંત સ્વામીના વરદ્ હસ્તે ગો-મહિમા દર્શનનું ઉદ્‌ઘાટન થયું. ઉદ્‌ઘાટનના દિવસથી જ જનસમુદાયનો ખૂબ જ બહોળો પ્રતિસાદ રહ્યો. મહોત્સવના અંતિમ દિવસે અનેક લોકોએ સ્વામી દેવચરણદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી અને સ્વામી શ્યામચરણદાસજીને ગો-મહિમા દર્શન થોડા દિવસ વધુ લંબાવવા વિનંતી કરી. સૌની વિનંતી સ્વીકારીને સંતોએ ગો-મહિમા દર્શનનું સત્ર વધુ સાત દિવસ સુધી લંબાવ્યું.

- લગભગ ૧ લાખ ચોરસ ફુટ કંતાનનો વપરાશ, સાંખ્યયોગી બાઈઓ અને કર્મયોગી યુવક-યુવતીઓએ અથક પુરુષાર્થ કરી











# 'ગો-મહિમા દર્શન'



## વિશેષતા

૧૧,૦૦૦ કિલો દેશી ગાયના ગોબરથી પ્રદર્શન સ્થળની દિવાલો લીંપી, ગોબરના ૨,૭૦૦ પ્રકારના વિવિધ કલાત્મક તોરણથી સજાવટ, અત્યંત પવિત્ર, નિર્મળ અને ગરમીમાં પણ ભરપૂર ઠંડકની અનુભૂતિ કરાવતું ગો-મહિમા દર્શનનું સ્થળ હતું. સમગ્ર પ્રદર્શન સ્થળ સંપૂર્ણ રીતે પ્લાસ્ટીક મુક્ત અને કેમિકલ મુક્ત હતું.

- ગો-મહિમા દર્શનના વિશાળ અને કલાત્મક દ્વારમાં પ્રવેશ કરતાં જ સ્વસ્થ અને હૃષ્ટપુષ્ટ કચ્છની કાંકરેજી ગાયોના સૌ દર્શન કરતા. દેશી ગાયના દર્શન કર્યા બાદ પ્રત્યેક મુલાકાતીનું રજીસ્ટ્રેશન થતું.
- દર્શનાર્થીઓ સ્હેજ આગળ વધે એટલે સંપૂર્ણ સવા બે એકરના વિશાળ પ્રદર્શન સ્થળમાં ગો-મહિમા આધારીત સૂત્રો વાંચવા મળતા. આ સૂત્રો ભારતની પ્રત્યેક ભાષામાં લખાયેલા હતા.
- એક સાથે ૨૫૦ દર્શનાર્થીઓ બેસી શકે તેવા બે ખંડ બનાવવામાં આવ્યા હતા. જ્યાં દેશી ગાયનો અને ગોબરનો મહિમા વૈજ્ઞાનિક અભિગમથી સમજાવવામાં આવતો.
- મુલાકાતીઓ આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે તેમને પ્રેક્ટિકલ કરી સમજાવવામાં આવ્યું કે ગોબરથી મોબાઈલના રેડીએશન પણ નોંધપાત્ર રીતે રોકી તેની આડઅસરથી બચી શકાય છે.
- બીજા પ્રદર્શન ખંડમાં ભારતનો એક વિશાળ નકશો બનાવવામાં આવ્યો હતો જેમાં, દેશના પ્રત્યેક રાજ્યોમાં દેશી ગાયની જે જાત ઉપલબ્ધ છે તેની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી. જેનાથી દર્શનાર્થીઓને સમગ્ર ભારતના ગો-વંશની માહિતી પ્રાપ્ત થતી હતી.
- ગૌશાળાની આબેહૂબ પ્રતિકૃતિ રજૂ કરાઈ હતી. જેમાં, દેશી ગાયો, જાતવાન નંદી અને ચાર વાછરડા હતા. ગૌશાળાના નિદર્શનમાં સૌને સમજાવવામાં આવતું કે, ગૌશાળા કેવી હોવી જોઈએ,

ગૌશાળામાં શેની ચોકસાઈ રાખવી જોઈએ, ગૌ-શાળામાં પાણી, ચારો અને સ્વચ્છતાના માપદંડ વિશે પણ ઝીણવટપૂર્વકની માહિતી આપવામાં આવતી હતી.


- ભુજ મંદિરના ત્રીજા મહંત સ્વામી પૂજ્ય અક્ષરજીવનદાસજી સાથે એક નંદીને ખૂબ જ હેત હતું. એ નંદીનું પાલનપોષણ તેઓશ્રીએ ખૂબ જ પુરુષાર્થથી કર્યું હતું. અહીં એ યાદોનું સ્મરણ કરી, તેના સ્મૃતિ પ્રસંગોનું આલેખન પણ રજૂ કરવામાં આવ્યું હતું.
- ૫૫૦ દર્શનાર્થીઓ બેસી શકે તેવું એક થિયેટર બનાવવામાં આવ્યું હતું જ્યાં, દેશીગાય અને જરસી ગાય(ગાયની સંકરણ જાતિ) વચ્ચેનો સંવાદ દર્શાવવામાં આવતો. જરસી ગાય અને દેશીગાય વચ્ચેનો બહોળો ભેદબોધ સમજાવવામાં આવતો જેથી, સૌમાં દેશીગાયના પાલન-પોષણનો મહિમા વધુ દૃઢ થતો હતો.
- 'કેન્સર ઉત્પાદન કેન્દ્ર' પ્રદર્શનનો આ વિભાગ સૌમાં કુતૂહલ ઉપજાવતો હતો પણ આ ખંડમાં પ્રવેશ્યા પછી સૌના મનમાં ખૂબ સ્પષ્ટતા થતી હતી કે, રાસાયણીક ખેતીથી આરોગ્યને નુકશાન છે, જમીનને નુકશાન છે અને પર્યાવરણને પણ મોટું નુકશાન છે.
- 'ગાય આધારીત ખેતી' આ ખંડમાં પ્રાચીન કુદરતી ખેતીની માહિતી, ડ્રિપ ઈરીગેશનની પ્રેક્ટીકલ માહિતી, ગોબર ગેસનું ઉત્પાદન અને તેમાંથી જ બનતી રસોઈનું લાઈવ નિદર્શન પણ હતું. ફક્ત એક જ ગાય દ્વારા એક પરિવારનો સંપૂર્ણ નિભાવ થઈ શકે છે તે બાબત અહીં પુરવાર થતી હતી.
- ૩૨ X ૩૨ ફૂટના એક પ્લોટમાં લાઈવ નિદર્શન દ્વારા સમજાવવામાં આવતું કે એક પરિવારને અઠવાડિયાના સાતે ય દિવસ ગાય આધારીત ખેતીથી આરોગ્યપ્રદ શાકભાજી મળી શકે છે.
- ખેડૂતોની આવક કેવી રીતે વધી શકે, કંપોઝ ખાતર કેવી રીતે બને અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સંપૂર્ણ માહિતીનું દર્શન હતું.
- 'પંચગવ્ય ચિકિત્સા કેન્દ્ર' અહીં, પાંચ વિદ્વાન વૈદ્યરાજ દ્વારા મુલાકાતીઓની ચિકિત્સા પણ થતી અને હજારો મુલાકાતીઓએ અહીં ચિકિત્સા પદ્ધતિનો લાભ લીધો.




- 'આર્ટ એન્ડ ક્રાફ્ટ' આ વિભાગમાં ગોબરમાંથી ૧૫૦ જેટલી વિવિધ કલાત્મક સજાવટની ચીજવસ્તુ બની શકે છે તેનું નિદર્શન અને વેચાણ કેન્દ્ર હતું.
- માટીની કુલડીમાં દેશી ગાયના દહી અને માખણથી બનેલી લસ્સીનું વિતરણ કરવામાં આવતું જેમાં, ગુલાબ લસ્સી, ખારી લસ્સી અને ઈલાયચી લસ્સીનો સ્વાદ માણીને સૌ દર્શનાર્થીઓ આનંદવિભોર થઈ જતા.
- ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી પણ ગો-મહિમા બોલી ઊઠ્યા કે, અનેક સ્થાન ઉપર ગો-મહિમાના પ્રદર્શન જોયા છે પણ આવું વિશિષ્ટ પ્રદર્શન અહીં પ્રથમ વખત નિહાળી રહ્યા છીએ.
- ૭ લાખથી વધુ મુલાકાતીઓએ ગો-મહિમા દર્શનનો લાભ લીધો. પ્રત્યેક મુલાકાતીઓએ દેશી ગાયની જાળવણીનો સંકલ્પ લીધો. તેમાં ય, ૪૫૦ પરિવારોએ પોતાના ઘર આંગણે દેશી ગાય લાવી તેનું જતન કરવાનો પણ સંકલ્પ કર્યો. પૂજ્ય મહંત સ્વામીએ આ દરેક ઉપર આશીર્વાદ પાઠવી રાજીપો વ્યક્ત કર્યો છે.







ગો મહિમા દર્શન વિભાગમાં  પધારેલા મહંતસ્વામી સાથે માનનીય શ્રી વલ્લભભાઈ કથીરીયા







ગો મહિમા દર્શન વિભાગમાં પધારેલા માનનીય શ્રી દેવવ્રતજી, આર.એસ.એસ. વડા શ્રી મોહનભાગવત, કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા, માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ











## ‘ગો-મહિમા દર્શન’ વિશેષતા

















### કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતિ મંડળ 'સફળતા પ્રદર્શન'

# ૨૦ અબજ મંત્રદર્શન, યુવા પુરુષાર્થ અને સમસ્યાના સમાધાનથી સૌના જીવનમાં પ્રસન્નતાનું આગમન

**ઈકોફ્રેન્ડલી વાતાવરણ વચ્ચે અગણિત દર્શનાર્થીઓ અહીં લાભાન્વિત થયા. અધ્યાત્મના દિવ્યબળથી સૌને સર્વદોષથી મુક્ત નિરામય જીવનનો માર્ગ પ્રાપ્ત થયો અને સૌના જીવનમાં પ્રસન્નતાનું આગમન થયું**

શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા ઉજવાયેલા ભવ્યાતિભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવમાં પ્રત્યેક પ્રકલ્પનો મૂળ હેતુ મનુષ્યનું જીવન વધુ સુખમય બને અને જીવમાત્રનું કલ્યાણ થાય તે જ રહ્યો હતો. મહોત્સવના આ પ્રકલ્પની વિશેષતા સૌના હૃદયમાં અંકિત થઈ ગઈ કારણ કે, સંતોના માર્ગદર્શન હેઠળ સમર્પિત યુવક-યુવતીઓએ સમગ્ર સંચાલન સફળતાપૂર્વક કર્યું.

**૨૦ અબજ મંત્રદર્શન :**

તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ કલાકે મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસ સ્વામીએ આ પ્રકલ્પનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રદર્શન ખંડ ત્રણ તબક્કામાં વિભાજીત કરવામાં આવ્યો હતો. જેમાં, પ્રથમ વિભાગ મંત્રદર્શનનો હતો. મંત્રદર્શન માટે દેશ-વિદેશના હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું લેખન કાર્ય ઘણાં મહિનાઓ પૂર્વે શરૂ કરી દીધું હતું. દેશ-વિદેશના હરિભક્તોએ એક ખાસ નોટબુકમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું લેખન કરતી વખતે સૌએ એક જ સંકલ્પ કર્યો હતો કે, સૌના જીવનમાં ભક્તિનું બળ રહે, સૌના દેશકાળ ઉત્તમ રહે, વિશ્વમાં શાંતિ અને સુહૃદભાવ વધે આ સંકલ્પને હૃદયમાં ધારણ કરીને કરવામાં આવેલું મંત્રલેખન સાચે જ દિવ્યબળથી પ્રકાશિત થતું હતું. સૌએ નિર્ધારીત સમયમાં મંત્રલેખન સંપૂર્ણ કર્યું અને તમામ મંત્રપોથી ભુજ મંદિરે પહોંચી જેને, દ્વિશતાબ્દી મહોત્સવના આ વિભાગમાં મંત્રદર્શન માટે પધરાવવામાં આવી.

૨૦ અબજ જેટલી વિશાળ સંખ્યામાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રનું લેખન થયું. આ મંત્રની દિવ્યશક્તિ કેટલી મહાન હોય તે સ્હેજે જ કલ્પી શકાય છે. દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલ સૌ હરિભક્તો મંત્રદર્શન કરીને કૃતાર્થ થયાની લાગણી અનુભવી રહ્યા હતા.

## યુવક-યુવતી પ્રવૃત્તિની ડોક્યુમેન્ટરી

અહીં, બીજો વિભાગ હતો યુવક-યુવતી ડોક્યુમેન્ટરીનો, આ વિભાગમાં એક મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના સમર્પિત વિશ્વવ્યાપી યુવક-યુવતીનું એક જબરજસ્ત મંડળ છેલ્લા ૨૦ વર્ષથી સમાજઉત્કર્ષના કાર્યમાં સેવારત રહ્યું છે. હૃદયમાં સત્સંગ દૃઢ કરીને સેવારત યુવક-યુવતીઓએ સેવા કરતાં કરતાં પોતાના વ્યક્તિજીવનમાં પણ ઘણું મોટું સકારાત્મક પરિવર્તન અનુભવ્યું. યુવક-યુવતીઓના આ સ્વાનુભવને તેમના જ શબ્દોમાં રજૂ કરતી આ ડોકયુમેન્ટરી હતી. યુવક-યુવતીઓએ અનેકને વ્યસનમુક્ત કરાવ્યા, અનેકને ગુનારહિત જીવન જીવવા પ્રેરિત કર્યા, શિક્ષણ માટે જાગૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો. આ બધી જ સેવાપ્રવૃત્તિનું શ્રીહરિએ તેમને ખૂબ જ સકારાત્મક ફળ આપ્યું જેનો વૃત્તાંત અહીં રજૂ કરવામાં આવ્યો. જેથી, અનેક યુવા-યુવતીઓ પોતાના વ્યક્તિગત જીવનમાં સકારાત્મક સુધારો કરવાનો સંકલ્પ લઈને ઘરે ગયા. આ સૌથી મોટી ફળશ્રુતિ કહી શકાય તેમ છે.

## સમસ્યાનું સમાધાન અને આદર્શ ગૃહસ્થ જીવન

અહીં, કેવળ જ્ઞાનબોધ નહીં પણ મનુષ્યને મુંઝવતી સમસ્યાઓનું સમાધાન પણ આપવામાં આવતું હતું. કારણ કે, પ્રત્યેક મનુષ્યની જીવનશૈલી અલગ હોય છે, તેનો ઉછેર જુદો હોય છે, તેનું કામકાજ કરવાનું વાતાવરણ જુદુ હોય છે જેથી, મનુષ્યની સમસ્યાઓ અને તેનું સમાધાન પણ અલગ-અલગ હોય છે. અહીં પ્રત્યેક વ્યક્તિ-પરિવાર માટે અલાયદી બેઠક વ્યવસ્થા હતી. સમસ્યાના સમાધાન માટે ખાસ પસંદગી પામેલા તાલીમબદ્ધ યુવક-યુવતીઓ અહીં ઉપસ્થિત રહેતા. સમસ્યા સાથે પધારનાર પરિવારને સમસ્યા સાંભળી તેમને સંતોષકારક અને સચોટ ઉકેલ આપવામાં આવતો. સાથે સાથે, ભુજ મંદિર દ્વારા સમાજમાં સંશોધન કરીને 'આદર્શ ગૃહસ્થજીવન' પુસ્તક પ્રકાશિત કર્યું. આ પુસ્તક પ્રત્યેક પરિવાર ખૂબ હોંશે હોંશે વધાવી લીધું. સ્વામી પરમહંસદાસજી, સ્વામી ગોલોકવિહારી દાસજી તથા સમિતિના સંતો તથા ભક્તો સાથે મળી આ કાર્ય સંભાળ્યું હતું.































































## મહોત્સવ સ્થળે સભામંડપ ભૂમિ પૂજન









## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની

# પોથીયાત્રા

## ભવ્ય પોથીયાત્રાના દર્શનથી સૌ કૃતાર્થ થયા

સંવત્ ૨૦૭૯ ચૈત્ર વદ બારસ તા. ૧૭-૦૪-૨૦૨૩ આજ રોજ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્વ સંધ્યાએ ભુજ નગમાં ભવ્ય પોથીયાત્રાની શુભ શરૂઆત (પેનથોન) શોપિંગ સેન્ટર થી કરવામાં આવી હતી. સત્સંગના હૃદય સમાન શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથને યજમાનો પોતાના શીર ઉપર ધારણ કરી વાજતે - ગાજતે પોથીયાત્રા ભુજના રાજમાર્ગ ઉપર નીકળી હતી. ૪,૦૦૦ પોથીઓ સાથે નીકળેલી પોથીયાત્રામાં કેન્યા અને યુ.કે.ના બેન્ડવૃંદે અદ્‌ભુત સૂરાવલી રેલાવી સૌને મંત્રમુગ્ધ કરી દીધાં. શણગારેલા એક ટેબ્લોમાં વડીલ સંતો બિરાજમાન હતા અને ધજાપતાકા સાથે અનેક હરિભક્તો રાજમાર્ગ ઉપર પોથાયાત્રાને વધાવતા હતા. પ્રત્યેક શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનું વેદોક્ત વિધિથી પૂજન થયું. મંત્રોચ્ચાર થયા. પ્રત્યેક ગ્રંથને નાડાછડી, પુષ્પના હાર પહેરાવી, યજમાનોને સાફા બંધાવી ફુલના હાર પહેરાવી અક્ષુણ્ણ પવિત્રતા સાથે એરપોર્ટ રોડ ઉપરથી પ્રારંભ થયેલી પોથીયાત્રા દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમે પૂર્ણ થઈ. પોથીયાત્રામાં સહભાગી થયેલા અને પોથીયાત્રાના દર્શનથી લાભાન્વિત થયેલા સૌ કોઈ ધન્યતાની લાગણી અનુભવતા હતા.

સભા મંડપમાં આવ્યા બાદ વ્યાસપીઠ ઉપર પધરાવવામાં આવી હતી. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી દેવચરણદાસજી આદિ સમિતિના સંતો હરિભક્તોએ વ્યવસ્થા ગોઠવી હતી.












કચ્છી
કલા



























# વિશ્વ યુવા સંમેલન

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો તા. ૧૮ એપ્રિલથી પ્રારંભ થશે. તે પૂર્વે તા. ૧૭ એપ્રિલના ભુજની ભાગોરે મીરજાપર રોડ ઉપર ઉભા કરાયેલા બદ્રીકાશ્રમ ખાતે કચ્છ નારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા વિશ્વ યુવા સંમેલન યોજવામાં આવ્યું હતું.

જેના પ્રારંભ પૂર્વે ભુજ સ્વામિનારાયણ મંદિરમાં આરતી ઉતારવામાં આવી હતી. એ આરતીના અગ્નિ થકી મશાલ પ્રજ્વલિત કરવામાં આવી હતી. જેને કમળના ફ્લોટ સાથેના વાહન ઉપર મુકવામાં આવી હતી, સાથે નરનારાયણ દેવને રથ પર બિરાજમાન કરી યુવાનો સાયકલ રેલી સાથે બદ્રીકાશ્રમ પહોંચ્યા હતા. અહીં મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની ઉપસ્થિતિમાં બદ્રીકાશ્રમના મુખ્ય દ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અહીંથી વાજતે ગાજતે વિશ્વ યુવા સંમેલન સ્થળે પહોંચ્યા હતા. સભામંડપ દ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારે યુવાનોએ સફેદ ધ્વજા ફરકાવી મશાલ અને મહંત સ્વામી આદિ સંતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં દીપ પ્રાગટ્ય સાથે વિશ્વ યુવા સંમેલનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પ્રથમ પુરાણી સ્વામી પરમહંસદાસજી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. બાદમાં સ્વામી કપિલમુનીદાસજીએ કચ્છ યુવક મંડળનો પરિચય, વિસ્તાર અને હાલની પ્રવૃત્તિ વિશે વિસ્તૃતપણે માહિતી આપી હતી. ૧૯ વર્ષ પૂર્ણ થઈને ૨૦માં વર્ષમાં પ્રવેશતા મંડળે માત્ર કચ્છ, ગુજરાત નહીં વિશ્વના દેશોમાં પણ કાર્યરત છે. જેની સ્થાપના સદ્. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ કરી હતી.

બાદમાં યુવક મંડળના તુલસીદાસ નાકરાણી, કપિલ રાબડીયાએ પોતાના યુવક મંડળના અનુભવ વર્ણવ્યા હતા. મુખ્ય વક્તા આર.એસ.એસ. ગુજરાત પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણીએ એક કદમ **સંસ્કૃતિ કી ઔર** વિષય પર યુવા સંમેલનને સંબોધન કર્યું હતું. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વચન આપ્યા હતા.

આ તકે બે પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં એક આદર્શ ગૃહસ્થ જીવનના ચાર ભાગ અને આદર્શ વ્યક્તિત્વનું નિર્માણ નામક પુસ્તકનું મહંત સ્વામીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ તકે યુવાનો દ્વારા રજૂ કરવામાં આવેલા શૌર્ય ગીતે ભારે આકર્ષણ જગાડ્યું હતું. યુવાનોએ વિવિધ અંગોના દાવ, પિરામિડ સહિતની કૃતિઓ રજૂ કરીને સૌને અચંબિત કર્યા હતા.

વિશ્વ યુવા સંમેલનનું સંચાલન સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી કપિલમુનીદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી સહિતના સંતો તથા યુવાનોએ વ્યવસ્થા સંભાળી હતી.



























# ધામ ધામથી સાંખ્યયોગી બહેનોનું આગમન












દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે ભુજ મંદિરના મહંત સાંખ્યયોગી સામબાઈ ફઈના આમંત્રણને માન આપી કચ્છના સમગ્ર સાંખ્યયોગી બહેનો અને ગુજરાતના ધામધામથી સાંખ્યયોગી બહેનો આ મહોત્સવમાં સહભાગી થયાં હતા.

લગભગ ૧૦૦૦ થી ઉપર સાંખ્યયોગી બહેનો પધારેલ એમની ઉતારા તથા મહાપ્રસાદ તેમજ ટોપરું વિગેરેની વ્યવસ્થા ભુજ મંદિરના કોઠારમાંથી કરવામાં આવી હતી અને મહંત ફઈની આજ્ઞાથી સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આ મહોત્સવમાં જેમ સંતોની અલગ અલગ વિભાગમાં સમિતિઓની રચના કરવામાં આવી હતી એમ સાંખ્યયોગી બહેનોની પણ આવનાર સાંખ્યયોગી કર્મયોગી તેમજ ગાદીવાળાશ્રી માટેની સમિતિઓ બનાવવામાં આવી હતી. અને સુચારુ સેવા સંભાળી શ્રીનરનારાયણદેવનો રાજીપો મેળવ્યો હતો.



# શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)નો ભવ્યાતિભવ્ય શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

## 'બદ્રિકાશ્રમ'માં નવધા ભક્તિના મૂર્તિમંત સ્વરૂપ સમા નવ દિવસોની ઝલક

(તા. ૧૭-૪-૨૦૨૩ થી તા. ૨૬-૪-૨૦૨૩)

- પ્રસાદીભૂત ભુજ નગરની ભાગોળે ૨૨૨ એકરમાં દ્વિશતાબ્દી સુવિધાયુક્ત મહોત્સવ સ્થળ 'બદ્રિકાશ્રમ'નું નિર્માણ
- ૧,૦૦૦થી વધુ સંતોનો અદ્‌ભુત ભક્તિમય પરિશ્રમ
- ૧૫,૦૦૦થી વધુ સમર્પિત સ્વયંસેવકોનું શ્રમદાન
- ૫૦૦થી વધુ સાંખ્યયોગી બાઈઓનો પવિત્ર પુરૂષાર્થ
- ૨૨૨ એકરના બદ્રિકાશ્રમમાં ૨૦ એકરનો સભામંડપ, ૭ એકરમાં પ્રદર્શન, ૨૫ એકરમાં ભોજનાલય, રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ૧૦ એકરની વિશાળ જગ્યામાં ડોમ સહિત મહોત્સવના વિવિધ પ્રકલ્પો માટે કુલ ૨૭ ડોમનો સમાવેશ થતો હતો.
- ૩૦ લાખથી વધુ મનુષ્યોએ દ્વિશતાબ્દી મહોત્સવના દર્શનનું દિવ્યસુખ લીધું
- ૧,૦૦૦ ફૂટનો ભવ્ય કલાત્મક વિશાળ પ્રવેશદ્વાર
- શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ, ચતુર્વેદ પારાયણ, શ્રીહરિયાગ, સંતો-પાર્ષદો દ્વારા ૨૦૦ સંહિતા પાઠ, બાલપારાયણની ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત કથાવાર્તાનો લાભ
- ૨૦ અબજ મહામંત્રનું અખંડ મંત્રજાપ
- સાંખ્યયોગી બાઈઓ દ્વારા ૨૦૦ સંહિતા પાઠ
- મહાપૂજા તેમજ અનુષ્ઠાનથી ગુંજતો મહા અનુષ્ઠાન મંડપમ્
- વાત્સલ્ય મંડપમ્ તેમજ આરોગ્ય મંડપમ્
- ૫ શિક્ષિત યુવકોએ સાધુતાની દિક્ષા ગ્રહણ કરી
- ૨૫ શિક્ષિત દેશ-વિદેશની યુવતીઓએ સાંખ્યયોગી બાઈની દિક્ષા ગ્રહણ કરી
- ૨૦૧ કુંડીય મહાવિષ્ણુયાગના યજ્ઞમાં ૭ દિવસ સુધી અવિરત ૧ હજાર ભકતોએ યજ્ઞમાં વિવિધ ૧૦૦૮ આયુર્વેદિક ઔષધીઓની આહુતિ આપી પર્યાવરણ શુદ્ધિ તેમજ વિશ્વશાંતિનો સંકલ્પ સિદ્ધ કર્યો.
- શ્રી નરનારાયણ દેવનો ભવ્ય પાટોત્સવમાં પંચામૃતથી મહાઅભિષેક, ૨૦૦ કિલોના લાડુનો દેવને ભોગ, ૫૬ ભોગ અન્નકૂટ દર્શનનો દેશ-વિદેશના હરિભક્તોએ લાભ લીધો
- ૨૨૨ કલાત્મક ફ્લોટ-ટેબ્લો, સંતમંડળ, ભજન મંડળ, યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળના વિવિધ કલા-સાંસ્કૃતિક

કાર્યક્રમોથી યુક્ત ભવ્યાતિભવ્ય ૭ કિ.મી. લાંબી શોભાયાત્રા

- વૈદિક સંસ્કૃતિ, કુદરતી ખેતીની ઉપયોગીતા, ભારતીય પરંપરાના મૂલ્યોનું સિંચન કરતું 'ગો-મહિમા દર્શન'
- યુવક મંડળ દ્વારા આદર્શ ગૃહસ્થજીવન ઉપર કેન્દ્રિત 'સફળતા' કાર્યક્રમ. અહીં, ૧૩૫થી વધુ તાલીમબદ્ધ યુવક-યુવતીઓ પાસેથી ૯,૫૦૦થી વધુ ગૃહસ્થોએ પોતાને મુંઝવતી સમસ્યાનો સચોટ ઉકેલ મેળવ્યો.
- નરનારાયણ યુવક અને યુવતી મંડળની ૨૦ વર્ષની અવિરત સેવાની ડોક્યુમેન્ટરી
- વ્યસનમુક્તિ કેન્દ્ર
- નિત્ય ૧ ટન પુષ્પ, ૪,૦૦૦ હાર, ૪,૦૦૦ કિલો પુષ્પની પાંખડીઓનો ઉપયોગ થયો. આ આવશ્યકતાની પૂર્તિ માટે ઈંદોર, રાજકોટ, અમદાવાદ તેમજ નૈરોબીથી પણ પુષ્પની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, હરિભક્તોએ પોતપોતાની વાડીમાં અગાઉથી પુષ્પોની વાવણી કરી હતી.
- શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા
- દેશ-વિદેશના હરિભક્તોને રહેવા માટે સુવિધાયુક્ત ઉતારા વ્યવસ્થા
- મહોત્સવ દરમિયાન હરિભક્તોને ૩ લાખ કિલો તરબૂચ, ૨.૭૦ લાખ કિલો શેરડી, ૧ લાખ કિલો સક્કરટેટીનું ફ્રુટડીશ દ્વારા હરિભક્તોને વિતરણ
- ૧૮ વિશાળ ડોમમાં મહોત્સવ દરમિયાન લગભગ ૨૦ લાખ કરતા વધુ હરિભક્તોએ પ્રસાદીભોજન ગ્રહણ કર્યું
- લાઈટ એન્ડ સાઉન્ડ શોના માધ્યમ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતી
- ૩૫૦ સી.સી.ટી.વી. કેમેરા ઉપર દિવસ-રાત કુલ ૫૦ સ્વયંસેવકો દ્વારા ઝીવટભર્યું સર્વેલન્સ
- ૧૨ વિશાળ પાર્કિંગ પ્લોટમાં ૧૧૦ સુરક્ષાકર્મીઓ અને વ્યવસ્થાપકોનું મંડળ સતત સેવારત. અહીં, એક સાથે ૯૦૦ કાર, ભારે વાહનો અને ૯૦૦ દ્વિચક્રી વાહનો માટે પાર્કિંગની વિશેષ વ્યવસ્થા હતી.
- વૈદ્યકિય ચિકિત્સા-સારવાર અને હોમિયોપેથી સારવાર કેન્દ્ર
- ૨૪ કલાક આરોગ્યની સેવા માટે ૪૦થી વધુ નિષ્ણાત ડોક્ટરોની સાથે એમ્બ્યુલન્સ તેમજ અન્ય સ્ટાફ ખડેપગે સેવારત રહ્યો.
- રક્તદાન શિબિરમાં ૮૦૦થી વધુ બ્લડ બોટલ્સનું જરૂરિયાતમંદ માટે એકત્રિકરણ

















# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં નવધાભક્તિના નવ દિવસ પૂજ્ય સંતો દ્વારા કથામૃતનો દિવ્યલાભ




## પ્રથમ દિવસ - શ્રી નરનારાયણદેવ પૂજન

પ્રથમ દિવસે પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી હતા અને દ્વિતીય સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી હતા. આજના કથામૃતમાં પ્રથમ દિવસે સત્સંગનો પાયો એટલે કે શ્રી નરનારાયણ દેવના મહિમા અને આશરાનો પુણ્યપ્રતાપ સૌ હરિભક્તોને સમજાયો. શ્રી નરનારાયણ દેવનો મહિમા-આશ્રય કર્યા થકી દેહ નિર્વાસનિક થશે અને નિર્ગુણ થશે તેની દૃઢતા સૌ હરિભક્તોને યથાર્થ થઈ.

## દ્વિતીય દિવસ - શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય ઉત્સવ








દ્વિતીય દિવસે પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથાનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. વળી, બીજા સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ કથાઅંતર્ગત ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઊજવ્યો હતો. આ દિવ્ય કથાવાર્તાનો લાભ લઈ અને હરિભક્તો ધન્યતાની લાગણી અનુભવી રહ્યા હતા.

## તૃતીય દિવસ - માતૃપિતૃ દેવોભવ



પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી હતા. વક્તા સંતે ખૂબ જ સરળ અને રોચક શૈલીમાં માતા-પિતાના મહિમા અંગે સભામાં ઉપસ્થિત હજ્જારો હરિભક્તોને સમજણ આપી હતી. કથામાં ઉપસ્થિત હજ્જારો હરિભક્તોને માતા-પિતાનો મહિમા વધુ દૃઢ થયો. કથાવાર્તાના જ્ઞાનથી સૌ મંત્રમુગ્ધ થઈ ગયા હતા અને સૌના હૃદયમાં



શાંતિ પથરાઈ ગઈ. વળી, બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું.

## ચતુર્થ દિવસ - શ્રીહરિભુજનગર આગમન



પ્રથમ સત્રના વક્તાશ્રી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારી દાસજીએ કથાનું રસપાન કરાવેલું. કથાના પ્રત્યેક પ્રસંગો સભામાં ઉપસ્થિત પ્રત્યેક હરિભક્તોની નજર સમક્ષ ખડા થઈ જતાં હતા



જેથી, સૌ હરિભક્તો ધન્યતાની લાગણી અનુભવતા હતા. વળી, કથાના બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરુપદાસજીએ કથાપ્રસંગોને ખૂબ જ રોચક શૈલીમાં તેમજ અનુરુપ તથ્યો સાથે વર્ણવ્યા હતા. સભામંડપમાં લાભ લેનાર હજ્જારો હરિભક્તોની નજર સમક્ષ જાણે શ્રીજીમહારાજ દિવ્યદેહે પ્રકટ થયા તેવી અનુભૂતિ થતી હતી.

## પંચમ દિવસ - સમર્પણ



કથાના પ્રથમ સત્રમાં શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું અને બીજા સત્રમાં શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ 'સમર્પણ'ની સાચી સમજણનું નિરૂપણ કર્યું હતું. જેથી, પ્રત્યેક હરિભક્તોના હૃદયમાં સમર્પણભાવ વધુ મજબૂત થયો અને સાચી ભક્તિની સમજણ પ્રાપ્ત થઈ.



## છઠ્ઠો દિવસ - સેવાધર્મ

પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરુપદાસજી હતા અને બીજા સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી હતા. સેવાધર્મનું પાલન કેવી રીતે કરવું જોઈએ, સેવાધર્મથી શ્રીજીમહારાજનો રાજીપો કેવી રીતે પ્રાપ્ત થાય તે વિષયક ઊંડાણપૂર્વક મનનીય કથામૃતનું રસપાન સૌ હરિભક્તોને કરાવ્યું હતું.



## સપ્તમ દિવસ - સંપ્રદાય દિગ્વિજય



આજે પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી હતા અને બીજા સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી રહ્યા હતા. આજે સૌ હરિભક્તોના મનમાં સંપ્રદાય પ્રત્યેનો મહિમા વધુ સ્પષ્ટ અને સુદૃઢ થયો હતો સંપ્રદાયમાં રહેલી ખોટી શંકા-કુશંકાઓ શ્રીજીમહારાજે નંદ સંતો દ્વારા કેવી રીતે નિર્મૂળ કરાવી તે વિષયક વિવિધ પ્રસંગોનું રસપાન વક્તા સંતોએ કરાવ્યું. જેથી, સૌના મનમાં સત્સંગની દૃઢતા વધુ મજબૂત થઈ.

## આઠમો દિવસ - સંપ્રદાય ઉત્કર્ષ

આજે પ્રથમ સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી હતા અને બીજા સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મ જીવનદાસજી હતા. વક્તા સંતોએ સંપ્રદાયના ઉત્કર્ષ વિષે અભ્યાસુ અને મનનીય છણાવટ કરી સૌને રસતરબોળ કરી દીધા હતા.



## નવમ દિવસ - સમાપન

આજે મહોત્સવનું અંતિમ સત્ર હતું. આજના સત્રમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરુપદાસજીએ ભગવત્સ્વરુપને સમજવાના સરળ ઉપાય વિષયક નિરુપણ રજૂ કર્યું હતું. આજના નિરુપણમાં સૌને ભક્તિમાર્ગમાં સફળ થવાની ચાવી મળી ગઈ તેવો આનંદ વર્તાતો હતો. વળી, શ્રી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના દર્શનનું ફળ પ્રાપ્ત થયાની સૌની અનુભૂતિ થઈ જેથી સૌ ધન્યતાની લાગણી અનુભવતા હતા.

### કળીકાળના પ્રભાવથી ધમધમતા ભૌતિકયુગમાં શુદ્ધજ્ઞાનનું જતન

# ચતુર્વેદ પારાયણ અને સપ્તદિવસીય શ્રીહરિયાગ

**ભારતીય સંસ્કૃતિ મૂળ તો વૈદિક સંસ્કૃતિ છે. આ મહાન સંસ્કૃતિનો પાયો એટલે શુદ્ધજ્ઞાન. શુદ્ધજ્ઞાનનો મૂળ સ્રોત આપણા વેદોમાં, પુરાણોમાં અને શ્રીજી મહારાજે રચેલી શિક્ષાપત્રી તેમજ શ્રીજીમહારાજની આજ્ઞાથી સદ્‌ગુરુ સંતોએ રચેલા આપણા ગ્રંથોમાં સમાયેલું છે, તેની અહીં અગણિત દર્શનાર્થીઓને પ્રતીતિ થઈ. દ્વિશતાબ્દી મહોત્સવમાં એ સઘળાં પવિત્ર ગ્રંથોનું પૂજન થયું, હોમ, હવન, મંત્રચ્ચાર દ્વારા જપ-તપ થયા. જેથી, સૌ મનુષ્યોના હૃદયમાં શુદ્ધજ્ઞાનનો મહિમા વધુ દૃઢ થયો.**

દ્વિશતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસથી જ આ પવિત્ર પારાયણકર્મનો પ્રારંભ થયો હતો. તા. ૧૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ સવારે ૭.૦૦ કલાકે શણગાર આરતી બાદ નિજ મંદિરેથી પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ યજ્ઞશાળાના ઠાકોરજી, શ્રી ઠાકોરજી, ૪ વેદ, વેદોની ૧૧ શાખા, સંપ્રદાયના પવિત્ર ગ્રંથો, શ્રીમદ્ ભાગવત પુરાણ, રામાયણ આદિક ગ્રંથોનું શાસ્ત્રોક્ત પૂજન કરી વેદપાઠી બ્રાહ્મણો, સંતવૃંદ અને હરિભક્તોએ વાજતે-ગાજતે સ્મૃતિ મંદિર તરફ પ્રસ્થાન આરભ્યું. ભવ્ય શોભાયાત્રાએ સાથે સવારે ૮.૦૦ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો. અહીં, સઘળા ગ્રંથોના પૂજનની સાથે સાથે વેદપાઠી બ્રાહ્મણોનું પણ પૂજન કરવામાં આવ્યું.

સ્મૃતિ મંદિરના પટાંગણમાં ૧૬ પ્રાકૃતિક વાંસની કુટિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ૧૬ કુટિરમાં ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ એમ વેદની ચાર વેદ તેમજ ૧૧ શાખાઓના ગ્રંથ, શ્રીમદ્ ભાગવત, રામાયણ, વચનામૃત, વચનામૃત આદિક ગ્રંથોને પધરાવવામાં આવ્યા. અહીં, યજ્ઞશાળામાં ૧૬ વિદ્વાન કર્મકાંડી ભૂદેવો દ્વારા વૈદિક મંત્રજાપ સાથે યજ્ઞ કાર્યનો પ્રારંભ થયો.


તા. ૨૬ એપ્રિલ ૨૦૨૩ સુધી અહીં પ્રતિદિન અનુક્રમે ઋગ્વેદ શાકલ શાખાના ૧૦,૫૮૦ મંત્ર, ઋગ્વેદ બાષ્કલ શાખાના ૧૦,૬૨૨, શુક્લ યજુર્વેદ માધ્યન્દિનીશાખાની ૧,૯૭૫ મંત્ર પારાયણ, શુક્લ યજુર્વેદ કાણ્વશાખાના ૨,૦૮૬ મંત્ર પારાયણ, કૃષ્ણ યજુર્વેદ તૈત્તિરીય સંહિતાના ૨,૧૯૮ મંત્ર પારાયણ, કૃષ્ણયજુર્વેદ મૈત્રાયણી શાખાના ૩,૦૯૩ મંત્રજાપ, સામવેદ જૈમિનીય શાખાના ૧,૫૨૬ મંત્ર પારાયણ, સામવેદ રાણાયનીય શાખાના ૧,૮૭૬ મંત્ર પારાયણ, સામવેદ કૌથુમીય શાખાના ૧,૮૨૫ મંત્ર પારાયણ, અથર્વવેદ પૈપ્પલાદ શાખાના ૭,૮૦૮ મંત્ર પારાયણ, અથર્વવેદ શૌનક શાખાના ૫,૯૭૭ મંત્ર પારાયણ તેમજ સર્વમંગલ સ્તોત્રનું પુરશ્ચરણ, સુંદરકાંડ પાઠ, પારાયણનું પુરશ્ચરણ, શ્રી હનુમાનજીના પવિત્ર ૪,૪૪,૪૪૪ મંત્રોનું અનુષ્ઠાન કરવામાં આવ્યું.



સત્શાસ્ત્ર કેવળ કાગળ-પૂંઠાથી બનેલા પુસ્તકો નથી પણ એ શુદ્ધ જ્ઞાનનું સાક્ષાત્ પવિત્ર સ્વરૂપ છે. પરમાત્માનો દિવ્યઅંશ એ પવિત્ર ગ્રંથોમાં સમાયેલો છે એ સત્ય સમાજ સુધી પહોંચ્યું. શાસ્ત્ર સિદ્ધાંતના આધારે થયેલા અનેકાનેક મંત્રજાપનો દિવ્ય નાદધ્વનિના પવિત્ર તરંગો વિશ્વના ખૂણેખૂણા સુધી પહોંચે અને સૌ હરિભક્તોનું કલ્યાણ થાય તે સર્વવ્યાપક સંકલ્પ અહીં સિદ્ધ થયાની પ્રતિતી પ્રત્યેક દર્શનાર્થીઓને થઈ.

**સપ્તદિવસીય શ્રીહરિયાગ :**

તા.૧૯ એપ્રિલ ૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ કલાકે સપ્તદિવસીય શ્રીહરિયાગનો પણ મંગલ પ્રારંભ થયો. જે પ્રમાણે ચતુર્વેદિય પારાયણમાં પૂજા તેમજ અનુષ્ઠાનનો ક્રમ હતો તે જ ક્રમાનુસાર શ્રીહરિયાગમાં પણ સાત દિવસ સુધી પૂજા અનુષ્ઠાનનું પવિત્ર કર્મ સંપન્ન થયું અને અંતે વેદપાઠી બ્રાહ્મણો અને વડીલ સંતો દ્વારા હોમ કરી સૌને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. સ્વામી રામપ્રિયદાસજી સ્વામી પરમહંસદાસજીએ આ સેવા સંભાળી હતી.
























શ્રી માતૃકા પીઠ
શ્રી ગણેશ પીઠ

શ્રી વેદનારાયણ પીઠ
શ્રી મધ્યપીઠ
શ્રી સર્વતોભદ્રમંડલ પીઠ






























# સર્વજન કલ્યાણ અર્થે મહાપૂજા એવં મહા અનુષ્ઠાનમ્

## સ્થાન અને વાતાવરણની પવિત્રતાની સાથે પરમાત્મા સાથે જોડાણ

**નિજમંદિરે મહાપૂજાનું આયોજન :** દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે સદ્‌ગુરુ પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી અને તેમના માર્ગદર્શન હેઠળ તા. ૧૦-૪-૨૦૨ ૩થી જ દિવ્ય મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ દિવ્ય મહાપૂજામાં કચ્છ પ્રદેશ સહિત સમગ્ર ગુજરાતના કુલ ૨૨,૭૫૦ જેટલા હરિભક્તોએ મહાપૂજાનો દિવ્યલાભ લીધો હતો.

**મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમ ખાતે મહાપૂજાનું દિવ્ય આયોજન :** બદ્રિકાશ્રમે દેશી ગાયના ગોબરથી લીંપેલો અદ્‌ભુત પૂજાખંડ તૈયાર કરવામાં આવ્યો હતો. દેશીગાયના ગોબરથી નિર્મિત આ પૂજાખંડમાં પ્રથમ શાંતિપાઠ કરવામાં આવ્યો અને ઠાકોરજી ઉપર પંચામૃત તેમજ ગંગાજળથી અભિષેક કરવામાં આવ્યો. વાયુમં ડળમાં સંપૂર્ણ દિવ્યતા પથરાઈ ગયા બાદ મહાપૂજાનો દિવ્ય પ્રારંભ કરવામાં આવતો જેમાં, દેશ-વિદેશના લગભગ ૯,૦૦૦થી પણ વધુ હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજા સાથે સંપ્રદાયનો પવિત્ર ઈતિહાસ પણ જોડાયેલો છે, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રથમ વખત શોડષોપચાર વિધિથી ઠાકોરજીની મહાપૂજા કરી હતી ત્યારથી મહાપૂજાનો દિવ્ય પ્રારંભ થયેલો છે. આ દિવ્ય મહાપૂજાની પરંપરાને ૧૯૩ વર્ષ થયા અને જેનો લાભ લાખો હરિભક્તોને પ્રાપ્ત થયો.
















એક સાથે હજારો ભક્તો મહાપૂજા એવં
મહા અનુષ્ઠાનમમાં લાભ લઈ રહ્યા છે.













## જીવમાત્રના કલ્યાણના સંકલ્પની સિદ્ધિ અર્થે

# ૨૦૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ અને



વૈદિક સિદ્ધાંતો અનુસાર આયોજીત, અરણી મંથન દ્વારા અગ્નિદેવના પ્રાકટ્ય સાથે ૨૦૧ કુંડી મહાવિષ્ણુયાગમાં ભુજમંદિરના વિદ્વાન સંતો, વેદપાઠી ભૂદેવો તેમજ યજમાનશ્રીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન કુંડમાં વિવિધ શાસ્ત્રોક્ત સ્તોત્ર, વૈદિકમંત્રોના આરોહ-અવરોહની ચોક્સાઈ રાખી, સ્પષ્ટ ઉચ્ચાર સાથે બીજમંત્રો સહિત વિવિધ મંત્રગાન સાથે તેમજ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના અખંડજાપ સાથે દૈનિક ૨૫૦૦ આહુતિ હોમવામાં આવેલી.

પ્રત્યેક આહુતિમાં વિશ્વકલ્યાણનો સદ્ભાવ, ભારત દેશનો સર્વાંગી વિકાસ, ગુજરાતનો સર્વાંગી વિકાસ, કચ્છની ધન્ય ધરાનો સર્વાંગી વિકાસ અને પ્રત્યેક હરિભક્તો સર્વ પ્રકારે સુખિયા થાય, સૌના દેશકાળ ઉત્તમ રહે તેવા સંકલ્પો સાથે વૈદિક મંત્રોચ્ચારનું ગાન કરતાં-કરતાં મહાવિષ્ણુયાગમાં પ્રત્યેક આહુતિનો વૈદિક સમિધા સહિત આહુતિ અપાઈ.

**आ नो भद्रा क्रतवो यन्तु विश्वत: ।**

**હે પરમાત્મા ! સર્વદિશાઓમાંથી અમને શ્રેષ્ઠ અને પવિત્ર વિચારો પ્રાપ્ત થાઓ.**

દ્વિશતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે, તા. ૧૮-૪-૨૦૨૩ના રોજ સવારે ૭.૦૦ કલાકે બદ્રિકાશ્રમમાં શાસ્ત્ર સિદ્ધાંતના આધારે નિર્માણ પામેલી સૂકા ઘાસ તેમજ વાંસની ૨૩૦ ચો.ફૂટ વિસ્તાર અને ૫૪ ફૂટ ઊંચી યજ્ઞશાળામાં મહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો. મહાવિષ્ણુયાગના પ્રારંભ પૂર્વ ભૂદેવો દ્વારા યજમાનશ્રીઓના પરિવારની વૈદિકમંત્રોચ્ચાર વિધિ સાથે દેહશુદ્ધિ થઈ, વિવિધ દેવતાઓનું પૂજન-આવાહન થયું અને પશ્ચિમ દ્વારેથી સર્વ યજમાનશ્રીઓએ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો.





# બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર



શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર બનાવેલા ૨૦૧ સજાવેલા યજ્ઞકુંડ સન્મુખ સૌ યજમાન બિરાજમાન થયા. અરણીમંથન  અને વેદમંત્રોના ગાન સાથે અગ્નિદેવનું આવાહન થયું અને યજ્ઞકુંડમાં વૈશ્વાનર નામના અગ્નિદેવનું પ્રાગટ્ય થયું. ૨૫૦ વિદ્વાન ભૂદેવો અને સંતો દ્વારા પુરૂષસૂક્ત, વિષ્ણુસહસ્ર નામજાપ, સર્વમંગલ સ્તોત્ર, જનમંગલ નામાવલી, શ્રી હનુમંત બીજમંત્રો, નૃસિંહ રક્ષામંત્ર, સુદર્શનકવચ આદિકના જાપ તેમજ અનુષ્ઠાન સાથે હવનકુંડમાં આહુતિ હોમવામાં આવતી.

મહાવિષ્ણુયાગમાં દેશી કાંકરેજી ગાય અને ગીરગાયના દૂધમાંથી બનાવેલું ઘી, કુદરતી ખેતીથી ઉત્પાદિત અને મહામંત્રથી અભિમંત્રીત ૧૨૦૦ કિલો તલ, ૧૫૦૦ કિલો જવ, કાષ્ટ, ખીજડો, અઘારો તેમજ ૧૦૮ વિવિધ વનસ્પતિક આયુર્વેદિય ઔષધિ આદિક દ્રવ્યોની યજ્ઞકુંડમાં આહુતિ આપવામાં આવી. વળી, યજ્ઞના સાતમાં દિવસે ૧૦૮ નહીં પણ ૧૦૦૮ વિવિધ આયુર્વેદિય ઔષધીની આહુતિ આપવામાં આવી.  જેની ધૂમ્રસેરોથી સમગ્ર વાતાવરણમાં દિવ્યતા છવાઈ ગઈ અને પર્યાવરણીય શુદ્ધિની અદ્ભુત સેવા થઈ. સવારે ૭.૦૦થી ૧૧.૩૦ અને સાંજે ૩.૦૦થી ૫.૪૫ પ્રતિદિન દ્વિસત્રમાં સપ્તદિવસીય મહાવિષ્ણુયાગનું આયોજન હતું. સળંગ સપ્તદિનાત્મક ચાલેલા ૨૦૧ કુંડી મહાવિષ્ણુયાગમાં દેવો, હવિર્દ્રવ્યો, ઋક્-સામ્-યજુ, ઋત્વિજો અને દક્ષિણાઓનો પંચસંયોગ રચાયો.

મહાવિષ્ણુયાગના અંતિમ સત્રમાં વિશેષ દિવ્યતા વ્યાપી ગઈ કારણ કે, અહીં પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી, ભુજ મંદિરના મહંત પૂજ્ય સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા યજ્ઞકુંડમાં નાળિયેર હોમવામાં આવ્યું. આ સમયે વડીલ સંતો અને હજ્જારો હરિભક્તો યજ્ઞકુંડની પ્રદક્ષિણા તેમજ દર્શનનો લાભ લઈ રહ્યા હતા. ઉપરોક્ત મંડપ-કુંડ રચાથી આરંભી સમાપન સુધીને કાર્ય સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણજીવનદાસજી સમિતિના સંતો તથા હરિભક્તોએ સુચારુ સંભાળ્યું હતું.



























## બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર

સપ્ત દિનાત્મક મહા વિષ્ણુયાગ દરમિયાન તા. ૨૨-૪-૨૦૨૩, અખાત્રિજનો પવિત્ર દિવસ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવા માટે પસંદ કરવામાં આવ્યો હતો. બાળકોમાં બ્રહ્મત્વ જળવાય, હિંદુ સંસ્કારોનું મહત્વ બાળકો નાનપણથી સમજે તે શુભ હેતુથી ૪૦ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કરાવવામાં આવ્યા હતા.



























## સત્સંગના હૃદય સમાન શ્રી સત્સંગી જીવન ગ્રંથની સંતો તથા સાંખ્યયોગી બહેનો દ્વારા ૪૦૦ પારાયણ

દ્વિશતાબ્દી મહોત્સવમાં ૨૦૦મો વાર્ષિક પાટોત્સવ હોવાથી ૨૦૦ સંતો-પાર્ષદો તેમજ ૨૦૦ સાંખ્યયોગી બહેનો પારાયણ કરે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ભુજ મંદિરના સંતો-પાર્ષદો સાથે અમદાવાદ, મૂળી, જેતલપુર, વડતાલ, ધોલેરા, ગઢપુર, ધોળકા, જૂનાગઢ વગેરે ધામોથી સંતો-પાર્ષદોએ પધારી ૯ દિવસ સુધી મૌન પારાયણ કરી હતી. મૌન પારાયણમાં સવારે કથા પ્રારંભે આસન ગ્રહણ કરી લેવાનું રહેતું અને બપોરના વિરામ બાદ કથા બેસે એટલે પુનઃ આસન ગ્રહણ કરી લેવાનું. અને જ્યારે સાંજે કથા વિરામ પામે ત્યાં સુધી બેસી શાસ્ત્રની પારાયણ કરી હતી. સાંખ્યયોગી બહેનો વિભાગમાં સાંખ્યયોગી બહેનો બેસી ૨૦૦ પાયણ કરી ભગવાનને રાજી કર્યા હતા.








# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો વિરાટ સભામંડપ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનું મુખ્ય ભગવદ્ કથાવાર્તા, સંત આશીર્વાદનો જ્યાંથી વરસાદ વરસતો એવું સ્થળ એટલે વિશાળ સભામંડપ, મહિનાઓ સુધીની મહામહેનતને તૈયાર કરાયેલ સભામંડપની ૪૦૦ X ૮૦૦ ફૂટની સાઈઝવાળા સભામંડપથી અલગ ૪૦૦ X ૧૦૦ ફુટનો મુખ્ય સ્ટેજ, જેમનું મુખ્ય દર્શન જાણે કે આપણે બદ્રિકાશ્રમમાં બોરડી નીચે શ્રી નરનારાયણદેવ બેઠા છે. હજારો ઋષિમુનિઓ, સાધકો તેમજ હિમાલયની અનુભૂતિ કરાવતા ઝરણાઓ, સિંહ-વાઘ, હરણ જેવા પશુ-પક્ષીઓ શોભાયમાન ગોઠવણી સાથે આગળના ભાગે મુખ્ય વક્તાઓ માટે વ્યાસપીઠ, એકબાજુ પૂ. આચાર્ય મહારાજ સહિત ધર્મકુળ વ્યસ્થા. બંને બાજુ ધામોધામથી આવનાર સંતોની બેઠક વ્યવસ્થા તેમજ સંહિતાપાઠી સંતોની બેઠક વ્યવસ્થા રાખેલ હતી.

આ ઉત્સવનાં તન-મન-ધનથી હૃદયના ભાવથી સેવા કરનાર દાતાઓ, યજમાનશ્રીઓ અને સ્વયંસેવકોનું સન્માન જ્યાં થયુ એના માટે અલગ હાઈડ્રોલિક બેઠક વ્યવસ્થા ગોઠવેલી હતી. મુખ્ય સ્ટેજ એ.સી. થી સજ્જ હતો. નીચે વિશાળ ૫૦ હજાર ભક્તો બેસી શકે એમના માટે સોફા, ખુરશીઓ મુકવામાં આવી હતી.

બહેનો, સાંખ્યયોગી બહેનો માટે અલગ વિભાગ હતો તેમજ ઉપર જમ્બો પંખા મુકવામાં આવ્યા હતા. દૂર દૂર બેઠેલાને એમ થાય કે હું સ્ટેજની બાજુમાં જ બેઠો છું એ માટે ઠેક-ઠેકાણે LED સ્ક્રીન મુકવામાં આવી હતી. અદ્દભુત સાઉન્ડ વ્યવસ્થા હતી. વિશાળ સભામાં ખૂણે બેઠેલને પણ સ્પષ્ટ સાંભળી શકાતો. આખા સભામંડપમાં કારપેટ પાથરવામાં આવી હતી. જો કે મહોત્સવનું સમગ્ર પટાંગણ કારપેટથી મઢવામાં આવ્યું હતું. દશ દિવસમાં આ કાર્યક્રમમાં યુવા સંમેલન મહોત્સવનું દીપ પ્રાગટ્યથી માંડીને અનેક આયોજનો અહીં કરવામાં આવ્યા હતા. આ સેવા સ્વામી ધર્મચરણદાસજી. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિ સમિતિના સંતો ભક્તોએ સંભાળી હતી.






સૂર્યની પ્રથમ કિરણ જેવા કોમળ, ઊર્જામય અને તેજસ્વી બાળકોનું ઘડતર કરતું
શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)નું બાળજગત

# બાળ ઘનશ્યામ પારાયણ

સમગ્ર વિશ્વના ઉજ્જવળ ભવિષ્યનો પાયો બાળકો જ છે. સંસ્કારમય, તેજસ્વી અને ઊર્જામય બાળકોનું ઘડતર થાય તે ઉદ્દેશ્ય સાથે દ્વિશતાબ્દી મહોત્સવમાં 'બાળ ઘનશ્યામ પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું.

અહીં, કેવળ કથાવાર્તા જ નહીં પણ બાળકોની રુચિને અનુકૂળ વાતો, રમતોની સાથે ગમ્મત કરતાં કરતાં બાળકોને સંસ્કારમય વાતોની સમજ આપવામાં આવી હતી.

'બદ્રિકાશ્રમ'ની ૨૨૨ એકરની વિશાળ ભૂમિમાં અગણિત દર્શનાર્થીઓ હતા, એક સાથે અનેક પ્રકલ્પો વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા હતા, લાઈટ-પાણી, સુરક્ષા તેમજ દેશ-વિદેશના મહાનુભાવોનું આગમન થતું હતું તેવા અનેકવિધ પ્રવૃત્તિથી ધમધમતા સ્થાનમાં એક વિશાળ અલાયદા સભામંડપમાં સંસ્કારમય ભવિષ્યના ઘડતરનું કાર્ય પણ સુચારું ઢબથી ચાલી રહ્યું હતું. કારણ કે, શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના સંતમંડળમાં ઉત્તમ સમાજના ધ્યેયને સિદ્ધ કરવા માટે સતત થઈ રહેલા પ્રયત્નો ક્યારેય વિરામ પામતા નથી. જો ઉત્તમ સમાજની સંકલ્પના સિદ્ધ કરવી હશે તો ભૌતિક યુગની જીવનચર્યાથી વ્યસ્ત માતા-પિતાની ચિંતા પણ થોડી હળવી કરવી પડશે. કારણ કે, જો બાળકો ભવિષ્યના કિશોર-યુવા અને ગૃહસ્થજીવનમાં કુસંગે ચઢી જાય, વ્યસની થઈ જાય, કાયદાના સંઘર્ષમાં આવી જાય તો આખો ય પરિવાર વિનાશના આરે આવીને ઊભો રહી જાય છે. આપણા હરિભક્તોના જીવનમાં આવી કોઈ દુઃખની છાયાના ઓછાયા ન ઉતરે અને હરિભકતો સુખી અને પ્રગતિમય જીવન જીવે તે માટે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)નું સંતમંડળ સતત સેવારત છે.

**બાળ ઘનશ્યામ પારાયણનો મહાપ્રારંભ :**

તા. ૧૮ એપ્રિલ ૨૦૨૩ના પ્રથમ દિવસની સવારથી જ આ મહાન પ્રકલ્પનો પ્રારંભ થઈ ચૂક્યો. બાળકોના આ અભૂતપૂર્વ કાર્યક્રમમાં દેશ-વિદેશના ૮ વિવિધ ઝોનના સત્સંગ કેન્દ્રોમાંથી ૫,૦૦૦થી વધુ બાલવીરો પધારી ચૂક્યા હતા. ઉત્સાહથી થનગનતા બાળકોએ સવારે ૮.૦૦ પ્રદર્શન પ્રવેશદ્વાર પાસેથી વાજતે-ગાજતે બાલ મંડપમ્ સુધી સંતોના માર્ગદર્શન હેઠળ પોથીયાત્રા કાઢી. વાજતે-ગાજતે આગળ ધપતી પોથીયાત્રામાં બાળકો જ પોથીને પોતાના મસ્તક ઉપર પધરાવીને ચાલતા હતા. બાલમંડપમ્ પાસે પહોંચીને બાળકોએ બાલમંડપમ્‌ના પ્રવેશદ્વારનું









વિધિવત્ પૂજન કર્યું. ત્યારબાદ હર્ષોલ્લાસ તેમજ જયનાદ સાથે સ્ટેજ ઉદઘાટન, દિપ પ્રાગટ્ય થયું. દિપદેવની દિવ્ય ઉપસ્થિતિ વચ્ચે બાળકોએ વિવિધ રંગની વેશભૂષામાં સજ્જ થઈ તાલબદ્ધ સ્વાગત નૃત્ય કર્યું. ત્યારબાદ, સંતોએ સૌ બાળકોને તેમના ઉજ્જવળ ભવિષ્યના આશીર્વાદ પાઠવ્યા અને બાળ ઘનશ્યામ પારાયણનો મહાપ્રારંભ થયો.

બાળ ઘનશ્યામ પારાયણમાં પ્રારંભમાં લગભગ ૧૫થી ૨૦ મિનિટ સુધી સંતો કથાવાર્તા કરતા. સંતોની કથાવાર્તા પૂર્ણ થયા પછી બાળકો વિવિધ વિષય ઉપર વક્તવ્ય રજૂ કરતા હતા. વક્તવ્યમાં બાળકો પોતાના મૌલિક વિચારો રજૂ કરતા. વિશાળ મંચ ઉપર બાળકો જ્યારે જુદા જુદા વિષયો ઉપર ખુમારીથી વક્તવ્ય રજૂ કરતા ત્યારે તેમની સુષુપ્ત શક્તિઓ ખીલી ઊઠતી, તેમના ચહેરા ઉપર ગજબનો આત્મવિશ્વાસ વર્તાતો. બાળકોની આ અદ્‌ભુત છટાથી મોટેરાઓ પણ હરખાઈ ઊઠ્યા હતા.

**સૌજન્યશીલ, સર્જનશીલ તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓ :**

વૈવિધ્યસભર બાળકાર્યક્રમમાં લંડન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, અમેરિકા તેમજ દેશના વિવિધ શહેરોમાં પધારેલા બાળકોને તેમની વયજૂથ પ્રમાણે વહેંચી દેવામાં આવ્યું હતું. ૩થી ૭ વર્ષના બાળકોનું એક જૂથ હતું જેમને પ્રારંભની ૧૫-૨૦ મિનિટની ટૂંકી કથાવાર્તામાં પણ બેસવાનું નહોતું. તેમના માટે ફક્ત સૌજન્યશીલ, સર્જનશીલ રમતો તેમજ વાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બાલિકાઓ માટે એક અલાયદો વિભાગ હતો. તે વિભાગમાં સાંખ્યયોગી બહેનો દ્વારા આ જ પ્રમાણે કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવતું હતું.

પ્રત્યેક દિવસને બે સત્રમાં વહેંચી દેવામાં આવ્યા હતા. પ્રથમ સત્ર સવારે ૮.૦૦થી ૧૧.૩૦ સુધી અને દ્વિતીય સત્ર ૩.૩૦થી ૬.૦૦ સુધી યોજવામાં આવ્યું હતું.

**દિવસ - ૧ : શ્રીઘનશ્યામ જન્મોત્સવ :** પ્રથમ દિવસે બાળકોએ પોતાના વ્હાલા શ્રી ઘનશ્યામ પ્રભુનો ધામધૂમપૂર્વક જન્મોત્સવ ઉજવ્યો. શ્રીઘનશ્યામ જન્મોત્સવમાં બાળકોએ શ્રી ઘનશ્યામ ચરિત્રોનું શ્રવણ કર્યું અને તેની એનિમેશન ફિલ્મ વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર નિહાળી. શ્રી ઘનશ્યામ ચરિત્રનું દર્શન કરી બાળકોએ બાળ શ્રીઘનશ્યામના જીવનમાંથી ધર્મ, સાહસ, વિવેક, ધીરજ વગેરેના સદ્‌ગુણ મેળવવાનો બોધ ગ્રહણ કર્યો.











**દિવસ - ૨ : વિદ્યા દર્શન :** આજના કાર્યક્રમમાં સરસ્વતી વંદના, શિક્ષણનું મહત્ત્વ, શિક્ષકોનું મહત્ત્વ તેમજ શિક્ષણ અધૂરું ન મૂકવું અને ઊચ્ચ કારકિર્દીનું નિર્માણ કરવું તે બાબતોની સમજ બાળકોને આપવામાં આવી હતી. આ દિવસે બાળકોને સંસ્કારશીલ ઉત્તમ પુસ્તકો આપવામાં આવ્યાં હતાં, જેનું બાળકોએ વાંચન કર્યું. બાળકોને જીવનમાં વાંચનની આવશ્યકતા સમજાવવામાં આવી. જેથી, બાળકો ભવિષ્યમાં મોબાઈલ-સોશીયલ મિડીયામાં વ્યર્થ સમય ન વેડફે અને ઉત્તમ સાહિત્યના વાંચનમાં સમય ફાળવે.

**દિવસ - ૩ : સંત દર્શન :** આજે બાળકોએ ખૂબ જ ભક્તિભાવથી સંતોનું પૂજન કર્યું. સમાજમાં સંતોનો મહિમા, સંતને આદર આપતો વ્યવહાર તેમજ પૂર્વે થઈ ગયેલા સંતોનું સમાજમાં યોગદાન વગેરેની બાળકોને સરળ શૈલીમાં સમજ આપવામાં આવી. અહીં, બાળકોને સમાજ પ્રત્યે સમર્પિત થવાનો સંદેશ પણ પ્રાપ્ત થયો.

**દિવસ - ૪ : પ્રકૃતિ દર્શન :** ચતુર્થ દિવસે 'પ્રકૃતિ દર્શન'ના માહિતીસભર કાર્યક્રમ અન્વયે બાળકોએ પ્રકૃતિની પૂજા કરી. અહીં, બાળકોને પંચમહાભૂત એટલે કે, અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ તેમજ આકાશની અગત્યતા સમજાવવામાં આવી. તેમજ જીવમાત્રની હિંસા ન કરવી તેની સમજ આપવામાં આવી. સ્વસ્થજીવન જીવવા વનસ્પતિ, જળ, સૂર્યપ્રકાશ વગેરેની આવશ્યકતા ખૂબ જ છે તે સમજાવવામાં આવ્યું. સાથે સાથે, બાળકોને સ્વચ્છતાનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું. જુદા જુદા ફૂલ-છોડની સમજ સાથે તેમની જાળવણીની અગત્યતા પણ સમજાવવામાં આવી.

**દિવસ - ૫ : સ્વ-દર્શન :** ઝડપથી બદલાતા આ યુગમાં સામાન્ય રીતે ૮ થી ૧૫ વર્ષના બાળકોમાં ગુણ-દોષ વચ્ચેનો ભેદ સમજાય તે અત્યંત આવશ્યક છે. પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે શું સારું અને શું ખરાબ ? આ ભેદબોધ બાળકોને દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી તેમજ 'આદર્શ બાળક' સચિત્ર પુસ્તકના માધ્યમથી સંતો દ્વારા સમજાવવામાં આવ્યો. જેમાં ભાષા વિવેક, વર્તન વિવેક, શરીરની સ્વચ્છતા વગેરે વિષયો સરળ શૈલીથી સમજાવવામાં આવ્યા. બાળકો સમયાંતરે પોતાનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ જાતે જ શીખે અને પરિવારમાં સંપીને રહે તે ઉદાત્ત ભાવના અહીં સિદ્ધ થઈ.

**દિવસ - ૬ : સંસ્કૃતિ દર્શન :** આપણી પ્રગતિના મૂળ આપણી સંસ્કૃતિમાં સમાયેલા છે. આપણે સંસ્કૃતિનું જતન કરીશું તો જ આપણો આધ્યાત્મિક અને ભૌતિક વિકાસ ટકી રહેશે. આપણા તહેવારો, ઉજવણીની મર્યાદા, તહેવારો પાછળની કથા તેમજ









વૈજ્ઞાનિક મહત્ત્વ વગેરે સૂક્ષ્મ બાબતો સમજાવવામાં આવી. વળી, શ્રીજીમહારાજના સમયમાં ફૂલડોલનો જે ભવ્ય ઉત્સવ ઉજવાતો હતો તેની સમજ આપવામાં આવી.

**દિવસ - ૭ : સ્વાસ્થ્ય દર્શન :** 'પહેલું સુખ તે જાતે નર્યા' આ ઊક્તિને કેન્દ્ર સ્થાને રાખીને બાળકોને આરોગ્યનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. સવારે વહેલા ઊઠવું, નિયમિત સ્નાન કરવું, શરીરની સ્વચ્છતા રાખવી અને સાથે સાથે યોગાસનની પણ તાલીમ આપવામાં આવી. નિયમિત કસરત કરવાથી આરોગ્યના ક્યા ક્યા ફાયદા થાય છે તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું. જેથી, બાળકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સજાગ બને અને નિરામય જીવન જીવે.

**દિવસ - ૮ : કર્તવ્ય દર્શન :** આજનો દિવસ માતૃ-પિતૃ વંદનાને સમર્પિત કરવામાં આવ્યો હતો. અહીં બાળકોએ માતા-પિતાનું પૂજન કર્યું અને આશીર્વાદ મેળવ્યા. બાળકોને માતા-પિતાનું યોગદાન સમજાય તો જ પારિવારક મૂલ્યોનું જતન થાય.

પોતાના માતા-પિતા જ્યારે વૃદ્ધ થાય ત્યારે તેમને ઘરડા ઘરમાં ન જવું પડે અને તેઓ સન્માનપૂર્વક જીવન જીવે તો જ પરિવારમાં સંસ્કાર અને સંસ્કૃતિ જળવાય. આ હેતુને સિદ્ધ કરવા માટે ખાસ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**વૈવિધ્ય સભર રમત-ગમત તેમજ બાળકોની સંભાળ :**

બાળ મંડપમાં દ્વિતીય સત્રમાં ૩થી ૭ વર્ષના બાળકો માટે વૈવિધ્ય સભર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ કલર મેચીંગ કરવાનું, ફ્રૂટ ઓળખવા, ક્વીઝ-પઝલ્સનું આયોજન, સ્ટોરી ટેલીંગ વગેરે રમતોને મન ભરીને આનંદ માણ્યો હતો.

વળી, ૮થી ૧૫ વર્ષના બાળકોએ પણ વિવિઝ ક્વીઝ-પઝલ્સમાં ભાગ લીધો હતો. મજાની વાત એ હતી કે, પ્રથમ સત્રમાં જે વિષય ઉપર કાર્યક્રમ યોજાયો હોય તે જ વિષય ઉપર દ્વિતીય સત્રમાં રમત-ગમત, ક્વીઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હોય. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીતના તાલે બાળકો ઝૂમી ઉઠતા હતા. આપણે સૌ જાણીએ છીએ કે, આજકાલ બાળકોને મોબાઈલ તેમજ સોશીયલ મિડીયાનું જબરજસ્ત ઘેલું લાગ્યું છે પણ અહીંના બાળ મંડપમાં રચનાત્મક કાર્યક્રમોમાં બાળકો મોબાઈલ તેમજ સોશીયલ મિડીયાને સાવ ભૂલી જ ગયા હતા.

બાળમંડપમાં બાળકો માટે સ્વચ્છ વાતાવરણ, આરોગ્યપ્રદ પૌષ્ટિક અલ્પાહાર તેમજ કડક સુરક્ષાની તકેદારી રાખવામાં આવી હતી. કોઈપણ બાળક ક્યાંય વિખૂટું ન પડી જાય, બાળકોને ઈજા ન થાય તેની પણ વિશેષ તકેદારી રાખવામાં આવી હતી. પ્રત્યેક















બાળકોને નિત્ય જુદો જુદો પ્રસાદ તેમજ જુદી જુદી ભેટ ઈનામના સ્વરૂપમાં આપવામાં આવતી જેથી, બાળકોના ઉત્સાહમાં ગજબનો વધારો થતો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન અદ્‌ભુત મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાઈ ગયું હતું. અહીં, દેશ-વિદેશના બાળકો એકબીજાને ખૂબ હરખથી મળ્યા, સૌમાં મિત્રતા બંધાઈ, સૌએ એકબીજા સાથે દેશ-વિદેશની વાતોની આપ-લે કરી. બાળકોને સ્વસ્થ વાતાવરણ મળી ગયું તેથી બાળકો ક્ષમતામાં જાણે વિશેષ ઉમેરો થઈ ગયો હોય તેવું દિસતું હતું.

નાના કુટુંબમાં રહેતા બાળકોને એક ખૂબ મોટું મિત્રમંડળ મળ્યું, વિશાળ વૈશ્વિક પરિવાર મળ્યો એટલે બાળકોના આત્મબળમાં અનેક ઘણો વધારો થયો.

બાળ ઘનશ્યામ પારાયણના અંતિમ દિવસે ખૂબ આનંદનું વાતાવરણ સર્જાયું. ૮થી ૧૫ વર્ષના બાળકોનો સમગ્ર પારાયણના દિવસો દરમિયાન રમતોત્સવ પણ યોજાયો હતો. જેમાં વિજેતા બાળકોના ગ્રુપને ખાસ ઈનામથી પ્રોત્સાહિત કરવામાં આવ્યું.

સંધ્યા સમયે બાળકોની નિર્દોષ કિલકારી વચ્ચે રંગબેરંગી રીબીનોની છોળો ઊડી, આતશબાજી થઈ, શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો જયઘોષ થયો અને આનંદનું વાતાવરણ સર્જાઈ ગયું. સૌ બાળકો તેમજ તેમના માતા-પિતાના હૃદયમાં બાળ ઘનશ્યામ પારાયણની મીઠી યાદો જડાઈ ગઈ હતી. અભુતપૂર્વ સંતોષની લાગણી સાથે સૌ બાલવીરોએ એકબીજાથી વિદાય લીધી. આ આયોજન સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી રામાનુજદાસજી આદિ સંત સમિતિ તથા હરિભક્તોએ સંભાળ્યું હતું.




શ્રી ઘનશ્યામ બાલ પારાયણ - ભુજ










નારાયણ ગ્રુપ



# ૨૦૦ કુંભની કળશયાત્રા



પાટોત્સવના એક દિવસ પૂર્વ ભવ્ય કળશયાત્રા નીકળી જેમાં, જુદા જુદા ૨૦૦ રત્નજડીત સોનેરી કળશમાં વિવિધ તીર્થજળ, પવિત્ર નદીઓનું જળ, ૧૦૮ પ્રકારની વાનસ્પતિક ઔષધીઓનું જળ હતું. ભવ્યશોભા યાત્રાનો શુભારંભ ભુજના પ્રસાદીભૂત મંદિરેથી થયો. અહીં, પ્રસાદીનો કુવો છે જેમાંથી પ્રસાદીનું જળ લઈ પ્રત્યેક કળશમાં ઉમેરવામાં આવ્યું અને ત્યારબાદ શંખનાદ, વાજીંત્રોની સૂરાવલી, બેન્ડવાજા, ભજનમંડળના ધ્વનિનાદ સાથે ગગનભેદી જયઘોષ થયો અને ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો.



આ ભવ્ય કળશયાત્રામાં ૩,૦૦૦થી વધુ હરિભક્તો જોડાયા. પુરુષ અને સ્ત્રીઓનું અલગ અલગ વૃંદ મસ્તક ઉપર કળશ ધારણ કરીને વાજીંત્રોની સૂરાવલી સાથે ભુજ નગરના રાજમાર્ગ ઉપર ધીમા ડગથી નૂતન મંદિર તરફ આગળ વધી રહ્યા હતા. કળશયાત્રામાં સૌથી પ્રથમ એક સુંદર ડ્રેસકોડમાં સજ્જ બેન્ડવાજા પાઈપ બેન્ડની સૂરાવલી રેલાવતા ચાલી રહ્યા હતા. ત્યારબાદ, એક સુંદર સજાવેલા ફ્લોટમાં શ્રીજીમહારાજની મનોહર મૂર્તિ બિરાજમાન હતી જેની સાથે સંતો ચાલી રહ્યા હતા. સૌ હરિભક્તો માથે મૂકેલો કળશ બે હાથે પકડીને જાળવીને આગળ ધપતા હતા અને ભજનની કડીઓ ગાતા હતા. આ સમયે ભુજ નગરમાં સૌની આંખમાં આજથી ૨૦૦ વર્ષ પહેલાનું ચિત્ર ખડું થઈ ગયું હતું અને સૌની આંખોના ખૂણાં અહોભાવથી ભિંજાઈ ગયા હતા.

કળશયાત્રાનું નૂતન મંદિરમાં ભવ્ય સ્વાગત થયું, ૨૦૦ કળશને વધાવવામાં આવ્યા અને શ્રી નરનારાયણ દેવ સમક્ષ પ્રત્યેક કળશને પધરાવવામાં આવ્યા. પધરાવેલા ૨૦૦ કળશનો સૌ હરિભક્તોએ દર્શનસુખનો લ્હાવો લીધો.

સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી આદિ સંતો તથા હરિભક્તો મળી વ્યવસ્થા ગોઠવી હતી.












# શ્રી ઠાકોરજીને સુવર્ણ વસ્ત્ર અર્પણ





## સુવર્ણના વસ્ત્ર તેમજ આભૂષણમાં શોભતા શ્રીહરિના દિવ્ય દર્શન

દ્વિશતાબ્દી મહોત્સવમાં દેશ-વિદેશના હરિભક્તોના હૃદયમાં ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું. શ્રી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ એટલે સૌના વહાલા આરાધ્ય દેવનો ૨૦૦મો જન્મદિવસનો અવસર હતો. દેશ-વિદેશના હરિભક્તો એક ગજબનો સંકલ્પ લઈને મહોત્સવમાં આવ્યા હતા કે, જે પ્રમાણે લોકમાં કોઈના જન્મદિવસે પ્રસંગે જતાં હોઈએ તો ખાલી હાથે ન જવાય પણ કોઈ ભેટ-સોગાદ લઈને જવાય. આ વિચાર સૌએ અહીં પણ અમલમાં મૂક્યો કે આ તો પોતાના પ્રાણપ્યારા ઈષ્ટદેવ શ્રી નરનારાયણ દેવનો ૨૦૦મો જન્મ દિવસ હતો. સૌ હરિભક્તોએ સુવર્ણના દાન મન મૂકીને કર્યા. જેના ફળ સ્વરૂપ શ્રીહરિના આયુધ, પાઘડી, બાજુબંધ, ગળાના હાર તેમજ વસ્ત્રો સઘળુ સુવર્ણ નિર્મિત હતું. સુવર્ણ વસ્ત્ર અલંકારમાં શોભતા ભગવાનના દર્શનથી સૌના હૃદયમાં શાંતિ શાંતિ પથરાઈ ગઈ.
























## વિદેશોના મંદિરના પ્રતિનિધિઓનું સન્માન

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા કચ્છના હરિભક્તો માટે યુ.કે. ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, શિશેલ્સ, યુગાન્ડા વગેરે રાષ્ટ્રોમાં મંદિરો છે, જે મંદિરોને ભુજ મંદિરથી માર્ગદર્શન મળી રહ્યું છે. જેમની સ્થાપના ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી થઈ છે. એ દરેક મંદિરોના પ્રતિનિધિઓને મહોત્સવમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તેમજ મહંત સ્વામીના વરદ હસ્તે પહેરામણી કરવામાં આવી હતી.



## લંડનમાં S.S.M.B. ભુજ મંદિર - યુ.કે.

'ભુજ મંદિર યુ.કે.' આ સંસ્થા ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી સ્થપાઈ છે અને વિદેશોના મંદિરના પ્રતિનિધિ હરિભક્તો, સંતો સાથે મળી આ સંસ્થા ચલાવે છે. આ અવસરે પધારેલ દરેક સભ્યો મહંત સ્વામીને અભિનંદનપત્ર અર્પણ કર્યો હતો અને દરેક સભ્યોને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીએ પ્રસન્નતાની પહેરામણી અર્પણ કરી હતી.

આ ભુજ મંદિરની ઈન્ટરનેશનલ સંસ્થા છે. વિદેશની ધરતી ઉપર સત્સંગ ઉત્કર્ષના કાર્ય કરવા માટે આ સંસ્થા સ્થપાઈ છે. ભુજ મંદિરના મહંત સ્વામી અને ભુજ મંદિરના ટ્રસ્ટી મંડળની સીધી દેખરેખ હેઠળ આ સંસ્થા વિદેશમાં ચાલે છે. વિદેશના હરિભક્તો સંતો સાથે રહી સંચાલન કરે છે. લંડનમાં આ સંસ્થાના પ્રમુખપદે પ.ભ. કાનજી ખીમજી જેસાણી સેવા કરી રહ્યા છે.

# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી







શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં અનેક હરિભક્તોએ તન-મન-ધનથી પોતાનું યોગદાન આપ્યું છે. સમર્પિત પ્રત્યેક હરિભક્તો ઉપર શ્રી નરનારાયણદેવે કૃપાદૃષ્ટિ વરસાવી છે પણ પૂજ્ય મહંત સ્વામીએ વિચાર્યું કે જે હરિભક્તોએ તન-મન-ધનથી સેવા કરી છે તે પ્રત્યેક હરિભક્તોને આ ભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિ રહે તો સદા મહોત્સવનું સ્મરણ રહે.

આ શુભ હેતૂથી પૂજ્ય મહંત સ્વામીએ હરિભક્તોને પહેરામણીમાં દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિભેટ આપવાનું વિચાર્યું. આ સંદર્ભે શ્રી સ્વામિનારાયણ ભગવાન નંદ સંતો સાથે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરતા હોય તેવી વિશિષ્ટ સ્મૃતિભેટ

આપવાનું નક્કી કર્યું જેથી, સૌને સદાય ઘરમાં અખંડ સ્મૃતિ રહે. આ વિચારને ચરિતાર્થ કરતા આબેહૂબ થ્રી-ડી ચિત્રો અને તેમાં શ્રીજી મહારાજ તેમજ નંદ સંતોના આબેહૂબ દર્શન થાય તેવી ફ્રેમ તૈયાર કરવામાં આવી. આ કલાત્મક ચિત્રસ્મૃતિ પૂજ્ય મહારાજશ્રી તેમજ પૂજ્ય મહંત સ્વામીના વરદ્‌હસ્તે પ્રત્યેક સમર્પિત હરિભક્તોને આપવામાં આવી.

જે હરિભક્તોને સ્મૃતિભેટ, ફૂલ-હાર તેમજ શાલ અર્પણ કરવામાં આવ્યા તેઓ આનંદમાં ગરકાવ થઈ ગયા હતા. વળી, આ પ્રસંગે એક અલગ મંચ ઉપર મહંત ફઈ સામબાઈ આદિ સાં.યો. બહેનો દ્વારા મહિલા હરિભક્તોને પણ શાલ, ચૂન્ની અને સાડી અર્પણ કરવામાં આવ્યા હતા.

હરિભક્તોને સ્મૃતિભેટ આપવાનો કાર્યક્રમ સુચારું ઢબથી સંપૂર્ણ થાય તેની સંપૂર્ણ વ્યવસ્થા સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજી આદિ સમિતિના સંતો અને ભક્તો દ્વારા થઈ હતી.







# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી










ધર્મ, જ્ઞાન, સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવથી પરીપૂર્ણ ૭ કિ.મી. લાંબી અને ૩ લાખ હરિભક્તો સાથેની

# મંગલમય ભવ્ય શોભાયાત્રા

દ્વિશતાબ્દી મહોત્સવના આજના દિવસે દેશ-વિદેશના લાખો હરિભક્તોના હૃદયમાં પ્રેમસિંધુ હિલોળા લેતો હતો. મનમાં ગજબનો ઉત્સાહ વર્તાતો હતો. આ થનગનાટ કેવળ મનુષ્યોમાં નહોતો પણ પશુ-પક્ષી તેમજ સમગ્ર વાતાવરણમાં પણ વર્તાતો હતો. આજની ભવ્ય શોભાયાત્રામાં જાણે આકાશ માર્ગે દેવતાઓ પણ સહભાગી થવા તત્પર હોય તેવું દિવ્ય, અનુપમ અને ભક્તિરસથી ભરપૂર વાયુ મંડળ રચાયું હતું. પ્રેમલક્ષણા ભક્તિથી સૌની વાસના નિર્મૂળ થઈ અને પરમસુખના અધિકારી થયા.






તા. ૨૪ એપ્રિલ ૨૦૨૩, સોમવારના રોજ, બપોરે ૧.૫૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ)થી લગભગ ૭ કિ.મી. લાંબી ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું ધજા-પતાકા સાથે પ્રસ્થાન થયું. આ ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં, આચાર્ય મહારાજશ્રી, શ્રી લાલજી મહારાજ, મહંત સ્વામી પૂજ્ય ધર્મનંદનદાસજી, ઉપમહંત પૂજ્ય ભગવદજીવનદાસ સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત વગેરે સંતો વિવિધ રથ ઉપર બિરાજમાન હત અને સાથે પગપાળા સંતમંડળ ધૂન-ભજનની આહલેક જગાવતું હતું. પટેલ ચોવીસી ગામના હરિભક્તો દ્વારા ૨૨૭થી વધુ જુદા જુદા વિષય આધારીત શણગારેલા ટેબ્લો, શણગારેલા વાહનો, હાથી, ઘોડા, નૃત્ય કરતી ઘોડી, ડી.જે., પાઈપ બેન્ડ, ૪૦થી વધુ ભજન મંડળી, સાંખ્યયોગી બહેનો, ઢોલ-નગારા, મહિલા બેન્ડ, લેઝીમ નૃત્ય, નાસિકના ઢોલ, વેદપાઠી બ્રાહ્મણોના મંત્રોચ્ચાર, વિવિધ ઓરકેસ્ટ્રાથી શોભતી નયનરમ્ય, મનોહર અને દર્શનિય શોભાયાત્રા ભુજ નગરના રાજમાર્ગ ઉપર આગળ ધપી રહી હતી.

**ટેબ્લોના શણગાર માટેની પ્રેરણા કેવી રીતે મળી ?**

ભવ્ય શોભાયાત્રા માટે સંતો અને હરિભક્તો દિવસો પૂર્વેથી સર્વપ્રકારે યોગદાન આપી રહ્યા હતા. વિવિધ કલામંડીત ટેબ્લોના નિર્માણ માટે કોઈ કલા નિર્દેશક તો નહોતા પણ પોતાના વ્હાલાસોયા શ્રી નરનારાયણદેવ અને શ્રીજીમહારાજની ભક્તિ સૌના હૃદયમાં ચરમસીમાએ હતી અને તેથી જ સૌ અતિ દર્શનિય વિવિધ ટેબ્લોનું નિર્માણ કરી શક્યા. ટેબ્લોમાં રંગોનો તાલમેલ કેવી રીતે બેસાડવો, ટેબ્લોનો શણગાર કેવો હોવો જોઈએ, ટેબ્લો ઉપર બેઠક વ્યવસ્થા કેવી હોવી જોઈએ, ઐતિહાસીક સ્થળની પ્રતિકૃતિરૂપ ટેબ્લોનું સંતુલન કેવું હોવું જોઈએ આ સઘળું કાર્ય સંતો, હરિભક્તોએ કોઠાસૂઝથી પૂર્ણ કર્યું હતું. આ કોઠાસૂઝના આગમનનો સ્રોત કેવળ અને કેવળ નિઃસ્વાર્થ ભક્તિ જ હતી.

**શોભાયાત્રાના પ્રત્યેક યાત્રીઓ માટે વિવિધ સુવિધા :**

બપોરે ૧.૩૦ કલાકે પ્રારંભ થયેલી શોભાયાત્રા ભુજ નગરની લગભગ ૮ કિ.મી. યાત્રા બાદ રાત્રે ૯.૩૦ કલાકે પોતાના ગંતવ્ય સ્થાન બદ્રિકાશ્રમ પહોંચી ત્યારે ૫૦૦ સંતો સહિત લગભગ ૩ લાખ

હરિભક્તોનો જોમ-જુસ્સો અકબંધ જ હતો. આ જોમ-જુસ્સા પાછળ ભક્તિનો કેફ તો અવશ્ય હતો જ પણ પોતાના પ્રાણ પ્યારા અલબેલા શ્રીહરિના ચરણોમાં સર્વસ્વ અર્પણ કરવાનો જુસ્સો પણ હતો. અતિ દર્શનિય શોભાયાત્રામાં ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ સંતોએ હરિભક્તો માટે સુંદર વ્યવસ્થા કરી હતી. શોભાયાત્રામાં હરિભક્તો માટે પીવાના સ્વચ્છ જળની બોટલ, તરબૂચ, વિવિધ શરબત વગેરેની ખૂબ જ ઉમદા વ્યવસ્થા જેથી, હરિભક્તોને ડિહાઈડ્રેશન ન થાય અને શરીરમાં ઊર્જાનું સ્તર જળવાય. સમગ્ર શોભાયાત્રા દરમિયાન હરિભક્તોને આપવામાં આવેલા ઠંડા કાપેલા તરબૂચ, પાણીની બોટલ તેમજ શરબતના ગ્લાસનો ક્યાંય કચરો ન થાય તે માટે સ્વચ્છતાનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, શોભાયાત્રામાં જોડાનાર સૌના આરોગ્યની જાળવણી માટે તેમજ ૭૦ નિષ્ણાત ડોક્ટરોની ટીમ, ૩ સુવિધાપૂર્ણ એરકન્ડીશન એમ્બ્યુલન્સ, ૫ તાત્કાલીક સારવાર માટેની આરામદાયક એરકન્ડીશન સુવિધાયુક્ત ગાડીઓ, ૩ ફાયર બ્રિગેડની ગાડીઓ અને ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા સાથે પોલીસ જવાનોનો કાફલો અને સ્વયંસેવકોનું મોટું દળ પણ સાથે જ હતું.

**દર્શનિય મનમોહક શોભાયાત્રાની ઝલક :**

દેશ-વિદેશના કુલ ૮૦થી વધુ સત્સંગ કેન્દ્રો દ્વારા શોભાયાત્રામાં વિવિધ કલાત્મક ટેબ્લો, શણગારેલા ગાડા, ભજનમંડળી, હાથી, ઘોડા વગેરે સાથે જોડાયા હતા. શોભાયાત્રામાં વિવિધ દર્શનીય પ્રતિકૃતિના આબેહુબ ટેબ્લો જેવા કે, રામદરબાર, શંખ, ગરુડ, હિમાલય, સંગીત સંસ્કૃતિ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, મોર, ગામના મંદિરનું ટાવર,















રથ, કૈલાસ પર્વત, કમળ, બદ્રિકાશ્રમ, તોપ-મિસાઈલ, રાજહંસ લાલ કિલ્લો, ગરુડ ઉપર બિરાજમાન શ્રીહરિ, ફાઈટર પ્લેન, કિલ્લિમંજારો ડુંગર, રુકમણિ વિવાહ, ગિટાર તેમજ બહેનો દ્વારા નિર્મિત વિવિધ ટેબ્લો જેવા કે, લાધીબાઈની ઓરડી, વૃંદાવન (ગાય સાથે શ્રીકૃષ્ણ), લોજની વાવ, આશાપુરા માતા, વહાણ, ગૌશાળા વગેરે અનેક નયનરમ્ય ટેબ્લો શોભાયાત્રાને વૈવિધ્યસભર બનાવી રહ્યા હતા.

સ્હેજ ઊંડો વિચાર કરીએ તો સંતો-હરિભક્તોની મહેનતનો આપણને ખ્યાલ આવે કે, આ પ્રકારનું ફક્ત એક ટેબ્લો બનાવવું હોય તો તેની ડિઝાઈન, મિસ્ત્રીકામ અને કલરીંગના કાર્યમાં ૫૦ થી ૬૦ દિવસ જેટલો સમય લાગે અને ઓછામાં ઓછા ૨૦ મનુષ્યોની રોજની ૫ થી ૬ કલાકની મહેનત દ્વારા આવું વૈવિધ્યસભર ગુણવત્તાયુક્ત એક ટેબ્લો તૈયાર થતું હતું. વળી, જે ગામ-નગરના હરિભક્તોએ ટેબ્લોની સેવા સ્વીકારી હતી તે સઘળા પોતાનું દૈનિક કાર્ય આટોપી રાત્રીના સમયે મોડે સુધી ટેબ્લો નિર્માણની સેવા કરતા હતા. આ શોભાયાત્રામાં લગભગ ૨૨૭ ટેબ્લો હતા. શોભાયાત્રામાં કેટલાક ટેબ્લો ૭૦ ફૂટ લાંબા, ૧૪ પહોળા અને ૧૫ ફૂટ ઊંચા હતા અને બીજા શણગારેલા વાહનો હતા તેમજ હાથી-ઘોડા વગેરે તો ખરું જ. વિચાર કરો કે, કેટલા દિવસોની મહેનત, કેટલું યોગદાન સૌ દ્વારા આપવામાં આવ્યું હશે. શોભાયાત્રાના ટેબ્લોનું નિર્માણ અને સુશોભનનો સઘળો ખર્ચ હરિભક્તોએ સ્વીકાર્યો હતો. પોતાના પ્રાણપ્યારા શ્રી નરનારાયણ દેવની પ્રસન્નતા માટે સૌએ શ્રમદાન, સમયદાન અને ધનદાનની વર્ષા કરી દીધી. સૌની મહેનત અને યોગદાનનો વિચાર કરતાં જ મસ્તક અહોભાવથી નમી જાય છે. આ ભવ્ય કાર્યક્રમની વ્યવસ્થામાં સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી દેવચરણદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી આદિ સમિતિના સંતો







































૨૦
વેકરા



















સુખપર રોહા




કેરા






43
ॐ नमः शिवाय




23






વેકરા



















રવાપર













ગોડપર








પ્રસાદીની લાકડી
સુરજબા
ધનબાઈ ફઈ આ કોઠીમાં ધાન ભરતા અને
આ કોઠીમાંથી ધાન કાઢી હરિભક્તોને જમાડતા
સુરજબા ધનબાઈ ફઈને પાંચ કોઠી




કોડકી
64


સુખપર રોહા
62
સુખપર(રોહા)


65








કુંદનપર


PUMA














LABDHI DESIGNER


















ટાંઝાનીયા
53



LABDHI DESIGNER










સુરજપર
લાભ
શુભ
કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક અને યુવતી મંડળ સુરજપર








































શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ આયોજીત

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ - ભુજ

# શોભાયાત્રા ક્રમ

## તા. ૨૪-૪-૨૦૨૩, સોમવાર

| ક્રમ | ગામ | કૃતિ-વાહનો |
|---|---|---|
| ↓ | જુનાગઢ | હાથી -૪ |
| ↓ | માંડવી | ઊંટ - ૪ |
| ↓ | પાટણ | ઘોડા પાટણ -૫ |
| 1 | મિરજાપર | DJ મ્યુઝિક |
| 2 | સામત્રા | DJ મ્યુઝિક |
| 3 | બળદિયા નિચલોવાસ | DJ ટેક્ટર ટોલી સાથે |
| ↓ | મેઘપર | નૃત્ય કરતી ઘોડી |
| 4 | સુખપર | DJ મ્યુઝિક |
| 5 | સુખપર | કિર્તન ભકિત |
| 6 | ભુજ | અજન્ટા બેન્ડ પાર્ટી |
| 7 | નારણપર | બેન્ડ પાર્ટી |
| ↓ | રામપર નવોવાસ | ૩ ઘોડા |
| 8 | મદનપુર | બદ્રીનારાયણ મંદિર |
| 9 | રામપર નવોવાસ | શંખ |
| 10 | સંસ્કારધામ ગુરુકુલ | શ્રી નરનારાયણદેવ વધામણા |
| 11 | માંડવી | નૃત્ય કરતો ઘોડો, ૨ બગી |
| 12 | માનકુવા ગુરુકુલ | નાસિક ઢોલ |
| 13 | રામપર નવોવાસ | હંસ |
| 14 | પિચાવા | ટેન્ક |
| 15 | અંજાર | ફુલનો હિંડોળો |
| 16 | સરલી | સરલી નૂતન મંદિર |
| 17 | સુરજપુર | હંસ |
| 18 | રામપર જુનોવાસ | ઝુલો રે હરિ વર ઝુલો રે |
| 19 | વેકરા | શ્યામજી કૃષ્ણવર્મા |
| 20 | વેકરા | જુનો બળદગાડી |
| 21 | સુખપર | સ્ટેચ્યુ ઓફ યુનિટી |
| 22 | સ્મૃતિ મંદિર | હિંડોળો |
| 23 | મિરજાપર | સંગીત સંસ્કૃતિ |
| 24 | બળદિયા ઉપલોવાસ | રામ દરબાર અને શંખ |
| 25 | બળદિયા નિચલોવાસ | મહાભારત રથ |
| 26 | પૂર્વ આફ્રિકા | પાઇપ બેન્ડ |
| 27 | બળદિયા નિચલોવાસ | ગરૂડ |
| 28 | દહિંસરા | હિમાલય |
| 29 | વિલસન | બેન્ડ લેઝજીયમ |
| 30 | દહિંસરા | મોર |
| 31 | સુખપર રોહા | ગામના મંદિરનું ટાવર અને સાથે સલોર |
| 32 | ગોડપર | પ્રસાદીના ખારા છેલ્લાની કૃતિ |
| 33 | માંડવી | સઢવાળુ વહાણ |
| 34 | સામત્રા | ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ |
| 35 | નરનરાયણ નગર | દાદાખાચરનો દરબાર |
| 36 | માધાપર | નરનારાયણ રથ |
| 37 | માધાપર | ઘોડી અને બળદ ગાડું |
| 38 | ઓસ્ટ્રેલિયા | પાઇપ બેન્ડ |
| 39 | સુખપર | બ્રાહ્મણો દ્વારા વેદ ઉચ્ચાર |
| 40 | ભારાસર | પ્રસાદિ મંદિર ભુજ |
| 41 | હેરો | પાઇપ બેન્ડ લેઝજીયમ |
| 42 | ભારાસર | ગીટાર |
| 43 | કોડકી | કૈલાસ પર્વત |
| 44 | મેઘપર | કમળ |
| 45 | નારાણપર નીચલોવાસ | બદ્રિકાશ્રમ |
| 46 | કોટડી | તોપ- મિસાઇલ |
| 47 | ભક્તિનગર | નરનારાયણદેવ રંગોત્સવ |
| 48 | લંગાટા | પાઇપ બેન્ડ લેઝજીયમ |
| 49 | બળદિયા નિચલોવાસ | રાજહંસ |
| 50 | કેરા | લાલ કિલ્લો |
| 51 | માનકુવા | ગરુડ ઉપર શ્રીહરિ |
| 52 | વાડાસર | ફાઇટર ફ્લાઇટ- બાળમંડળી |
| 53 | ટાન્ઝીયા | કિલિમંજારો ડુંગર |
| 54 | નારણપર ઉપલોવાસ | રૂકમણિ વિવાહ |
| **બહેનો વિભાગનું લિસ્ટ** | | |
| 55 | કન્યા વિદ્યા મંદિર-ભુજ | પાઇપ બેન્ડ એન્ડ યોગા |
| 56 | માધાપર | લાધીબાઇની ઓરડી |
| 57 | કંપાલા | નાસિક ઢોલ-બહેનો ૨૦ |
| 58 | રામપર જુનોવાસ | સત્સંગ અભ્યુદય-લક્ષ્મણભાઇનો રોટલો, ધનબાઇ ફુઇની પાંચ કોરી |
| 59 | નારાણપર નીચલોવાસ | યૂવતી મંડળની બેન્ડ-લેજીમ-૪૫ |
| 60 | પૂર્વ આફ્રિકા | ફલાઈંગ ફેન-૨૨ બહેનો |
| 61 | ભક્તિનગર | DJ મ્યુઝિક બહેનો રાસ રમશે |
| 62 | સુખપર રોહા | વૃંદાવન (ગાયો સાથે કૃષ્ણ) |
| 63 | માનકુવા | DJ મ્યુઝિક-૪૦ બહેનો રાસ |
| 64 | કોડકી | ગૌશાળા |
| 65 | મેઘપર | મહિલા ની બેન્ડ |
| 66 | મેઘપર | શંખ |
| 67 | વાડાસર | બેન્ડ વાહન ઉપર |
| 68 | રવાપર | આશાપુરામા |
| 69 | દહિંસરા | DJ સાઉન્ડ સિસ્ટમ |
| 70 | દહિંસરા | વહાણ |
| 71 | કુંદનપર | શેખશૈયા - તલવાર બાજી બહેનો |
| 72 | લંગાટા | બહેનો બેન્ડ |
| 73 | સુરજપુર | લોજની વાવ |
| 74 | કોટડી | ઢોલવાળા બહેનો |
| 75 | માંડવી | વૃંદાવન બેન્ડ |
| 76 | રામપર-નવોવાસ | મહિલા બેન્ડ |
| 77 | કન્યા વિદ્યા મંદિર, ભુજ | ઓરકેસ્ટ્રા-બેન્ડ પાર્ટી |
| 78 | નારણપર ઉપલોવાસ | DJ સાઉન્ડ-રાસ રમતા બહેનો |
| 79 | મદનપુર | લેજીમ બહેનો દ્વારા |

**નોંધ : મંડળી વાળા હરિભકતો શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજથી જોડાશે.**

**શોભાયાત્રા રૂટ : શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ થી બદ્રિકાશ્રમ**

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય કરકમલો દ્વારા પ્રતિષ્ઠિત

# શ્રી નરનારાયણદેવનો ૨૦૦મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો

## સંતો, પાર્ષદો, સાંખ્યયોગી બાઈઓ તેમજ દેશ-વિદેશના હરિભક્તોના ગગનભેદી ભક્તિનાદથી ભુજ મંદિર ગુંજી ઊઠ્યું



### "આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કિધી..."

સૌના હૃદયનો થનગનાટ આજે જાણે કે, સ્વયં સૂર્યદેવ પણ અનુભવતા હતા અને માટે જ, આજે પ્રાતઃકાળના સૂર્યોદયની કિરણોમાં ગજબનું તેજ વર્તાતું હતું. કારણ કે, ભુજ મંદિરમાં પ્રતિષ્ઠિત રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના દર્શનનો થનગનાટ આજના સૂર્યોદયની પ્રત્યેક સૂર્યકિરણમાં વર્તાતો હતો. આજે પ્રાતઃકાળથી ભુજ મંદિરમાં દેશ-વિદેશના હરિભક્તો હકડેઠઠ પાટોત્સવના દર્શનની અભિલાશા ઊભા હતા. સૌ પોતાના આરાધ્ય શ્રી નરનારાયણદેવના દર્શન કરવા થનગનતા હતા. કેટલાક ટી.વી.ના માધ્યમથી, કેટલાક મંદિરની યુ-ટ્યુબ ચેનલ દ્વારા કેટલાકના સંબંધીઓ મોબાઈલ ફોન દ્વારા લાઈવ દર્શન કરાવતા હતા, કેટલાક એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા ક્યાંક દૂર ઊભા રહીને પણ પોતાના આરાધ્ય શ્રી












નરનારાયણ દેવના પાટોત્સવનું દર્શનસુખ માણવા આતુર હતા.

પાટોત્સવ પર્વના દિવસે હરિભક્તોનો મ્હેરામણ મંદિરમાં સવારે ૪.૦૦થી જ હકડેઠઠ હતો. સવારે ૫.૦૦ મંગળા આરતી થઈ, ૫.૩૦થી ૬.૩૦ યજમાનશ્રીઓએ ઠાકોરજીનું પૂજન કર્યું અને ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી, પૂજ્ય મહંત સ્વામી તેમજ પૂજારી સંતના મંડળ દ્વારા મહાઅભિષેકનો પ્રારંભ થયો. સૌ પ્રથમ પંચામૃત દ્વારા અભિષેક થયો. પંચામૃતમાં ૨,૦૦૦ લીટર દેશી ગાયનું દૂધ, ૨,૦૦૦



લીટર દહી, ૨૦૦ કિલો દેશી ગાયનું ઘી, ૨૦૦ કિલો મધ, ૬૦૦ કિલો સાકર મિશ્રીત પંચામૃત અભિષેકના દર્શન થયા. ત્યાબાદ કેસર મિશ્રીત જળનો અભિષેક થયો અને ૨૦૦ કળશના જળનો મહાઅભિષેક થયો. મંદિરમાં ઉપસ્થિત અનેકાનેક હરિભક્તોએ ખૂબ ભક્તિભાવથી આ દેવતાઓને પણ દુર્લભ મહાઅભિષેકના દર્શન કર્યા.

મંદિરમાં પ્રતિષ્ઠિત તેજસ્વી મૂર્તિઓનું પૂજન તો સાત દિવસ પૂર્વથી જ પ્રારંભ થઈ ગયું હતું. સંતો, પાર્ષદો, હરિભક્તો દ્વારા ખૂબ ઉત્સાહથી પાટોત્સવ ઉજવવાની તૈયારી થઈ ચૂકી હતી. સાંખ્યયોગી બાઈઓ તેમજ યુવતી મંડળ દ્વારા શ્રી નરનારાયણ દેવ માટે ખૂબ જ ભક્તિભાવપૂર્વક જુદા જુદા સિંહાસન તૈયાર કરવામાં આવ્યા. જેમ કે, મોતીની કલાકારીથી તૈયાર થયેલું સિંહાસન, મોરપીચ્છની સુંદર મજાની કલાત્મક ગોઠવણીથી તૈયાર થયેલું સિંહાસન, વિવિધ શાકભાજીની ગુંથણીથી સજાવેલું સિંહાસન, વિવિધ રંગના તાજા મહેકતા ગુલાબનું સિંહાસન, વિવિધ રંગના ઋતુફળની ગુંથણી કરીને રંગોનો સુંદર તાલમેલ બેસાડી તૈયાર થયેલું ફળોનું સિંહાસન, ગાય આધારીત ખેતીથી પકવેલા ઓર્ગેનિક અનાજનું સિંહાસન, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત સાંપ્રદાયિક શાસ્ત્રોનું સિંહાસન આ પ્રમાણે વિવિધ સિંહાસનના શણગાર કરવામાં આવ્યા. જે પ્રકારે વિવિધ કલાત્મક સિંહાસનના દર્શન થયા તે જ પ્રમાણે વિવિધ વાઘાના પણ શણગાર બદલાતા હતા.

સવારે શણગાર આરતી પછી અને સંધ્યા સમયે વિદ્વાન ભૂદેવો તેમજ સંતો દ્વારા તુલસીપત્રના અભિષેક દ્વારા વિષ્ણુસહસ્રનામ, જનમંગલ પાઠ, સર્વમંગલના પાઠનું મોટે સાદે ગાન થતું. આ માટે અનેકાનેક હરિભક્તોએ તુલસીદલની સેવા કરી. સૌએ પોતપોતાના આંગણામાં આગોતરું જ તુલસીજીનું વાવેતર કર્યું હતું જેથી, આ પવિત્ર પ્રસંગે પોતાના ઘર આંગણાની તુલસી શ્રીહરિની સેવામાં અર્પણ કરી શકાય.












RONIN




































FEA









# શ્રી હરિ સમક્ષ ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ



મહાઅભિષેક પછી અન્નકૂટ પધરાવવામાં આવ્યો. જેમાં, ૨૧ પ્રકારની લાડુ મીઠાઈ, ૨૫ પ્રકારના ફરસાણ, ૩૧ પ્રકારની મીઠાઈ, ૩૧ પ્રકારની શાકભાજી, કંદમૂળ અને ફળફળાદી, ૨૫ પ્રકારની ફરાળી વાનગી, ૫૧ પ્રકારની ફરાળી મીઠાઈ, ૫૧ પ્રકારનું ભીનું ફરસાણ આમ કુલ મળીને ૨૩૫ પ્રકારની જુદી જુદી વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો. આ ભવ્ય અન્નકૂટના દર્શન સૌ હરિભક્તો કરી શકે તે માટે સાંજ સુધી આ અન્નકૂટ દર્શન માટે રાખવામાં આવ્યો. લગભગ ૩ લાખ કરતા વધુ હરિભક્તોએ આ ભવ્ય અન્નકૂટના દર્શન કર્યા.

સૌ હરિભક્તોના કલ્યાણની પ્રાર્થના કરતા સૌ સંતોએ મહાઅભિષેકનું પંચમૃત, જળ અને અન્નકૂટનો પ્રસાદનો લાભ સૌ હરિભક્તો લઈ શકે તે માટે નાની બોટલમાં પંચામૃત અને જળ પ્રત્યેક હરિભક્તોને પ્રસાદી રૂપે આપ્યું અને અન્નકૂટનો પ્રસાદ મહોત્સવ સ્થળે સૌ હરિભક્તોને પીરસવામાં આવ્યો.

અન્નકૂટ વ્યવસ્થામાં સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી પરમહંસદાસજી આદિ સમિતિના સંતો તથા હરિભક્તો સંભાળી હતી.























# વાત્સલ્ય મંડપમ્





## ધાત્રી માતાઓ માટે વાત્સલ્યમંડપમ્

ઉત્સવમાં આવનાર હજારો હરિભક્તો સાથે આવનાર નાના બાળકોને સ્તનપાન તથા નેપી બદલાવવાની સુવિધા રાખવામાં આવેલ હતી. આ સાથે દુધ બાળકો માટે ઉપયોગી ખાન-પાનની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી અને બાળકને સુવડાવવા માટે ગુડીયાં (પારણીયાં) પણ રાખવામાં આવ્યાં હતાં. અનેક બહેનોને આ વિભાગ ખૂબ જ ઉપયોગી નિવડ્યો હતો. નાના શિશુઓ માટે માટે પણ સંતોએ કેવી સરસ ઉપયોગી વ્યવસ્થા ગોઠવી છે એવો રાજીપો સૌ માતાઓએ વ્યક્ત કર્યો હતો.

















# રાજોપચાર





તા. ૨૬-૦૪-૨૦૨૩, વૈશાખ સુદ - ૬ ના શુભ દિવસે રાજોપચાર દ્વારા શ્રી નરનારાયણદેવની પૂજા કરવામાં આવી. શ્રી નરનારાયણદેવ રાજાધિરાજ છે માટે ભવ્ય રાજોપચાર વિધિનું આયોજન થયું. વિદ્વાન ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર સાથે યજમાનશ્રીઓ દ્વારા રાજોપચાર વિધિનો પ્રારંભ થયો. આ સમયે શ્રી નરનારાયણદેવ સૂકામેવાથી જડીત વાઘા શણગારમાં દેદિપ્યમાન અને અતિ દર્શનિય હતા. ૧૨૧ જુદા જુદા દ્રવ્યપદાર્થથી રાજોપચાર વિધિ વિદ્વાન ભૂદેવો દ્વારા કરવામાં આવ્યો અને સાથે સાથે, વેદશાસ્ત્ર, પુરાણ વગેરે સતશાસ્ત્રો તેમજ વિવિધ પદાર્થોથી યુક્ત છાબની યજમાનો દ્વારા ઠાકોરજીની સેવા કરવામાં આવી. આ સમયે લગભગ ૨૦૦ કિલો પુષ્પની પાંખડીઓથી મંત્રપુષ્પાંજલી અર્પણ થઈ. ત્યારબાદ સૌએ મોટા સાદે આરતીગાન કર્યું અને ઠાકોરજીના તેમજ સંતોના આશીર્વાદ લઈ દિવ્ય સત્સંગ સુખનો લાભ લીધો. ઉપરોક્ત કાર્યક્રમમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી સત્યજીવનદાસજી સમિતિના સંતો હરિભક્તોએ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.










# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









## યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









## યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









## યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









# યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી









## યજમાનશ્રીઓને પ્રસન્નતાની પહેરામણી





### ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ - અંજાર

**મહોત્સવ પ્રારંભ**
ફાગણ વદ-૧૪
તા. ૭-૪-૨૦૨૪
રવિવાર



**મહોત્સવ સમાપન**
ચૈત્ર સુદ-૫
તા. ૧૩-૪-૨૦૨૪
શનિવાર

**મૂર્તિ પ્રતિષ્ઠા :- ચૈત્ર સુદ-૩, તા. ૧૧-૪-૨૦૨૪, ગુરુવાર**

# જ્ઞાન ભક્તિસભર વિવિધ

## કીર્તન આલ્બમ તથા પુસ્તક વિમોચન

શ્રી નરનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ભુજમંદિર તરફથી ઘણા બધાં પુસ્તકો પ્રકાશન કરવામાં આવ્યાં હતાં. ભુજ મંદિરનો ભવ્ય ઈતિહાસ છે. એમની માહિતી ખૂબ જ મહેનત કરી ભેળી કરવામાં આવી અને નાના પુસ્તકનાં રૂપમાં 'ભુજ મંદિરનો ઈતિહાસ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. જેમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાથી લઈ વર્તમાન ભુજ મંદિરમાં જે જે વિકાસના કાર્યો, મહંતો, ઉત્સવો, દેશ-વિદેશના મંદિરો વગેરેની ખૂબ જ અગત્યની માહિતીઓ મૂકેલી છે. આ સંગ્રહ માટે ઈતિહાસ સમિતિની રચના કરવામાં આવેલ જેમાં સ્વામી હરિબળદાસજી અને સ્વામી નારાયણમુનિદાસજી અને સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સમિતિના સંતોએ ખૂબ જ મહેનત કરી હતી.

## શ્રી વિષ્ણુ સહસ્રનામ ભાષ્ય

ભુજમંદિરના વિદ્વાન સંત શાસ્ત્રી સ્વામી સિદ્ધેશ્વરદાસજી દ્વારા શ્રી વિષ્ણુસહસ્રના ૧૦૦૦ નામ ઉપર સંસ્કૃતમાં ભાષ્ય કરી એમના ગુજરાતી અનુવાદ સાથે બે ભાગમાં તૈયાર થયેલ એનું વિમોચન આ ઉત્સવમાં કરવામાં આવ્યું હતું. ખૂબ જ મહેનતે તૈયાર થયેલ આ ગ્રંથ આપણે જોઈએ, વાંચીએ ત્યારે ખ્યાલ આવે કે શ્રી નરનારાયણદેવના આ અંતે કેટલી મહેનત કરી આ ગ્રંથ તૈયાર કરેલ છે. પૂ. મહંત સ્વામીએ લેખકને પુષ્પમાળા પહેરાવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.


## ૮ ઉપનિષદ્ ભાષ્ય ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશન

દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી દ્વારા ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડ-માંડુક્ય, ઐતરેય, તૈત્તરીય આ આઠ ૮ ઉપનિષદોનું ગુજરાતી ભાષાંતર થયેલ છે. તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન પુસ્તિકાનું લેખન ડૉ. સ્વામી દ્વારા થયેલ છે. પૂજ્ય મહારાજશ્રી અને મહંત સ્વામી આદિ સંતોના વરદ હસ્તે ભવ્યતાથી વિમોચન કરવામાં આવ્યું હતું.






# પ્રકાશનોના વિમોચન




## કીર્તનના ૫ (પાંચ) આલ્બમ વિમોચન કરવામાં આવ્યા

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન નંદસંતોના કીર્તનોના ૫ (પાંચ) આલ્બમ તૈયાર કરવામાં આવ્યા હતા. સ્વામિનારાયણધૂન, હરિસ્મૃતિ, સહજાનંદમૂર્તિ, મહેર કરી મહારાજ, પાગલ પ્રેમ તણા આ પાંચ આલ્બમનું પૂ. આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આલ્બમ તૈયાર કરવામાં સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા સ્વામી ભજનપ્રકાશદાસજીની મહેનત હતી.

## ભુજ મંદિરનો ઇતિહાસ

દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રીનરનારાયણદેવ શ્રીજીમહારાજે પધરાવ્યા ત્યારથી માંડીને ભુજ મંદિરમાં જે જે વિકાસ સાથે ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય પ્રવૃત્તિ થઇ તેમનો ઉલ્લેખ સાથે ભુજ મંદિર ઉપર કેટલીવાર આફતો આવેલી છે. એ દરેક બાબતોનો સમાવેશ સાથે ગૌરવવંતો ભુજ મંદિરનો ઇંતિહાસનું પુસ્તક પ્રકાશન કરવામાં આવ્યો છે. જેમાં સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, તથા ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી આદિ સમિતિના સંતોએ ખૂબજ તનતોડ મહેનત કરી આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ટૂંકમાં ભુજ મંદિરની ૨૦૦ વર્ષની યાત્રાનો સારાંશ આ પુસ્તકમાં મળી શકે છે.







જ્ઞાન, મનોરંજન, ભક્તિ, સંસ્કાર અને સંસ્કૃતિનું પંચામૃતનું રસપાન

# રાત્રી યુવા સાંસ્કૃતિક કાર્યક્રમ

દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમમાં પ્રત્યેક દિવસની ક્ષણ માત્ર ભક્તિમય હતી. પણ સંધ્યા સમયમાં ભક્તિની સાથે સાથે કલા, કૌશલ્ય અને સંસ્કૃતિનો સમન્વય પણ થતો હતો. દેશ–વિદેશના લગભગ ૮૦૦થી વધુ યુવક અને યુવતીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પ્રત્યેક દર્શનાર્થીઓને રસતરબોળ કરી દીધા હતા.

દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમમાં દૈનિક લગભગ ૨૫,૦૦૦થી વધુ હરિભક્તો સાંસ્કૃતિક કાર્યક્રમના નિર્દોષ અને નિર્મળ મનોરંજનનો આનંદ માણતા હતા. ૧૦૦ x ૫૦ ફૂટના વિશાળ સ્ટેજ ઉપર આધુનિક રંગબેરંગી લાઈટો તેમજ સાઉન્ડ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશાળ મંચની પિછવાઈ (બેકડ્રોપ) પણ એલ.ઈ.ડી. સ્ક્રીનથી સજ્જ હતી. પિછવાઈની વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન ઉપર પ્રત્યેક કાર્યક્રમ અનુસાર દૃશ્ય રજૂ થતાં હતા, શણગાર રજૂ થતા અને વાતાવરણ એકદમ ઊર્જાવાન બની જતું હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનસાગરનો છેલ્લે બેઠેલો હરિભક્ત પણ કાર્યક્રમનો આનંદ લઈ શકે તે માટે ખુરશીની બેઠક વ્યવસ્થા હતી અને ૨૪ ફૂટના કુલ ૮ એલ.ઈ.ડી. સ્ક્રીન જુદા જુદા અંતરે ગોઠવવામાં આવી હતી અને તે જ પ્રમાણે જ સાઉન્ડ સીસ્ટમ ગોઠવવામાં આવી હતી.

**1** Date 18-4-2023

યુવા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૌશલ્યસભર કાર્યક્રમની રજૂઆત માટે યુવક–યુવતીઓ લગભગ બે મહિના પૂર્વથી જ રોજના ૬–૭ કલાકની મહેનત કરતા હતા. નિષ્ણાત કલાકારો દ્વારા યુવક–યુવતીઓને તાલીમ આપવામાં આવી હતી જેથી, પ્રત્યેક યુવા કલાકાર એક પીઢ અને કસાયેલા કલાકારની જેમ કલાની રજૂઆત કરી શકતો હતો.

બદ્રિકાશ્રમમાં સાંજે ૮.૦૦ થી રાત્રે ૧૦.૩૦ સુધી યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થતો હતો. પ્રથમ દિવસે સાંજે ફક્ત યુવતીઓ દ્વારા ખુલ્લા મંચ ઉપર પૂજ્ય મહંત સામબાઈ ફઈ તેમજ સાંખ્યયોગી બાઈઓની ઉપસ્થિતિમાં 'નારાયણી સંસ્કૃતિ દર્શન' કાર્યક્રમ રજૂ થયો. જેમાં, લંડન, ઓસ્ટ્રેલિયા, નૈરોબી, ભુજ, મીરજાપર, પીચાવા–માંડવી વગેરે સત્સંગ કેન્દ્રોની યુવતીઓએ જુદી જુદી થીમ ઉપર લોકનૃત્ય, બેડાનૃત્ય, પ્રવચન, રૂપક અને





મહિલા મંચ



યોગા દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પ્રત્યેક સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભક્તિ અને સંસ્કૃતિનું ઉમદા દર્શન થતું હતું.

તા. ૧૯-૪-૨૦૨૩ થી ૨૫-૪-૨૦૨૩ સુધી સંધ્યા સમયે કેવળ યુવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થતાં હતા. આ સમયે સંતમંડળ ઉપસ્થિત રહેતું. યુ.કે., ઓસ્ટ્રેલિયા, આફ્રિકાના વિવિધ દેશોના યુવકો તેમજ કચ્છ પ્રદેશના જુદા જુદા શહેરોના સત્સંગી યુવકો દ્વારા અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં યુવકો દ્વારા અનુક્રમે નૃત્ય, રૂપક, હાસ્ય કાર્યક્રમ, લોક ડાયરો, મોટીવેશનલ સ્પીચ, કિર્તનગાન, મહારાસોત્સવ વગેરે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયા હતા.





ભુજ મંદિરના પૂજ્ય મહંત ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ અને સંતોની અથાક મહેનત કારણે પ્રત્યેક કાર્યક્રમની વિષયવસ્તુ ઉમદાશૈલીમાં રજૂ થઈ. અહીં, ગણેશ પ્રાર્થના, શ્રી હનુમાન વંદના, શ્રીનરનારાયણ દેવ વંદના, પર્યાવરણ, દેશભક્તિ, મહાભારતની કથાઓ, અઢાર પરમહંસ, કૃષ્ણલીલા, રાધાકૃષ્ણ, સંત બલિહારી, ઉત્સવગીત, ધર્મકુળ મહિમા, સંસ્કારની મહત્તા, ઉત્સવગીત, સ્વાગતગીત વગેરે વિષયો પસંદ કરવામાં આવ્યા હતા.



પ્રત્યેક કાર્યક્રમના અંતે, સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂકર્તા યુવક-યુવતીઓ અને હરિભક્તોનો એક સૂર હતો કે, અમે જ્ઞાન, મનોરંજન, ભક્તિ, સંસ્કાર અને સંસ્કૃતિ એમ પંચામૃતનું રસપાન કર્યું. કાર્યક્રમ ગોઠવણી સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી તથા સમિતિના સંતો-ભક્તોએ કરેલ હતી.






























































# 2

Date
19-4-2023



















॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥
श्री नरनारायण देव द्विशताब्दी महोत्सव-भुज















**3**

**Date 20-4-2023**




























































4
Date
21-4-2023




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥







































श्री नरनारायण देव द्विशताब्दी महोत्सव-भुज
5
Date
22-4-2023


































6
Date
23-4-2023












































# વડીલો માટે ગાડી (ગોલ્ફ કાર)












# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
# શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં બિરાજતા ભરત ખંડના રાજા ધિરાજ બદરીપતિ શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં અને સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સદ્‌ગુરુ પાર્ષદ જાદવજી ભગત અને વડીલ સંતોની આજ્ઞા અને આશિર્વાદથી ભુજ-માંડવી હાઈવે રોડ ઉપર શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમનું નિર્માણ કરવામાં આવેલ છે. કચ્છના સત્સંગના વડીલો અને વૃદ્ધો માટે ઉત્તમ શુશ્રૂષા કેન્દ્ર, ખાસ કરીને જે વૃદ્ધોના સંતાનો રોજગાર ધંધાર્થે વિદેશમાં રહે છે કે કચ્છ બહાર રહે છે એવા સંતાનોને પોતાના મા બાપની ચિંતા સતત સતાવતી હોય છે. આ સેવા આશ્રમમાં તમામ પ્રકારની સુવિધાઓ એવા વડિલો માટે ઉપયોગી થશે. એકાકી જીવન ગાળતા વૃદ્ધો અને વડીલોને આશીર્વાદરૂપ થશે.



આ સેવા આશ્રમમાં ૫૦ રૂમનું નિર્માણ કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં ૫૦ રૂમનું નિર્માણ થઈ શકે તેવી વ્યવસ્થા પણ છે. આ સેવા આશ્રમમાં રહેનાર વડીલો માટે મંદિર, હોસ્પિટલ, હેલ્થ સેન્ટર, જીમ, પુસ્તકાલય, ભોજનાલય, ગાર્ડન, ભજન-કીર્તન તથા ધાર્મિક કાર્યક્રમો નિહાળી શકે તેઓ અંડરગ્રાઉન્ડ થિયેટર વગેરેની સુવિધા છે. ૬ એકર જેટલી વિશાળ જગ્યામાં વૃક્ષો બગીચાઓ આદિથી પ્રદૂષણ મુકત વાતાવરણ છે.

તારીખ ૨૨-૦૪-૨૦૨૩ ના રોજ બપોર પછી ૬:૦૦ વાગ્યે પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. મોટા મહારાજ, પૂ. મહંત સ્વામી તેમજ આર.એસ.એસ.ના વડા માન. શ્રી મોહન ભાગવતજી દ્વારા એમનો આ સેવા આશ્રમ નિર્માણમાં મોટો ભાળો છે એવા પ.ભ. શ્રી સુમિત્રાબેન પરબત હાલારીયાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.










શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ






શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત
શ્રી સ્વામિનારાયણ સેવાઆશ્રમ













**શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં સાત દિવસનો નિઃશુલ્ક આયુર્વેદ તથા હોમિયોપેથિ કેમ્પ**

# ઋષિ-મુનિઓ દ્વારા પ્રમાણિત આયુર્વેદ પદ્ધતિ દ્વારા હઠિલા રોગોની સારવાર

**દ્વિશતાબ્દી મહોત્સવ કેવળ આનંદ-ઉત્સવ અને ઉલ્લાસનું જ સ્થાન નહોતું પણ અહીં મનુષ્યના સર્વાંગી સુખની કલ્પના કરવામાં આવી હતી. જેથી અહીં, વિદ્વાન અને અનુભવી વૈદ્યરાજ દ્વારા અનેક દર્દીઓના હઠીલા રોગનું નિદાન-ઉપચાર અને સારવાર કરવામાં આવી હતી.**

આયુર્વેદ એ કેવળ ઉપચારનું માધ્યમ નથી પણ તેમાં પવિત્રતા અને સંતુલન સમાયેલું છે અને માટે જ મનુષ્યના સુખનું કારણ બને છે. ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન હેઠળ બદ્રિકાશ્રમ સ્થળે સમગ્ર મહોત્સવ દરમિયાન ૭ દિવસના આયુર્વેદ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. અનેક હરિભક્તો હઠીલા દર્દોથી પીડાતા હોય છે અને સારવાર માટે અનેક જગ્યાએ દોડધામ કરતા હોય છે. આ વાત ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીના ધ્યાને આવી હતી જેથી, આયુર્વેદ કેમ્પ માટે દ્વિશતાબ્દી મહોત્સવનું સ્થળ પસંદ કરવામાં આવ્યું જેથી, દેશ-વિદેશના અનેક હરિભક્તો આ ચિકિત્સા પદ્ધતિનો લાભ લઈ શકે.

અહીં, નિદાન, ઉપચાર અને સારવાર સંપૂર્ણ નિઃશુલ્ક હતું. સપ્તદિવસયી આ મેગામેડીકલ કેમ્પમાં નિત્ય સવારે ૮.૦૦થી ૧૨.૦૦ વૈદ્યરાજ અને હોમિયોપેથિક ડોક્ટરો ઉપસ્થિત રહેતા. અહીં, આવનાર પ્રત્યેક દર્દીઓની ખૂબ જ શાંતિથી અને ઝીણવટભરી તપાસ થતી. દર્દીઓની તપાસના અંતે જે નિદાન થાય તે મુજબ અહીંથી જ દર્દીઓને દવાઓ આપવામાં આવતી. દર્દીઓને દવા માટે ક્યાંય જવું ન પડે, કોઈપણ પ્રકારનો ખર્ચ ન કરવો પડે તે માટે અહીં વિશાળ ઔષધાલય બનાવવામાં આવ્યું હતું. આ ઔષધાલયમાં પ્રત્યેક પ્રકારની જડીબુટ્ટી તેમજ હોમિયોપેથી દવાઓ ઉપલબ્ધ હતી. અહીં ચિકિત્સા, ઉપચાર કે સારવાર માટે કોઈપણ દર્દીને નિરાશ નહોતા કરવામાં આવતા.

કુલ ૨૪ આયુર્વેદિક ડોક્ટરો તેમજ હોમિયોપેથી ડોક્ટરો દ્વારા લગભગ ૬,૦૦૦ કરતાં પણ વધુ દર્દીઓની અહીં સફળ સારવાર થઈ હતી. ક્ષારસૂત્ર દ્વારા હરસ-મસાની સફળ સારવાર થઈ, સ્ત્રીરોગ નિષ્ણાતો દ્વારા અનેક માતાઓ-બહેનોની સફળ સારવાર થઈ. સાંધાના દુઃખાવા, ગેસની સમસ્યા, શરીરમાં બેચેની, સતત થાક લાગવો, શરીરમાં જુદી જુદી જગ્યાએ અકળ દુઃખાવા, કબજીયાત, ભૂખ ન લાગવી, એસીડીટી, આંખની નબળાઈ, ચર્મરોગ, માથાના વાળ ઉતરવાની સમસ્યા, પેટના વિવિધ રોગ, ઢીંચણના દુઃખાવા વગેરે પ્રત્યેક રોગની નિઃશુલ્ક સારવાર થઈ.

અહીંના ઔષધલાયમાં ટેબલેટ, ગુટીવટી, ચૂર્ણ, જુદા જુદા મલમ, જડીબુટીથી તૈયાર કરવામાં આવેલ તેલ ઉપલબ્ધ હતા. તદ્ઉપરાંત, મહાયોગરાજ ગુગળ, લઘુમાલિની વસંત, આરોગ્યવર્ધીની, લક્ષ્મીવિલાસ રસ, સિતોપલાદી ચૂર્ણ,

મહારસનાદિકવાથ, મહાનારાયણ તેલ, જાત્યાદિ મલમ વગેરે અનેકવિધ ઉપયોગી ઔષધીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આ કેમ્પમાં દર્દી શરીરની બિમારી રજૂ કરે પછી નિદાન, ઉપચાર અને સારવારનો પ્રત્યેક ખર્ચ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉપાડવામાં આવતો હતો, દર્દીએ કોઈપણ ખર્ચ કરવાનો નહોતો રહેતો. અનેક લાભાર્થી હરિભક્તોનું કહેવું હતું કે, અહીં શ્રીનરનારાયણદેવ, ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ સંતોના આશીર્વાદ ભળેલા હોવાથી બિમારીથી મુક્ત થવાની શક્યતા ઘણી વધી ગઈ હતી.

શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા ડૉ. સુનિલ નાકરાણી આદિ ડૉ. તથા વૈદ્યોએ સ્વયંસેવકો સાથે રહી વ્યવસ્થા સંભાળી હતી.

## સાત દિવસનો આયુર્વેદિક અને હોમિયોપેથિક કેમ્પ

- જો કોઈને આયુર્વેદિક ચિકિત્સાની આવશ્યકતા હોય તો તેમના માટે આયુર્વેદિક કેમ્પ પણ ઉપલબ્ધ હતો.
- આયુર્વેદિક કેમ્પમાં કુલ ૨૦ જેટલા નિષ્ણાત વૈદ્યરાજ દ્વારા ચિકિત્સા-સારવાર થતી.
- જૂના હઠીલા દર્દોથી પીડાતા હોય, બિમારીનું નિદાન ન થતું હોય, પાચનની સમસ્યા હોય, જૂનો કબજીયાત હોય, શરીર સતત ગરમ રહેતું હોય વગેરે અનેક ફરિયાદોની અહીં ચિકિત્સા થતી અને સારવાર પણ થતી.
- આયુર્વેદિક સારવાર પણ તદન નિઃશુલ્ક હતી. જેનો લાભ છ હજારથી વધુ હરિભક્તોએ લીધો હતો. અને ઓપરેશનો મંદિર તરફથી કરવામાં આવ્યા છે અને આવી રહ્યાં છે.

















આયુર્વેદિક સારવાર કેમ્પ
FIRST AID
તારીખ


















# સર્વગ્રાહી આરોગ્ય વ્યવસ્થા
# તાત્કાલિક આરોગ્ય સેવા કેન્દ્ર

स्वस्य स्वास्थ्य रक्षणं परमं सुखं । કોઈપણ મનુષ્યને આરોગ્યનું રક્ષણ મળે ત્યારે જ તે કોઈપણ સુખને માણી શકે છે અન્યથા તેના માટે બધું જ વ્યર્થ જાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને દ્વિશતાબ્દી મહોત્સવમાં તાત્કાલીક સારવાર તેમજ ગંભીર બિમારી માટે અનુકૂળ સારવારની વ્યવસ્થા ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવી હતી.



## દ્વિશતાબ્દી મહોત્સવમાં :

- ૪૦ નિષ્ણાત ડોકટોર્સની ટીમ સતત સેવા આપી રહી હતી.
- નાની-મોટી બિમારી જેમ કે, કોઈ પડી જાય અને છોલાઈ જાય તો પાટાપીંડી, શરીર પર નાનો-મોટો ચીરો પડે તો તે માટે સારવાર, તાવ આવવો, પેટમાં દુઃખવું વગેરે ફરિયાદના નિકાલ માટે યોગ્ય દવાઓનો જથ્થો તેમજ સાધન-સુવિધા ઉપલબ્ધ હતી.





- ૯ બેડની સાધન-સુવિધાયુક્ત હોસ્પિટલ હતી. આ હોસ્પિટલમાં આઈ.સી.યુ., ઈ.સી.જી., બ્લડપ્રેશર આદિની સુવિધા પણ હતી. સાથે સાથે ૩ નિષ્ણાત ડોક્ટરોની પેનલ ૨૪ કલાક ખડેપગે શીફ્ટ અનુસાર સેવા આપતી હતી.
- જો કોઈ નાની સર્જરી હોય તો હોસ્પિટલમાં જ કરવામાં આવતી પણ જો કોઈને વિશેષ સારવારની આવશ્યકતા પડે તો ભુજમાં જ કેટલીક મલ્ટીસ્પેશ્યલ હોસ્પિટલ સાથે સંકલન કરીને દરદીને ત્યાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ૧૫૦ જેટલા ફસ્ટ એડ તાલિમબદ્ધ યુવાનો-યુવતીઓ જે યુ.કે., ઓસ્ટ્રેલિયા, કેન્યાથી આવેલ, એ જોડાયા હતા અને દરેક વિભાગોમાં આ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.
- જે મનુષ્યને મલ્ટીસ્પેશ્યલ હોસ્પિટલમાં ખસેડવામાંની આવશ્યકતા ઊભી થાય તેમની તમામ પ્રકારની સારવારનો ખર્ચનો નિભાવ ભુજ મંદિર દ્વારા જ થતો.
- દ્વિશતાબ્દી મહોત્સવમાં ખાસ ઓર્થોપેડીક ડોક્ટરની ટીમ પણ ઉપસ્થિત રહેતી.
- કોરોનાની સાવધાની પણ ચૂસ્તપણે રાખવામાં આવી હતી. અહીં, માસ્ક, રેપીડ ટેસ્ટ, ઓક્સીજ આપવાની સારવાર વગેરે પ્રત્યેક સુવિધા ભુજ મંદિર દ્વારા આપવામાં આવે તેવી વ્યવસ્થા હતી.
- ૪ અત્યાધુનિક એમ્બ્યુલન્સ મહોત્સવ સ્થળે જ રાખવામાં આવેલ હતી. કોઈપણ તાત્કાલીક સારવાર માટે એમ્બ્યુલન્સ ત્વરીત ઝડપે પહોંચી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.
- અત્રે ઉલ્લેખનિય છે કે, દ્વિશતાબ્દી મહોત્સવમાં ઓ.પી.ડી. માટે રોજના ૧,૭૦૦ જેટલા મુલાકાતીઓ આવતા અને એમની નાની-મોટી સારવાર કરવામાં આવી હતી.











## બ્લડ ડોનેશન





# ૯ દિવસ ઠાકોરજીના સિંહાસનનાં શણગાર



મંદિરમાં પ્રતિષ્ઠિત તેજસ્વી મૂર્તિઓનું પૂજન તો સાત દિવસ પૂર્વથી જ પ્રારંભ થઈ ગયું હતું. સંતો, પાર્ષદો, હરિભક્તો દ્વારા ખૂબ ઉત્સાહથી પાટોત્સવ ઉજવવાની તૈયારી થઈ ચૂકી હતી. સાંખ્યયોગી બાઈઓ તેમજ યુવતી મંડળ દ્વારા શ્રી નરનારાયણ દેવ માટે ખૂબ જ ભક્તિભાવપૂર્વક જુદા જુદા સિંહાસન તૈયાર કરવામાં આવ્યા. જેમ કે, મોતીની કલાકારીથી તૈયાર થયેલું સિંહાસન, મોરપીચ્છની સુંદર મજાની કલાત્મક ગોઠવણીથી તૈયાર થયેલું સિંહાસન, વિવિધ શાકભાજીની ગુંથણીથી સજાવેલું સિંહાસન, વિવિધ રંગના તાજા મહેકતા ગુલાબનું સિંહાસન, વિવિધ રંગના ઋતુફળની ગુંથણી કરીને રંગોનો સુંદર તાલમેલ બેસાડી તૈયાર થયેલું ફળોનું સિંહાસન, ગાય આધારીત ખેતીથી પકવેલા ઓર્ગેનિક અનાજનું સિંહાસન, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યથી યુક્ત સાંપ્રદાયિક શાસ્ત્રોનું સિંહાસન આ પ્રમાણે વિવિધ સિંહાસનના શણગાર કરવામાં આવ્યા. જે પ્રકારે વિવિધ કલાત્મક સિંહાસનના દર્શન થયા તે જ પ્રમાણે વિવિધ વાઘાના પણ શણગાર બદલાતા હતા.






# ગાય આધારિત ખેતી દ્વારા તૈયાર થયેલ ધાન્યથી સિંહાસનનાં શણગાર






## તા.૧૯-૪-૨૦૨૩, વિવિધ ફળો દ્વારા સિંહાસના સણગાર



## તા.૨૦-૪-૨૦૨૩, વિવિધ ફુલો દ્વારા સિંહાસના સણગાર



## તા.૨૧-૪-૨૦૨૩, વિવિધ શાકભાજી દ્વારા સિંહાસના સણગાર





## તા.૨૨-૪-૨૦૨૩, મયુર પીછ દ્વારા સિંહાસના સણગાર





## તા.૨૩-૪-૨૦૨૩, સનાતનધર્મ, સામ્પ્રદાયિક સાહિત્યના દર્શન







## તા.૨૪-૪-૨૦૨૩, સુકામેવા દ્વારા સિંહાસના સણગાર







## તા.૨૫-૪-૨૦૨૩, ઠાકોરજી આગળ વિવિધ પકવાનોના થાળ





## તા.૨૬-૪-૨૦૨૩, ઠાકોરજીના સુકામેવા વાઘાના દર્શન










# સાધન-સુવિધાથી સજ્જ ભોજનશાળા

અહીંની ભોજન વ્યવસ્થાની સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે સૌથી પહેલા ભોજન કરનાર હરિભક્તને જે વાનગીઓ મળતી તે જ વાનગીઓ અને તાજગી સૌથી છેલ્લે ભોજન ગ્રહણ કરતા તેમને મળતી. એટલે કે, ભોજનની પ્રત્યેક વાનગી કોઈના પણ માટે ખૂટે નહીં તેની અહીં ખૂબ કાળજી લેવામાં આવી હતી.

- સમગ્ર મહોત્સવ દરમિયાન કુલ ૨૯,૦૦,૦૦૦ લાખ (ઓગણત્રીસ લાખ)થી વધુ હરિભક્તોએ ભોજન ગ્રહણ કર્યું હતું. જે કચ્છ પ્રદેશની કુલ જનસંખ્યા કરતા પણ મોટો આંકડો છે.
- દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન રોજના ૨,૫૦,૦૦૦ (અઢી લાખ)થી વધુ હરિભક્તો ભોજન ગ્રહણ કરતા હતા.
- મોકળાશથી સૌ ભોજન કરી શકે તે માટે કુલ ૧૧ વિશાળ ડોમ અને ૬૫ ખંડો બાંધવામાં આવ્યા હતા જેથી, અહીં હરિભક્તો સ્હેજ પણ ધક્કામુક્કી વિના નિરાંતે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન માણી શકતા હતા.
- હરિભક્તોને સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રીનું ભોજન એમ ત્રણેય સમય સ્વાદિષ્ટ ભોજન વાનગી પીરસવામાં આવતી હતી. જે હરિભક્તો ભોજનશાળા સુધી પહોંચી શકે તેમ ન હોય તેમને તેમના ઉતારામાં પણ ભોજન પહોંચાડવાની વ્યવસ્થા હતી.
- હરિભક્તોને અહીં પરંપરાગત રીતે પંક્તિબદ્ધ બેસાડીને ભોજન પીરસવામાં આવતું હતું. જે હરિભક્તો પલાંઠીવાળીને બેસી ન શકતા હોય તેમના માટે ટેબલ-ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ભોજનશાળામાં ૭ સંતો અને કુલ ૪,૫૦૦થી વધુ બહેનો તેમજ પુરુષ હરિભક્તો ખડેપગે દિવસ-રાત સેવા અર્પણ કરતા હતા.








આટલા વિશાળ આયોજનમાં સૌથી મોટો પડકાર ભોજનશાળામાં પધારેલા હરિભક્તોને પીરસવાનો હતો અને પ્રત્યેક કાઉન્ટર પર ભોજનની વાનગીઓ જ્યારે ખૂટી પડે ત્યારે પાકશાળામાંથી તે ભોજન લાવી કાઉન્ટર ઉપર ભોજનની પૂર્તિ કરવી. આ કાર્ય તદ્દન સમયસર પૂર્ણ થાય તો જ વ્યવસ્થા જળવાય. વોકીટોકીથી સજ્જ સ્વયંસેવકોએ આ પડકાર ખૂબ જ ઉત્સાહપૂર્વક ઝીલી લીધો અને ક્યાંય કોઈ કચાશ ન રહેવા દીધી.


- પર્યાવરણની જાળવણીનું ખૂબ જ કાળજીપૂર્વક અમલીકરણ થાય તે માટે પૂજ્ય મહંત સ્વામીએ ખાસ સૂચના આપી હતી કે આપણે પતરાળવીમાં ભોજન પીરસીશું. આજથી ૩૫ વર્ષ પૂર્વે સૌ પતરાળવીમાં ભોજન કરતા હતા કોઈને સમસ્યા નહોતી નડતી અને સ્વચ્છતા પણ જળવાતી હતી. અહીં, રોજના ૧ ટન પતરાળાનો (પતરાળા એટલે સૂકા પાંદડામાંથી બનેલી ભોજન માટેની ડીશ, વાટકી અને ગ્લાસ) વપરાશ થતો હતો. આ પ્રત્યેક પતરાળવાને રીસાઈક્લીંગ કરી તેનો ખાતર માટે વપરાશ થાય તેની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- અહીં ખૂબ જ મોટી સંખ્યામાં પતરાળવાની આવશ્યકતા હતી માટે સંતો કટક ક્ષેત્ર પહોંચ્યા અને ત્યાં કારીગરોને આ ઉમદા કાર્ય માટે જણાવ્યું અને સૌ ઉત્સાહપૂર્વક જોડાઈ ગયા. સંતોએ કારીગરો સાથે બેસીને પતરાળવાને આજના સમયમાં સુયોગ્ય ઢબે નિર્માણ કરવા માટે આયોજન જણાવ્યું અને સૌ કારીગરોએ ડીશ, વાટકી અને ગ્લાસના રૂપમાં પતરાળવાનું ઉત્પાદન કર્યું.
- મહોત્સવમાં રોટલી, દાળ, ભાત, શાકની સાથે નિત્ય જુદી જુદી મીઠાઈ તેમજ ફરસાણનો રસથાળ પીરસવામાં આવતો હતો. ભોજન ગ્રહણ કર્યા પછી હરિભક્તો છાશ પીને હાશકારો અનુભવતા હતા. અનેક મનુષ્યોને ભોજન બાદ મુખવાસ ખાવાની ઈચ્છા હોય છે તે વાતને ધ્યાને લઈને અહીં ભોજન પછી પ્રત્યેક હરિભક્તોને મુખવાસ આપવામાં આવતો હતો.
- પાકશાળામાં સેવા કરતા રસોઈયાઓ સ્વચ્છતા માટે ખૂબ જ જાગૃત રહેતા. તેઓ માથે ખાસ પ્રકારની કેપ પહેરતા, હાથમાં મોજા તેમજ એપ્રન બાંધી રસોઈ બનાવતા. આ પ્રમાણે સ્વચ્છતાની સર્વપ્રકારે કાળજી લઈને રસોઈ બનાવવાનું કાર્ય થતું હતું.
- તૈયાર થયેલી ગરમાગરમ રસોઈ ઝડપથી ભોજનખંડમાં પહોંચી શકે તે માટે ઓટોમેટીક મશીનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. છાશનો માટે ખાસ પાઈપલાઈન ગોઠવવામાં આવી હતી.
- નર્મદાના પાણીને પાઈપલાઈન દ્વારા મહોત્સવ સ્થળ સુધી પહોંચડાવામાં આવતું અને જેથી, હરિભક્તો સ્વચ્છ પાણી પી શકે.
- રોજના ૨,૫૦,૦૦૦ કરતા વધુ હરિભક્તો અહીં ભોજન ગ્રહણ કરતા પણ તેમ છતાં ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપૂર્ણ કાર્ય સંપન્ન થયું. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સમિતિના સંતો-હરિભક્તો સાથે રહી સંપન્ન કર્યું હતું.








































































# ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થાથી હરિભક્તોને નિરાંત

**૨૨૨ એકરના વિશાળ બદ્રિકાશ્રમ દ્વિશતાબ્દી મહોત્સવમાં સુરક્ષા વ્યવસ્થાને ખૂબ જ ચૂસ્ત રાખવામાં આવી હતી. અહીં પધારનાર પ્રત્યેક સંતો તેમજ હરિભક્તોને સર્વ પ્રકારે સુરક્ષિત હોવાની અનુભૂતિ થતી.**

- દ્વિશતાબ્દી મહોત્સવમાં જુદા જુદા સ્થળે ૨૫૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા. સમગ્ર મહોત્સવ સ્થળ દિવસ-રાત સીસીટીવીના નિરીક્ષણ હેઠળ રહેતું હતું.
- સુરક્ષા વ્યવસ્થામાં કુલ ૧,૯૦૦ સ્વયંસેવકો વોકીટોકી તેમજ અદ્યતન સંદેશા ઉપકરણોથી યુક્ત હતા.
- મહોત્સવ સ્થળની સુરક્ષા વ્યવસ્થા ઉપર ચાંપતી નજર રાખવા માટે સુરક્ષાકર્મીઓની કુલ ૮ ઓફિસ હતી. આ બધી જ ઓફિસમાં ૮ ટીવી સ્ક્રીન મૂકવામાં આવી હતી જેમાં સ્વયંસેવકો અપલક નયને નજર રાખી રહ્યા હતા.
- આ ઉપરાંત, સમગ્ર નગરમાં વોકીટોકી સાથે સુરક્ષા સંબંધિત સ્વયંસેવકો સતત જુદી જુદી જગ્યાએ તપાસ કરતા રહેતા હતા.
- ૩ અદ્યતન ડ્રોન દ્વારા આકાશમાંથી પણ મહોત્સવના પ્રત્યેક સ્થળનું બારીક સર્વેલન્સ કરવામાં આવતું.
- નિત્ય સવારે અને રાત્રે સુરક્ષા વ્યવસ્થા વિભાગની મિટીંગ થતી અને તે અનુસાર સૌની યોગ્ય જગ્યાએ નિમણૂંક થતી હતી.
- દ્વિશતાબ્દી મહોત્સવમાં પોલીસ વિભાગનો પણ ખૂબ જ સહયોગ હતો. અહીં, પોલીસ જવાન પણ સતત ચૂસ્ત બંદોબંસ્તમાં વ્યસ્ત રહ્યા. બદ્રિકાશ્રમમાં સતત પોલીસવાનનું પેટ્રોલીંગ રહેતું, રાત્રે ઘોડા પોલીસ સતત ફરતી રહેતી. આ ઉપરાંત ઊચ્ચ પોલીસ અધિકારીઓ દ્વિશતાબ્દી મહોત્સવમાં સીક્યુરીટીની તપાસ માટે પધારતા અને જુદા જુદા પોલીસ અધિકારીઓ સાથે મિટીંગ કરી સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા.
- અગ્નિ ભયને નિવારવા ૩ અગ્નિશામક ગાડીઓ અદ્યતન સુવિધાઓ સાથે હાજર રહેતી. મહોત્સવ સ્થળે ક્યાંય પણ મુશ્કેલી ઊભી થાય તો તે ગણતરીની મિનીટોમાં કાબૂમાં લઈ શકાય તેવી વ્યૂહરચના હતી.
- દિવસ અને રાતની સુરક્ષા વ્યવસ્થાની વ્યૂહરચના જુદી જુદી રહેતી હતી.
- મહોત્સવમાં પધારનાર પ્રત્યેક બાળકોના કાંડે એક સેફટીબેલ્ટ બાંધવામાં આવતો. જો બાળક પોતાના માતા-પિતાથી વિખૂટું પડી જાય અથવા ક્યાંક ભૂલું પડી જાય તો આ સેફટીબેલ્ટની મદદથી તેનો તરત જ સંપર્ક કરી શકાતો હતો.
- એક સાથે અનેક હરિભક્તોને સૂચના આપવા તથા ચેતવણી આપવાની આવશ્યકતા રહે તો મહોત્સવમાં જુદા જુદા સ્થળે એનાઉન્સમેન્ટ કેબીન પણ બનાવવામાં આવી હતી.

અદ્યતન ઉપકરણો, તાલીમબદ્ધ સ્વયંસેવકો, પોલીસ જવાન, ઘોડેસ્વાર પોલીસનું દળ તેમજ ઊચ્ચ પોલીસ અધિકારીશ્રીઓના સંકલન સાથે દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ સંપૂર્ણ સુરક્ષિત હતું. જેથી, હરિભક્તો નિરાંતે મહોત્સવનો આનંદ માણી શકતા હતા. આ વ્યવસ્થા સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી દેવચરણદાસજી આદિ સમિતિના સંતો-ભક્તોએ સંભાળી હતી.


















## બાળકોની ઓળખ પટ્ટી







મહોત્સવમાં પધારનાર પ્રત્યેક બાળકોના કાંડે એક સેફટીબેલ્ટ બાંધવામાં આવતો. જો બાળક પોતાના માતા-પિતાથી વિખૂટું પડી જાય અથવા ક્યાંક ભૂલું પડી જાય તો આ સેફટીબેલ્ટની મદદથી તેનો તરત જ સંપર્ક કરી શકાતો હતો.



# ફ્રૂટડીશ તેમજ શેરડીના રસની અદ્‌ભુત સેવા

**૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) કિલો તરબૂચ,**
**૨,૭૦,૦૦૦ (બે લાખ સિત્તેર હજાર) કિલો શેરડી અને**
**૧,૦૦,૦૦૦ (એક લાખ) કિલો સક્કરટેટીનો ઉપયોગ થયો.**

શ્રી નરનારાયણદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરવા દેશ-વિદેશના હજ્જારો હરિભક્તોએ તન-મન-ધનથી દ્વિશતાબ્દી મહોત્સવમાં સેવા સમર્પિત કરી છે. મહોત્સવમાં આવનાર હરિભક્તો માટે ઠંડા કરેલા, સુધારેલા તરબૂચ, સક્કરટેટી તેમજ શેરડીના રસની અદભુત વ્યવસ્થા કરી. સૌના આરોગ્યની કાળજી લેતી આ વ્યવસ્થા હરિભક્તોને ઊર્જાથી ભરી દેતી હતી.

- કચ્છના ખેડૂતોની આવક વધે તે ઉમદા સંકલ્પથી તેઓશ્રીએ કચ્છના ખેડૂતો પાસે અગાઉથી જ માધાપર (કચ્છ)ના ખેડૂતો પાસે શેરડીનો પાક વવડાવ્યો હતો.
- રોજ તરબૂચ અને સક્કરટેટીથી ભરાયેલા છકડા ભૂજ આવે અને તેમાંથી તરબૂચ અને સક્કરટેટી યુવાનો દ્વારા ખાસ પદ્ધતિથી ઉતારી યુવાનો તેને ઠંડા પાણીમાં બોળી રાખે. એ.સી.કન્ટેનરોની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. સ્વયંસેવકોનું દળ ખાસ છરી-ચપ્પાથી ખૂબ કાળજીપૂર્વક તરબૂચ અને સક્કરટેટીની છાલ ઉતારે અને ફળોના નાના-નાના કટકા કરીને હરિભક્તોને તેની ડીશ બનાવી આપવામાં આવતી.
- અહીં રોજ ૩૦ ટન શેરડી, તરબૂચ અને સક્કરટેટીની ખપત રહેતી હતી.
- શેરડીનો રસ કાઢવા માટે અહીં અનેક ઓટોમેટીક સંચા બેસાડવામાં આવ્યા હતા.

# ફ્રૂટડીશ તેમજ શેરડીના રસની અદ્‌ભુત સેવા



- શેરડીનો રસ કાઉન્ટર પર આવનારને જ મળતો હતો તેવું નહોતું પણ તે ઉપરાંત સભામંડપમાં બેઠેલા હરિભક્તોનો વિચાર કરીને ૨૦૦ એમ.એલ.ની બોટલો ભરીનો સભામંડપમાં બેઠેલા હરિભક્તોને પણ પહોંચાડવામાં આવતી હતી.
- આ વિભાગમાં રામપરના યુવકો-યુવતીઓ અનેક ગૃહસ્થ બાઈ-ભાઈ તમજ વડીલોનું ૩૦૦થી વધુ સ્વયંસેવકોનું ગ્રુપ ખડે પગે સેવામાં હાજર રહ્યું હતું.
- તરબૂચ, સક્કરટેટી અને શેરડીના રસની સેવા ખૂબ જ મહત્ત્વની પુરવાર થઈ. જેના દ્વારા પ્રત્યેક હરિભક્તોના શરીરમાં ઊર્જાનું પ્રમાણ જળવાયું, ડીહાઈડ્રેશનની સમસ્યાનો ભય ન રહ્યો અને સૌ નિરાંતે મહોત્સવનું સુખ લઈ શક્યા. સ્વામી સદ્‌ગુણદાસજી, સ્વામી ભક્તિજીવનદાસજી આદિ સમિતિના સંતો-ભક્તોએ વ્યવસ્થામાં સહયોગી થયા હતા.










## ફ્રૂટડીશ તેમજ શેરડીના રસની અદ્‌ભુત સેવા















# ફ્રૂટડીશ તેમજ શેરડીના રસની અદ્‌ભુત સેવા















# ફ્રૂટડીશ તેમજ શેરડીના રસની અદ્‌ભુત સેવા

















# સંતો માટે જળ, શરબત તેમજ ફ્રૂટજ્યુસની સેવા

દ્વિશતાબ્દી મહોત્સવમાં સત્સંગિજીવન શાસ્ત્રનું મૌન વાંચન કરનાર સંતો, સંહિતા પાઠી સંતો, સ્થાનિક સંતો તેમજ ધામધામથી પધારેલા સંતો-પાર્ષદો માટે જળ, શરબત તેમજ ફ્રૂટજ્યુસની વ્યવસ્થા સ્વામી વ્યાસસ્વરૂપદાસજી અને સ્વામી કૃષ્ણદાસજી આદિ સમિતિના સંતો-ભક્તોએ ખૂબ જ ચીવટપૂર્વક સંભાળી હતી.















# દ્વિશતાબ્દી મહોત્સવની વિરાટ પાર્કિંગ વ્યવસ્થા

● **૧૨ વિશાળ પાર્કિંગ** પ્લોટમાં **૨૧૦ સુરક્ષાકર્મીઓ** અને વ્યવસ્થાપકોનું મંડળ સતત સેવારત. અહીં, એક સાથે **૧૯૦૦ કાર**, ભારે વાહનો અને **૧૬૦૦ દ્વિચક્રી** વાહનો માટે પાર્કિંગની વિશેષ વ્યવસ્થા હતી.





















# સાધન-સગવડથી પરિપૂર્ણ ઉતારા

દ્વિશતાબ્દી મહોત્સવમાં દેશ-વિદેશથી અનેક હરિભક્તો ખૂબ જ ભક્તિભાવ સાથે પધાર્યા હતા. મહોત્સવ દરમિયાન દૂર-દૂરથી પધારેલા હરિભક્તો પૈકી કેટલાક બે દિવસ, કેટલાક ત્રણ દિવસ, કેટલાક એક દિવસ, કેટલાક પૂર્ણ મહોત્સવ દરમિયાન લાભ લેવા રોકાણ કરવાના હતા. ભારતના જુદા જુદા શહેરમાં પધારનાર હરિભક્તો તેમજ લંડન, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, આફ્રિકાના વિવિધ દેશોમાં પધારનાર હરિભક્તોની ઉતારા વ્યવસ્થા ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવી હતી.

દ્વિશતાબ્દી મહોત્સવમાં હરિભક્તોના ઉતારા માટે -

- ૧,૦૦૦ એ.સી. રૂમ હતી.
- ૭૦૦ નોન એ.સી. રૂમ હતી.
- ૬૦૦ ટેન્ટ્ બાંધવામાં આવ્યા હતા. કુલ ૩ જુદી જુદી ટેન્ટ સીટી બનાવી અહીં પ્રત્યેક ૬૦૦ ટેન્ટમાં સંપૂર્ણ સુવિધા રાખવામાં હતી.
- પ્રત્યેક રૂમ તેમજ ટેન્ટમાં આરામદાયક પલંગ, પીવાનું મીનરલ પાણી, રજાઈ, કચરાપેટી, પંખા, બેસવા માટે ખુરશી વગેરે સુવિધાયુક્ત ટેન્ટ હતા. તદ્ઉપરાંત, દિવસમાં ૩ વખત પ્રત્યેક રૂમ તેમજ ટેન્ટની સફાઈ થતી હતી કારણ કે હરિભક્તોની



સતત આવન-જાવનના કારણે રૂમમાં ધૂળની રજકણો જમા થાય તો સ્હેજ પણ ગંદકી ન થાય.

- ઉતારા વ્યવસ્થામાં જુદા જુદા સ્થળે સ્વયંસેવકો હરિભક્તોની સેવા-સુશ્રૂષા માટે ઉપસ્થિત હતા.
- ભોજન માટે જે હરિભક્તો ભોજનશાળા સુધી જઈ શકે તેમ ન હોય તેવા વડીલ હરિભક્તો માટે ભોજનશાળાના હરિભક્તો સાથે સંકલન કરી વડીલ હરિભક્તો માટે તેમનું ભોજન ઉતારે પહોંચાડવામાં આવતું હતું.
- સરેરાશ દૈનિક ૫,૦૦૦ હરિભક્તોની ઉતારા વ્યવસ્થા જળવાઈ હતી. સમગ્ર મહોત્સવ દરમિયાન લગભગ ૪૦,૦૦૦ હરિભક્તો ઉતારા વ્યવસ્થા ખૂબ સુંદર રીતે જળવાઈ હતી.
- ઉતારા વ્યવસ્થામાં ઉતારા વિભાગમાં કુલ ૧૭૦ સ્વયંસેવકોએ દિવસ-રાતની ચિંતા કર્યા વિના શ્રી નરનારાયણદેવના ચરણોમાં સેવા સમર્પિત કરી હતી.
- પ્રત્યેક ઉતારા આવાસમાં પલંગની ચાદરો, તકીયાના કવરો તેમજ ઓઢવાના રજાઈના કવરો નિયમિત બદલાઈ જતા જેથી, સ્વચ્છતાના માપદંડ જળવાય.
- પ્રત્યેક ઉતારા આવાસ હવા-ઉજાસયુક્ત હતા.
- ઉપરોક્ત પ્રત્યેક ઉતારા સુવિધા તદ્દન નિઃશુલ્ક હતી. સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ સમિતિના સંતો-ભક્તોએ સેવા સંભાળી હતી.











गुजरात राज्य के माननीय

## राज्यपाल श्री देवव्रत आचार्य- गुजरात

देवीयो और सज्जनोनिस्संदेह आज के इस कार्यक्रम को देखकर औरयहां की भव्यता देखकर मुझे अपार आनंद हुआ, कि इतनी बड़ीसंख्या में एक जगह इतने लोग महिला पुरुष इकट्ठे हो औरउनमें इतना अनुशासन, इतना सुंदर आचरणउसको देखकर प्राचीनभारत का स्वरूप यहीं पर दिखाई देता हैं। यहां संतों की यह टोलियां भारतीय जीवन दर्शननिस्संदेह भगवान स्वामिनारायण के प्रति हमें नमनहोने के लिए प्रेरित करता है। दो सौ वर्ष पूर्व भगवान स्वामिनारायण ने भुज के इस ऐसे क्षेत्र में जो बड़ा नीरस था, जहां पानी नहीं था, खेती बाड़ीनहीं होती थी, जीवन बड़ा कठिन था लेकिन लोग यहां रहकर इस ज़िंदगी में ही एक नवाचार पैदा करें उसके लिए भगवान स्वामिनारायण नेयहां आकर दो सौ वर्ष पहले जिस मंदिर की



स्थापना की आज उस मंदिर को दो सौ वर्ष हो गए हैं। इस दो सौ वर्ष मेंइन साधुजनो ने मानवता की जो सेवा की है, लोगों के कल्याण के लिए जो कार्य किए हैं,वह निस्संदेह बहुत प्रशंसनीय है। मुझे पता है,जहां पानी के संरक्षण का सवाल है, उसमें आप लोगों का बहुत बड़ा योगदान है। कहीं वृक्षारोपण का अभियान चलता है, कोई आपदा आती है तो भुज मंदिर उनकी सेवा मेंआगे आगे रहते है और लोगों को प्रेरित करते हैं। गौ माता के संरक्षण और संवर्धन का जो कार्यहै वो बहुत विशालरूप से हो रहा है। शिक्षा जगत में काम हो रहा है। लोगों के स्वास्थ्य की चिंता की जाती है, तो येवो कार्य है जो निस्संदेह मानवता के लिए बहुत आवश्यक है और इसी में ईश्वर की पूजा है।

माननीय राज्यपाल श्री देवव्रत आचार्य- गुजरात










મહોત્સવના પ્રથમ દિવસે ગુજરાત રાજ્યના માનનીય દેવવ્રત આચાર્યજી પધાર્યા હતા. ભુજ મંદિરના મહંત સ્વામી તથા પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા ફુલહારથી સ્વાગત કરતમાં આવ્યું હતું. માનનીય ગવર્નરશ્રીએ પોતાના ઉદબોધનમાં શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા સંચાલીત શૈક્ષણિક, આરોગ્ય અને સમાજ ઉત્કર્ષ લક્ષી સેવાકીય પ્રવૃત્તિને મોકળા મનથી બિરદાવી. ટેકનોલોજીના ધમધમતા યુગમાં આપણી વૈદિક સંસ્કૃતિના પાલન પોષણ અર્થે દ્વિશતાબ્દી મહોત્સવના ગો મહિમાના પ્રકલ્પને વિશે જાણી માનનીય ગવર્નરશ્રી અત્યંત પ્રસન્ન થયા હતા. તેઓશ્રી તેમના વક્તવ્યમાં પણ ગો-મહિમા અંગે તેમજ પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું. ભુજ મંદિર દ્વારા વિશેષ આમંત્રિત કચ્છ પ્રદેશમાં પ્રાકૃતિક ખેતીની પદ્ધતિને અનુસરતા લગભગ ૧૦૦ ખેડૂતમિત્રોને ગવર્નરશ્રીએ મહોત્સવના મંચ ઉપરથી પ્રમાણપત્ર આપીને બિરદાવ્યા. આ પ્રસંગે કલેક્ટર શ્રી અમિત અરોરા, કચ્છ (પશ્ચિમ)ના પોલીસ વડા શ્રી સૌરભ સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી (ડી.ડી.ઓ.) શ્રી શૈલેષ પ્રજાપતિ, પ્રાંત અધિકારી શ્રી મેહુલ બરસરા, મામલતદાર શ્રી વિવેક બારહટ પણ ઉપસ્થિત હતા અને સૌ મહાનુભાવોએ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિ અહોભાવ પ્રગટ કર્યો હતો.



# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલા
# મહાનુભાવો શ્રીહરિના દર્શન કરી કૃતાર્થ થયા





દ્વિશતાબ્દી મહોત્સવ કેવળ સેવાની પૃષ્ઠભૂમિ ઉપર ઉજવવામાં આવ્યો હતો વળી, અહીં પધારનાર પ્રત્યેક મહાનુભાવો તેમજ સામાન્ય મનુષ્ય માત્ર કેવળ ભક્તિભાવથી પ્રેરિત થઈ પધારતા હતા. જેની હૃદયોદ્ગાર પ્રત્યેક મહાનુભાવોએ વ્યક્ત કર્યા હતા.

દ્વિશતાબ્દી મહોત્સવમાં ગુજરાત રાજ્યના માનનીય ગવર્નર શ્રી દેવવ્રત આચાર્ય, માનનીય શ્રી મોહન ભાગવત (સરસંઘ સંચાલક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ), માનનીય શ્રી પુરૂષોત્તમ રૂપાલા (કેન્દ્રિય મંત્રી, પશુ સંવર્ધન તેમજ મત્સ્ય ઉદ્યોગ), માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (ગુજરાત), માનનીય શ્રી દેવુસિંહ ચૌહાણ (કેન્દ્રિય મંત્રી, દૂરસંચાર), માનનીય મંત્રી શ્રી હર્ષ સંઘવી (ગૃહમંત્રી, ગુજરાત), વિવિધ ગુજરાતના વિવિધ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્યશ્રીઓ વગેરે પ્રત્યેક મહાનુભાવો ઉન્નત ભક્તિભાવથી દ્વિશતાબ્દી મહોત્સવમાં પધાર્યા હતા અને મહોત્સવની સુચારુ ઢબથી ચાલતી પ્રત્યેક વ્યવસ્થા, હરિભક્તોની શિસ્ત, સંતોનો વિનય, નિર્માનીપણું અને સરળતા જોઈ સૌએ અહોભાવ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે, દ્વિશતાબ્દી મહોત્સવના વિવિધ પ્રકલ્પો જેવાં કે, ગાય આધારીત ખેતી, ગૌ મહિમા, બદ્રિવન પ્રદર્શન, વિરાટ ભોજનશાળાની વ્યવસ્થા, સભા વ્યવસ્થાની શિસ્ત વગેરે ઝીણવટપૂર્વક નિહાળી અને આનંદની લાગણી સાથે ભારતીય સંસ્કૃતિની પરંપરા તેમજ સનાતન ધર્મની જાળવણી માટે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા જે પુરૂષાર્થ થયો રહ્યો છે તેને મોકળા મનથી બિરદાવ્યો.

આ ઉપરાંત, ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના કરકમળો દ્વારા પધરાવેલા શ્રી નરનારાયણદેવના દર્શન કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલી પરંપરાનું વહન ભુજ મંદિર દ્વારા સુપેરે થઈ રહ્યું છે તેની પણ વિગતો જાણી, નિહાળી અને અનુભવી. દ્વિશતાબ્દી મહોત્સવમાં પ્રત્યેક મહાનુભાવો ખૂબ જ પ્રભાવિત થયા અને સૌના હૃદયમાં અદમ્ય શાંતિની અનુભૂતિ થઈ.












# ધામ ધામના સંતોનું આગમન









શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં દરેક ધામોમાંથી પૂ. મહંત સ્વામી, ઉપમહંત સ્વામી આદિ સંતો આમંત્રણ પત્રિકાઓ આપવા માટે પધાર્યા હતા. આ આમંત્રણને માન આપી દરેક દેશના દરેક ધામોમાંથી સંતો પોતાના મંડળના સંતો સાથે પધાર્યા હતા અને આ મહોત્સવ તો ન ભૂતો ન ભવિષ્યતિ એવો થયો એવા ઉદ્ગારો સાથે ભુજનગર નિવાસી શ્રીનરનારાયદેવ તથા મહંત સ્વામીની આજ્ઞામાં રહી નિષ્ઠાવાન હરિભક્તો સંતોના પ્રયાસોનું ફળ સ્વયં શ્રી નરનારાયણદેવે આપેલ છે. એવી ભાવના સાથે દરેક આયોજનોની મુલાકાત લીદી હતી. જેમકે બદ્રીવન પ્રદર્શન, ગૌ મહિમા દર્શન, સફળતા પ્રદર્શન, બાલ પારાયણ, મહાપૂજા, મહાઅનુષ્ઠાનમ, ચતુર્વેદ પારાયણ, ભોજનાલય વગેરે જોઈ તે તે વિભાગના સંતો ભક્તોનું સેવા ભાવના આવકારી હતી.

આવેલ સંતોને આવકાર, ઉતારા, મહાપ્રસાદ, ધોતિયા વગેરેની સેવા સ્વામી રઘુવીરચરણદાસજી અને સ્વામી ઉત્તમચરણદાસજી આદિ સમિતિના સંતો ભક્તોએ આ સેવા સંભાળી હતી.

# ધામ ધામના સંતોનું આગમન














# અભિષેક


સૌ હરિભક્તોને પોતાના પ્રાણપ્યારા વ્હાલા પ્રભુ ઉપર અભિષેક કરવાનો લ્હાવો પ્રાપ્ત થાય તે હેતૂથી ભુજ મંદિર દ્વારા હજ્જારો હરિભક્તો માટે અભિષેકની વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં હરિભક્તો પોતાના સ્વહસ્તે શ્રીપ્રભુ ઉપર અભિષેક કરી ધન્યતા અનુભવતા હતા.













# સાહિત્ય કેન્દ્ર




ભુજ મંદિર દ્વારા સંપ્રદાયના વિવિધ શાસ્ત્રો, ભાષ્ય, વિવેચન, સંસ્કાર સાહિત્ય વગેરે વિષયક પ્રકાશનો સતત થતાં જ રહે છે. સાહિત્ય ઉપરાંત ઓડિયો-વિઝ્યુઅલ પ્રકાશન પણ વિપુલ માત્રામાં થતા રહે છે જેમાં, કથાવાર્તા, પારાયણ, પ્રવચનો વગેરેના ઓડિયો-વિઝ્યુઅલ પ્રકાશનો પણ અનેક છે. દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલા દેશ-વિદેશના હરિભક્તોને સંસ્કારયુક્ત સાહિત્ય પ્રાપ્ત થાય તે માટે શ્રી નરનારાયણ દેવ સાહિત્ય કેન્દ્રમાં ભુજ મંદિર દ્વારા પ્રકાશિત પ્રત્યેક સાહિત્ય પ્રકાશનો ઉપલબ્ધ હતા. શ્રી નરનારાયણ દેવ સાહિત્ય કેન્દ્રમાં રોજના હજ્જારો હરિભક્તો મુલાકાત લઈ ભક્તિ સાહિત્ય લઈ આનંદિત થતાં.



# અંતરાયવિહીન પાણી વ્યવસ્થા તેમજ છાશ વ્યવસ્થા


- દ્વિશતાબ્દી મહોત્સવમાં દેશમાંથી પધારેલા હરિભક્તો માટે ૩ ટેન્ટ સીટી ઉભી કરવામાં આવી હતી. આ ઉતારાની વ્યવસ્થા માટે જુદા જુદા ૫૦૦ બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બાથરૂમોમાં પાણીની પૂર્તિ માટે ૩ બોરવેલ બનાવવામાં આવ્યા હતા. પીવાના પાણીની વ્યવસ્થા માટે પ્રતિ કલાકે ૮ હજાર લીટર પાણી ફિલ્ટર કરે તેવા ૨ ફિલ્ટર પ્લાન્ટની જોગવાઈ કરવામાં આવી હતી.
- મહોત્સવમાં સભામંડપ પરિસર તેમજ ભોજનાલય માટે ૨,૫૦,૦૦૦ લિટર પાણીના સ્ટોરેજની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે પૈકી, ૧૦ હજાર લિટરની કુલ ૨૫ ટાંકી હતી જેનો વપરાશ સ્વચ્છતા તેમજ વાસણ ઉટકવામાં થતો. વળી, પીવાના સ્વચ્છ પાણી માટે ૧૦,૦૦૦ લિટરની કુલ ૫ ટાંકી હતી.



- મહોત્સવમાં પધારેલા હરિભક્તોને ગરમીથી રાહત આપવા માટે છાશ વિતરણની વ્યવસ્થા પણ ખૂબ અભૂતપૂર્વ હતી. છાશ માટે ૧૦,૦૦૦ લિટરની કુલ ૫ મોટી ટાંકી હતી. ગરમીના દિવસોમાં મશીનમાં છાશ ઠંડી થાય અને પાઈપ લાઈન દ્વારા તેનો સપ્લાય ભોજનાલય સુધી પહોંચતો હતો.
- સભામંડપ પરિસરમાં જુદા જુદા ૧૦ સ્થાનોએ પીવાના પાણીની પરબની વ્યવસ્થા હતી જેમાં પ્રત્યેક પરબમાં ૧૦ મોટા નળ વડીલ હરિભક્તો માટે અને ૩ નળ નાના બાળકો માટે હતા.
- આ ઉપરાંત હરિભક્તો માટે મહોત્સવ સ્થળમાં ૨૫ સ્થાને પેશાબઘર, ૧૦ ટોયલેટ, હાથ-મોઢું ધોવા માટે ૧૬ બેસનની વ્યવસ્થા હતી.
- પાણીના નિકાલ માટે ૧,૧૦૦ મીટર લાંબી ગટરલાઈન બનાવવામાં આવી હતી.
- પાણીની વિશેષ સગવડતા અર્થે ૩ કુવામાં મોટરથી પમ્પીંગ દ્વારા સ્વચ્છતા માટેનું પાણી વપરાશમાં લેવામાં આવતું હતું.
- પૂજ્ય સંતોના ઉતારામાં ૪૦ નવા બાથરૂમની અલાયદી વ્યવસ્થા હતી. તદ્ઉપરાંત સાં.યો.બહેનોના ઉતારામાં ૪૦ નવા અલાયદા બાથરૂમની વ્યવસ્થા કરવામાં જાવી હતી. તેમજ બેઉ ઉતારામાં પીવાના પાણી માટે અલાયદા ફિલ્ટર પ્લાન્ટની વ્યવસ્થા પણ ઉપલબ્ધ હતી.
- નર્મદાના પાણીની ૨ કિ.મી. દૂરથી પાઈપલાઈન દ્વારા પૂર્તિ કરવામાં આવી હતી. આ વિભાગમાં સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, વાલજીભાઈ આદિ સમિતિના સંતો-ભક્તોએ જવાબદારી સંભાળી હતી.























# દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કચ્છના ૨૦૦ ગામડાઓમાં ફરતા દવાખાનાનો પ્રારંભ કરાયો

ભુજ મંદિરના મહંત સ્વામીએ અષાઢ સુદ - ૨ તા. ૦૧-૦૭-૨૦૨૨ શુક્રવારના રોજ કચ્છી નવુ વર્ષ પ્રારંભે માંડવી, મુંદ્રા વિસ્તારના ગામડાઓ માટે ફરતા દવાખાનાનો પ્રારંભ કરાવ્યો હતો.






તા. ૨૧-૦૨-૨૦૨૩ આજ રોજ ભુજ મંદિર દ્વારા પૂ. મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં બીજા ફરતા દવાખાનાનો પ્રારંભ કરાવવામાં આવ્યો. કચ્છના અતિ અછતગ્રસ્ત અંતરિયાળ **વાગડના ખડીર** વિસ્તારમાં જ્યાં મેડિકલની તાતી જરૂર છે એવા વિસ્તારમાં આજ રોજ **બાલાસર ગામે** આ ગાડીનું ઉદ્‌ઘાટન અને વિધિવત ચાંદલો કરી પ્રારંભ કરાયો. **આવું દવાખાનું માંડવી-મુન્દ્રા વિસ્તારમાં ૮ મહિનાથી ચાલે જ છે. આ રાપર ભચાઉ તાલુકાને કવર કરશે.** આશા છે આ કાર્ય નિર્વિઘ્નપણે લોકોની સેવા કરતું રહેશે. શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી સમિતિ સાથે રહી વ્યવસ્થા સંભાળી હતી.



### શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની ફૂલવાડી

# રંગબેરંગી વિવિધ પુષ્પો, કલાત્મક હાર, સુશોભિત કલગીથી મહોત્સવ મહેકી ઊઠ્યો

**નિત્ય ૧ ટન પુષ્પ, ૪,૦૦૦ હાર, ૪,૦૦૦ કિલો પુષ્પની પાંખડીઓનો ઉપયોગ થયો. આ આવશ્યકતાની પૂર્તિ માટે ઇંદોર, રાજકોટ, અમદાવાદ તેમજ નૈરોબીથી પણ પુષ્પની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત હરિભક્તોએ પોતપોતાની વાડીમાં અગાઉથી પુષ્પોની વાવણી કરી હતી.**

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં અનેકવિધ પુષ્પો, કલાત્મક હાર, સુશોભિત કલગી દેશ તેમજ દુનિયાના વિવિધ ભાગોમાં આવ્યા હતા. નિત્ય ૧ ટન પુષ્પ, ૪,000 હાર, ૪,000 કિલો પુષ્પની પાંખડીઓનો ઉપયોગ થયો. આ આવશ્યકતાની પૂર્તિ માટે ઇંદોર, રાજકોટ, અમદાવાદ તેમજ નૈરોબીથી પણ પુષ્પની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, હરિભક્તોએ પોતપોતાની વાડીમાં અગાઉથી પુષ્પોની વાવણી કરી હતી.

તા. ૪-૩-૨૦૨૩ના રોજ ફૂલડોલ તેમજ આમંત્રણ પત્રિકાના વિમોચન પ્રસંગે મહાપૂજાની પૂર્ણાહુતિ પર્વે ૨૩૫ નંગ પુષ્પોની લાંબી માળાઓની સેવા થઈ હતી., ભુજ મંદિરમાં તા. ૧૬-૩-૨૦૨૩થી પ્રારંભ થયેલા મહાપૂજા પર્વ નિમિત્તે ૧,૪૭૮ કિલો કાશ્મીરી ગુલાબ, ૫૦ કિલો સફેદ સેવંતીના પુષ્પો, ૩૫૫ કિલો હજારીના પુષ્પોની સેવા થઈ હતી, તા. ૧૮-૪-૨૦૨૩થી પ્રારંભ થયેલા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય મંચના સુશોભન તેમજ મહાનુભાવોના સ્વાગત અર્થે ૪,૩૦૦ લાલ ગુલાબની કલગી, ૨,૫૬૦ સફેદ ગુલાબની કલગી, ૯૨૦ ગુલાબી ગુલાબની કલગી, ૨,૩૦૦ પીળા ગુલાબની કલગી, ૨૭૦૦ લાલ સેવંતીની કલગી, ૧૦૦ સેવંતીના પુષ્પોની કલી, ૨૦૦ કલી પીળા સેવંતી, ૧૦૦ કલી પરર્પલ સેવંતી, ૫૬ કિલો લાલ ગુલાબની સેવા થઈ, તા. ૨૬-૪-૨૦૨૩ના રોજ શ્રી નરનારાયણદેવ આદિ દેવોના રોજાપચાર પ્રસંગે ૩૦૦ કિલો ગુલાબ તેમજ વિવિધ પુષ્પોની સેવા થઈ. આ પ્રમાણે રંગબેરંગી સુવાસિત પુષ્પો, કલાત્મક હાર તેમજ કલીની પુષ્પાંજલીથી દ્વિશતાબ્દી મહોત્સવનું વાતાવરણ મ્હેકી ઊઠ્યું હતું. દ્વિશતાબ્દી મહોત્સવના દિવ્ય વાતાવરણમાં સૌને સ્વર્ગીય અનુભવનો અહેસાસ થતો હતો. સંપૂર્ણ ફુલની વ્યવસ્થા સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી આદી સમિતિના સંતો તથા હરિભક્તો સંભાળી હતી.



















## ધર્મકુળ પરિવારનો રાજીપો







શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં સહપરિવાર પધારવા મહંત સ્વામીનો સાદર આગ્રહ હતો અને અંતરનો ભાવ હતો કે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી ઉત્સવમાં ધર્મકુળ સાથે આપ પધારો આ પૂ. મહંત સ્વામીના હૃદયના ભાવને સ્વીકારી પૂ. મહારાજશ્રી, પૂ.મોટા મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી, ગાદીવારાં, શ્રી લાલીરાજા મહોત્સવના પ્રથમ દિવસે જ ધર્મકુળ સાથે પૂ. મહારાજશ્રી પધાર્યા. ૯ દિવસ સુધી ધર્મકુળ રહ્યું અને જ્યાં જરૂર લાગી ત્યાં પૂ. મહંત સ્વામી આદિ સંતોને સુચના, ભલામણ કરી અને સમગ્ર દેશ-વિદેશથી પધારેલ કરોડોની સેવા કરનાર દાતાશ્રીઓને દર્શન-આશીર્વાદ પાઠવ્યા અને છેલ્લે રાત-દિવસ તન-તોડ સેવા કરનાર સ્વયં સેવકોને રૂડા આશીર્વાદ આપ્યા અને પુષ્પવૃષ્ટિ પણ સ્વયંસેવકો વચ્ચે જઈને કરી. આવો લાભ ધર્મકુળ ભુજના મહોત્સવમાં આપી ઉત્સવમાં ચાર ચાંદ લગાવ્યા જેવો અનુભવ પૂ. મહંત સ્વામી આદિ સંતો ભક્તોને થયો છે. આવો જ પ્રેમભાવ હંમેશા મહંત સ્વામી ઇચ્છી રહ્યા છે ત્યારે આપ ધર્મકુળ પરિવાર મહોત્સવમાં ૯ દિવસ સુધી રહેવાથી ભુજ મંદિર, ટ્રસ્ટીઓ, મહંત સ્વામી આદિ સમગ્ર કચ્છનો દેશ-વિદેશનો સત્સંગ અંતરની લાગણી સાથે આભાર વ્યક્ત કરે છે. ધર્મકુળની સેવામાં સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી મુરલીમનોહરદાસજી આદિ સમિતિનાં સંતો તથા ભક્તો રહી સેવા સંભાળી હતી.

# દ્વિશતાબ્દી મહોત્સવમાં ૫ મુમુક્ષુઓને સંત ભાગવતી દિક્ષા



દ્વિશતાબ્દી મહોત્સવ દરમિયાન શ્રી નરનારાયણદેવ પાટોત્સવના દિવસે ભુજ મંદિરમાં ૫ મુમુક્ષુ પાર્ષદોને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ મંત્રદિક્ષા આપી સંત આશ્રમમાં પ્રવેશ કરાવ્યો હતો જેમાં ભુજ મંદિરના ૪ સંતો હતા. સ્વામી ચૈતન્યમુનિદાસજી, સ્વામી ભગવાનદાસજી, સ્વામી ધ્યાનપ્રિયદાસજી, સ્વામી હરિપ્રિયદાસજી અને ૧ સંત અમદાવાદના હતા.





"દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ થઈ છે પણ આપણા સેવાકાર્યોની નહીં."

# પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીનો વિશેષ સંકલ્પ

# સેવા - શિક્ષણ - સ્વાસ્થ્ય



ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્ણ થયો એટલે સૌને જણાવ્યું કે, "સામાન્ય રીતે ભુજ મંદિર દ્વારા વર્ષના પ્રત્યેક દિવસો દરમિયાન વિવિધ વિસ્તારમાં સેવા પ્રકલ્પો કાર્યરત હોય છે. આપણા દૈનિક સેવાકાર્યો ઉપરાંત, આ ભવ્યાતિભવ્ય દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં મહોત્સવ પ્રારંભ થયો તે પૂર્વે આપણે માનવ માત્રના સર્વાંગી વિકાસ માટે આધ્યાત્મિક શક્તિનો સુમેળ સાધી વિશેષ સેવાકાર્યોનો આરંભ કર્યો હતો. દ્વિશતાબ્દી મહોત્સવ પ્રારંભ થયો ત્યારે પણ અનેકવિધ સેવાકાર્યો ચાલુ હતા. પણ હવે દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ થઈ છે પણ આપણા સેવા કાર્યોની નહીં. આપણે સૌએ સેવાના વિશેષસત્રને સતત કાર્યરત રાખવું છે. દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિમાં આપણે 'સેવા, શિક્ષણ અને સ્વાસ્થ્ય' આ ત્રણ ક્ષેત્રે વિશેષ સેવા સમર્પિત કરવી છે."

## શ્રી સ્વામિનારાયણ સેવા આશ્રમ

'સેવા' પ્રકલ્પના માધ્યમથી ભુજ મંદિર દ્વારા કચ્છ સત્સંગમાં નિરાધાર અને અસહાય વૃદ્ધોની સેવા થશે. વૃદ્ધો માટે રહેવાની નિઃશુલ્ક આરામદાયક વ્યવસ્થા, વસ્ત્ર, અન્ન, તબીબી સેવા ઉપલબ્ધ રહેશે. તદ્‌ઉપરાંત, નિસહાય-નિરાધાર વૃદ્ધોને માનસિકબળ મળે તે માટે કથાવાર્તાના વિશેષ સત્રોનું આયોજન થશે. અહીં આવનાર નિઃસહાય અને નિરાધાર વૃદ્ધો સત્સંગિઓ માટે કોઈપણ આર્થિક ખર્ચ કરવાનો નથી સંપૂર્ણ વ્યવસ્થા ભુજ મંદિર દ્વારા જ કરવામાં આવશે.

## શ્રી સ્વામિનારાયણ સદાવ્રત (અન્નક્ષેત્ર)

આગામી દિવસોમાં ભુજમંદિર દ્વારા તીર્થવાસી, રોગી, ગરીબો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે.

## ગાય આધારિત ખેતી અભિયાન

મહોત્સવ પૂર્વે આરંભ કરાયેલ ખેતી અભિયાન ચાલુ રાખવામાં આવશે તેમજ પશુઓ માટે ફરતુ દવાખાનું ચાલુ કરવામાં આવશે.

## ફરતું પશુ દવાખાનું

'સ્વાસ્થ્ય' પ્રકલ્પના માધ્યમથી ભુજ મંદિર દ્વારા કચ્છના વિવિધ અંતરીયાળ વિસ્તારમાં આરોગ્યલક્ષી સુવિધા ફરતાં દવાખાના ચાલું છે તે ચાલુ રાખવામાં આવશે. આ વાહનમાં આરોગ્યલક્ષી સુવિધા તેમજ ડોક્ટર્સ હશે. દરદીને વિશેષ ઈલાજ માટે ગામડામાંથી શહેરમાં ખસેડવા, દરદીને તાત્કાલીક સારવાર આપવી, ઉત્તમ આરોગ્યની જાળવણી માટે વિવિધ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવું, ક્યાં દર્દમાં શું સાવધાની રાખવી તે માટેની જાણકારી આપવી વગેરે અનેકવિધ સ્વાસ્થ્ય સેવા અર્પણ કરવામાં આવી રહી છે તે ચાલુ રહેશે.

ભુજ મંદિર સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે સહાય

## ઉચ્ચ શિક્ષણ સહાય

પ્રકલ્પના માધ્યમથી ભુજ મંદિર દ્વારા સંચાલિત ગુરૂકુળમાં રહેતા વિદ્યાર્થીને ઊચ્ચ અભ્યાસ અર્થે કચ્છની બહાર કોઈપણ શહેરમાં વિશેષ અભ્યાસ અર્થે જવું હશે તો તેમાં સહાય કરવામાં આવશે. વિદ્યાર્થીઓને ઊચ્ચ ડિગ્રી મેળવવાનો ઉત્સાહ જાગે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે પવિત્ર સંકલ્પની પૂર્તિ થશે. આર્થિક રીતે નબળા પરિવારનું મનોબળ તૂટે નહીં અને તેમના સંતાનની કારકિર્દી અંધકારમય ન બને તે પવિત્ર સંકલ્પ અહીં સાકાર થશે.

## નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણ સરોવર

ભારતદેશના ૪ પવિત્રતમ સરોવરમાં કચ્છમાં એક નારાયણ સરોવર છે. અમારી ઈચ્છા છે, આ પવિત્ર સ્થળે મંદિર કરવું અને એમનું ખાતમુહૂર્ત તા. ૨૫-૦૮-૨૦૨૩, શુક્રવારના રાખેલ છે. આ મંદિર સાથે ઉતારા પણ બનાવવામાં આવશે. કોઈને કથા પારાયણ કરવી હોય એ માટે હોલની પણ સુવિધા હશે. આ માટે ૧૨ એકર ભૂમિ ખરીદવામાં આવી છે. ભુજથી નારાયણ સરોવર ૧૫૦ કિ.મી. દૂર થાય છે. તા. લખપત.

## શ્રીહરિ જન્મભૂમિ છપૈયા નવનિર્માણમાં સહયોગ

ઈષ્ટદેવ શ્રીહરિની જન્મભૂમિ છપૈયામાં પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા સંપૂર્ણ મંદિર, પરિસરનું નવનિર્માણ થઈ રહ્યું છે. એ બહુ જ મોટું કાર્ય છે. આપણે એ કાર્યમાં પણ રૂા. ૧૧ કરોડનું અનુદાન આપવાનું નક્કી કરેલ છે.

ભુજ મંદિર માટે સાચી ઉજવણી પણ સેવાનું માધ્યમ છે અને ઉજવણીની સ્મૃતિ ચિરંજીવ સ્મૃતિ પણ સેવા જ છે. અધ્યાત્મ અને સેવાનો સુભગ સમન્વય કરીને ભુજ મંદિર જીવમાત્રની સેવા માટે સદા તત્પર છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની શીખ અને સંસ્કારમાં અધ્યાત્મ અને સેવા જ મુખ્ય છે જેનું, ક્રિયાન્વયકરણ ભુજ મંદિર દ્વારા સાર્થકરીતે થઈ રહ્યું છે. આપ સૌ હરિભક્તો સાથે રહ્યા છો અને સાથે રહેજો. ઉપરોક્ત સેવા દ્વારા આપણે મહારાજને રાજી કરવા છે.

# અખબારમાં મહોત્સવ



આજકાલ

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત વિશ્વ યુવા સંમેલન યોજાયું

ભુજમાં આવતી કાલથી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો પ્રારંભ

ભુજમાં ગૌમહિમા દર્શન પ્રદર્શનને ખૂલ્લું મૂકા

સનાતન ધર્મ એ ભારત દે

ભુજ સ્વામિનારાયણ મંદિરનો કચ્છના વિકાસ તથા સામાજીક વિકાસમાં સિંહફાળો - ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી

સત્સંગ જીવાત્માને કલ્યાણના માર્ગે દોરે છે

આગામી દિવસોમાં ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા નરનારાયણ દેવનો અનેરો મહોત્સવ ઉજવાશે

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા દ્વિતીય વાલી સંમેલન

નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં સુવર્ણદાનઃ હરિકૃષ્ણ મહા

ભુજઃ ચતુર્વેદ પારાયણ - સ
દ્વિતીય હરિયાગના રંગે ચંગે પ્રારંભ

સ્મૃતિ મંદિરમાં ભવ્ય આયોજન-વારાની ૧૬ પ્રાકૃતિક કુટીરોમાં ગ્રંથો કરાયા બીરાજમાન

ગૌ-સંરક્ષણ અને સંવર્ધન સાથે ગાય આધારિત ખેતી ક્ષેત્રે સ્વામિ

ભુજઃ નરનારાયણ દેવ દ્વિશતાબ્દી અંતર્ગત ૨૨૦ અબજ મહામંત્રનું લેખન

સુવર્ણનાં મોંઘીયા, છત્ર સહિતનાં આભૂષણો નરનારાયણ દેવને અર્પણ

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા બદ્રીકાશ્રમમાં ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી

ભુજની બાજુમાં 'બદ્રિકાશ્રમ' ખાતે 'ગો મહિમા દર્શન'ના નામે આકાર લઈ રહેલું અનોખું પ્રદર્શન

ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે દ્વિતીય વાલી સંમેલન યોજાયું

જીવનનું માઈલ સ્ટોન સારા વિચારો અને મનના શુદ્ધિકરણને આધિન છે

કચ્છ ભાસ્કર 20-03-2023

ભુજમાં વિજય ધ્વજનું પૂજન અને સં

સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા દ્વિતીય વાલી સંમેલન યોજાયું

ભુજમાં બદ્રીકાશ્રમ ખાતે સપ્તદિનાત્મક ૨૦૧ મહાવિષ્ણુયાગનું સમાપન

સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા સંચાલિત બાલ-બાલિકા મંડળ દ્વારા દ્વિતિય વાલી સંમેલન યોજાયું

ભુજ બદ્રિકાશ્રમમાં દરરોજ ૩૫ ટનથી વધુ શેરડીનાં રસનું પાન કરતાં લોકો

દ્વિશતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકા અને એપ્લિકેશનનું અનાવરણ કરાયું


ભુજ સ્વામિનારાયણ મંદિરમાં ફૂલડોલ રંગોત્સવ જેવો માહોલ


સનાતન ધર્મ એ ભારત દેશની રાષ્ટ્રિય ધરોહર છે


ભુજ સ્વામિનારાયણ મંદિરની મુલાકાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ભુજ ખાતે મેગા મેડિકલ કેમ્પમાં ૪,૪૩૯ દર્દીનું નિદાન-સારવાર

# મિડિયા દ્વારા મહોત્સવનું લાઇવ પ્રસારણ







શ્રીનરનારાયણદેવ દ્વિતાબ્દી મહોત્સવમાં અનેક સમિતિઓમાની એક સમિતિ હતી વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી. આના માધ્યમથી દુનિયાના અનેક દેશોમાં હરિભક્તોએ મહોત્સવ માણ્યો છે. ભૂમિની તૈયારીથી માંડીને પ્રદર્શન તૈયારી, અનેકવિધ આયોજનોની તૈયારીના માહિતીપ્રદ વિડીયો હજ્જારોની સંખ્યામાં બનાવી યુ-ટ્યુબ, ઈન્સ્ટાગ્રામ તેમજ વ્હોટસેપ ઉપર અપલોડ કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત મહોત્સવના પ્રારંભના પ્રથમ દિવસથી જ કચ્છ અને આફ્રિકામાં માતૃછાયા ચેનલ દ્વારા દૈનિક ૪,૦૦,૦૦૦ દર્શકો નિહાળતા હતા. ભુજ મંદિરના યુ-ટયુબ ચેનલ ઉપર રોજના ૧૫,૦૦૦૦ ભક્તો દ્વિશતાબ્દી મહોત્સવના વિવિધ દશ્યો નિહાળતા હતા. સદ્વિદ્યા ચેનલ ઉપર સમગ્ર ગુજરાતમાં ૫,૦૦,૦૦૦ દર્શકો રોજ ઉત્સવના દર્શન કરતા હતા તેમજ ભુજ મહોત્સવમાં ન આવી શકવાનો વિરહ દૂર કરતા હતા. જુદા જુદા મિડીયામાં મહોત્સવના દર્શન કરતા દર્શકોની કુલ દૈનિક સંખ્યા ૧ કરોડ ૫ લાખ જેટલાની થતી હતી. આ પ્રમાણે વિશ્વના ૧૯ જુદા જુદા દેશોમાં ૧ કરોડ અને ૫ લાખ દર્શકોએ ઘરે બેઠા દ્વિશતાબ્દી મહોત્સવના દર્શન કર્યા હતાં. આ ઉત્સવમાં ૪૬ મહોત્સવ અંતર્ગત હાઈલાઈટ વિડિયો, ૧૯ મેડીકલ કેમ્પ વિડિયો, ૭૦ મહાપૂજા હાઈલાઈટ વિડિયો, ૩૧ મહોત્સવ લાઈવ વિડિયો, ૫૭ આશીર્વાદ વિડિયો, દ્વિશતાબ્દી મહોત્સવના જુદા જુદા પ્રદર્શનો, પ્રકલ્પો જેમ કે, બદ્રિવન પ્રદર્શન વિડિયો, ૨૩ આમંત્રણ વિડિયો, ૫ ગાય આધારિત ખેતી વિડિયો, ૨ આમંત્રણ કીર્તન, ૫૨ નિમંત્રણ યાત્રા હાઈલાઈટ વિડિયો, ૧૦૦ દિવસની રીલ DAY TO GO એટલે કે મહોત્સવ પ્રારંભના કાઉન્ટ ડાઉનના વિડીયો, ૫૦ મહોત્સવની પૂર્વ તૈયારીના વિડિયો આમ કુલ મળીને ૪૬૬ વિડિયોનું માહિતીસભર અને સુંદર પ્રેઝન્ટેશન તૈયાર કરીને યુ-ટ્યુબ ઉપર મૂકવામાં આવ્યા હતા.

આ સેવામાં ૮૫ દેશ-વિદેશના ભક્તોની ટીમ હતી. આ કાર્યમાં કોઠારી પાર્ષદ ખીમજી ભગત અને સ્વામી ધર્મકિશોરદાસજી આદિ સમિતિના સંતો તથા હરિભક્તો દ્વારા સંપન્ન થયું હતું.

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



### દશ લાખથી વધુ સેવા કરનાર ભક્તો આજીવન ગ્રાહક થયા

ભુજ મંદિરનું મુખપત્ર શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ હજારો વાચકો સુધી દર મહિને પહોંચે છે. પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી આ ઉત્સવમાં જે ભક્તોએ દશ લાખ રૂપિયાથી વધુ સેવા નોંધાવેલ છે એમને આજીવન ગ્રાહકની સુવિધા આપવામાં આવેલ છે. દેશ હોય કે વિદેશ આ સેવાનો લાભ એમને મળશે.

**આજીવન ગ્રાહક બનવા માટે :-** ● દેશમાં રૂ. ૫૦૧ ● વિદેશમાં રૂ. ૬૦૦૧ ભરી ઘેર બેઠા આ માસિક પત્ર મેળવી શકો છો.

### પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ०૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith

# લાઇટ એન્ડ્ સાઉન્ડ શો આકર્ષણનું કેન્દ્ર બન્યો


શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ભુજવાસીઓમાં સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર સંગેમરમરથી સુશોભિત ભુજ સ્વામિનારાયણ મંદિર પર લાઇટ એન્ડ સાઉન્ડ શો બની રહ્યો. દરરોજ રાત્રિનાં આરતી પૂર્ણ થયા બાદ ત્રણ શોમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો સતત નવ દિવસ સુધી રજૂ કરવામાં આવ્યો હતો, જેને માણવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હતા. આ વ્યવસ્થા કોઠારી પાર્ષદ ખીમજીભગત તથા સમિતિના સંતો ભક્તોએ સંભાળી હતી.






































શ્રી સુખશૈયા



શ્રી નીલકંઠવર્ણી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. મોટા મહારાજશ્રી



પ.પૂ. લાલજી મહારાજશ્રી



પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી



ઉપમહંત સ.ગુ.
સ્વામી ભગવદ્જીવનદાસજી



સ.ગુ. કોઠારી પાર્ષદવર્ય
જાદવજી ભગત

## શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ એટલે

- સંપ્રદાયનો અવિસ્મરણીય મહોત્સવ
- ધર્મકુળ, હજારો સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ લાખો હરિભક્તોથી છલકાતો મહોત્સવ
- સનાતનધર્મની જ્યોતમાં સતત દિવેલ પૂરતો મહોત્સવ
- હજારો ભૂદેવો-યજમાનો દ્વારા ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગમાં લાખો આહૂતિ આપીને ભગવાનને પ્રસન્ન કરતો મહોત્સવ
- સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપતો મહોત્સવ
- ધર્મ-ભક્તિ અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમને ઉજાગર કરતો મહોત્સવ
- ભારતવર્ષનાં અનેક તીર્થોના જલકુંભથી મહાભિષેકના દર્શન કરાવતો મહોત્સવ
- વિધ-વિધ સંસ્કૃતિની ઝાંખી કરાવતી ભવ્ય શોભાયાત્રાનો મહોત્સવ
- તેત્રીસકોટી દેવોનો વાસ છે તેવી ગાયોનું મહત્ત્વ સમજાવી ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહિત કરતો મહોત્સવ

॥ श्रीनरनारायणदेव पाहि माम् ॥

# આમંત્રણમ્

સ્વસ્તિ શ્રી દેશ – વિદેશમાં મધ્યે મહાશુભસ્થાને, પરમ પવિત્ર શ્રીસહજાનંદસ્વામીના પરમ ઉપાસક એવં શ્રીજીમહારાજ કૃત ધર્મ, મર્યાદા પાલન તત્પર, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ આદિ ગુણ સંપન્ન, દેવ, આચાર્ય, સંત, સત્સંગ, સેવા પરાયણ, શ્રીજીમહારાજના પરમ લાડીલા સત્સંગ શિરોમણી

**કચ્છ, ગુજરાત, ભારત તથા અમદાવાદ, વડતાલ બંને દેશના ઉદ્ધવ સંપ્રદાયના સમસ્ત હરિભક્તો પ્રતિ**

અત્રે શ્રીનરનારાયણદેવના ચરણકમળ સાન્નિધ્ય શુભસ્થાન શ્રી ભુજનગરથી તમોને હરહંમેશ યાદ કરનારા લી. મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.પુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ.ગુ. શા. સ્વામીવિશ્વપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી જગજીવનદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શા. સ્વામી દેવસ્વરૂપદાસજી આદી સર્વે સંતમંડળ, મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ આદી કચ્છના સમસ્ત સાં.યો. બહેનો, મુખ્ય કોઠારી મુરજીભાઈ કરસન શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા, સલાહકાર રામજીભાઈ દેવજી વેકરીયા આદી ટ્રસ્ટીમંડળ તથા યશસ્વી યજમાનશ્રીઓના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વ્હાલા ભક્તજનો... વિક્રમ સંવત ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમના દિવસે ભગવાન શ્રીહરિએ અનહદકૃપા કરીને સ્વહસ્તે ભુજમાં શ્રીનરનારાયણદેવ પ્રસ્થાપિત કરી આપ્યા. કચ્છના ભક્તોને શ્રીનરનારાયણદેવ પ્રાપ્ત થતાં જાણે મરૂભૂમિમાં ભક્તિનું મેઘધનુષ રચાયું. ભક્તો જ્યારથી શ્રીનરનારાયણદેવને આશ્રિત થયા ત્યારથી તેમના જીવનના અનેક દુઃખો, પીડાઓ અને સંશયો નાશ પામ્યા છે. જેના પ્રત્યક્ષ ઉદાહરણોની હારમાળા જોવા મળે છે. સ્વયં સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે જે દેવની પ્રતિષ્ઠા કરી હોય તે દેવના તો દર્શન માત્રથી જ આ લોક અને પરલોકના દુઃખો નાશ પામે તેમા કોઈ સંશયને સ્થાન નથી. જ્યાં સુકી ધરતી ફાટ ફાટ કરતી હોય ત્યાં શ્રીનરનારાયણદેવના પ્રતાપે કરીને ધરતી લીલીછમ ચાદર ઓઢે એ તો આંખે જોયેલા પરચા જેવું છે. આજે પણ શ્રીનરનારાયણદેવની ધજા ચડાવવા માત્રથી જ ભક્તોના દુઃખ દૂર થાય છે. કચ્છ પ્રદેશની સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં શ્રીનરનારાયણદેવનો જ પ્રતાપ રહેલો છે. રણ વિસ્તારમાં અમૃતના પરબસમુ આ દિવ્ય મંદિર અને તેમાં પણ જેના દર્શનથી હૈયે હરખ ન માય તેવા રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ. પ્રભુની કૃપાદ્રષ્ટિથી ૨૦૦ વર્ષના ઈતિહાસમાં કચ્છની અભૂતપૂર્વ કાયાપલટ થઈ. શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા **શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૧૮-૦૪-૨૦૨૩, ચૈત્ર વદ તેરસથી ૨૬-૦૪-૨૦૨૩, વૈશાખ સુદ છઠ્ઠ સુધી** ઉજવવા જઈ રહ્યા છીએ. આ અમૃત સરીખા ભક્તિના મહાસાગરમાં તરબતર થવા આપણે સૌ ઉત્સુક છીએ.

વ્હાલા સત્સંગીબંધુઓ....આ ભવ્ય મહોત્સવમાં શ્રીનરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. ગાદીવાળાશ્રી, અ.સૌ લક્ષ્મીસ્વરૂપા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી દર્શનનું સુખ આપશે. દેશ-વિદેશથી અનેક ભક્તજનો પોતાના જીવનને પાવન કરવા પધારવાના છે તેમજ હિન્દુ સનાતન ધર્મના પૂજનીય સંતો મહંતો, રાજકીય મહાનુભાવો સહિત વિશિષ્ટ અતિથિઓ પધારશે. આ દિવ્ય મહોત્સવ અંતર્ગત અનેક આયોજનો થઈ રહ્યા છે તેમજ મહોત્સવ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન કથા પારાયણ, અનેકવિધ પ્રદર્શનો, મહાપૂજા, વેદપારાયણ, બાલ પારાયણ, ૨૦૦ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ તેમજ રાત્રિકાર્યક્રમો આયોજીત થવાના છે. આ મહોત્સવમાં આપણે સહપરિવાર પધારીને સત્સંગ, સેવા, સંસ્કૃતિ, સદ્‌વિદ્યા, સદ્‌વિચાર, સદ્‌ભાવના અને સત્કર્મના મહાસાગરમાંથી મહદ્‌અંશે પીયુષપાન કરવા, ભગવાન શ્રીનરનારાયણદેવની અસીમકૃપા તેમજ રાજીપો મેળવવા આપ સૌને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

લી. સદ્‌ગુરૂ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં સર્વે સંતમંડળ તથા
ટ્રસ્ટીમંડળના ભાવભર્યાં જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

## ભુજ મંદિરની મહંત પરંપરા




અ.નિ. સ.ગુ.બ્રહ્માનંદ સ્વામી | અ.નિ.સ.ગુ.બ્રહ્મચારી વૈષ્ણવાનંદ સ્વામી | અ.નિ.સ.ગુ.બ્રહ્મચારી આનંદાનંદ સ્વામી | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી અચ્યુતદાસજી | અ.નિ. સ.ગુ.મહંત સ્વામી અક્ષરજીવનદાસજી | અ.નિ.સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણચરણદાસજી



અ.નિ. સ.ગુ.મહંત સ્વામી ધર્મજીવનદાસજી | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી મહાપુરુષદાસજી | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી ભક્તિપ્રિયદાસજી | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી બાલકૃષ્ણદાસજી | અ.નિ.સ.ગુ.મહંત સ્વામી શ્રીવલ્લભદાસજી | અ.નિ. સ.ગુ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજી | અ.નિ.સ.ગુ.મહંત પુ.સ્વામી હરિસ્વરૂપદાસજી

## મહોત્સવમાં પધારનારા સંતો-મહંતો

પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી - મહંતશ્રી અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી - જેતલપુર
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજી - ગાંધીનગર
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી - અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી - ગાંધીનગર
પ.પૂ. સ.ગુ. બ્રહ્મચારી વાસુદેવાનંદજી - અમદાવાદ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી - વડનગર
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી - છપૈયા
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી સત્યસંકલ્પદાસજી - ધોળકા
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી હરિપ્રકાશદાસજી - મૂળી
પ.પૂ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી - પ્રયાગરાજ
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી - ચેરમેનશ્રી, વડતાલ
પ.પૂ. ડૉ. શા. સ્વામી સંતવલ્લભદાસજી - મુ.કો.શ્રી વડતાલ
પ.પૂ. સ.ગુ. શા. સ્વામી નૌતમપ્રકાશદાસજી
પ્રમુખશ્રી સત્સંગમહાસભા - વડતાલ
પ.પૂ. સ.ગુ. સ્વામી જ્ઞાનજીવનદાસજી - કુંડળ
પ.પૂ. સ.ગુ. સ્વામી દેવનંદનદાસજી - ચેરમેનશ્રી જુનાગઢ
પ.પૂ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી - મુ.કો.શ્રી જુનાગઢ
પ.પૂ. શા. સ્વામી હરિજીવનદાસજી - ચેરમેનશ્રી, ગઢપુર
પ.પૂ. સ.ગુ. સ્વામી લક્ષ્મીનારાયણદાસજી- મુ.કો.શ્રી ગઢપુર
પ.પૂ. સ્વામી હરિકેશવદાસજી - કોઠારી, ધોલેરા
પ.પૂ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી - ધોલેરા



## मङ्गलं गरुडध्वजः

विद्वद्सभा : તા. ૧૭-૦૩-૨૦૨૩ ફાગણ વદ ૧૦, શુક્રવાર, થી
તા. ૧૯-૦૩-૨૦૨૩ ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર
સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોપણ : તા. ૧૮-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૧, શનિવાર
સવારે ૯:૦૦ કલાકે
સંતસમ્મેલન : તા. ૧૯-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર
સવારે ૦૮:૦૦ કલાકે
પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : તા. ૧૯-૦૩-૨૦૨૩, ફાગણ વદ ૧૨/૧૩, રવિવાર
બપોરે ૦૪:૦૦ કલાકે

एकं सद्विप्राः बहुधा वदन्ति । – ऋग्वेद
એક પરમાત્માને વિદ્વાનો અનેકસ્વરુપે વર્ણવે છે.

सतां सद्भिः सङ्गः कथमपि हि पुण्येन भवति । उत्तररामचरित
સંતો અને સજ્જનોનો સંગ પુણ્યનો ઉદય થાય ત્યારે જ થાય છે.

## વિશ્વયુવા સંમેલન એવં પોથીયાત્રા



**તા. ૧૭-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૨, સોમવાર**

गावो विश्वस्य मातरः । – वेद
ગાય વિશ્વની માતા છે.

युवा स्यात् साधु युवाऽध्यायकः ।
आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः । – तैतरीयोपनिषद्
યુવાન સજ્જન, શિક્ષણ આપનાર, આશાવાન,
મનથી તેમજ શરીરથી સશક્ત હોવો જોઈએ.

### પ્રથમ સત્ર

બદ્રિકાશ્રમ મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન : સવારે ૮:૦૦ કલાકે
સભામંડપ પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન : સવારે ૮:૩૦ કલાકે
ગૌ મહિમા પ્રદર્શન ઉદ્‌ઘાટન : સવારે ૮:૪૫ કલાકે
યુવક મંડળ પ્રદર્શન ઉદ્‌ઘાટન : સવારે ૯:૦૦ કલાકે
વિશ્વયુવા સંમેલન : સવારનાં ૯:૩૦ થી ૧૨:૦૦ કલાકે

### દ્વિતીય સત્ર

પોથીયાત્રા : બપોર પછી ૪:૦૦ કલાકે
જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું. - ગઢડા અંત્યપ્રકરણ ૨



## દિવસ - ૧

# શ્રીનરનારાયણદેવ પૂજન

તા. ૧૮-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૩, મંગળવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી

| | |
|---|---|
| સ્થાપન પૂજન | : સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે |
| મહાપૂજા | : સવારે ૭:૦૦ કલાકે, સ્થળ : બદ્રિકાશ્રમ મહાપૂજામંડપમ્ |
| ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ | : સવારે ૭:૦૦ કલાકે, સ્થળ : યજ્ઞશાળા |
| ચતુર્વેદ પારાયણ પ્રારંભ | : સવારે ૮:૦૦ કલાકે, સ્થળ : સ્મૃતિ મંદિર |
| બાલ પારાયણ | : સવારે ૮:૦૦ કલાકે, સ્થળ : બાલ મંડપમ્ |
| દીપ પ્રાગટ્ય | : સવારે ૯:૦૦ કલાકે |
| કથા પ્રારંભ | : સવારે ૯:૧૫ થી ૧૧:૩૦ કલાકે |

रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः।
–सत्संगिजीवनमाहात्म्य

વેદ વિધિ પ્રમાણ અનૂપ,
વર્યા વરુણીમાં દ્વિજ ભૂપ,
હોમે હવિષ્યાન્ન હેત કરી,
ભૂમિદેવ ઘણો ભાવભરી.
- હરિચરિત્રામૃત

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી ભક્તવત્સલદાસજી

| | |
|---|---|
| કથા પ્રારંભ | : બપોરે ૩:૩૦ કલાકે |
| શ્રીનરનારાયણદેવ પૂજન | : સાંજે ૫:૩૦ કલાકે |
| રાત્રી કાર્યક્રમ | : રાત્રે ૮:૩૦ કલાકે નારીશક્તિ દર્શન (કન્યા વિદ્યા મંદિર ભુજ - પીયાવા એવં વિદેશનાં બહેનો) |



## દિવસ - ૨

# શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ

તા. ૧૯-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૧૪, બુધવાર

ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામ કી...
ચૈત્ર સુદી નવમી દિન જાણો રે, વાર તે સોમવાર પ્રમાણો રે,
પુષ્પ નક્ષત્ર શુક્રમાં યોગ રે, કૌલવ કરણ હરણ ભવરોગ રે,
જાતાં જામિનિ ઘટિકા દસ રે, પ્રભુ પ્રકટ્યા પૂરણ જશ રે.
- ભક્તચિંતામણી

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારી દાસજી

શ્રી સ્વા.સેવા આશ્રમ ઉદ્‌ઘાટન : સવારે ૮:૦૦ કલાકે

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

| | |
|---|---|
| કથા પ્રારંભ | : બપોરે ૩:૩૦ કલાકે |
| શ્રી ઘનશ્યામ જન્મોત્સવ | : સાંજે ૫:૩૦ કલાકે |
| રાત્રી કાર્યક્રમ | : રાત્રે ૮:૩૦ કલાકે (સંસ્કૃતિ દર્શન, વિદેશના યુવાનો) |

## દિવસ - ૩

# માતૃ પિતૃ દેવો ભવ



તા. ૨૦-૦૪-૨૦૨૩ ચૈત્ર વદ ૩૦, ગુરૂવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (ગુરૂકુળ દર્શન, ગુરૂકુળના વિદ્યાર્થીઓ)

सर्वतीर्थमयी माता सर्वदेवमयः पिता ।
मातरं पितरं तस्मात् सर्वयत्नेन पूजयेत् ।।

માતા સર્વ તીર્થ સમાન હોય છે,
પિતા સર્વ દેવ સમાન હોય છે.
માટે દરેક પ્રકારે માતા પિતાની
પૂજા કરવી જોઈએ.

## દિવસ - ૪

# ભુજ આગમન



તા. ૨૧-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૧, શુક્રવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
ભુજ આગમન મહોત્સવ : સાંજે ૫:૩૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (કલા દર્શન)
(આફ્રિકા, લંડન, બેન્ડ શો, ટેલેન્ટ શો, મેજીક શો)

સંત હરિજન સહુ સાથ,
ભુજનગર પધાર્યા છે નાથ,
મંદિરમાં કર્યો છે મુકામ,
સર્વે ભક્ત આવ્યા તેહ ઠામ.

- ઘનશ્યામ લીલામૃતસાગર



# દિવસ - ૫

## સમર્પણ

તા. ૨૨-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૨, શનિવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારીદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી અક્ષરમુનિદાસજી
કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ: રાત્રે ૮:૩૦ કલાકે (ભક્તિ સંગીત દર્શન)
(સંતો, દેશ-વિદેશના ભક્તો સહ કલાકારો)

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्याऽऽत्मना वानुसृतस्वभावात् ।
करोति यद् यत् सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ।।
श्रीमद्भागवतमहापुराण

# દિવસ - ૬

## સેવા ધર્મ

તા. ૨૩-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૩, રવિવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી
કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી આનંદવલ્લભદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે
મહાભિષેક કળશયાત્રા : સાંજે ૬:૦૦ કલાકે
રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે
(શ્રીનરનારાયણદેવ દર્શન)
(બાલ યુવા મંડળ સહ કલાકારો નૃત્ય નાટીકા)



જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે,
તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત
તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે,
ને તે વિના એકક્ષણ માત્ર પણ રહેવાય નહિ,
તો એના અંતઃકરણની જે મલિન વાસના
તે સર્વે નાશ પામી જાય છે.

- ગઢડા મધ્ય પ્રકરણ ૨૫

## દિવસ - ૭

# સંપ્રદાય દિગ્વિજય

તા. ૨૪-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૪, સોમવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી નારાયણમુનિદાસજી

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી ભક્તવત્સલદાસજી

શોભાયાત્રા : બપોરે ૧:૩૦ કલાકે

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (મોટીવેશન સ્પીચ)



છબી અતિ અદભુત બિરાજે કંચન કે,
બીચ કલશ અંબાડી કંચનકી છાજે,
ચલત હે ઘોડે ગજ આગે પીછે પાલખી,
પેદલ રથ છબી બહુત નીકી લાગે.



## દિવસ - ૮

# સંપ્રદાય ઉત્કર્ષ

તા. ૨૫-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૫, મંગળવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

મહાભિષેક : સવારે ૬:૦૦ કલાકે

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

અન્નકૂટ : સવારે

ભગવાન શ્રીહરિએ વૈશાખ સુદ સાતમના દિવસે
શ્રીનરનારાયણ ભગવાનની નિત્ય પૂજા,
મહાભોગાર્પણની વ્યવસ્થા
અને વાર્ષિક ઉત્સવો ઉજવવાની વ્યવસ્થા
ઉદ્ધવ સંપ્રદાયનાં નિયમોને
અનુસારે યથાયોગ્ય ગોઠવી આપી.
- સત્સંગિજીવન

### દ્વિતીય સત્ર

વક્તા : શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

કથા પ્રારંભ : બપોરે ૩:૩૦ કલાકે

રાત્રી કાર્યક્રમ : રાત્રે ૮:૩૦ કલાકે (મહારાસોત્સવ દર્શન)



## દિવસ - ૯

# સમાપન

તા. ૨૬-૦૪-૨૦૨૩ વૈશાખ સુદ ૬, બુધવાર

### પ્રથમ સત્ર

વક્તા : શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી

કથા પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે

ઉત્સવ સમાપન સમારોહ : બપોરે ૧૨:૦૦ કલાકે

### દ્વિતીય સત્ર

મહારાજોપચાર પૂજા : બપોરે ૩:૦૦ કલાકે

સ્વયંસેવક સભા : બપોરે ૩:૩૦ કલાકે

સ્થળ : મુખ્ય મંદિર

ॐ राजाधिराजाय प्रसह्यसाहिने नमो वयं वैश्रवणाय कूर्महे ।
स मे कामान्कामकामाय मह्यं कामेश्वरो वैश्रवणो ददातु ।
कुबेराय वैश्रवणाय । महाराजाय नमः।

– यजुर्वेद



**આ મહોત્સવની ૪ ભાષામાં પત્રિકા તૈયાર કરવામાં આવી હતી. ગુજરાતી, હિન્દી, કચ્છી અને અંગ્રેજી**









# પૂ. મહારાજશ્રી, પૂ. મહંતો, સંતો, રાજકીય મહેમાનોના ઉદ્‌ગારો



**પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી**

આવા મહોત્સવ દ્વારા લાખો ભક્તોને શ્રી નરનારાયણદેવ ઓળખાયા. નાનામાં નાના બાળકથી લઈ વૃદ્ધ લોકોને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી નરનારાયણદેવ બંને એક જ છે જેમાં લગીર માત્ર ફેર નથી તે સમજાયું. આપણા ઉત્સવો દેવ પ્રધાન હોય છે વ્યક્તિ પ્રધાન નથી હોતા તેનું સૌને દર્શન થયું. આવા ઉત્સવો દ્વારા સૌને આજ સમજાવવાનું અને સમજવાનું હતું. શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વિશેષ દૃઢ થઈ. આપણા ભુજના દરેક સંતો અને દેશ વિદેશના હરિભક્તોએ ખૂબ જ પરિશ્રમ કરીને સર્વોપરી ઉત્સવ ઉજવ્યો. દરેક પ્રકલ્પો અદ્‌ભુત અને અલૌકિક હતા. આપણા મહોત્સવમાં શ્રી નરનારાયણદેવ પ્રત્યક્ષ હાજરાહજૂર હોય છે તેની સૌને પ્રતીતિ થઈ તો જ આવું અદ્‌ભુત આયોજન શક્ય બને છે.



**પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ**

વચનામૃતમાં વર્ણવેલ આત્મબુદ્ધિનું જીવતું જાગતું સ્વરૂપ આ દ્વિશતાબ્દી મહોત્સવમાં જોવા મળે છે. શ્રી નરનારાયણ દેવના પૂજન વિના આપણી પૂજા અધૂરી છે. આગામી અનેક વર્ષો સુધી આ દ્વિશતાબ્દી મહોત્સવનું સ્મરણ સૌને રહેશે.




**પ.પૂ. ૧૦૮ લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ**

આપણા શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવના સુંદર આયોજન દ્વારા શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠામાં ઉત્તરોત્તર વૃધ્ધિ થઈ. અમે આપણા દરેક પ્રકલ્પો નિહાળ્યા બધા જ અદ્‌ભુત હતા. ભાવિ પેઢી માટેનું આયોજન અતિ સુંદર હતું. તેમાં આપણા વિદેશ વસતા હરિભક્તોના બાળકોને સત્સંગની દરેક રીતભાત તેના હૃદય સોંસરવી ઉતારવી પડે છે તો જ તે માન્ય રાખે છે. સ્વયં સેવકોની સેવા આપણા યુવાન સંતોનું માર્ગદર્શન અને આપણા મૂળ સંપ્રદાયની પરંપરા અને સિદ્ધાંતોના સૌને દર્શન થયા. આવા સુંદર સર્વોપરી અયોજનમાં જોડાયેલા સર્વે સંત-હરિભક્તોને અનેકાનેક ધન્યવાદ સહ રૂડા આશીર્વાદ.



**પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી-વડતાલ**


ભગવાનશ્રી સ્વામિનારાયણે ત્યાગ વૈરાગ્યનો પક્ષ મોળો કરીને ઉપાસનાનો માર્ગ અક્ષુણ્ણ રાખવા મંદિરો કરાવ્યા છે. આ મંદિરો મોક્ષના કેન્દ્રો છે. ભૂજ-મંદિર - ભૂજ મંદિરની સેવાઓ અને ભૂજ મંદિરના સંતો પ્રત્યે સમગ્ર સત્સંગમાં આદરભાવ છે; એ ભાવનાને આ "દ્વિશતાબ્દી મહોત્સવ"ના માધ્યમે આપ સહુએ જીવંત કરી છે. સાર્થક કરી છે. આવા ભવ્ય મહોત્સવના માધ્યમને લક્ષાવધિ મનુષ્યોના મન સુધી શ્રીજી મહારાજ અને પરમહંસોનો સંદેશ પહોંચે છે. હરિભક્તોને મોક્ષપાથેય પ્રાપ્ત થાય છે અને સમાજમાં આનંદનું વાતાવરણ સર્જાય છે.



**સદ્. સ્વામી નિર્ગુણદાસજી - અમદાવાદ કાલુપુર મહંત**

આપણા ભુજ મંદિરના સર્વે સંતોએ પૂજ્ય મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શન પ્રમાણે દેશ વિદેશના હરિભક્તોએ સાથે રહીને ખૂબ જ શ્રદ્ધા, ભક્તિ, પરિશ્રમ કરીને અદ્‌ભુત સેવા કરીને શ્રી નરનારાયણદેવ, ધર્મકુળ અને સંતો-હરિભક્તોએ ખૂબ જ રાજી કરીને સંપ્રદાયની ગરિમાને ચાર ચાંદ લગાડ્યા છે એમના માટે શબ્દો ઓછા પડે તેવું અદ્‌ભુત કાર્ય કર્યું છે તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

**સ.ગુ.શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી-જેતલપર**



વિશ્વમાં વસતાં દશ કરોડથી વધુ સત્સંગીઓને આપણી વિરાસતના દર્શન અને ભારતીય સંસ્કૃતિના સંભારણા ૨૦૦ વર્ષના દ્વિશતાબ્દી પાટોત્સવના શીર્ષક હેઠળ ઉજવાયેલા નવ દિવસીય ભવ્યાતિભવ્ય દિવ્યાતિદિવ્ય નભૂતો ન ભવિષ્યતિ મહોત્સવમાં લક્ષાવદી ભક્તો અબાલવૃદ્ધ પ્રત્યક્ષ સાક્ષી બન્યા છે. મહોત્સવની સંપૂર્ણ ક્ષણો પ્રત્યક્ષ અનુભૂતિઓ આગામી પેઢીઓ સુધી સચવાઈ રહેશે. પાટોત્સવના પૂર્વ અને સમકાલીન નિજમંદિરની દેવસેવા સભાખંડના મંચ ઉપરથી પ્રસ્તુત કથા પારાયણ, ધર્મકુળના આશીર્વચન, સંતોના પ્રવચનો, સ્વાગત સન્માન, આયોજન બધ્ધ વ્યવસ્થાઓ, ભોજનશાળઆ, આવાસીય સુવિધાઓ, પરિસરના વિવિધ નજરાણાં, પ્રદર્શન જેવા આયોજનમાંથી જ્ઞાન-કર્મ ભક્તિ સહિત આજ્ઞા-ઉપાસનાવાળો આદર્શ સત્સંગ સેવક સહેજે બની એવા અનેકાનેક સરલ સુલભ ઉપાયો કરવામાં આવ્યા હતા.



### સદ્.સ્વામી હરિપ્રકાશદાસજી - મુળી મહંત

પ.પૂ. વૈષ્ણવાનંદ બ્રહ્મચારી મંદિર નિર્માણ કરાવતાં મુળી દેશના તથા ભુજના મહારાજા ખેંગાળસિંહજી એ મુળીના જૈન પરિવારને ભુજથી મુળીના રાજપરિવારને ભલામણ કરીનો મુળીમાં વસાવેલ ચરાડવાના રાજકુમારીને પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે દાયજામાં સફેદ હાથી સોનાની અંબાડી સહિત આપેલ. તે જાલમસિંહજી બાપુએ ભુજના રાજા પાગમલજીને આપેલ તેમના દીકરા ન હતા. ત્યારે શ્રીનરનારાયણદેવ ભુજ સામે ઉભા રહીને માગેલ ત્યારે ભગવાન સ્વામિનારાયણે વચન આપેલ ત્રણ રાણી છે પણ ચરાડવાની દિકરી થકી રાજકુમાર હું તને આપું છું. વચન છે મારું ભુજના સર્વે સંતોનું તપ, વ્રત, ભજન, સેવા એટલે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય દર્શન, ગૌશાળા, પૂજન, પ્રદર્શન, ભોજનશાળા, લાખો ભગવત ભક્તોને બેસાડીને જમાડવા હજારો સંતો-મહંતોની ઉપસ્થિતિ સમાજના આગેવાન તથા આર.એસ.એચ.ના સંચાલક પ.ભ.શ્રી મોહનભાગવતજી જેવા સમાજ શ્રેષ્ઠી લાખો ભક્તોને વ્યસન મુક્તિ, સર્વ લોગ કેમ્પ, શ્રી નરનારાયણદેવનો ઉત્સવ ન ભુતો ન ભવિષ્યતિ. આ ઉત્સવના દર્શન કોઈને અંત સમયે આવશે તો પણ શ્રીનરનારાયણદેવ તેને તેડવા આવશે.



### મહંત સ્વામી સત્યસંકલ્પદાસજી સ્વામી - ધોળકા

મુક્તિ, સર્વ લોગ કેમ્પ, શ્રી નરનારાયણદેવનો ઉત્સવ ન ભુતો ન ભવિષ્યતિ. આ ઉત્સવના દર્શન કોઈને અંત સમયે આવશે તો પણ શ્રીનરનારાયણદેવ તેને તેડવા આવશે.

આ દિવ્યપ્રસંગે ગૌ માતાનો મહિમા, ગૌ પાલનનું વિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું હતું. દૂર દેશાવરથી મોક્ષભાગી હરિભક્તોએ આ દિવ્યપ્રસંગે સત્સંગદર્શન કથા-વાર્તાનો લાભ લીધો હતો. આ દિવ્યભવ્ય મહોત્સવને માણવા રાજકીય મહાનુભાવોને પણ ઉપસ્થિત રહી દર્શન સમાગમથી લાભ લીધો હતો. ખાસ કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘ ચાલકશ્રી મોહન ભાગવત, મહામહિમ ગુજરાત રાજ્યનાં રાજ્યપારક દેવવ્રત આચાર્યજી વિગેરે.



### શા. સ્વામી સંતવલ્લભદાસજી કોઠારીશ્રી, વડતાલ

દ્વિશતાબ્દી મહોત્સવની આ દિવ્ય-ભવ્ય સભા જોઈ ખૂબ જ ગૌરવ અનુભવું છું. જો આ દ્વિશતાબ્દી મહોત્સવ અંત સમયે યાદ આવી જાય તો મોક્ષની ચાવી મળી જાય.



### સદ્. સ્વામી હરિજીવનદાસજી - ગઢડા ચેરમેનશ્રી

વિશેષ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ મહાપ્રભુનો દ્વિશતાબ્દી મહોત્સવ આપે ધામધુમથી ઉજવ્યો. તે ઉત્સવમાં માત્ર ને માત્ર શ્રી નરનારાયણદેવનો પ્રતાપ તેમજ ભુજના વયોવૃદ્ધ સદ્ગુરુ સંતોના આશીર્વાદથી ઉત્સવને ચાર ચાંદ લાગી ગયા તેવું જણાયું. યુવા સત્સંગીઓ તથા યુવાન સંતોની શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા અને સત્સંગમાં આત્મીયતાના દર્શન થયા.

### શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ચેરમેનશ્રી-જૂનાગઢ




બસો વર્ષ પહેલા સ્થપાયેલું આ ધામ શ્રીહરિની સામાજિક સેવા અને સમરસતાના સિદ્ધાંતો સાથે સતત સેવારત છે. એ સેવાની સુગંધ "શ્રી નારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ"ના સ્વરૂપે પ્રસરી છે. ઉત્સવોની દિવ્ય પરંપરામાં દ્વિશતાબ્દી મહોત્સવ સાચા અર્થમાં ઉજવાયો છે. ભજન અને ભોજન, સેવા અને સમર્પણ, શિક્ષણ અને સંસ્કાર, સેવા અને સદ્ભાવની ઉદાત ભાવનાથી ઉજવાયેલો આ ઉત્સવ આધુનિક જગતની તકનીકી પદ્ધતિઓથી યુવાનોના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યો. નારી શક્તિનું સન્માન, યુવાનોને પથ દર્શન અને વડીલોની માન-મર્યાદા સાથે કરોડો મુમુક્ષુઓના હૃદયપટ ઉપર સુવર્ણ અક્ષરોથી ઓળખાયો છે. વિરાટ જનમેદનીના ઉદરમાંથી પ્રગટ થતો તૃપ્તતાનો સાદ આજે પણ ભુજની ભૂમિમાંથી સંભળાઈ રહ્યો છે. પ.પુ.સ.ગુ. મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી અને પાર્ષદવર્ય કોઠારી શ્રી જાદવજી ભગત તથા ભુજનગરના સમસ્ત વડીલો અને યુવાન સંતોના એવં હરિભક્તોના અથાગ મહેનતથી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અભિભૂત છે.

### કોઠારી સ્વામી હરિકેશવદાસજી-ધોલેરા



ઘણા પ્રકારના મતમતન્તરના બહાને પોતાનું પોષણ કરતાં સંપ્રદાયના અનેક ફાટાઓમાં બે દેશ ગાદીની મૂળ સાંપ્રદાયિક પરંપરાને સાચવી રાખી અને આજ્ઞા-ઉપાસનાના દૃઢ બનાવવાનો આપનો સફળ પ્રયાસ અમારા ઉત્તમ આનંદનું કારણ છે. આપ દ્વારા જળવાયેલું સાંપ્રદાયિક દિવ્ય સંગઠન અનએ સંતો-હરિભક્તોનો નિઃસ્વાર્થ પુરુષાર્થ તેમજ ભગવાન શ્રીહરિના સિદ્ધાંતોને પોષણ આપવા થયેલી કથા તેમજ દિવ્ય પ્રદર્શનોના કારણે આપ સહુને ઉત્સવમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. આટલી મોટી જન-મેદનીનું સફળ મેનેજમેન્ટ કરવું તે કંઈ નાની સુની

વાત તો નથી જ છતાં કથામંડપની વ્યવસ્થા, રસોડાનું સંકલન, પ્રદર્શન વિભાગ કે સંતો-ભક્તોના ઉતારા વિભાગની જવાબદારીઓનું સફળતાપૂર્વક મેનેજમેન્ટ અને સહુથી મોટું નજરાણું એ શોભા-યાત્રાનું હતું એ આપની કુશાગ્ર કળાનું પરિણામ છે. આપણા સંપ્રદાયના ઘણા ઉત્સવો જોયા જાણ્યા ને માણ્યા પછી ભુજના ઉત્સવમાં વિશેષતા એ જોવા મળી કે સમગ્ર મહોત્સવમાં મોટાભાગના કાર્યોની જવાબદારી ખુદ સંતો-હરિભક્તોએ ઉપાડી લીધી જેના કારણે વિશાળતામાં પણ સાનુકૂળતા રહી. ભુજનો ભવ્ય મહોત્સવ નિહાળ્યા પછી એ વાત તો ચોક્કસ છે કે જેનું હૃદય નિર્મળ, નિષ્કપટ અને નિષ્કલંક હોય તેના તમામ કાર્યો ભગવાન સફળ બનાવે છે. આપના મહામહોત્સવમાં અમોને શ્રીનરનારાયણદેવનું પ્રભુત્વ અનુભવાતું હતું.




### કેન્દ્રિય પશુપાલન મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા

ભુજ મંદિર દ્વારા થઈ રહેલા સેવા કાર્યો અતિ પ્રસંશનીય છે. અહીં ધાર્મિક કાર્યક્રમો સાથે સામાજિક હોતને પણ જોડવામાં આવ્યા છે. ગૌ આધારીત ખેતીના વિષયને ખૂબ અભ્યાસ કરીને રજૂ કરવામાં આવ્યો છે, તે માટે આપને અભિનંદન છે. દ્વિશતાબ્દી મહોત્સવના દર્શન કરીને ધન્યતાની લાગણી થઈ.



### કેન્દ્રિય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ

અહીં સ્વયં પ્રભુએ મૂર્તિનું સ્થાપન કર્યું છે તેનો અતિ મહિમા છે. આ દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબ જ દિવ્ય છે. જે કાર્ય સરકાર ન કરી શકે તે કાર્ય આ સંપ્રદાય દ્વારા થયું છે.



### શ્રી મોહન ભાગવત, આર.એસ.એસ. સરસંઘ સંચાલક

भक्ति और समर्पण की गंगा में जब जब मुझे मौका मिलता है उसका दर्शन करने का, उसमें स्नान करने का तो मैंअपने आप को सौभाग्यशाली मानता हूं आप सब के कारण यहसौभाग्य आज भी मुझे प्राप्त हुआ है। दो सौ वर्ष पहले श्री नरनारायण भगवान की यहां पर प्रतिष्ठा श्री स्वामिनारायण भगवान के कारण हुई और उसी कारण यह सौभाग्य आज भी मुझे प्राप्त हुआ है। दो सौ वर्ष पहले श्री नरनारायण भगवान की यहां पर प्रतिष्ठा श्री स्वामिनारायण भगवान के कारण हुई और उसी का परिणामइस मंडपमें भी हम देख रहे हैं और मुझे भीजब जबघूमने का अवसर आया मैंने देखा कि यहां का हिन्दू समाज पक्का है, केवल पक्का नहीं अच्छा भी है, और केवल अच्छा नहीं सच्चा भी है। हिंदू समाज अच्छा, पक्का, सच्चा होना, इसका विश्व के लिए महत्व है।

RSSवडा माननीय श्री मोहन भागवतजी



### શ્રી હર્ષ સંઘવી, ગૃહમંત્રી, ગુજરાત

કચ્છની ઓળખ એટલે ભુજ સ્વામિનારાયણ મંદિર. આ દ્વિશતાબ્દી મહોત્સવમાં સંતો-સ્વયંસેવકો જે સેવા કરી રહ્યા છે તે માટે સૌને ખૂબ ખૂબ અભિનંદન છે. અહીં કોઈ અવ્યવસ્થા નથી તે ખૂબ જ મહત્ત્વની વાત છે. કોઈપણ આપદા આવે તો ભુજ સ્વામિનારાયણ મંદિર સેવામાં મોખરે હોય છે.

## સભાસંચાલન



સ્વામી દેવચરણદાસજી-ભુજ




સ્વામી શુકદેવસ્વરૂપદાસજી-ભુજ



સ્વામી હરિકૃષ્ણદાસજી-ભુજ

દ્વિશતાબ્દી મહોત્સવનાં અનેકવિધ આયોજનો, નવ દિવસનો ભવ્ય અનેક કાર્યક્રમોથી ભરચક હતો. આવેલ મહેમાનો, દાતાઓ, સંતો, પહેરામણી વગેરે કાર્યક્રમો, આવેલ સંતોના આશીર્વાદ અપાવવા વગેરેની સુચારું ગોઠવણી કરવી એ અઘરું કાર્ય છે. આ બધી જ જવાબદારી ત્રણ સંતોએ ખૂબ સહજતાથી સરળતાથી સંભાળી કાર્યક્રમને સફળતાપૂર્વક સંચાલન કરનાર સંતો શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજી.

# ભુજ મંદિરમાં ૮ મંડળધારી સંતોના આશીર્વાદ



### સ.ગુ. ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી


જય શ્રીસ્વામિનારાયણ

મહોત્સવનું શું વર્ણન કરીએ, ન ભૂતો ન ભવિષ્યતિ થયો છે. જેટલું કાંઈ થયું છે એ શ્રીનરનારાયણદેવની કૃપાથી થયું છે. તમે ને હું તો માત્ર નિમિત્ત છીએ. અને આટલું કર્યા પછી ફળશ્રુતિ શ્રીનરનારાયણદેવનું દર્શન છે.

મારા જીવનના અનુભવની વાત કહું, આજે વહેલી સવારે માળા ફેરવવા ગયો ત્યારે સંકલ્પ થયો. શ્રીનરનારાયણદેવ દર્શન આપી કહેતા હોય કે ઉત્સવ તો મારો છે, જે ભક્તોએ મારા ઉત્સવમાં સેવા કરી છે એના ઉપર હું રાજી છું. આજે સૌ તમે દર્શન કર્યા હશે, શ્રીનરનારાયણદેવ કેવા રાજી હતા. ભક્તો આ ઉત્સવ શ્રીનરનારાયણદેવની કૃપા અને મહારાજને અખંડ ધારી રહેલા સંતોના આશીર્વાદથી થયો છે.

મોટા સંતોની સાધનાથી આ કચ્છનો સત્સંગ સુખી છે. આજે પણ આપણા મહંત સ્વામી રોજ માળા કરી શ્રીનરનારાયણદેવને પ્રાર્થના કરે છે. મને ખાસ આ પ્રસંગે કહેવું છે આપ સૌ દેશ-વિદેશમાં કોઈપણ જગ્યાએ રહેતા હો, ભણી, મોટા બિઝનેશ કરતા હો, પણ આ ભુજ શ્રીનરનારાયણદેવને અને ભુજના સંતોને ભૂલતા નહિં. જો ભૂલાશે તો આપણે આપણી નિષ્ઠામાંથી ડગ્યા જાણજો. અત્યારે ખબર નહીં પડે પણ દેવથી અને સંતોથી દૂર થઈ જવાશે.

ભુજના દેવોની સંતોની છત્રછાયા છીનવાઈ ન જાય એનો ખટકો રાખજો. માન-સન્માનમાં ન આવતાં મોક્ષના દાતા શ્રીનરનારાયણદેવને શરણે રહેજો અને આપના પરિવારને પણ આ દેવ અને સંતોના શરણે રાખજો. આપ સૌએ શ્રીનરનારાયણદેવની કૃપા અને સંતોની પ્રેરણાથી ખૂબ સેવા કરી છે અને એટલે જ આપનો ઉત્સવ ખૂબ જ ભવ્ય બન્યો છે. દરેકને ખૂબ ધન્યવાદ.




### સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી

આ દિવ્ય મહોત્સવ શ્રીનરનારાયણદેવનો છે. શ્રીનરનારાયણદેવને આજે ૨૦૦ વર્ષ પૂરાં થાય છે. ભક્તજનોએ શ્રીનરનારાયણદેવની ભક્તિ-ભજન કરી પોતાના જીવનમાં અનેક પ્રગતિ કરી છે સંતો પણ કરી છે. તેમ આથી પણ વિશેષ ભજન થાય, અંતશત્રુઓ દૂર ભાગે અને શ્રીનરનારાયણદેવ તપસ્યા કરે છે. પોતાના ભક્તો કેમ સુખી થાય એના માટે કરે છે. એમના તપના ફળથી ભક્તો નિર્વિઘ્ને ભજન કરી શકે છે.

આ ઉત્સવમાં જે ભક્તોએ સેવા કરી ઉત્સવ દેદિપ્યમાન બનાવ્યો, કચ્છના સત્સંગની એકતા વધે દુનિયામાં જ્યાં કચ્છના સત્સંગીઓ છે ત્યાં રહી સત્સંગ સાથે પોતાના જીવનનું આત્મશ્રેય સાધે એજ શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના.

### સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી



ભક્તો વચનામૃતમાં રોજ સાંભળીએ છીએ દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી છે. આપની સભામાં આજે મહારાજ પ્રત્યક્ષ છે અને દેશ-દેશના હરિભક્તોની ઉપસ્થિતિ છે. ભાગ્યશાળી છીએ આવા સમયે આપને જન્મ મળ્યો છે. સેવા કરવાનો લાભ મળ્યો છે. આવા યોગમાં આવ્યા પછી ભાગ્યમાં કાંકરા હોય તોય કંચન મળે એવો સત્સંગનો યોગ મળ્યો છે.

ભક્તો બહેનો ભક્તો જ્યાં જુઓ ત્યાં અહોભાવ અહોભાવ દરેક વિભાગમાં ભક્તોની ભીડ છે. શ્રીનરનારાયણદેવ પ્રત્યક્ષ છે. ઉપરથી ભલે તાપ વરસે પણ નીચે તરબૂચ, ચીભડા, શેરડી, મહાપ્રસાદ વગેરે ટાઢક કરે એવી વ્યવસ્થા કરેલ છે.

ભગવાન ભજવાનો અવસર મળ્યો છે. સમય કાઢજો ભજન કરજો, પરોપકાર કરવાના અનેક જોગો છે. શરણાગતિ લઈ ભજન કરજો.

હરિજનને હોય દુ:ખ રે, આવે અમને એ ભોગવે સુખ રે.<br>
હરિભક્તને જો પૂર્વ કર્મે રે, અન્નવસ્ત્ર પામે પરિશ્રમે રે.<br>
એના કષ્ટ આવે મુજમાંઈ રે, એ સુખમાં રહે સદાઈ રે.

બધા ભક્તોને ભાવભર્યા હેતભર્યા જય સ્વામિનારાયણ

### સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી



સભા જોઈને મને એમ થાય છે કે આ અક્ષરધામની સભા છે. આ સભામાં ને અક્ષરધામની સભામાં કાંઈ ફેર નથી. આવા ઉત્તમ સમૈયાઓ ઘણા કર્યા છે પણ આ સમૈયો તો જુવો આપણા ભક્તો અને સંતોએ શું મહેનત કરી છે. મને અંતરમાં શાંતિ થાય છે.

આપણા પૂ.આચાર્ય મહારાજશ્રી પ્રથમ દિવસથીજ હાજર રહી દર્શન આપે


# ભુજ મંદિરમાં ૮ મંડળધારી સંતોના આશીર્વાદ

છે. આ સમૈયો અદ્‌ભુત થયો છે. આ સમૈયાો તો જોઈને એમ થાય છે ઓ..હો..હો..હો..! રાત-દિવસ જોયા વિના સંતો-ભક્તોએ શું સેવા કરી છે. પૂર્વેના પુણ્યનો ઉદય થયો હશે એટલે જ આવા ઉત્સવમાં આવવાનો અવસર આવ્યો છે. અને જેના ભાગ્ય નહિ હોય એમને આ ઉત્સવના દર્શન નહિ થાય.

આ સમૈયામાં કાંઈપણ યાદ રહી જશે તો ભગવાન તેડવા આવશે.

અંતકાળે મારા જનને, જરૂર મારે આવવું.<br>
બિરૂદ મારું એ બદલે નહી, એ સૌ જનને જણાવવું.<br>
જય સ્વામિનારાયણ

### સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી



ઘર ત્યાગ પછી ૭ વર્ષ વનવિચરણ કરી લોજ આવ્યા અને મુક્તાનંદ સ્વામીને મળ્યા. રામાનંદ સ્વામીને મળવા ભુજ પત્ર લખ્યો અને સ્વામી પીપલાણા આવ્યા મળ્યા. ધર્મધૂરા સંભાળી પછી અત્યારે ૯ કે ૬ ધામ કહીએ તો પહેલો પત્ર મહારાજે ભુજ ઉપર લખ્યો છે. પહેલાં ભુજમાં પધાર્યા સંવત્ ૧૮૬૦ મહા સુદ ૭, પહેલો જન્મદિવસ પણ ભુજના હરિભક્તોએ ઉજવ્યો. પ્રથમ ભુજ આવ્યા ત્યારે ને આંબલીની ડાળ ઝાલી અહીં મંદિર થશે આ સંકલ્પ સિદ્ધ કરવા ભુજમાં મંદિર થયું ને પ્રતિષ્ઠા થઈ સંવત્ ૧૮૭૯ વૈશાખ સુદ-૫ ગુરુવાર તા.૧૫-૫-૧૮૨૩ ના દિવસે ધામધૂમથી નરનારાયણદેવ પધરાવ્યા છે. એ અમેજ છીએ આ દેવને પકડજો, ભુજ મંદિરના મહંત સંતો તથા વડીલ સંતો આ દેવને ઓળખાવતા આવ્યા છે. મારી ભલામણ છે આ નરનારાયણદેવને છોડશો નહિ, નિષ્ઠા તુટશે તો મોક્ષથી દૂર થઈ જઈશું. માટે નરનારાયણદેવના નેટવર્કમાં રહેજો.

### સ.ગુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી

આપણે જે કલ્પના કરી હતી એનાથી આ ઉત્સવ શ્રીનરનારાયણદેવે સવાયો બનાવ્યો છે. એવી પ્રતિતિ ભક્તોએ કરી છે.



જેટલાં જેટલાં આયોજનો છે. એમાં મહંત સ્વામી અને પૂ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી સંતો-ભક્તોએ અથાગ મહેનત કરી છે.

એક એક પ્રકલ્પને દર્શનીય અને રમણીય બનાવ્યાં છે. હરિભક્તો જ્યાં જ્યાં દર્શન કરે છે ત્યાં આનંદના ઉદ્‌ગારો વ્યક્ત કરે છે. ભક્તજનો આપણે નિમિત્તમાત્ર છીએ, આપણે જે કાંઇ છીએ એ વડીલ સંતોના આશીર્વાદ અને શ્રીનરનારાયણદેવની કૃપા છે. નિહંતર આટલી ગરમી, આટલી વયસ્તતા છતાં હરિભક્તો અમૂક વિભાગમાં ભોગ આપે છે. પ્રફૂલ્લિતચિત્તે સેવા કરે છે.

ભગવાન શ્રીનરનારાયણદેવ કચ્છના ભક્તો માટે સ્થાપિત કર્યા એમની કૃપા સેવા કરનાર દરેક સેવકને મળતી રહે એવી પ્રાર્થના


### સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી



"શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ભવ્ય-દિવ્ય રીતે ઉજવાયો તેનો આપણને સૌને આનંદ છે અને ગૌરવ છે. પણ આ આનંદ અને ગૌરવની પાછળ મૂળ બળ તો આપણા સૌની ભક્તિનું છે. શ્રીનરનારાયણદેવ પ્રત્યે આપણી જે ભક્તિ છે તેનું આપણને ગૌરવ છે અને તે ગૌરવ અહીં છલકાઈ રહ્યું છે. સાથે સાથે, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, મોટા મહારાજશ્રી, લાલજી મહારાજશ્રી સહિત ધર્મકુળ અહીં પધાર્યું તેનું બળ છે. તદ્‌ઉપરાંત સદ્‌ગુરુ પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ ભળ્યા એટલે સૌમાં ઉત્સાહનો સંચાર થયો. દ્વિશતાબ્દી મહોત્સવમાં ભુજ મંદિરના વિવિધ સંતોની સમિતિ, સાં.યો.બહેનોની સેવા, સ્વયંસેવકોની સેવાએ આ દ્વિશતાબ્દી મહોત્સવને વધુ ભવ્ય બનાવી દીધો અને મહોત્સવની બધી જ વ્યવસ્થા ઉત્તમ રીતે જળવાઈ. આ દ્વિશતાબ્દી મહોત્સવની સ્મૃતિ આપણા હૈયામાં અખંડ સચવાયેલી રહે તે જ પ્રાર્થના છે."

### સ.ગુ. સ્વામી ગોલોકવિહારીદાસજી

વ્હાલા ભક્તો ! કોઈ આપણને એમ પુછે કે આ મહા મહોત્સવ છે કોનો ? મારા ઈષ્ટદેવ સર્વ કર્તા હર્તા ભગવાન સ્વામિનારાયણનો છે. આ સમૈયામાં પ્રત્યક્ષ પ્રમાણ હાજર રહી પોતાના ભક્તોની નિષ્ઠાને મજબૂત કરી છે. શાસ્ત્રનો સિદ્ધાંત ન સમજાય તો જેવા છે તેવા ભગવાન ન ઓળખાય. શ્રી નરનારાયણદેવની અને ભગવાન સ્વામિનારાયણની એકતા છે એમ નહીં એ ×એક જ તત્વ છે. આ દિવ્ય



મહા મહોત્સવમાં ઉદાર ભાવે ભગવાનનો અને સંતનો રાજીપો મેળવવા માટે આપે જે સેવા કરી છે એમની નોંધ સંતોએ લીધી છે. અને હા જેમના માટે સેવા કરી છે એ સ્વયં ભગવાન પોતાના દિવ્ય અક્ષરધામમાં આપની સેવાનું દિવ્ય અલૌકિક ફળ આપશે. સદા હરિ શરણમાં રહીએ.







## દ્વિશતાબ્દી મહોત્સવમાં વિદેશથી આવેલા બેન્ડ, લેજીમ, ઢોલ, ફલાઇંગ ફેન




દ્વિશતાબ્દી મહોત્સવનાં આવવાનો દરેકને ભાવ હતો અને પોતાની કળા, ઉદ્યમ અને શક્તિ શ્રીનરનારાયણદેવના મહોત્સવમાં અમે સમર્પિત કરીશું એવા ભાવથી ઓસ્ટ્રેલિયા, યુ.કે.લંડન, આફ્રિકા, યુગાન્ડા વિગેરે દેશોમાંથી પોતાના ખર્ચે બેન્ડ વિગેરે લાવ્યા અને ભવ્ય શોભાયાત્રા હતી એમાં અને અન્ય આયોજનોમાં પ્રેમથી, ઉત્સાહથી  વગાડી મહારાજને રાજી કર્યા. નાઈરોબી પૂર્વઆફ્રિકા મંદિરથી પાઈપ બેન્ડ, વિલ્સડન મંદિરથી બેન્ડ અને લેજીમ, ઓસ્ટ્રેલિયાથી પાઈપ બેન્ડ, હેરો યુ.કે.થી પાઈપ બેન્ડ અને લેજીમ, નાઈરોબી લંગાટા મંદિરથી પાઈપ બેન્ડ અને લેજીમ, કંપાલા-યુગાન્ડાથી નાસીક ઢોલ, પૂર્વ આફ્રિકા મંદિરના બહેનો ફલાઈંગ ફેન, લંગાટા નાઈરોબીથી બહેનો બેન્ડ લાવેલ.

ઉત્સાહ અને ભક્તિથી પ્રેરાઈને હરિભક્તોએ વિદેશથી સ્વખર્ચે દેશમાં લાવેલા આવાં વાજીંત્રો વગાડી શોભાયાત્રાને અદ્‌ભુત અને દર્શનીય બનાવી દીધી હતી. પૂ. મહંત સ્વામી દરેક ભક્તો ઉપર ખૂબજ પ્રશંસા વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



# ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણનું રસપાન કરાવતા વક્તાશ્રીઓ


શા. સ્વામી નારાયણમુનિદાસજી


શા. સ્વામી ગોલોકવિહારીદાસજી


શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી


શા. સ્વામી ભક્તવત્સલદાસજી


શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી


શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી


શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી


શા. સ્વામી અક્ષરમુનિદાસજી



શા. સ્વામી આનંદવલ્લભદાસજી


## શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં

# ભુજ મંદિર સંતોના આશીર્વાદ


પૂ. સદ્. સ્વામી શ્રી
જગતપાવનદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
શ્રીહરિદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
વિશ્વવલ્લભદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
શાંતિપ્રિયદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
ભક્તિપ્રિયદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
મહાપુરુષદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
અક્ષરપ્રકાશદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
સૂર્યપ્રકાશદાસજી - ભુજ


પૂ. સદ્. સ્વામી શ્રી
ધર્મચરણદાસજી - ભુજ



## ભુજ મંદિર દ્વારા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને મોટા મહારાજશ્રીને પહેરામણી



શ્રી નરનારાયણદેવનો ૨૦૦ ફૂટનો એલચીથી બનાવેલ હાર પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ મોટા મહારાજશ્રી સાથે પૂ. મહંત સ્વામીનું ભુજ મંદિરના ટ્રસ્ટી સંતો ભક્તો અને મહોત્સવની મુખ્ય સમિતી દ્વારા અભિવાદન કરાયું હતું

## ભુજ મંદિરના ટ્રસ્ટીઓને રાજીપાની આશીર્વાદ સાથે પહેરામણી



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનું ટ્રસ્ટી મંડળ સંતો અને હરિભક્તોનો ખૂબજ સહયોગ મળ્યો જેમનાથી રાજી થઇ પૂજ્ય મહંત સ્વામીએ ખાશ કરીને ટ્રસ્ટી હરિભક્તોને પ્રસંન્નતાની પહેરામણી કરી હતી.

# ૧૯ દેશના ૧૫,૦૦૦ સ્વયંસેવકોની તત્પરતા




દ્વિશતાબ્દી મહોત્સવમાં ૩૨થી વધુ સમિતિઓમાં સેવા કરની હરિભક્તોમાં અદમ્ય ઈચ્છા હતી માટે, પહેલેથી જ પૃછા થવા લાગી હતી કે ‘‘અમારે ઉત્સવમાં સેવા કરવા આવવું છે. તો કોઈ ફોર્મ ભરવાના હોય તો આપો.’’ વિદેશના-દેશના ભક્તોની માંગને ધ્યાને લઈ દ્વિશતાબ્દી મહોતસવ પ્રારંભના ૧ વર્ષ પહેલાંથી જ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ ગતી. હજારો ભક્તો પુરુષો-બહેનો કચ્છમાંથી ફોર્મ ભર્યાર, વિદેશના ભક્તોએ પણ ફોર્મ ભર્યા. કચ્છના ભક્તો કચ્છ બહાર હોઈ દરેક રાજ્યમાં લગભગ કચ્છના ભક્તો છે એ લોકોએ પણ સેવાના ફોર્મ ભર્યા. ગુજરાતના હરિભક્તો પણ સેવા માટે આતુર હતા એટલે લગભગ કચ્છ, વિદેશ, ગુજરાત તેમજ ભારતભરથી ફોર્મ ભરનાર સ્વયંસેવકોની સંખ્યા ૧૫,૦૦૦ લગભગ ૧૯ દેશના ૨૧૯ ગામના ભક્તો બહેનો તથા પુરુષોએ ફોર્મ ભર્યા હતા.

આ કામ સહેલાં નહોતા, ફોર્મ ભરાય પછી ટાઈપ કરી ફોટો સાથે નીચે નામ અને સેવા વિભાગ આ દરેક ગોઠવાય અને સમયસર દરેક સમિતિઓને જે જે સ્વયંસેવકની જરૂરિયાત હતી એ પ્રમાણે સ્વયંસેવકો આપી દેવામાં આવ્યા. કેટલાક સ્વયંસેવકોને સેવા જ ન મળી એ શોધતા જ રહ્યા અને જ્યાં પણ સેવા મળી તે લાભ લઈને ધન્ય થયા. આ સેવામાં સ્વામી દેવચરણદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી આદિ સમિતિના સંતો અને હરિભક્તો સેવામાં જોડાયા અને ખૂબજ સેવા કરી શ્રીનરનારાયણદેવ અને સંતોનો રાજીપો મેળવ્યો.









# આભાર દર્શન



સર્વે સત્સંગી હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ.

કચ્છ પ્રદેશ ઉપર શ્રીજીમહારાજની ખૂબ જ કૃપા રહી છે. એમાં ય ભુજ નગર ઉપર શ્રીજીમહારાજે વિશેષ રાજીપો વરસાવ્યો છે. સૌના જીવનું રૂડું થાય તે માટે ભુજમાં શ્રીજીમહારાજે ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું. અહીં, શ્રીજીમહારાજે શ્રીનરનારાયણદેવની મૂર્તિઓને બાથમાં લઈને પધરાવી છે માટે આ મહાપ્રસાદીનું સ્થાન છે.

શ્રીજીમહારાજે પોતાના શ્રીહસ્તે પધરાવેલી મૂર્તિઓનો દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવાનો હોય ત્યારે સૌનો ઉમળકો તો આસમાનની ઉંચાઈઓ વીંધી નાંખે તે સ્વાભાવિક જ હોય. પૂજ્ય મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌએ ખૂબ સેવા કરીને શ્રીનરનારાયણદેવની કૃપા મેળવી છે તેનો આનંદ છે. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે.

ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજીના માર્ગદર્શન અને આશીર્વાદ હેઠળ અનેક સેવાકાર્યોનું આયોજન થયું અને પ્રત્યેક સેવાકાર્યો પરિણામલક્ષી નીવડ્યા. શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં સમાજ ઉપયોગી, પર્યાવરણ ઉપયોગી, રાષ્ટ્રહિત, આરોગ્યલક્ષી, શિક્ષણલક્ષી, બાળ-યુવાના ઉજ્જવળ ભવિષ્યલક્ષી, નિરાધાર-અસહાય વડીલો માટે, માતાઓ-બહેનોના ઉત્કર્ષ માટે, ભૂખ્યાને અન્નદાન કરી, વસ્ત્રવિતરણ જેવા અનેક વિવિધલક્ષી સેવાકાર્યોની આધારશીલા ઉપર શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી ઉજવવામાં આવ્યો હતો.

દ્વિશતાબ્દી મહોત્સવમાં ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદની સાથે સાથે ઉપમહંત સ્વામી પૂજ્ય ભગવદ્જીવનદાસજી, પાર્ષદ જાદવજીભગત, વડીલ સંતોનું માર્ગદર્શન પણ અતિ ઉપયોગી નીવડ્યું. સંતો, પાર્ષદો, સાંખ્યયોગીબાઈઓએ દિવસ-રાતની પરવા કર્યા વિના પુરુષાર્થ કર્યો. દેશ-વિદેશના અનેક યુવાનો, માતાઓ, બહેનો, વડીલોએ શ્રીનરનારાયણદેવ તેમજ શ્રીજીમહારાજને રાજી કરવા સેવામાં સમર્પિત થયાં. સૌ સમર્પિત હરિભક્તોને શ્રીનરનારાયણદેવની કૃપાથી સૌ સુખિયા થશે, સૌના દેશકાળ ઉત્તમ થશે.

શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ સમસ્ત મંત્રીગણનો અનોખો સહયોગ રહ્યો. સરકારશ્રીની સાથે સાથે પોલીસ વિભાગ, કચ્છ પ્રદેશનું શાસન તંત્ર, પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મિડીયા, ભુજનું સ્થાનિક સરકારી તંત્ર, જિલ્લા અધિકારી, તાલુકા અધિકારી વગેરે સૌના વિશેષ સહકાર અને સહયોગથી દ્વિશતાબ્દી મહોત્સવની વ્યવસ્થા ખૂબ ઉમદા જળવાઈ તે માટે શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ) વતી સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ. સૌની ઉપર શ્રીનારાયણદેવ તેમજ શ્રીજીમહારાજનો અખંડ રાજીપો રહે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સહ જય સ્વામિનારાયણ કરીએ છીએ.



પ.ભ. મૂરજીભાઈ કરસન શીયાણી
મુખ્ય કોઠારીશ્રી



પ.ભ. રામજીભાઈ દેવજી વેકરીયા
ટ્રસ્ટ સલાહકારશ્રી



પ.ભ. જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા
ઉપકોઠારીશ્રી

# દ્વિશતાબ્દી મહોત્સવનો સૌ લાભ લઈ શકે તે માટે બેનર-હોર્ડિંગ્સ દ્વારા મહોત્સવનો પ્રચાર-પ્રસાર

શ્રી નરનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવની બેનર-હોર્ડિંગ્સ તથા અન્ય માધ્યમો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આ માટે પેપર, ટીવી તથા અન્ય ચેનલના માધ્યમે પ્રચાર થયો હતો પણ ઘરઘર સુધી શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના લખાણવાળા તોરણો તૈયાર કરવામાં આવ્યાં હતાં. તે હરિભક્તોના ઘરઘર સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં. હજારોની સંખ્યામાં આ તોરણો યુવાનો ઘરઘર સુધી પહોંચાડ્યાં. કચ્છ તથા ગુજરાત તેમજ વિદેશમાં પણ આ પહોંચતાં કરવામાં આવ્યાં. હજારોની સંખ્યામાં વડતાલ દેશ, અમદાવાદ દેશના ગામડાઓમાં પણ મંદિરે મંદિરે બેનર પહોંચતાં કરવામાં આવ્યાં. કચ્છ તેમજ ગુજરાતના મોટા મોટા શહેરોમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં. ૧૦ X ૨૦, ૨૦ X ૨૦, ૨૦ X ૪૦, ૪૦ X ૪૦ ફૂટનાં બેનરો લગાવાયાં. આ સાથે સ્ટીકરો, ગાડીનાં હેંગરો પણ તૈયાર કરી સત્સંગીઓના ઘેર, ગાડીઓમાં લગાવાયાં. આ વર્ષના ૨ લાખ કેલેન્ડર પણ સત્સંગમાં વિતરણ કરવામાં આવ્યાં. આ સિવાય ભુજમંદિરનું ધર્મસંદેશ માસિકમાં, કચ્છના વિદેશના અખબારોમાં પણ જાહેરાત આપવામાં આવી. જોકે આ તો શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલ દેવનો ઉત્સવ હતો. એટલે માત્ર કચ્છ પૂરતો નહોતો સમગ્ર સંપ્રદાયનો હોવાથી હરિભક્તો, સંતો, સાં.યો. બહેનો મોટી સંખ્યામાં પધાર્યા અને ઉત્સવના પ્રત્યક્ષ દર્શી થયા. આ દરેક સેવામાં યુવકમંડળ કાર્યાલય સેવામાં હાજર રહ્યું. સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી હૃદયપ્રકાશદાસજી આદિ સમિતિના સંતો અને યુવાનોએ સહભાગી રહી સેવા આપી.












श्री नरनारायणदेव
द्विशताब्दी महोत्सव


શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ - કચ્છ
મુખ્ય યજમાન


શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ - કચ્છ
માનવંતા મહેમાનશ્રી


શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ - કચ્છ
પારાયણના મુખ્ય યજમાનશ્રી


આવો તીર્થધામ ભુજ
પધારો તીર્થધામ ભુજ
શ્રી સ્વામિનારાયણ મંદિર
ભુજ આયોજીત
श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव - भुज
તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩
મહોત્સવમાં પરિવાર સાથે પધારવા
હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ
Live On Bhuj Mandir
YouTube


આવો તીર્થધામ ભુજ
પધારો તીર્થધામ ભુજ
શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ આયોજીત
श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव - भुज
તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩
સ્થળ : બદ્રિકાશ્રમ શ્રી સ્વામિનારાયણ કન્યાવિદ્યા મંદિર - ભુજ-કચ્છ (ગુજરાત)


શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ આયોજીત
श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव - भुज
પ્રદર્શન ઉદ્ઘાટન
તા. ૧૯-૩-૨૦૨૩, રવિવાર
સમય:- બપોર પછી
૫:૦૦ વાગ્યે
તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩


શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ આયોજીત
श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव - भुज
સુવર્ણ વિજય
ધ્વજા રોહણ
તા. ૧૮-૩-૨૦૨૩, શનિવાર
સમય:- સવારે ૯:૦૦ વાગ્યે
-: સ્થળ :-
હોત્સવ સ્થળ-બદ્રિકાશ્રમ
શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ-કચ્છ
તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩


શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ આયોજીત
श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव - भुज
શ્રી નરનારાયણદેવ
મેગા મેડીકલ કેમ્પ
તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવાર
સમય :- ૮ થી ૧૨
સ્થળ:- શ્રી સ્વામિનારાયણ મંદિર
માંડવી
તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩







# તબીબો તેમજ સ્વયંસેવકોનો અભિવાદન સમારોહ



શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્વે અભૂતપૂર્વ સેવા કરનાર ડૉ. એવં મહોત્સવની પૂર્વ તૈયારીમાં સેવા કરનાર સ્વયંસેવકોનો અભિવાદન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. તા. ૧૦-૦૬-૨૦૨૩ના સાંજે પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કો. જાદવજી ભગત આદિ સંતોની ઉપસ્થિતિમાં ભુજ મંદિર દ્વારા સમગ્ર કચ્છને આવરી લેતા ૫ (પાંચ) શ્રી નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ-૨૦૨૩ યોજવામાં આવેલ હતા એ દરેક કેમ્પમાં જે જે ડૉક્ટરશ્રીઓ તથા વૈદ્યો તેમજ અન્ય ગામના સહયોગી સ્વયંસેવકો જેમણે પોતાનો અમૂલ્ય સહયોગ આપેલ. એમનાથી પૂ. મહંત સ્વામી ખૂબ જ રાજી થયા હતા અને આ સમારોહમાં ડૉક્ટરશ્રીઓએ પોતાના કેમ્પ દરમિયાન થયેલ અનુભવો અને ભુજ મંદિર દ્વારા અતિ ઉપયોગી કચ્છના લોકોની આરોગ્યની ચિંતા એથી કરોડોનો ખર્ચ કરી સેવા કરી છે અને કરવાની છે એ બદલ ભુજમંદિરનો અભિનંદન પાઠવ્યા હતા. આવા કેમ્પો અમે વર્ષોથી આવા અન્ય સંસ્થાઓ દ્વારા થતા કેમ્પોમાં જતા હોઈએ છીએ. પણ એમાં લિમિટ હોય છે. વિદ્વાન અને દવા હોય, સારવાર સંપૂર્ણ ફી નથી હોતી પણ આ એવા કેમ્પો થયા છે જે સંપૂર્ણ ફી જેમની પાસે દર્દ છે પણ પૈસા નથી એવા લોકો બહુ જ લાભાન્વિત થયા છે.



પૂ. જાદવજી ભગતે પણ ડૉક્ટર્સની સેવાને બિરદાવી હતી. અમદાવાદથી પણ ડૉક્ટર્સ આપણા કેમ્પમાં પધારે એ સેવાનો સાચો ભાવ કહેવાય. આપ-સૌને ખૂબ અભિનંદન પૂ.





મહંત સ્વામીએ પણ ડૉક્ટર્સની સેવા બદલ અંતરથી ખૂબ જ આશીર્વાદ સાથે ધન્યવાદ પાઠવ્યા હતા અને મંદિરે દર્શને આવવા ભલામણ કરી હતી અને આવા કેમ્પો જ્યારે મંદિર કરે ત્યારે આપનો સહયોગ મળશે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી અને ખાસ ત્રણ ડૉ. હરિશભાઈ વરસાણી, ડૉ. સુરેશભાઈ હિરાણી, ડૉ. જગદીશભાઈ હાલાઈ ત્રણ ડૉક્ટર્સ આ કાર્યમાં સંપૂર્ણ જવાબદારીપૂર્વક સેવા સંભાળી હતી. મંદિર અને ડૉક્ટર વચ્ચે રહીને આ સેવા બદલ પૂ. મહંત સ્વામીએ ખૂબ જ આશીર્વાદ પાઠવ્યા હતા. અને અંત આવેલ ડૉક્ટર્સ તેમજ સ્વયંસેવકોને પૂ. મહંત સ્વામી હસ્તક પુષ્પમાળા, અભિનંદન પત્ર અને શાલ સાથે શ્રી નરનારાયણદેવની મૂર્તિ અર્પણ કરાયાં હતાં. અને છેલ્લે પ.ભ. રામજીભાઈ વેકરીયાએ આભારવિધિ કર્યો હતો અને સંચાલન સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું અને શ્રી સ્વામિનારાયણ ભુજ સંચાલિત પિયાવા હૉસ્પિટલમાં ચાલતી હૉસ્પિટલ તેમજ ૨ (બે) ફરતા દવાખાનાનો પરિચય આપ્યા બાદ આ કાર્યને સમાપન કરવામાં આવ્યો હતો.

















ત્યારબાદ તા. ૨૪-૦૬-૨૦૨૩ના સાંજે પ્રદર્શન, સભામંડપ, ગો મહિમાદર્શન, જમીન લેવલ, ગરટ, પાણી, રસોડા તેમજ અન્ય બદ્રિકાશ્રમમાં ચાલતી પૂર્વ તૈયારીમાં જે જે સ્વયંસેવકોએ પોતાનો અમૂલ્ય સમય ૨ (બે) મહિનાથી માંડી ઉત્સવ પ્રારંભ સુધી અને ઉત્સવમાં પણ જેમની સેવા હતી એવા સ્વયંસેવકોને પૂજ્ય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, પૂ. જાદવજી ભગત, કોઠારી સ્વામી તેમજ સમિતિના સંતોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં કો. સ્વામી દેવવિહારીદાસજીએ કથા સંભળાવી હતી. પૂ. જાદવજી ભગત, પૂ. શ્રી હરિદાસજી સ્વામી, પૂ. કોઠારી દેવપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગતે કરેલ અદ્વિતીય સેવા તન-મન-ધનથી સાથે મોંઘો સમય ફાળવી આ અમારો ઉત્સવ છે એમ જાણી સેવા કરનાર ભક્તો-યુવાનો-બહેનોને ખૂબ જ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય મહંત સ્વામીએ દરેક સ્વયં સેવકોને શ્રી નરનારાયણદેવના કોઈપણ કાર્યમાં સેવા કરો જ છો. પણ આ ઉત્સવમાં ૨ (બે) મહિના તમારાં ઘરના કામ છોડી રાત-દિવસ જોયા વિના સેવા કરી છે. તો શ્રી નરનારાયણદેવ તો રાજી થયા જ છે અમે અને સંતો પણ ખૂબ જ રાજી થયા છીએ.

આવેલ સ્વયંસેવકોને સંતો દ્વારા શાલ સાથે ઉત્સવસ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમ સંચાલન સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. સંતો તરફથી આશીર્વાદ સાથે મળેલ પહેરામણી અમારાં માટે મોટી ઉપલબ્ધી છે આવા વિચારો હતા સ્વયંસેવકોના.


श्री हरि
















## તબીબોઓ તેમજ સ્વયંસેવકોનો અભિવાદન સમારોહ



ડો. મહિપાલસિંહ



ડો. રશેષ પોથીવાલા



ડો. માધવ નાવલેકર



ડો. સુરેશ રુડાણી



ડો. ગોપાલ હિરાણી



ડો. કમલેશ વેગડ



ડો. ચંદુભાઈ લિંબાણી



ડો. ભરતભાઈ વરસાણી



ડો. આલાપ અંતાણી



ડો. મંથન હિરાણી



ડો. હરીશ વરસાણી



ડો. જગદીશ હાલાઈ



ડો. સુરેશ હિરાણી



પ.ભ.રામજીભાઈ વેકરીયા

# શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવની
# સ્મૃતિમાં સુવર્ણ ચંદ્રક અપાશે.




ભુજમાં આવેલી ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સીટીમાં સંસ્કૃત વિભાગમાં પ્રથમ નંબરે આવનારને અપાતું ગોલ્ડ મેડલ હવે પછીથી ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર તરફથી દર વર્ષે અપાશે. ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી તથા પુ.જાદવજી ભગત દ્વારા કચ્છ યુનિવર્સીટીના કુલપતિશ્રી જયરાજસિંહ જાડેજાને ચેક આપ્યો હતો. કુલપતિશ્રીએ પ્રતિભાવ આપતા કહ્યું કે સંસ્કૃત ભણતા વિદ્યાર્થીઓમાં આથી ઉત્સાહ વધશે અને ભુજ મંદિરનો શિક્ષણ પ્રેમ સાથે સંસ્કૃત અને સંસ્કાર રક્ષણ પ્રેમના પણ દર્શન થઈ રહ્યા છે. આ સાથે યુનિવર્સીટીના પ્રથમ કુલપતિ કાંતિભાઈ ગોર, યુનિવર્સીટીના સંસ્કૃત વિભાગાધ્યક્ષ કશ્યપભાઈ પણ સાથે હતા.



ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટો, સત્સંગ ભવનો, વિશ્રાન્તિ ભવનો તેમજ અન્ય સેવાકીય પ્રકલ્પોના કાર્યકર્તા ટ્રસ્ટી હરિભક્તો તેમજ સમગ્ર કચ્છના શ્રી સ્વામિનારાયણ મંદિરોના પ્રતિનિધી ૪-૪ હરિભક્તોનું પૂજ્ય મહારાજશ્રી અને મહંત સ્વામી દ્વારા સ્ટેજ ઉપરથી પહેરામણી કરવામાં આવી હતી.આ ઉત્સવમાં મંદિરમાંથી તેમજ હરિભક્તો તન - મનથી અને ધનથી ખૂબજ સહયોગી રહ્યા હતાં. પૂજ્ય મહંત સ્વામી એ રાજીપો વરસાવી પહેરામણી કરી હતી.

## ગામે ગામથી ભુજ પૈદલયાત્રા

મહોત્સવ પૂર્વે દર સુદ-૫ ના જેમ ગામમાં પ્રભાતફેરી નીકળતી એમ ઉત્સાહી ભક્તો પોતાના ગામમાંથી ભુજ સુધી પગપાળા આવતા અને શ્રીઠાકોરજીને રાજી કર્યા હતા. રવાપર, દોલતપર, દયાપર, ગડાણી, આમારા તેમજ રાપર, માંડવી, વેકરા વગેરે ગામોમાંથી ભક્તો પૈદલ ચાલી ભુજ શ્રીનરનારાયણદેવના દર્શન કર્યાં હતાં.

## મહોત્સવ સ્થળે પેટ્રોલપંપ

૨૨૨ એકરમાં શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ બદ્રિકાશ્રમમાં ૩ મહિના પૂર્વથી વિભિન્ન આયોજનોની તૈયારીઓ ચાલુ કરવામાં આવેલ હતી. અનેક વિભાગોમાં ચાલતી પૂર્વ તૈયારી, અનેક હરિભક્તોની ગાડીઓ સેવામાં આવેલ હતી. સંસ્થાના વાહનો પણ સેવામાં હતાંજ. આ દરેક વાહનોમાં ડીઝલ પૂરવા માટે મહોત્સવ સ્થળેજ પેટ્રોલપંપ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી.

## ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા



શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારનાર, મહોત્સવથી અગાઉ બદ્રિવન પ્રદર્શન જોવા પધારનાર દર્શકો, ભક્તો માટે પાર્કિંગ સ્થળેથી આવવા-જવા મંદિર તરફથી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કરવામાં આવી હતી. પોતાના વાહનો નિયત કરેલ સ્થળે પાર્ક કરવાનાં હતાં અને ત્યાંથી પૈદલ આવવાનું હતું જેથી સ્થળ ઉપર અથવા રસ્તામાં વાહનોની ભીડ ન થાય અને અન્ય વાહનો સહેલાઈથી જઈ શકે એટલે આ સેવામાં ગાડી પાર્કિંગ સ્થળેથી દર્શકોને લઈ પ્રદર્શન સ્થળે મૂકી પાછા લઈ પાર્કિંગ સ્થળે મૂકે. અને ઉત્સવ દરમિયાન બદ્રિકાશ્રમમાં કે મુખ્ય પ્રવેશદ્વારથી દર્શકોને લઈ તે તે પાર્કિંગ સ્થળે મૂકવાની વ્યવસ્થા કરવામાં આવેલ. ઉત્સવના પ્રારંભથી અગાઉ તા.૧૭ ના મુખ્ય રોડ ઉપરના મોટા વાહનો મિરજાપરથી ભુજ બાયપાસ રોડ ઉપર ડાયવર્ટ કરવામાં આવેલ હતા. અને ટ્રાફિક પોલિસનો સહયોગ મળતા બંને બાજુ વ્યવસ્થામાં સહયોગ મળ્યો હતો. અને જામ ઓછો થયો હતો.

# ભુજ મંદિર દ્વારા સનાતન ધર્મના મુળભૂત શાસ્ત્રો અને સંપ્રદાયના શાસ્ત્રોનું ભુજ મંદિર દ્વારા થયેલ પ્રકાશન




Website :- www.swaminarayan.faith

## આપ કુરિયર દ્વારા ઉપરોક્ત ગ્રંથો મંગાવી શકો છો.




**શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્ર - ભુજ**


**સંપર્ક નં. +91 75676 03000**

Shree Swaminarayan Dharmasandesh

RNI No. : GUJ/GUJ/2001/5643 Postal Regd. No. GKCH-158/2021-2023

POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023











HARIKRUSHNA Graphics & Print Pvt. Ltd. 982-5850-559 987-9961-789